સ્વયંને નીરખીએ

અંતરની આંખે





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થ


પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યા
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છ
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જ
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્ક
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રા
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હત
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છ
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છ
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓ
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છ
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જે
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થ
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છ
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અ
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છ
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામ
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છ
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા

સ્વયંને નીરખીએ
અંતરની આંખે

લેખક

સાધુ બ્રહ્મવિહારીદાસ



પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

SWAYAMNE NIRAKHIYE
ANTARNI ANKHE (Gujarati Edition)

By Sadhu Brahmaviharidas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-947-7

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૫૦-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

યુગોથી માનવી વિશ્વને નીરખતો રહ્યો છે. વિશ્વનાં અનેક આશ્ચર્યો અને પોતાની આસપાસ રહેલા માનવસમુદાયને કે તેની ખાસિયતોને નીરખતાં તે ચકાચૌંધ બની રહ્યો છે. તેના જ સમાચારો, તેના જ વિચારો, તેની જ ચર્ચા, તેનું જ અનુસરણ, તેનાં જ વળગણો માનવીની આસપાસ અહોરાત્ર ઘુમરાતાં રહે છે. પરંતુ રોજબરોજની એ સામાન્ય ઘટનાઓ વચ્ચે કંઈક અસામાન્ય ઘટના ત્યારે જ બને છે, જ્યારે માનવી બહાર નીરખવાને બદલે અંદર નીરખવાની શરૂઆત કરે છે. માનવીય મર્યાદાથી ઉપર જવું હોય તેણે બહાર નીરખવાને બદલે અંદર નીરખવાની કળા હાંસલ કરવી જ પડે છે. બહાર નીરખવું તે સામાન્ય છે, અંદર નીરખવું તે અસામાન્ય છે. એ અસામાન્ય નિરીક્ષણ માનવીને પણ અસામાન્ય બનાવે છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે: 'જે પોતાને જોતો નથી તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦)

ગ્રીક ચિંતક સોક્રેટિસ કહે છે: 'Know thy self.' તમારી જાતને જાણો.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જાતને નીરખવાની વ્યવહારુ પ્રેરણા આપતાં કહે છે: 'નિરંતર પાછું વળીને જોવું કે હું શું કરવા આવ્યો છું ને શું કરી રહ્યો છું.'

આપણા મહાપુરુષો પોતાની જાતની અંદર નીરખવાની એ વિદ્યાને અંતર્દૃષ્ટિ કહે છે.

માર્ગ આધ્યાત્મિક હોય કે ભૌતિક, સફળતા તેને જ વરે છે - જે પોતાની ભીતર નીરખવાની કળા હાંસલ કરે છે.

પ્રસ્તુત પુસ્તક પોતાની અંદર નીરખવાની પ્રેરણા આપે છે, અલગ અલગ

દૃષ્ટિકોણથી.

જાતને નીરખવા માટે સંતનો આયનો જરૂરી છે. સંતનું જીવન દર્પણ સમાન છે. એ દર્પણમાં આપણે આપણું પ્રતિબિંબ નીરખીને જાતને વધુ ઉન્નત બનાવી શકીએ છીએ. એવા સંતને નીરખીને અંતર્દૃષ્ટિ કરવામાં જ આપણું કલ્યાણ છે. એટલે જ સંતકવિ નિષ્કુળાનંદજી કહે છે:

'જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડી ઘડીએ...'

સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એવા નિર્મળ દર્પણ સમાન મહાપુરુષ હતા, જેમને નીરખતાં સ્વયંને અંતરથી નીરખવાની આપણને સહજ પ્રેરણા મળે. પ્રસ્તુત પુસ્તક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણને પોતાની જાતને ભીતરથી નીરખવાની પ્રેરણા આપે છે.

પ્રસ્તુત પુસ્તકના લેખક ડૉ. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પોતાની અનોખી ચિંતનાત્મક તર્કબદ્ધ શૈલીમાં વ્યાખ્યાનો અને લેખનો દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના એ પ્રેરક જીવનની રસપ્રદ ઝાંખી અસંખ્ય લોકોને કરાવી છે. તેમનાં જુદાં જુદાં વ્યાખ્યાનોના આધારે લખાયેલા લેખોની શ્રેણી પ્રસિદ્ધ વર્તમાનપત્ર 'નવગુજરાત સમય'માં છેલ્લા ઘણા સમયથી દર સપ્તાહે પ્રકાશિત થઈ રહી છે, જે ખૂબ લોકપ્રિય બનીને અનેક લોકોને પ્રેરણા આપી રહી છે. તે લેખોને આ પુસ્તક આકારે તૈયાર કરવામાં નવગુજરાત સમયના તંત્રીશ્રી અજયભાઈ ઉમટ, સંપાદકશ્રી ડૉ. પ્રણવભાઈ દવે તથા સંચાલકશ્રી સુરેશભાઈ પટેલે સહયોગ આપ્યો છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના પર્વે આ પુસ્તક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે એક ભાવાંજલિ અર્પે છે.

આશા છે, આ પુસ્તક આપણને સૌને અંતરની આંખે સ્વયંને નીરખવાની પ્રેરણા આપવામાં મદદરૂપ થશે. પુસ્તકના લેખક ડૉ. બ્રહ્મવિહારીદાસ સ્વામીના અમે હૃદયપૂર્વક આભારી છીએ.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, ૨૦૨૦

અનુક્રમણિકા

જગતનો કોલાહલ સાંભળવાનો બંધ કરશો તો તમારે જ્યાં જવું છે ત્યાં પહોંચી શકશો

'Life is not about earning or yearning, but more about learning.' એટલે કે 'જીવન માત્ર કંઈ કમાવા માટે નથી કે માત્ર કામનાઓ પૂર્ણ કરવા માટે નથી, પરંતુ કંઈક પામવા માટે, કંઈક શીખવા માટે છે.'

આ અંગે ચાઈનીઝ સંસ્કૃતિમાં વાત આવે છે. એક ચક્રવર્તી સમ્રાટ હતા. તેમને ત્રણ દીકરા હતા. તેના મનમાં દ્વિધા થઈ કે મારા પછી આ રાજ્ય-સામ્રાજ્ય કોણ સંભાળશે? એક દિવસ નક્કી કરીને ત્રણેય દીકરાઓને બોલાવ્યા. ત્રણેયને એક નાનકડી પેટી આપી. એ નકશીકામવાળી હતી. ત્રણેયને બોલાવીને કહ્યું કે 'હું તમને ત્રણેયને ૧૦ વર્ષ માટે ત્રણ નાની પેટી આપી રહ્યો છું. હું બહારગામ જઉં છું માટે તમે તમારી પેટી ૧૦ વર્ષ માટે સાચવજો અને ૧૦ વર્ષ પછી મને તે પરત આપજો.'

૧૦ વર્ષ પછી તે પરત આવે છે.

સમ્રાટ પરત આવ્યા અને મોટા દીકરાને પૂછ્યું, 'બેટા! મેં તને પેટી આપી હતી, તે ક્યાં છે?'

મોટા દીકરાએ જવાબ આપ્યો, 'પિતાજી! તેને મેં મારા હૃદયની જેમ સાચવી છે. તેને એક વિશેષ કક્ષમાં ચારે બાજુ સૈનિકોથી સુરક્ષિત રાખી છે.'

સમ્રાટે તે પેટીને ખોલી, ૧૦ વર્ષ પછી જે બિયારણ આપ્યાં હતાં, તે એમને એમ પરત આપ્યાં. એટલે કે જે હતું તેને સાચવ્યું. જતન કર્યું! જેમ છે એમ રાખ્યું.

બીજા દીકરાને પણ એ જ પ્રશ્ન કર્યો ત્યારે બીજા દીકરાએ જણાવ્યું, 'તમે મને જે પેટી આપી હતી, તે મેં ખોલી અને જોયું તો તેમાં બિયારણ હતાં. એટલે તે ૧૦ વર્ષ સુધી સચવાઈ રહે તે માટે તેને હું દર વર્ષે બદલતો ગયો અને અત્યારે

તમારી પાસે જે બિયારણ દેખાય છે, તે એકદમ નવાં છે અને ઉપયોગમાં આવી શકે, તેવાં છે.' એટલે કે તેણે જૂનાનું નવું કર્યું. પરિવર્તન કર્યું!

ત્રીજા દીકરાને પણ એ જ પ્રશ્ન કર્યો ત્યારે ત્રીજા દીકરાએ જણાવ્યું, 'તમે જે નાનકડી પેટી આપી હતી, તેમાંથી સામે જે વન દેખાય છે, તેને તમે જુઓ. જે બિયારણ આપ્યાં હતાં, તેનું રોપણ કર્યું, તેમાંથી એક મોટું જંગલ ઊભું થઈ ગયું છે.' એટલે કે ત્રીજા દીકરાએ આ પેટીનું સંવર્ધન કર્યું! સમ્રાટે રાજી થઈને ત્રીજા દીકરાને સમગ્ર રાજ્ય સોંપી દીધું.

ભલે સંવર્ધન કરવું એ શ્રેષ્ઠ છે, પણ જીવનમાં અમુક બાબતનું જતન કરવું પડે, અમુક પરિવર્તન લાવવું પડે અને અમુકનું સંવર્ધન કરવું પડે. આ પ્રસંગ એ જ બધાને શીખવે છે કે લાગણીઓનું સતત જતન કરો. માતા-પિતા, વડીલો, મિત્રો, અને સંતો સાથેના સંબંધોને સાચવજો, તેનું જતન કરજો. તેમાં લેશમાત્ર ફેરફાર ન થવા દેતા. જ્યારે બીજા દીકરાની જેમ તમારી પાસે જે જ્ઞાન છે, તેનું સમય સાથે પરિવર્તન કરજો. અપગ્રેડ કરજો અને એ જ જૂનાનું નવું કરજો. જે લોકો જ્ઞાનનું પરિવર્તન સમયની સાથે ન કરે, તે 'Out-of-date' થઈ જાય છે. એટલે કે જ્ઞાનનું પરિવર્તન કરો. સમયની સાથે તમારી જાતને Up-to-date રાખો. જ્યારે ત્રીજા દીકરાએ જે રીતે બિયારણનું સંવર્ધન કર્યું અને નાની પેટીમાંથી જંગલનો વિશાળ પ્રદેશ ખડો કર્યો એ જ રીતે આપણે પણ સંસ્કારોનું સંવર્ધન કરી, સુખ-શાંતિની સૃષ્ટિનું સર્જન કરવું પડશે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં જોઈએ તો સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલા સનાતન સિદ્ધાંતોનું જતન કરી, તેમાં લેશમાત્ર ફેરફાર કર્યા વગર, સતત પરિવર્તનશીલ સમાજને ધ્યાનમાં રાખી, ધર્મને ગતિશીલ બનાવી, માનવમૂલ્યોનાં બી કેવળ હિંદુ ધર્મમાં કે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની માનવજાતમાં ખૂણે-ખૂણે વાવી દીધા છે.

જીવનમાં આપણે કંઈક શીખવું હોય તો પ્રથમ બહેરા બનવું પડે. Be Deaf. આ માટે પૂર્વ રાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક એવા ડૉ. કલામ એક દૃષ્ટાંત આપતા કે તમારે બહેરા બનવું પડે. એક જગ્યા હતી, જ્યાં એક હજાર ઉંદર રહેતા હતા. તે જગ્યા એક બિલ્ડરે ખરીદી. બિલ્ડરે આ સ્થળે ૫૦ માળની ઊંચી ઇમારતનું નિર્માણ શરૂ કર્યું. માળ ઉપર માળ ખડકાતા ગયા અને ઉંદરો આશ્ચર્ય પામતા ગયા. અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે જો અહીં નીચેથી આ બિલ્ડિંગ આવું દેખાય છે તો છેક ઉપર જઈએ ત્યારે તે કેવું દેખાતું હશે? આ ચર્ચા સાંભળીને ૧૦૦ ઉંદરોને શૂરાતન ચઢ્યું કે આપણે છેક ઉપર જવું, પરંતુ થયું એવું

કે જેવા એક-બે માળે પહોંચ્યા, તેમાં ૬૦ ઉંદરોએ નબળું વિચાર્યું કે આટલે માંડમાંડ પહોંચ્યા. થાકી ગયા. ચક્કર આવવા લાગ્યા. મનથી ઢીલા પડી ગયા. સાથોસાથ નીચેથી પણ કોલાહલ થયો... 'ઉપર જવામાં શું દાટ્યું છે, આપણે ઉપર જઈને શું કરીશું? કેમ કે આપણે તો રહેવાનું તો ભૂમિની અંદર જ છે ને! આપણી પેઢીઓમાં કોઈ ઉપર ગયું નથી, માટે પાછા આવી જાઓ. નહીંતર પડશો તો મરશો...' આમ નીચે થતો કોલાહલ અને ઉપર જતા નહીં, પાછા આવી જાવ... વગેરે વાતો સાંભળીને બધા જ ઉંદરો જે માંડ માંડ ૧૦મે માળે પહોંચ્યા હતા, તે પણ નીચે ઊતરી ગયા. એકમાત્ર ઉંદર હતો, જે ૫૦મા માળે પહોંચ્યો અને નીચે ઊતરીને આવી ગયો! આ સ્થિતિ સર્જાઈ ત્યારે બાકીના જે હજાર ઉંદરો હતા તેઓએ, આ ઉપર - ૫૦મા માળે જઈ આવેલા ઉંદરનું સન્માન કર્યું કે તમે કેવી રીતે ઉપર પહોંચ્યા! ત્યારે સૌને ખબર પડી કે તે ઉંદર તો બહેરો હતો. તેને બહારની એક પણ બૂમ સંભળાઈ નહોતી કે તેની અસર થઈ નહોતી.

આમ, આ દુનિયાનો કોલાહલ સાંભળવાનો બંધ કરશો તો તમારે જ્યાં જવું છે ત્યાં તમે પહોંચી શકશો.

ભગવાન અને સંતની સભામાં બેઠા હો ત્યારે દુન્યવી વાતો સાંભળવાનું બંધ કરી દો અને મનથી તમે તૈયાર થઈ જાવ. દુનિયાની અંદર સવળી વાત કરનારા ખૂબ જ જૂજ મળશે. સાચી પ્રેરણા આપનારા ઝાઝા નથી. જો તમે બહારની દુનિયાનો કોલાહલ સાંભળવાનો બંધ કરશો તો અંતરનો એક અવાજ સંભળાશે. ભગવાન અને સંતનો અવાજ સંભળાશે અને તમારે જ્યાં જવું હશે ત્યાં તમને પહોંચવાની પ્રેરણા મળશે.

જે વ્યક્તિએ સાચા અને યોગ્ય પ્રશ્નો કર્યા છે, તે તે બધાની જ પ્રગતિ થઈ છે

આપણી સ્થિતિ આજે એવી થઈ ગઈ છે કે આપણે 'Elsewhere Generation' બની રહ્યા છીએ. એવી પેઢી પ્રગટ થઈ છે કે આપણી સતત 'હાજરીમાં ગેરહાજરી' અનુભવાય છે. જ્યાં છીએ ત્યાં રહી શકતા નથી, જ્યાં હોઈએ ત્યાં રહેવું ગમતું નથી અને જે કાર્ય કરીએ છીએ તે કરવું ગમતું નથી. સતત બીજું કરવું, બીજે હોવું અને બીજું બનવાની ધૂનમાં રહીએ છીએ. માણસ ઑફિસથી ઘરે જાય અને ઈન્ટરનેટ ચાલુ કરે એટલે જગતનો બની જાય છે. તે ઘરમાં હોવા છતાં ઘરમાં નથી. તેમ નિશાળના વર્ગમાં વિદ્યાર્થી વોટ્સએપ ચાલુ કરે એટલે વિદ્યાર્થી વર્ગનો મટી વર્લ્ડનો બની જાય છે... હાજરીમાં ગેરહાજરી. ઑફિસમાં પિકનિકનું પ્લાનિંગ કરે અને પિકનિકમાં ઑફિસના પ્રશ્નો પતાવે... સતત Elsewhere રહેતો માનવ ભૂતકાળનાં દુઃખ ભૂલી શકતો નથી, ભવિષ્યનાં સુખ જોઈ શકતો નથી અને વર્તમાનમાં રહી શકતો નથી.

આવી સ્થિતિમાં તમે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન જુઓ તો તમને એવું લાગશે કે જેને-જેને તેઓ મળે તેને એમ લાગે છે કે તેઓ મારા માટે જ અહીં આવ્યા છે. સ્વામીશ્રી સંપૂર્ણ તે વ્યક્તિના બની જાય છે. માટે આપણે આપણી દરેક ક્ષણમાં સંપૂર્ણ ઓત-પ્રોત થઈશું તો શાંતિ સર્જાશે.

આપણે જીવનમાં પ્રગતિ માટે ત્રણ શરત અપનાવવાની છે. પ્રથમ છે, Be Deaf! કાનથી બહેરા બનો. એટલે કે દુનિયાનો કોઈપણ કોલાહલ તમારા લક્ષ્ય સુધી પહોંચવામાં નડવો ન જોઈએ. જો તમે એવા બહેરા બની જશો તો તમારી અંદર અંતરનો અવાજ પેદા થશે. તમારે જ્યાં જવું હશે ત્યાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી પહોંચી જશો.

બીજી શરત છે, Be Here! જ્યાં છો - ત્યાં રહો. એટલે કે આજની ભાષામાં કહું તો વક્તા એક મિનિટમાં ૧૨૫ શબ્દો બોલી શકે છે અને શ્રોતાનું મગજ એક મિનિટમાં ૫૨૫ શબ્દો ગ્રહણ કરી શકે છે. એટલે કે વક્તા અને શ્રોતાની વચ્ચે ૪૦૦ શબ્દોનો 'ગેપ' પડે છે. તેથી તે સમયે શ્રોતા મનથી બીજે પહોંચી જતો હોય છે. આમાં વક્તાનો વાંક નથી, શ્રોતાનો વાંક નથી અને વાતાવરણનો વાંક નથી. ફક્ત મગજની ઝડપ ઝાઝી છે, તેથી મન ઝાઝાં ફાંફાં મારે છે. માટે કોઈપણ કથા સાંભળવામાં, વાર્તાલાપમાં કે નાનામાં નાની વાતચીતમાં મનથી સંપૂર્ણ રીતે હાજર રહેજો.

તમે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન જુઓ. તેમને મળનારી દરેક વ્યક્તિને એવી અનુભૂતિ થાય છે કે તેઓ મને જ મળવા આવ્યા છે. રાષ્ટ્રપતિ ઝૈલસિંઘને મળે તો તેમને એમ લાગે કે મારા માટે જ તેઓ અહીં આવ્યા છે, અને ત્યાંના લિફ્ટમેનને લાગે કે તેઓ મારા માટે જ રાષ્ટ્રપતિ ભવનમાં પધાર્યા છે. બધા જ સંતો અને સત્સંગીઓને એવું લાગે કે સત્પુરુષ મારા માટે જ પૃથ્વી ઉપર આવ્યા છે.

એ જ રીતે ત્રીજી શરત છે - Be Clear! દુનિયામાં કોઈપણ કાર્ય કરવું હોય અથવા તેને પાર પાડવું હોય તો એક મહત્ત્વની વાત તમારે અપનાવવા જેવી છે - સાફ અને પારદર્શક બનો. પૂર્વગ્રહથી મુક્ત બનો.

ઘણીવાર આપણે સાંભળ્યું છે કે કોઈ ગ્રહ માણસને નડતો નથી, પરંતુ દુરાગ્રહ અને પૂર્વગ્રહ જ નડે છે. માટે પ્રગતિ કરવી હોય તો સદાય પૂર્વગ્રહથી મુક્ત રહેવું. મન સ્વચ્છ રાખવું. કોઈના પ્રત્યે કોઈપણ પ્રકારનાં દુઃખ, ડંખ અને નકારાત્મકતાનો ત્યાગ કરીને, તમે જે-તે કાર્ય માટે પ્રયુક્ત થજો. જ્યારે પણ તમને કોઈ શંકા થાય ત્યારે તમે સ્વયંને જ પ્રશ્ન પૂછજો. સ્વચ્છ મનની અગત્ય કેટલી છે? તમે એક ખાલી કપમાં ચા રેડવા જાવ અને તે કપમાં એક નાનો કાળો કચરો ચોંટેલો જુઓ તો તેમાં ચા રેડશો? કદાચ ચા તેમાં રેડો તો તે કચરો તરતો-તરતો ઉપર આવે પછી તે કચરાવાળી ચા તમે પીશો? કે બીજાને પાશો? તમે ચા નહીં રેડો, નહીં પીઓ કે નહીં પાઓ. એ જ રીતે શરીરમાં, મનમાં એક સામાન્ય કચરો-મેલ હશે તો ભગવાન તમને આશીર્વાદ આપશે નહીં, તેઓ તો મોટું મન રાખીને આશીર્વાદ આપી પણ દે તો ચામાં પડેલા કચરાની જેમ તમને તે આશીર્વાદ ખપમાં લાગશે પણ નહીં.

મનને સાફ અને શાંત કરવા માટે એક બીજી વાત છે - જરૂરી અને યોગ્ય પ્રશ્ન પૂછવા. આપણી કુટેવ છે, આપણા પ્રશ્નો બુદ્ધિનું પ્રદર્શન કરવા માટે હોય છે,

પણ જ્ઞાનના સંવર્ધન માટે નહીં. શુદ્ધ અને સાચા પ્રશ્નથી વ્યક્તિનો વિકાસ થાય છે.

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામનો એક પ્રસંગ છે. તેઓનું દેહાવસાન થયું તેના એક મહિના પૂર્વે જ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મળવા આવ્યા ત્યારનો છે. તા. ૨૦ જૂન, ૨૦૧૫ના રોજ ડૉ. કલામ, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં હસ્તકમળની અંદર 'Transcendence (પરાત્પર)' પુસ્તક ભેટ આપવા માટે આવ્યા હતા, અમદાવાદમાં તેની આગલી રાત્રિની ઘટના છે. રાત્રે ૧૨.૩૦ વાગ્યાનો સમય થયો હતો. હજુ તો ભોજન કરવાનું પણ બાકી હતું. તે ભોજન કરવા જતા હતા ત્યારે એક નાની બાળકીએ સલામતી ઘેરાની આરપાર જઈને ડૉ. કલામને પૂછ્યું, 'હું કેવી રીતે દુનિયાની શ્રેષ્ઠ વૈજ્ઞાનિક બની શકું?'

આ જ પ્રશ્ન, આવા સમયે કદાચ, તમારું જ સંતાન તમને કરે તો? જો પ્રેમાળ માતા-પિતા હોય તો કહે, 'બેટા! કાલે સવારે તને જવાબ આપીશું. અત્યારે જમી લઈએ.' પરંતુ આ તો મહાન વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ ડૉ. કલામ હતા. તેમણે રાત્રે ૧૨.૩૦ વાગ્યે ભોજન કરવા જતાં પૂર્વે શાંતિથી તે બાળકીને સાંભળીને તેને ઉત્તર આપતાં કહ્યું, 'બેટા! તેં અત્યારે શું કર્યું?' તેણે કહ્યું, 'મેં પ્રશ્ન પૂછ્યો.' ડૉ. કલામ કહે, 'આમ તું સતત પ્રશ્ન પૂછતી રહેજે, પૂછતી જ રહેજે. જ્યાં સુધી તને યથાર્થ ઉત્તર ન મળે ત્યાં સુધી! તો તું એક દિવસ મહાન વૈજ્ઞાનિક બની શકીશ.'

આમ, કોઈપણ વ્યક્તિ સાચા અને યોગ્ય પ્રશ્નો કરે તો તે સફળ બને છે.

જો તમે સાચો પ્રશ્ન પૂછશો તો ઇતિહાસ બદલાશે

જીવનમાં કોઈ લક્ષ્ય રાખો ત્યારે તેના માટે જરૂરી છે કે યોગ્ય પ્રશ્ન કરો. જો તમારી પાસે કોઈ લક્ષ્ય હોય તો તમારે માટે એક વાત જે ખૂબ જ મહત્ત્વની છે, તેને ધ્યાનમાં રાખવાની છે. 'Ask the right questions and you will get the right answers.' એટલે કે તમે સાચા પ્રશ્નો પૂછશો તો તમને સાચા ઉત્તર મળશે.

'When you ask the right question then history will change.' - જો તમે સાચો પ્રશ્ન પૂછશો તો ઇતિહાસ બદલાશે.

ગાંધીજી આચાર્ય કૃપલાણીજીને મળ્યા. તેમણે કહ્યું કે 'ઇતિહાસ એમ કહે છે કે જ્યારે-જ્યારે કોઈ સ્વતંત્રતા જોઈતી હોય તો revolution - ક્રાંતિ કરવી પડે અને સત્તાની ઉપર જવું હોય તો લોહી રેડ્યા વગર તે શક્ય બનતું નથી. આખો ઇતિહાસ એવું બોલે છે કે શાંત ક્રાંતિ ક્યારેય શક્ય નથી.'

આ સમયે ગાંધીજીએ પ્રશ્ન પૂછ્યો અને કહ્યું, 'History will change - ઇતિહાસ બદલાશે.' મહાત્મા ગાંધીજીના અહિંસક આંદોલનથી 'ઐતિહાસિક શાંત ક્રાંતિ' થઈ અને સમગ્ર વિશ્વે તેની નોંધ લીધી.

એ જ રીતે Charles Darwin (ચાર્લ્સ ડાર્વિન) કે જે ઉત્ક્રાંતિવાદના જનક કહેવાય છે, તેમને બધી જગ્યાએથી જાકારો મળ્યો. બધેથી પાછા ફરવું પડ્યું હતું. શાળામાં ગયો તો શિક્ષકે વિશેષ અભ્યાસની ના પાડી. માતા-પિતાએ પણ તે કંઈક કરશે એવું વિચારવાની આશા છોડી દીધી. એટલું જ નહીં, તે ચર્ચમાં પાદરી બનવા માટે ગયો અને ત્યાં પણ નિષ્ફળતા પ્રાપ્ત થઈ. પરંતુ એક મધ્યમ કક્ષાના જીવશાસ્ત્રી તરીકે તેણે કુદરતને પ્રશ્નો પૂછવાના છોડ્યા નહીં. તે બૌદ્ધિક પ્રશ્નોની

પરંપરાના આધારે તેણે અંતે વિશ્વને ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત આપ્યો. ડાર્વિનનો આ સિદ્ધાંત સાચો છે કે ખોટો તેની ચર્ચા કર્યા વગર એક વાત સ્પષ્ટ સમજાય છે કે પ્રશ્ન પૂછવાથી પ્રગતિ થાય છે. યોગ્ય પ્રશ્નથી ઊર્ધ્વગતિ અને અયોગ્યથી અધોગતિ પમાય છે.

આજે આપણે જે મોબાઈલ ફોન વાપરીએ છીએ તેની શોધ કેવી રીતે થઈ તમને ખબર છે? સાચા પ્રશ્નથી. વાત છે, વર્ષ-૧૯૭૩ની. Martin Cooper (માર્ટિન કૂપર) એક સામાન્ય એન્જિનિયર હતા. મોટરોલા કંપનીએ તેને અને તેની ટીમને કાર ફોન ઉપર રિસર્ચ કરવાનું સોંપ્યું. સંશોધન કરતાં તેમણે પોતાની જાતને વારંવાર એક પ્રશ્ન પૂછ્યો, 'Why do we have to call a place, when we want to call a person?' એટલે કે 'આપણે કોઈ વ્યક્તિને ફોન કરવા, કોઈ સ્થાન પર ફોન કેમ કરવો પડે છે?'

જેમ કે, આપણે મગનભાઈને ફોન કરવા તેમના ઘરે, ઑફિસ કે દુકાને શા માટે ફોન કરવો પડે છે? સીધો મગનભાઈને જ ફોન કેમ નથી કરી શકતા?

માર્ટિન કૂપરે આ પ્રશ્ન પૂછ્યો અને ૧૦ વર્ષની મહેનત પછી ૧૯૮૩માં મોબાઈલ ફોન આવ્યો. એટલે કે સાચા પ્રશ્નો પૂછો તો તમને યોગ્ય ઉત્તર મળે અને તે તમારામાં જ નહીં, સમષ્ટિમાં પણ પરિવર્તન લાવી શકે છે.

ઘણાને તો પ્રશ્ન જ થતા નથી અને થાય તોપણ પૂછતા નથી. મનમાં પ્રશ્ન ન ઊઠે તો કોઈ જ પ્રાપ્તિ થતી નથી. ભગવાન બુદ્ધ યુવરાજ હતા ત્યારે તેમણે ચાર વ્યક્તિને જોઈ અને યોગ્ય પ્રશ્નો પૂછ્યા તો અંતે બુદ્ધ બની ગયા.

તેમણે એક બીમાર માણસને જોયો અને પ્રશ્ન કર્યો કે 'આ બીમારી બધાને થાય?' ત્યારે જવાબ મળ્યો કે 'હા.' અને 'રાજાને બીમારી આવે?' તો જવાબ મળ્યો કે 'બમણી ગતિથી આવે.' તેમણે એક વૃદ્ધ વ્યક્તિ જોયો અને પૂછ્યું કે 'આ વૃદ્ધાવસ્થા બધાને આવે?' તો જવાબ મળ્યો કે 'હા.' અને 'રાજાને વૃદ્ધાવસ્થા આવે?' તો જવાબ મળ્યો કે 'ઝડપથી આવે.' તેમણે એક મૃત વ્યક્તિને જોઈ અને પ્રશ્ન કર્યો કે 'બધા મૃત્યુ પામે?' તો જવાબ મળ્યો કે 'હા' અને 'રાજા મૃત્યુ પામે?' તો જવાબ મળ્યો કે 'વહેલા'. પછી તેમણે એક સંન્યાસીને જોયા અને પ્રશ્ન કર્યો કે 'આ સંન્યાસી એટલે કોણ?' તો જવાબ મળ્યો કે 'દુનિયા તેમને છોડી દે એ પહેલાં, તેઓ દુનિયાને છોડી દે છે.' આ જવાબ સાંભળી યુવરાજે સંસારનો ત્યાગ કર્યો અને સંન્યાસમાર્ગ સ્વીકાર્યો.

આવી અવસ્થાવાળી વ્યક્તિઓ કે આવાં દૃશ્યો કોણે નથી જોયાં? છતાં આપણા અંતરમાં ક્યારેય યોગ્ય પ્રશ્નો ઉદ્ભવતા નથી. તેથી જ આધ્યાત્મિક

માર્ગમાં ઊર્ધ્વગતિ થતી નથી.

ભારતની ભવ્ય આધ્યાત્મિક પરંપરામાં યોગ્ય પ્રશ્ન અને યોગ્ય ઉત્તરના સંવાદનું વિશિષ્ટ સ્થાન છે. ઉપનિષદ શું છે? એ ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંવાદ. એ જ રીતે શ્રીમદ્ ભગવદ્ગીતા - એ ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે. એ જ રીતે વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ અને વિદ્વાન પરમહંસો વચ્ચેનો સંવાદ છે. આમ, સુયોગ્ય સંવાદથી આપણા દરેક પ્રશ્નનો યોગ્ય જવાબ મળે જ છે, પણ મનુષ્ય જીવનના જવાબ શોધવાની ધૂનમાં યોગ્ય પ્રશ્ન પૂછવાનું ભૂલી જાય છે. જ્યાં સુધી વ્યક્તિ પોતાના પ્રશ્ન બરાબર સમજી શકતો નથી ત્યાં સુધી યથાર્થ જવાબ પામી શકતો નથી.

તેનું ઉત્તમ ઉદાહરણ છે, દુનિયાના શ્રેષ્ઠતમ વૈજ્ઞાનિકોમાંના એક આલ્બર્ટ આઈન્સ્ટાઈન. તેઓ કહે છે કે 'If I had a problem and my life depended upon it, and I had only an hour to solve it, I will spend the first 55 minutes trying to ask the right questions to understand the problem and the answer will come in the next 5 minutes.'

'જો મારા જીવનમાં કોઈ જબરદસ્ત આપત્તિ આવે. એવી આપત્તિ કે જેના ઉપર મારી જિંદગીનો આધાર હોય અને તેનો ઉકેલ લાવવા માટે માત્ર એક જ કલાક હોય તો હું શું કરું?' ત્યારે તેણે કહ્યું કે 'હું પ્રથમ ૫૫ મિનિટ સાચા પ્રશ્નો પૂછી આપત્તિ સમજવા માટે મથીશ અને પછી પાંચ જ મિનિટમાં તેનો ઉકેલ આવી જશે.'

પરંતુ આપણે શું કરીએ છીએ? આપત્તિ સમજ્યા વગર જ ઉકેલ લાવવા દોડધામ કરીએ છીએ. ખરેખરી મહેનત પોતાના પ્રશ્નો યથાર્થપણે સમજવા કરીશું, તો જવાબ તો સહેલાઈથી આપોઆપ મળી જશે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય નિશ્રામાં દરેકને દર્પણની જેમ પોતાના પ્રશ્નો, પોતાનું યથાર્થ સ્વરૂપ યથાર્થપણે જણાઈ આવે છે. તેથી જીવનના યથાર્થ જવાબો સહજતાથી પ્રાપ્ત થાય છે.

માનવ-ઇતિહાસનો સાર એક જ શબ્દમાં છે, 'સંઘર્ષ'

વિશ્વના જાણીતા નૃવંશશાસ્ત્રી - Anthropologist એવા પીટર ફાર્બ્સે - 'Humankind' નામનું એક પુસ્તક લખ્યું છે. જેમાં તેમણે એક પ્રસંગ ટાંક્યો છે :

પર્શિયા દેશના યુવરાજ Zemire (ઝેમીર) હતા. આ યુવરાજને એવો વિચાર આવે છે કે અત્યારે તો હું યુવાન છું, પણ જ્યારે રાજા બનીશ ત્યારે મારે મારા રાજ્યને સમૃદ્ધ અને પ્રજાને સુખી કરવાં છે. માનવજાતના ઈતિહાસમાં જે ભૂલો થઈ ગઈ છે તે મારે નથી કરવી અને નથી થવા દેવી. એ માટે મારે માનવજાતના ઈતિહાસનો અભ્યાસ કરવો છે. તે સમયે દુનિયામાં પર્શિયાની બોલબાલા હતી. આ હેતુ સાથે પર્શિયાના આ યુવરાજે દુનિયાભરના વિદ્વાનોને તૈયાર કર્યા કે આપ માનવજાતના ઈતિહાસનો અભ્યાસ કરી આપો. તમે પાંચ-દસ વર્ષ લગાડો પણ માનવજાતના ઈતિહાસનો અભ્યાસ કરીને લાવો. આ વિદ્વાનો ૨૦ વર્ષ સુધી અભ્યાસ કરીને ૬૦૦૦ પુસ્તકો લઈ આવ્યા. એક ઊંટ ઉપર ૫૦૦ પુસ્તકો, આવાં ૧૨ ઊંટ ઉપર પુસ્તકો ભરીને લાવ્યા. ત્યારે પર્શિયાનો તત્કાલીન યુવરાજ, રાજા બની ગયો હતો.

રાજાએ કહ્યું કે ભાઈ હું આટલાં બધાં પુસ્તકો ક્યારે વાંચી શકીશ? તમે મહેનત કરીને તેમાંથી હજુ તેનો સાર લખી આપો. ૧૦ વર્ષ મહેનત કર્યા બાદ આ બધા વિદ્વાનો ૩ ઊંટ ભરીને પુસ્તકો લઈને આવ્યા એટલે કે ૧૫૦૦ પુસ્તકો લાવ્યા. રાજાએ કહ્યું હજુ તેનો પણ સાર આપો. બીજાં ૩ વર્ષ વિદ્વાનોએ મહેનત કરી અને - ૩૩ વર્ષ બાદ આ વિદ્વાનો રાજા પાસે માનવજાતના ઈતિહાસ માટેનો સાર એવાં પુસ્તકો ૧ ઊંટ ઉપર મૂકીને લઈ આવ્યા એટલે કે ૫૦૦ પુસ્તકો લઈને આવ્યા. રાજાએ કહ્યું કે હવે હું ઘરડો થયો, મારે ધોળા વાળ આવી ગયા, જીવન

ક્યારે પૂરું થાય તે નક્કી નથી. આ સ્થિતિમાં ૫૦૦ પુસ્તકો તો ક્યારે વાંચી શકીશ તમે મને એક જ પુસ્તકમાં કહો. ત્યારે એક વિદ્વાન મહેનત કરીને એક પુસ્તક લઈને આવ્યો ત્યારે રાજાએ કહ્યું કે હવે તો મને આંખથી દેખાતું પણ નથી તો હું વાંચીશ કેવી રીતે? પછી તો પર્શિયાનો રાજા મરવાની અણિ ઉપર આવી ગયો હતો અને કહે કે સારનો સાર કહો ત્યારે તે વિદ્વાને ત્રણ વાક્યોમાં સાર કહ્યો કે, 'આ પૃથ્વી ઉપર મનુષ્ય જન્મે છે, દુઃખી થાય છે અને મૃત્યુ પામે છે.' માનવ માત્રનો સાર પણ આ જ છે. હકીકતમાં એનાથી પણ આગળ જો તમારે એક જ શબ્દમાં તેનો સાર કહેવો હોય તો તે શબ્દ છે, 'સંઘર્ષ'. માતાના ગર્ભમાં હોવ ત્યારે સંઘર્ષ છે, જન્મ થઈ જાય, પછી બેક્ટેરિયા સાથે સંઘર્ષ થાય છે, પછી મોટા થાવ ત્યારે પર્યાવરણ સાથે સંઘર્ષ થાય છે. એક પાણીના ગ્લાસની અંદર એક અબજ બેક્ટેરિયા હોય છે!

તમારા ઘરના ઓશીકા ઉપર પણ એક લાખ જીવાણુ ફરતા હોય છે, આ સંઘર્ષ છે. શરીરની અંદર, મનની અંદર સંઘર્ષ થાય છે. એક સેકન્ડે ત્રણ મિલિયન રક્તકણ મરે છે તેથી તમે જીવો છો.

વિજ્ઞાન કહે છે કે મંદબુદ્ધિવાળા હોય તોપણ એક કલાકની અંદર ૭૦ હજાર વિચાર કરી શકે છે. ભગવાન બુદ્ધ કહે છે કે એક કલાકમાં એક અબજ વિચાર ઉદ્ભવે છે. નિત્ય કરોડો વિચારોનો સંઘર્ષ મનમાં ચાલતો હોય છે. વૈચારિક સંઘર્ષથી લઈ વૈશ્વિક સંઘર્ષ જીવનનો ક્રમ છે! મનુષ્ય માત્ર મોહ-અજ્ઞાનને કારણે મોહાંધ થઈને જીવે છે. ભય-દુઃખ, વિષય-વાસના, સંકલ્પ-વિકલ્પ સાથે જીવે છે. વિશ્વના ઈતિહાસમાં કેટલાંય યુદ્ધો થયાં અને થતાં રહે છે. યુદ્ધ હાનિકારક છે તે કોણ નથી જાણતું, છતાં યુદ્ધ કરીએ છીએ. History teaches us one thing: that we learn nothing.(ઈતિહાસ સૌને એક વાત શીખવે છે, કે આપણે કશું જ શીખતા નથી!)

આપણે ઈતિહાસ બદલવા ભેગા થયા છીએ - વિશ્વનો નહીં પણ સ્વયંનો. આપણા પોતાના જીવનમાંથી કુટેવો દૂર થાય અને સુટેવો પ્રાપ્ત થાય, દુઃખ ટળે અને સુખ મળે તે માટે પ્રમુખસ્વામી મહારાજના શુદ્ધ અને પવિત્ર જીવનમાંથી 9 lessons - નવ બોધપાઠ શીખવા એકત્રિત થયા છીએ. પરંતુ આપ આંકડામાં પડતા નહીં કે, કેમ આઠ નહીં, દસ નહીં, પણ નવ જ કેમ? નહીં તો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં દર્શને આવેલા મૂંઝાયેલા યુવાન જેવી દશા થશે! આપણે તો આ શુદ્ધ મહાપુરુષના જીવનમાંથી જીવનમાં ઉપયોગી થાય એવા બોધપાઠ શીખવા માટે ભેગા થયા છીએ.

એક વાર બન્યું એવું કે એક યુવાન કુતૂહલવશ યોગીજી મહારાજનાં દર્શને

ગયો અને વિચારવા લાગ્યો કે યોગીજી મહારાજ કોઈ આંકડો આપે તો આપણે રમી નાખીએ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે તેમની લાક્ષણિકતા મુજબ આશીર્વાદનો તેને ધબ્બો માર્યો અને પેલાએ પોતાની કુબુદ્ધિથી એવી ગણતરી કરી નાખી કે ધબ્બો માર્યો એટલે હાથના પંજામાં ચાર આંગળી અને એક અંગૂઠો - એમ કરીને પાંચનો આંકડો આપ્યો લાગે છે. પછી તો તેણે જઈને પાંચના આંકડા ઉપર પૈસા લગાડ્યા. બીજા દિવસે તે યુવાન રડતો-રડતો આવ્યો અને યોગીજી મહારાજને કહેવા લાગ્યો કે તમે મને પંજો આપ્યો હતો એટલે મેં પાંચનો આંકડો લગાડ્યો, પરંતુ સત્તો નીકળ્યો. જગતથી અલિપ્ત એવા યોગીજી મહારાજે નિર્દોષ ભાવે કહ્યું કે, 'ગુરુ સારું થયું ને ૫ ને બદલે ૭ - બે તો વધારે નીકળ્યા ને!' સંત દુન્યવી દોષોથી પર હોય છે અને આપણને પણ પર કરે છે.

જીવનમાં જુગાર નહીં, જિગર કામ લાગે છે! તો ચાલો આજે ખરા દિલથી જિગરવાન બની, આપણા સ્વભાવ અને કુટેવોનો સામનો કરી, સત્પુરુષના નવ નહીં તો એકાદ ગુણ પણ સમજી, શીખી, ચરિતાર્થ કરીશું તો જીવન બદલાઈ જશે. ભગવાનની શક્તિનો સંચાર થશે! With God, nothing is impossible - ભગવાનનો સંગાથ હશે તો આ જીવનમાં કશું જ અશક્ય નથી!

જે ધર્મમાર્ગે જતો નથી
તેને જીવનમાંથી કંઈ જ પ્રાપ્ત થતું નથી

ઈતિહાસ જીવનમાંથી શું શિખવાડે છે?

'History teaches us one thing, that man learns nothing!'

એટલે કે માનવ ઈતિહાસમાંથી એટલું જ શીખે છે કે માનવી ઈતિહાસમાંથી કશું જ શીખતો નથી.

મહાભારત પણ ઈતિહાસનો ગ્રંથ છે. તે શું શીખવે છે? જ્યારે યુદ્ધ પૂર્ણ થઈ જાય છે ત્યારે આખું યુદ્ધ-મેદાન લોહીથી ખરડાયેલું હોય છે. વાતાવરણ શોક-દુ:ખથી ગમગીન બની ગયું છે. શોકાતુર ધૃતરાષ્ટ્ર ઉદાસ થઈને વિલાપ કરે છે. વિદુરજી ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપવા માટે પહોંચે છે. વિદુરજીએ જે ઉપદેશ આપ્યો છે, તેનો એક ગ્રંથ બન્યો છે, 'વિદુરનીતિ' જે નીતિશાસ્ત્રમાં ખૂબ જ મહત્ત્વનો માનવામાં આવે છે. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને શિખામણ આપેલી, તે મહાભારતના ઉદ્યોગ-પર્વમાં અધ્યાય ૩૩ થી ૪૧ - એમ કુલ ૯ અધ્યાયમાં આવે છે.

આપણે ત્યાં આવા નીતિ-ગ્રંથો છે, જે જીવનમાં આચરણમાં મૂકવાથી ખૂબ જ ઉપયોગી થાય છે. આ ગ્રંથો એવા છે, જેનાથી 'સ્વ' નું એટલે કે આત્માનું કલ્યાણ થાય છે, સાથે જ 'પર' - સમાજનું પણ કલ્યાણ થાય એવા વ્યવહારની વાત કરવામાં આવી છે. જે રીતે ભગવાન સ્વામિનારાયણે 'શિક્ષાપત્રી'માં જણાવ્યું છે 'सर्वजीवहितावहः' - સર્વ જીવ હિતકારી. આપણા સાહિત્યમાં આવાં અનેક નીતિ શાસ્ત્ર અને ગ્રંથો મળી આવે છે.

જેમાંથી, કેટલાક આ મુજબ છે: 'ચાણક્ય નીતિ', રામાયણમાં 'અંગદ નીતિ'ની ચર્ચા છે, ભર્તૃહરિએ 'નીતિ શતક'ની રચના કરી છે. એ જ રીતે મહાભારતમાં પિતામહ ભીષ્મે, યુધિષ્ઠિરને ઉપદેશ આપ્યો હતો તે 'શાંતિપર્વ'.

મહાભારતના કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ પછીની વાત આપણે કરી રહ્યા છીએ. આ ભીષણ અને વિશ્વનું સૌથી મોટું યુદ્ધ પૂરું થઈ ગયા પછી ઉદાસ થયેલા ધૃતરાષ્ટ્રને સમજાવવા વિદુરજી આવે છે અને કહે છે કે મેં તો આપને પહેલેથી જ આ યુદ્ધની ભયાનકતા અને આવાં ગંભીર પરિણામ અંગે ચેતવ્યા હતા, પરંતુ તે સમયે આપ કંઈ જ સમજવા તૈયાર નહોતા. આ સમયે ધૃતરાષ્ટ્ર બે હાથ જોડીને કહે છે. યાદ રાખજો! ધૃતરાષ્ટ્ર વિદુરજીને કરગરે છે કે મને શાંતિ થાય એવું કંઈક કહો. તે સમયે વિદુરજી જે જવાબ આપે છે તે જીવન અંગે મહત્ત્વની વાત બની જાય છે.

'હે ધૃતરાષ્ટ્ર! આ પૃથ્વી ઉપર તમને તો ખબર છે કે સાચું શું છે અને ખોટું શું છે. મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે. જે મનુષ્ય સૂએ છે, તેનાં કર્મ પણ સૂઈ જાય છે. જે મનુષ્ય જાગે છે, તેનાં કર્મ પણ જાગે છે. જે મનુષ્ય બેસે છે, તે મનુષ્યનાં કર્મ પણ બેસી રહે છે. જે મનુષ્ય દોડે છે, તેનાં કર્મ પણ દોડે છે. રાજા હોય કે ભિખારી હોય, પાપી હોય કે પુણ્યશાળી હોય, અંતમાં તો તમામ - બધા જ સ્મશાનમાં જ જાય છે. નાના-મોટા સર્વે આ પૃથ્વીના ખોળામાં સમાઈ જાય છે. હે ધૃતરાષ્ટ્ર! જ્યારે આપણા બધાની ગતિ એક જ પૃથ્વીના ખોળામાં જવાની છે અને અંતે તો સ્મશાનમાં જ જવાની છે તો વેર-ઝેર શાનાં? આ ઝઘડા શાના? આ અશાંતિ શેની? અદેખાઈ શેની? મારપીટ શેની?'

આટલું સાંભળ્યા પછી ધૃતરાષ્ટ્ર, વિદુરજીને કહે છે, 'હે વિદુરજી! આપ મને બુદ્ધિમાં સમજાય એવું કંઈક કહો!'

વિદુરજી હવે એક પ્રસંગ જણાવીને સાથે ધૃતરાષ્ટ્રને કહે છે, 'હે ધૃતરાષ્ટ્ર! અજ્ઞાનને કારણે મનુષ્યમાત્ર એટલે કે તમે, હું અને માનવ માત્ર મોહાંધ થઈને જીવીએ છીએ.

એક જંગલની અંદર એક બ્રાહ્મણ ભૂલો પડે છે. એ જંગલમાંથી બહાર નીકળવા માગે છે. એક વિકરાળ વૃદ્ધ ડાકણ તેને બહાર જવા દેતી નથી. જંગલની અંદર જંગલી પશુઓ તેને ભયભીત કરે છે. માર્ગ ભૂલેલો આ બ્રાહ્મણ આમ-તેમ ફરતાં અચાનક એક કૂવામાં જઈને પડે છે. કૂવામાં જે લતાઓ હોય છે તે ડાળખીમાં ફસાઈ જાય છે અને ઊંધો લટકી જાય છે. જાણે હમણાં પડી જશે એવી સ્થિતિમાં આવી ગયો હોય છે. કૂવાની અંદર એક અજગર મોં ફાડીને બેઠો હોય છે કે તે જેવો નીચે આવે તેને હું ગળી જવું. જ્યારે બહાર છ માથા અને બાર પગનો એક વિકરાળ હાથી ઊભો હોય છે. ત્યારે એક કાળો અને ધોળો ઉંદર એ ડાળને કાપતા હોય છે. પછી તેને ખબર નથી પડતી કે હવે શું કરવું?

ક્યારેક આવી સ્થિતિ આપણા જીવનમાં પણ આવી જતી હોય છે કે હે

ભગવાન! હવે શું કરવું તેની ખબર જ નથી પડતી. ત્યાં તો તેના માથા ઉપર ટપકાં પડે છે અને તે ટપકાંને જીભે અડાડે છે. તેને ખબર પડે છે કે આ મધ છે ત્યારે આ ભયંકર સ્થિતિમાં રહેલો તે માણસ મધપૂડો જુએ છે અને મધ ચાટવા માટે મથે છે. પળવાર માટે તે ભૂલી જાય છે કે નીચે અજગર છે, ઉપર હાથી છે અને ઉંદર ડાળ કાપી રહ્યા છે એટલે કે નીચે જઈશ તોય મરીશ, ઉપર જઈશ તોય મરીશ પણ તે મધની અંદર એટલો તો મોહાંધ થઈ જાય છે કે મધમાખી તેને ડંખ મારે છે છતાં પણ તે ભાન ભૂલી જાય છે.'

આ પ્રસંગ કહ્યા બાદ વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે, 'હે ધૃતરાષ્ટ્ર! આ જંગલ છે એ જીવન છે. આ કૂવો છે એ મનુષ્ય દેહ છે. વૃદ્ધ ડાકણ છે તે વૃદ્ધાવસ્થા છે, તે કોઈને જવા દેતી નથી. આ જે જંગલી પશુઓ છે તે અંતરનાં ભય અને દુઃખ છે. જે હાથી છે, તેનાં છ માથાં છ ઋતુઓ અને ૧૨ પગ ૧૨ મહિના છે. અજગર છે તે મૃત્યુ છે. કાળો અને ધોળો ઉંદર છે તે રાત અને દિવસ છે. મધપૂડો છે તે વિષયવાસના છે, મધમાખી જે સતત ડંખ મારે છે તે સંકલ્પ-વિકલ્પ છે. માણસ તેમાંથી બહાર જઈ શકતો નથી. મનુષ્ય જીવન સરળ નથી, તે ક્ષુલ્લક છે. જે ધર્મના માર્ગે નથી જતો, જે આવા સંત પુરુષનાં ચરણે નથી જતો તેને મનુષ્યજીવનમાંથી કશું જ પ્રાપ્ત થતું નથી.'

આમ, મહાભારત મનુષ્યજીવનને મથામણ જ નહીં પણ તે ઉપરાંત ક્ષુલ્લક દર્શાવે છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આ વાત દોહરાવતાં ઘણીવાર સમજાવે છે 'મનુષ્ય મોહાંધ થઈ જાય ત્યારે જીવન ક્ષુલ્લક બની જાય છે. જે વ્યક્તિ પોતે પોતાને નથી જોતો અને જગતમાં મોહ પામે છે - તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, મૂર્ખમાં અતિ મૂર્ખ છે અને ઘેલામાં અતિ ઘેલો છે.' સાચા સંત મળે અને તે સંઘર્ષરૂપી સંસારમાંથી ધર્મનો સાચો માર્ગ બતાવે ત્યારે અંતરની આંખો ખૂલે છે.

જેવું વલણ જીવન માટે રાખશો, એવું જીવન તમારી સમક્ષ છતું થશે

મહાભારતમાં જીવનને ક્ષુલ્લક ગણાવવામાં આવ્યું છે ત્યારે ધર્મના માર્ગે જવાથી જ સાચી શાંતિ પ્રાપ્ત થાય છે, તેવું કહેવામાં આવે છે ત્યારે ઘણા વિચારકો સાદી ભાષામાં આપણને જીવનની વાત કરતા હોય છે.

કોઈક કહે છે કે - 'Life is like an ice-cream, so eat it before it melts.' 'જીવન આઇસક્રીમ જેવું છે, તે પીગળી જાય તે પહેલાં ખાઈ લો.' આ ભોગવાદ છે. 'Life is like a candle, it melts but gives light to others.' એટલે કે 'જીવન મીણબત્તી જેવું છે, તે પીગળીને પણ બીજાને પ્રકાશ આપે છે.' એટલે કે આ પરોપકાર છે.

'Life is like a camera, click it; if the photo is not good then delete it and click it again.' 'જીવન એક કેમેરા જેવું છે. ચાંપ દાબો અને ફોટો પાડો. જો સારો ફોટો ન આવે તો તેને ડિલીટ કરીને બીજો પાડો.' કર્મ સારું કરો. જો સારું નથી, તો તેને દૂર કરીને, નવું કરો, આ કર્મવાદ છે.

'Life is like a box of chocolates, if one is not tasty then try another.' એટલે કે 'જીવન એક ચોકલેટના બોક્સ જેવું છે, એક સારી ન મળે તો બીજી ખાવ.' જીવનમાં આ આશાવાદ છે.

હવે જે ઉદાહરણ આપું છું. શૂન્યવાદ માટે ઘણા લોકો ડુંગળીનું ઉદાહરણ આપે છે, 'Life is like an onion, when you open one layer, there will be another layer; but after all the layers are peeled, there is nothing!' 'જીવન એક ડુંગળીના દડા જેવું છે, તમે તેનાં એક પછી એક પડ ખોલતાં જ જાવ પણ અંતે અંદરથી કંઈ જ ન નીકળે.' આ શૂન્યવાદ છે.

પૃથ્વી ઉપર જેટલા મનુષ્ય છે, તેટલાં મન, એટલા વિચારો, એટલી અનુભૂતિ, એટલા અભિપ્રાયો. એ રીતે જીવનમાં ભેદ અને ભિન્નતા ઊભી થાય છે. આ પૃથ્વીમાં સાત અબજ લોકો છે, તેટલાં મન છે. અને તેટલા જ જીવનના અભિપ્રાય ઉદ્‌ભવે છે!

જેટલી સંસ્કૃતિ છે, તેટલાં વિધિ-વિધાન, પ્રથા છે, તેટલી માન્યતાઓ છે. એક જ વાત નથી. સાઉથ અમેરિકન - માયન Mayan સંસ્કૃતિમાં એવું માનવામાં આવે છે કે વર્ષ-૨૦૧૨માં પૃથ્વીનો અંત આવી જવાનો છે, પરંતુ તેનું કેલેન્ડર પૂરું થઈ ગયું પણ આપણે જીવીએ છીએ. ઈજિપ્શિયન (Egyptian) સંસ્કૃતિ કહે છે કે મૃત્યુ પછી પણ જીવન છે એટલે તેઓ Mummy 'મમી' રાખે છે. મૃત્યુ પછી દેહને ઔષધિયુક્ત કરીને પાટાથી બાંધીને એક પેટીમાં રાખી મૂકે છે. એટલે કે જો પછીથી જીવન હોય તો તેને દેહ મળી શકે. એ જ રીતે Eskimo - એસ્કિમો કે જેઓ ઉત્તર ધ્રુવમાં રહે છે ત્યાં એક અકલ્પ્ય પ્રથા છે : જ્યારે કોઈ વૃદ્ધ માણસ બીમારીમાંથી ઊગરી શકે તેવો ન હોય ત્યારે તેને જીવતાં જ બરફની એક શિલા ઉપર સુવાડી દે છે અને તેને સમુદ્રમાં વહેતો મૂકી દે છે. વૃદ્ધ-બીમારને વહેતો મૂકી દે છે, આ તેઓની જીવનશૈલી છે.

વેનેઝુએલા-બ્રાઝિલમાં એક આદિવાસી પ્રજાતિ-મામીઝ છે, તેઓ એવું માને છે કે તમારા નજીકનાં સગાં-વહાલાં છે તેનો અંતિમસંસ્કાર કરીને તેની જે ભસ્મ બચે તે ભસ્મ સૂપમાં ભેળવીને પી જવામાં આવે તો તમારે નજીકના પ્રેમીઓનો વિયોગ સહન કરવો ન પડે.

આ રીતે જેટલી સંસ્કૃતિ, જેટલા લોકો, એટલા જીવનના ખ્યાલો બદલાતા હોય છે. હકીકતની અંદર આ જીવન ઉપર દૃષ્ટિ કરીએ ત્યારે એક સુંદર વાત આવે છે કે -

'Life is a small journey from B to D - B(irth) to D(eath).' એટલે કે 'જીવન એક નાની મુસાફરી છે - B થી D સુધીની! B એટલે કે (બર્થ) જન્મથી D એટલે કે (ડેથ) મૃત્યુ સુધીની છે.' પણ B અને D વચ્ચે શું આવે? 'C' આવે છે! C is for Choice પસંદગી! જીવન કેવું જીવવું તે પસંદગી આપણી! તમારું અને મારું જીવન એક યાત્રા છે. તેમાં પળે પળે પસંદગી આવે છે. આપણી પાસે એક તાકાત છે કે આપણે જીવન કેવી રીતે જીવવું? પરમ કૃપાળુ પરમાત્મા તો બધું સર્જન કરે છે, પરંતુ જીવન કેવી રીતે જીવવું એ તો મારા અને તમારા હાથમાં જ છે. જીવન જીવવાની સ્વતંત્રતા આપે છે!

સામાન્ય રીતે માનવીના જીવનમાં પસંદગી એટલે શું? ક્યાં ફરવા જવું? કેવાં

કપડાં પહેરવાં? કેવું ભોજન કરવું? આપણે કોઈ જગ્યાએ ફરવા જઈએ તો શું જોવું તેની તૈયારી ન કરીએ પણ શું જમવું તેની તૈયારી કરીએ! તીર્થયાત્રામાં પણ ક્યાં દંડવત્ કરીશું, ક્યાં માળા કરીશું અને ઉપવાસની વાત તો ભૂલી જ જઈએ છીએ!

આમ બહુધા આપણે આ જ રીતે આખેઆખું જીવન રોજબરોજની પસંદગીમાં જ ગાળી દઈએ છીએ.

હકીકતમાં આપણે એ જ સમજવાનું છે કે પસંદગી એટલે શું? Choice માટે એટલું જ કહેવાનું છે કે જીવનમાં હંમેશા જે કોઈ પરિસ્થિતિ આવે તે પરિસ્થિતિમાં અવળું કે સવળું વલણ લેવું તે પસંદગી આપણી છે! સવળું વલણ અજમાવી શકીએ એવી આપણી પાસે તાકાત છે. 'Choice becomes your attitude.' એટલે કે 'પસંદગી તમારું વલણ બની જાય છે!'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણે શું શીખવાનું છે? તે કાયમ સવળું વલણ રાખે છે! તેઓ કહે છે કે 'જેવું વલણ જીવન માટે રાખશો, એવું જીવન તમારી નજર સમક્ષ છતું થશે.'

જેનું વલણ સંપૂર્ણ નિ:સ્વાર્થી હોય, તેઓ જ દુનિયાને કંઈક આપી શકે છે

તમે જેવું વલણ જીવન માટે રાખશો, એવું જીવન તમારી નજર સમક્ષ છતું થશે. તેવો જ એક મહત્ત્વનો અને સૌને પ્રેરણા આપે એવો વર્ષ-૧૮૭૦નો અમેરિકામાં બનેલો પ્રસંગ છે. પિતા અને પુત્ર - બંને એન્જિનિયર. John Augustus Roebling જ્હોન ઓગસ્ટસ રોબલિંગ અને Washington Roebling પુત્ર વોશિંગ્ટન રોબલિંગ. બંને એન્જિનિયર હતા અને તેમણે એક સ્વપ્ન સેવ્યું કે આપણે અડધો કિલોમીટર લાંબો બ્રિજ, (Manhattan) મેનહટન અને (Brooklyn) બ્રુકલિન વચ્ચે બનાવીએ. તેનું નામ 'બ્રુકલિન બ્રિજ' રાખીએ. ૧૮૭૦માં સસ્પેન્સન બ્રિજ બનાવીએ. તે સમયે વિશ્વનો સૌથી લાંબો બ્રિજ બનવાનો હતો. કેમ કે તે સમયે આટલો લાંબો 'સસ્પેન્સન બ્રિજ' હતો નહીં. પિતા-પુત્રનાં આ સ્વપ્ન અંગે સાંભળીને લોકો તેઓની હાંસી ઉડાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે આ તમારા તુક્કા મૂકી દો. આ કાર્ય તો અશક્ય છે, આવું બની જ ન શકે.

મોટાભાગે દુનિયામાં આવું જ બનતું હોય છે. તમે ક્યારેક ઊંચું સ્વપ્ન સેવો ત્યારે લોકો એવું જ વિચારે છે કે આ તો શક્ય જ નથી. આ કરી જ ન શકે, પરંતુ શારીરિક મહેનતની સાથે તમારું માનસિક 'વલણ' પણ કાર્ય કરતું હોય જ છે. આ પિતા-પુત્ર તો પોતાનું સ્વપ્ન પૂર્ણ કરવામાં સંપૂર્ણ સજ્જ થઈ ગયા હતા, તેની ડિઝાઈન માટે પ્રયત્નશીલ બની ગયા અને તે વિસ્તારમાં પાણીની સફાઈથી માંડીને અનેક કાર્ય કરતા હતા, તેવામાં જ કમનસીબે એવું બને છે કે કોઈ અકસ્માત સર્જાય છે. તેમાં પિતા જ્હોન રોબલિંગને પગ પર ઈજા થાય છે, તેમાંથી Tetanusથી મૃત્યુ પામે છે. દીકરો વોશિંગ્ટન એકલો થઈ જાય છે અને થોડા સમયમાં પુત્રને પણ એક અકસ્માત થાય છે અને તેને એવી બીમારી થાય છે કે

તેને પેરેલિસિસ થઈ જાય છે!

આ સમયે ફરીથી લોકો વાતો કરે છે કે સ્વપ્ન જોતા હતા કે બ્રિજ બનાવીશું, પરંતુ પિતા પણ ગયા અને પુત્ર પણ હવે જાણે મૃત્યુની અણીએ પહોંચી ગયો છે. બધું જ ખલાસ થઈ ગયું, પણ એક વાત તેમની પાસે છે, 'વલણ'. બધા જ યાદ રાખજો કે વલણની શું તાકાત છે! તે અશક્યને પણ શક્ય બનાવી દે છે.

વોશિંગ્ટન પથારીવશ બની જાય છે. તે હાથની પહેલી આંગળી જ હલાવી શકતો હતો. ન બોલી શકે, કંઈ કરી શકે.

તેની ધર્મપત્ની Emily Roebling મેથેમેટિશિયન હતી. તે માત્ર હાથની આંગળી હલાવી શકતો હતો. સાંભળી શકે પણ બોલી ન શકે. પરંતુ આ સ્થિતિમાં તેઓ સતત કાર્યરત રહ્યાં. પછી તેણે અને તેની પત્નીએ આંગળીથી એક કોડ નક્કી કર્યો અને એન્જિનિયરો આવે ત્યારે તે ધર્મપત્નીની હથેળી ઉપર લખે અને એ મુજબ નકશામાં તે સમજાવે. બધાના આશ્ચર્યની વચ્ચે ૧૩ વર્ષ પછી વર્ષ-૧૮૮૩માં આ 'બ્રુકલિન બ્રિજ'નું લોકાર્પણ થયું. આ બ્રિજ ઉપર પિતા-પુત્ર બંનેનાં નામ લખેલાં છે. વિશ્વની સાત એન્જિનિયર-અજાયબીમાં તેનું સ્થાન છે!

આપણે કલ્પના પણ ન કરી શકીએ એવા અકસ્માતો, શારીરિક મુશ્કેલીઓ વચ્ચે પણ આ બ્રિજનું સ્વપ્ન સાકાર થયું. આપણને તો એક રોગ થાય ને હતાશ થઈ જઈએ. અરે! ઘરમાં કોઈ અન્ય વ્યક્તિને રોગ થાય તોપણ ભાંગી પડીએ! કોઈ કાર્યની શરૂઆત થાય અને કંઈક મુશ્કેલી આવે તો વ્યક્તિ નાસીપાસ થઈ જાય છે, પરંતુ એક વાત છે કે, આ વ્યક્તિ કેટલી નિ:સ્વાર્થ હતી, તેને ખબર હતી કે તે આ બ્રિજ બનાવ્યા પછી ત્યાં જઈ પણ શકવાનો નથી કારણ તે ચાલી શકે તેવી સ્થિતિમાં જ નહોતો. તે ત્યાં ફોટો પડાવવા પણ ગયો નહોતો.

તમે પ્રમુખસ્વામી મહારાજનું જીવન જોઈ શકો છો. વિશ્વમાં ૧,૧૦૦ મંદિર પ્રમુખ સ્વામીએ બંધાવ્યા છે. તેમાં પણ પ્રમુખસ્વામી મહારાજનું 'પોઝિટિવ વલણ' તો જુઓ કે તેમણે ૧,૧૦૦માંથી, ૧,૦૦૦ મંદિર તો પ્રથમ હાર્ટ એટેક પછી બનાવ્યાં છે. આપણે તો શું થતું હોય છે? ઘણા મને કહે કે સ્વામી, હાર્ટ એટેક આવ્યો છે, આરતીમાં નહીં આવું તો ચાલશે?

પરંતુ, પ્રમુખસ્વામી મહારાજનું 'વલણ' જુઓ. તેમણે ૯૦૦ મંદિર તો બાયપાસ પછી બનાવ્યા છે. એક બાયપાસ પછી તો લોકો ચાલવાનું બંધ કરી દે, મંદિર જવાનું પણ બંધ કરી દે. પણ પ્રમુખસ્વામી મહારાજે તો આટલાં બધાં 'ધામ' બનાવ્યાં, અમેરિકામાં અત્યારે 'અક્ષરધામ' બની રહ્યું છે. આટલી મહેનત કરી બીમારીની અંદર પણ સેંકડો મંદિર બનાવ્યા અને તેઓ કદાચ ત્યાં પગ પણ

મૂકવાના નથી છતાં બીજા માટે કંઈક આપે છે. 'બ્રુકલિન બ્રિજ' તૈયાર કરનારા, વોશિંગ્ટન રોબલિંગ પણ બ્રિજ ઉપર જઈ શક્યા નહોતા. બધાને ખબર જ છે કે પ્રમુખસ્વામી મહારાજની આ ઉંમરે તેમની તબિયત નરમ છે. છતાં પણ તેઓ જેટલીવાર હરિભક્તોને જુએ અને તેઓ પૂછે કે બધા જમ્યા? આપણે તો બીમાર હોઈએ કે ઉપવાસ કર્યો હોય અને બીજો કોઈ છીંક ખાય તે પણ સહન કરી શકતા નથી.

અમદાવાદનો પ્રસંગ છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મંદિર પરિસરમાં હતા ત્યારે તડકો ખૂબ જ હતો. બપોરનો એક વાગ્યો હતો. કેટલાક હરિભક્તો બેઠા હતા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'સર્વે હરિભક્તોના મુખારવિંદ ઉપર કેટલું તેજ છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ દરેક હરિભક્તના ઘરે ઘરે ગયા છે. પધરામણી કરી સંસ્કાર પાથર્યા છે. ગરીબમાં ગરીબ હરિભક્તના ઘરે રજકણ પણ તેજઃપુંજ છે.' આ છે તેઓનું રહસ્ય- પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણે આ જ 'હકારાત્મક વલણ' અપનાવતાં શીખવાનું છે!

જીવનમાં કોઈ મુશ્કેલી કે મૂંઝવણ આવે ત્યારે મદદ માટે કોની સલાહ લેશો?

પ્રમુખસ્વામી મહારાજનો શ્વાસોશ્વાસ અને જીવનની ક્ષણેક્ષણ આપણને પ્રેરણા આપે છે.

મહાભારતનો એક પ્રસંગ છે. જ્યારે કુરુક્ષેત્રનું યુદ્ધ થયું નહોતું. હજારો માણસો ભેગા થયા હતા ત્યારે યુધિષ્ઠિર સહિત પાંડવોએ રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા વ્યક્ત કરી, પરંતુ યુધિષ્ઠિરે જણાવ્યું, 'હું આ રાજસૂય યજ્ઞનો પ્રારંભ કરતાં પહેલાં ભગવાન શ્રીકૃષ્ણની સલાહ લઈ આવું.'

આ સમયે યુધિષ્ઠિરના મિત્રો યુધિષ્ઠિરને કહે છે કે શા માટે ભગવાન શ્રીકૃષ્ણની સલાહ લેવા જાવ છો? આ કાર્યમાં વળી શું સલાહ લેવાની?

એ જ રીતે વર્તમાન સમયમાં ઘણા હરિભક્તોને લોકો પ્રશ્ન પૂછતા હોય છે કે તમે બીમાર થયા તો પ્રમુખસ્વામી પાસે દોડી જાવ છો, ઘરમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય છે તો પ્રમુખસ્વામી મહારાજને યાદ કરો છો, કોઈ નવું કાર્ય કરવું હોય તો પ્રમુખસ્વામી મહારાજ પાસે જાવ છો, આ બધું શા માટે કરો છો?

આ જ રીતે ઘણા પૂછનાર અને કહેનાર તે સમયે યુધિષ્ઠિરને મળ્યા હતા કે તમે કૃષ્ણ પાસે કેમ જાવ છો? આટલા બધા તમારા વડીલો છે, હિતેચ્છુઓ છે, મિત્રો છે, શુભેચ્છકો છે અને તમે એ કોઈને કંઈપણ પૂછતા નથી, પરંતુ શ્રીકૃષ્ણ પાસે જ કેમ જાવ છો?

યુધિષ્ઠિર તે વખતે અદ્‌ભુત જવાબ આપે છે, આ સમુદાયમાં ઘણા મારા મિત્રો છે. તેઓ લાગણીથી મારી સાથે જોડાયેલા છે. તેઓ મિત્રભાવે લાગણીવશ થઈ, મને દુઃખ થાય તેવું સાચું કહેશે નહીં. એટલે મિત્રો પાસે જતો નથી. સમુદાયમાં કેટલાક મારા દુશ્મન છે. એટલે 'સાચું કહું છું' એમ કહીને ખોટું કહેશે.

માટે હું દુશ્મન પાસે જતો નથી. ઘણા મારા વડીલો છે, જેઓ મારું હિત ઈચ્છે છે, પરંતુ કમનસીબી એ છે કે તેઓને મારું હિત શેમાં છે તે દેખાતું નથી. માટે હું વડીલો પાસે જતો નથી. ઘણા અનુભવી છે - પ્રખર બુદ્ધિશાળી છે અને આવડતવાળા છે, પણ તેઓ કામ-ક્રોધ-લોભથી ભરેલા છે. તેઓ ઈર્ષ્યાને કારણે કપટ કરશે. માટે તેઓ પાસે જતો નથી.

આમ, આજના સમાજમાં એવા ઘણા આપણા શુભેચ્છકો હશે, જેઓ આપણું શુભ ઈચ્છતા હોય, પણ સાથે પોતાનું પણ શુભ ઈચ્છતા હોય છે, એટલે કે પોતાનો અંગત સ્વાર્થ હોય! તેઓ છૂપું કપટ રાખે! જેઓ કપટ રાખે છે, તેઓ સ્વાર્થ રાખે છે. એવા કોઈની પાસે યુધિષ્ઠિર જતા નથી. યુધિષ્ઠિર કહે છે, 'શ્રીકૃષ્ણને તો મારી પાસેથી કંઈ જ જોઈતું નથી અને હું શ્રીકૃષ્ણને કશું આપી શકું એમ છું નહીં. તેઓ નિઃસ્વાર્થ છે, પરિશુદ્ધ છે અને મારું હિત જાણે છે! તેથી સાચી વાત, મારા હિતની વાત મને દુઃખ લગાડીને પણ કરશે.'

જેમ યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ પાસે જાય છે તેમ આજે આપણે પ્રમુખસ્વામી મહારાજ પાસે જઈએ છીએ. તેઓ એક નિઃસ્વાર્થ, પરિશુદ્ધ પથદર્શક છે.

પ્રમુખસ્વામી મહારાજ આપણું પરમ હિત જાણે છે, તેઓ આર્ષદ્રષ્ટા છે, તેમનામાં પ્રેમ અને સત્યનો વાસ છે અને તેથી જ સાચા મિત્રભાવે કદાચ તમને અને મને દુઃખ થાય છતાં પણ તેઓ સત્ય, પ્રિય અને હિતકારી માર્ગદર્શન આપશે.

આ અંગેનો વલ્લભવિદ્યાનગરનો એક પ્રસંગ છે :

એક વાર એક સામાજિક નેતા સ્વામીશ્રીને મળવા આવ્યા. તેઓ કહે, 'મહારાજ! મને આશીર્વાદ આપો કે મારે સમાજમાં ખૂબ મોટું પરિવર્તન લાવવું છે અને તે માટે હું કાર્ય કરી શકું.' પરંતુ પ્રમુખસ્વામી મહારાજ તો ક્યારેય ખોટું કહે જ નહીં. કદાચ તે નેતાને સત્ય કડવું લાગ્યું હશે, પણ તેને નજીક બોલાવીને સ્વામીશ્રી કહે કે, 'તમારા મોઢામાં દારૂ ગંધાય છે, તમે કયા મોઢે પરિવર્તનની વાત કરશો? તમે ખુદનું પરિવર્તન લાવી શકતા નથી તો સમાજમાં શું પરિવર્તન લાવી શકવાના ?'

તરત જ આગેવાનની આંખો ખૂલી. અંતર્દષ્ટિ થઈ અને પોતાની કુટેવ કાઢવાનો સંકલ્પ કર્યો. સત્યની આવી તાકાત છે! નિઃસ્વાર્થ ભાવ હોય તો જ સાચી વાત દુઃખ લગાડીને પણ કહી શકે.

આજે પણ જે કોઈ પ્રમુખસ્વામી મહારાજની પાસે આવે છે, તેઓને એ સાચી વાત કરે છે, પરમહિતની વાત કરે છે, કેમ કે તેમને આપણી પાસેથી કશું જ જોઈતું નથી.

'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ અને બીજાના

ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ' આ સૂત્ર પ્રમુખસ્વામી મહારાજે ૯૫ વર્ષ જીવીને સમાજને આપ્યું છે. એમને કોઈ અપેક્ષા નથી તેથી જ આપણને પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી પ્રેરણા મળે છે. મહાભારત કહે છે, **'महाजनो येन गतः स पन्थाः'** - મહાજનો જે માર્ગે ચાલ્યા છે, તે માર્ગ જીવનમાં અપનાવો. રામાયણ એટલે કે **रामस्य अयनम् इति रामायणम्** - રામ જે માર્ગે ચાલ્યા, તેની વાત એટલે રામાયણ.

મોટા વિદ્વાન અને પવિત્ર સંત પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી સારંગપુર ખાતે જ્યારે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા ત્યારે તેમણે કહ્યું, 'હું જ્યારે પ્રમુખસ્વામીનું જીવન જોઉં છું ત્યારે મને તેમનામાં સાક્ષાત્ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનાં ગુણોનાં દર્શન થાય છે.'

દિવ્યજીવન સંઘના પૂજ્ય સ્વામી ચિદાનંદજીએ કહ્યું, 'પૂજ્ય પ્રમુખસ્વામીજીનું આગમન થયું એટલે ભારતની તમામ પવિત્ર નદી આવી ગઈ, તમામ તીર્થોનું આગમન થયું કારણ કે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણારવિંદ એટલે સાક્ષાત્ નારાયણનું આગમન.'

આવા પરમ પવિત્ર, સંત પાસે જ્યારે સંસારના પ્રશ્નથી ઘેરાયેલો, મૂંઝાયેલો જીવ પહોંચે છે ત્યારે તેને શીતળ, શાંત, અને સત્યનો માર્ગ મળે છે. કારણ કે સાચા સંતમાં અલૌકિક દિવ્યતા સમાયેલી હોય છે.

શાસ્ત્રોને આધારે સંતનો મહિમા છે,
પણ સંતને આધારે શાસ્ત્રોનો મહિમા વધે છે!

સત્પુરુષની નજીક જવાથી જીવનમાં આપણને કંઈક શીખવા મળે છે. આવો જ એક પ્રસંગ છે:

શ્રદ્ધાવાન સત્સંગીને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી દિવ્ય અનુભૂતિ થાય તે તો સમજી શકાય, પરંતુ જે સ્વામિનારાયણ સત્સંગી નથી, પણ હિન્દુ ધર્મમાં પારંગત છે, સેવાભાવી છે, લોકજીવનમાં આગળ છે અને દિલમાં રાષ્ટ્રભાવના છે - આ વાત જેમના જીવનમાં વણાયેલી છે, એવા આદરણીય મોહન ભાગવતજી ખૂબ લાંબું ખેડાણ કરી સારંગપુર તીર્થધામમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા. જ્યારે અમે મોહન ભાગવતજીને પ્રમુખસ્વામીનાં દર્શન કરવા લઈ જતા હતા ત્યારે મેં તેમને કહ્યું, 'ભાગવતજી! અત્યારે પ્રમુખસ્વામીજીની ઉંમર અને નાદુરસ્ત તબિયતના કારણે કદાચ થાકેલા હશે તો આરામમાં હશે! કદાચ આશીર્વાદ પણ ન મળે, પરંતુ કેવળ દર્શન થશે તો તમારે દર્શન કરવાં છે?'

ત્યારે એવી વ્યક્તિ - જે પોતે સંત નથી, પણ સંયમ અને સમર્પણને સમજી શકે, એવા આદરણીય મોહન ભાગવતજીએ જે જવાબ આપ્યો તે ખૂબ જ અંતરના ઊંડાણનો છે. તેમણે મને કહ્યું, 'બ્રહ્મવિહારીજી! હું કેમ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા આવું છું? શાસ્ત્રના આધારે સંતનો મહિમા છે. વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત અને ગીતાનાં વચનોના આધારે સંતનો મહિમા સમજાય છે. પણ પૃથ્વી ઉપર જ્યારે શાસ્ત્ર પ્રમાણે પરિપૂર્ણ જીવતા પ્રમુખસ્વામી મહારાજને પ્રત્યક્ષ જોઉં છું ત્યારે મને વિશ્વાસ બેસે છે કે આપણાં શાસ્ત્રો સાચાં છે, કેમ કે પ્રમુખસ્વામી જેવા સંત, શાસ્ત્રને સાચા ઠરાવે છે. પોતાના વચન કે પ્રવચનથી નહીં,

પણ જીવનથી! શાસ્ત્ર જે પ્રમાણે કહે છે, તે અનુસાર પ્રમુખસ્વામી મહારાજ જીવે છે. શાસ્ત્રને આધારે સંતનો મહિમા તો છે જ, પરંતુ સંતને આધારે શાસ્ત્રોનો મહિમા વધે છે.'

આ તો એક બાજુ થઈ, એટલે કે ધાર્મિક અને ધર્મવાન મહાનુભાવો તો પ્રમુખસ્વામીજીને આદરથી જુએ છે. પરંતુ બીજી બાજુની વાત કરીએ તો પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ, જેઓ એક મહાન વૈજ્ઞાનિક, બુદ્ધિવાન, તર્કપ્રધાન અને સફળ સિદ્ધિવાન હતા. હોવરક્રાફ્ટ, મિસાઈલ અને અણુબૉંબ નિર્માણમાં પણ જેમનો સિંહફાળો હતો. તેઓ મહાન વિદ્વાન હતા અને તેમને વિશ્વની શ્રેષ્ઠ ૪૮ યુનિવર્સિટીઓએ પીએચ.ડી.ની ડિગ્રી સામેથી એનાયત કરી હતી. પોતે સ્વતંત્ર વિચારક હતા. તેમને કોઈની સાડાબારી નહોતી. તેમણે ક્યારેય કોઈના કહ્યા પ્રમાણે કે કોઈની ખુશામત કરવા એક વાક્ય પણ લખ્યું નથી ત્યારે આખું પુસ્તક તો દૂરની વાત થઈ.

તા. ૨૦ જૂન, ૨૦૧૫ના રોજ તેઓ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને સંદેશ ઉપર પુસ્તક 'ટ્રાન્સેન્ડન્સ' લખી સ્વામીશ્રીને હાથોહાથ અર્પણ કરવા અને દર્શન કરવા સારંગપુર પધાર્યા ત્યારે ભરબપોરે બે વાગે ગરમીના ઉકળાટમાં યુવા સંમેલન યોજાયું હતુ. તેમને રમઝાનનો પહેલો રોઝો હતો. સભા પછી થાક્યા-પાક્યા સૌ નીકળતા હતા ત્યારે ગામડાનો એક બાળક સિક્યોરિટી કોર્ડન તોડીને કલામ સાહેબ પાસે પહોંચ્યો. તેણે પોતાના ખીસામાંની નોટબુકમાંથી ફાડેલો કોરો કાગળ કાઢીને ડૉ. કલામને આપ્યો. કાગળ સંપૂર્ણ કરચલીઓથી યુક્ત હતો. બાળકે કહ્યું, 'આપનો ઓટોગ્રાફ આપશો?' તેની પાસે પેન પણ નહોતી. ડૉ. કલામે કોઈની પેન માંગીને અતિ ધીરજથી દીવાલને ટેકે તેને સહી કરી આપી. સૌના આશ્ચર્ય વચ્ચે બાળકે ફરીથી કાગળનો ડૂચો વાળી પોતાના ખીસામાં મૂકી દીધો. આજુબાજુના સૌ બેચેન બની ગયા. ત્યારે ડૉ. કલામે કહ્યું, "Never disappoint a child, these are his first years on the earth." (ક્યારેય બાળકને નિરાશ કરશો નહીં, કારણ કે આ દુનિયામાં તેનાં પ્રથમ વર્ષો છે).

આ ઘટના પછી ડૉ. કલામ પોતાની ગાડી તરફ જઈ રહ્યા હતા. સખત ભીડ અને ગરમી હતી. ત્યાં લાકડીને ટેકે એક ૯૨ વર્ષના વૃદ્ધ ઊભા હતા. તેઓ અંગ્રેજી તો શું પણ ઉંમરના કારણે ગુજરાતી પણ માંડમાંડ બોલી શકતા હતા. તેમને જોઈ ભારે ભીડમાંથી ડૉ. કલામે દાદાને નજીક બોલાવ્યા. તેમણે વિનંતી કરી મારા પૌત્રને કલામ સાહેબ સાથે ફોટો પડાવવો છે. તેનો સંકલ્પ પૂરો કરવા ડૉ. કલામે ધીરજ ધારણ કરી. સૌ સાથે ફોટો પડાવ્યો. ફરી વાર આજુબાજુના સૌ બેચેન બની ગયા

હતા ત્યારે આ ઘટનાનો ઉલ્લેખ કરીને ડૉ. કલામે કહ્યું, "Never disappoint an old man, these are his last years on the earth." (ક્યારેય ઘરડાંઓને નિરાશ ન કરશો કારણ કે આ પૃથ્વી ઉપર તેમનાં અંતિમ વર્ષો છે.)

ઘણા યુવાન આઈએએસ કે આઈપીએસ અધિકારીઓ મળે ત્યારે કહે છે, 'અમારા આદર્શ ડૉ. કલામ છે.' ડૉ. કલામ વિદ્વાન, બુદ્ધિવાન, લાગણીવાન, ગુણવાન અને સિદ્ધિવાન હતા. આપણે સૌએ જે કોઈ સ્વપ્ન સેવ્યાં છે, તે બધાં જ તેઓ પામી ચૂક્યાં છે. મહાન વિદ્વાન બન્યા, વૈજ્ઞાનિક બન્યા, સંશોધક બન્યા, વડા પ્રધાનના સલાહકાર બન્યા અને પછી રાષ્ટ્રપતિ પણ બન્યા. છેલ્લે સૌથી લોકપ્રિય નેતા પણ બન્યા!

ભારતના સૌથી લાડીલા અને સૌના માન્ય રાષ્ટ્રપતિ એવા ડૉ. કલામે રાષ્ટ્રપતિ બન્યા પછી પણ પોતાની વિકાસયાત્રા તો ચાલુ જ રાખી. સતત વિશ્વના અનેક મહાન લોકોને મળી, અનેક વિદ્વાન ધર્મગુરુઓને મળી અને પછી તેઓ કહે છે, "Pramukh Swamiji is My Ultimate Teacher." જો આવા મહાન, વિદ્વાન પુરુષને પણ લાગે છે કે પ્રમુખસ્વામી મહારાજ મારા છે અને મારા અને તમારા જેવાને પણ જો અનુભૂતિ થતી હોય કે પ્રમુખસ્વામી મારા જ છે. તો તેમના જીવનમાં એવું કંઈક છે, જે આપણે પ્રાપ્ત કરવાનું છે. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં અનંત ગુણો છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં જો કોઈ એક વિશિષ્ટ ગુણ હોય અથવા તો કોઈ એક વિચાર હોય તો તે છે Love Others (બીજાને ચાહો). અરે! આપણી પાસે તો આપણી જાતને ચાહવાનો, સમજવાનો સમય નથી તો બીજાને ચાહવાની વાત જ કયાં રહી!

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સૌ કોઈ પોતપોતાના ભેદભાવ ભૂલી - નાત-જાત, ઊંચનીચ, દેશ-પરદેશથી - દેહથી પર થઈ દિવ્ય સુખનો અનુભવ કરે છે. તેમના જીવનમાંથી આ જ શીખવાનું છે, જે તેમનું જીવનસૂત્ર છે: 'બીજાના ભલામાં આપણું ભલું છે. બીજાના સુખમાં આપણું સુખ છે.' પોતાથી પર થઈ બીજાની સેવામાં ઓતપ્રોત બનીશું તો જ સુખ શાંતિ પામીશું.

જો તમારે નિઃસ્વાર્થ પ્રેમ જોઈતો હોય તો તમે પણ જગતને તે આપો...

'People hungry for Love' - લોકો પ્રેમના ભૂખ્યા છે. ખરેખર કોઈ આપણને સાચો પ્રેમ કરે છે એવી ભાવના પ્રદર્શિત કરે તોપણ આપણા મનમાં રંગોળી પુરાય છે, ચમત્કાર સર્જાય છે. આ લાગણીનો કાયદો છે. તમે જે ઝંખો છો, તમારે જે જોઈએ છે, તે બીજાને આપશો તો એ અનંતગણું થઈને પાછું આવશે. જમીનમાં મુઠ્ઠી દાણા નાખો તો પેટભર દાણા પાકે છે. આપણે માગીએ છીએ, પરંતુ આપતા નથી. પ્રમુખસ્વામી મહારાજનું જીવન જુઓ. તેઓ અઢળક પ્રેમ બધાને આપે છે, તેથી સૌ કોઈ તેમને ચાહે છે. માણસમાત્ર પ્રેમ ઝંખે છે. સારું બોલવું, સારું પહેરવું, સારા દેખાવું... તે બધાનું કારણ એ જ છે કે આપણે ઈચ્છીએ છીએ કે સૌ આપણને ચાહે, પણ પ્રેમ પામવાની રીત તો પ્રેમ આપવામાં જ સમાયેલી છે. જો તમે બીજાને સાચો પ્રેમ કરશો તો જ અંતરનું ખાલીપણું પ્રેમથી છલકાશે.

જો તમે એમ ઈચ્છતા હો કે બધા મને પ્રેમ કરે તો તમે પણ શુદ્ધ ભાવથી સૌને ચાહો... તો મિત્રો, પડોશીઓ અને પરિવારના સર્વે સભ્યો પણ તમને એટલો જ શુદ્ધ પ્રેમ આપશે. બીજાને ચાહો અને તેની સાથે અત્યંત મહત્ત્વપૂર્ણ વાત છે, શુદ્ધ પ્રેમ.

ઘરમાં સાચો પ્રેમ ન મળે તો વ્યક્તિ બહાર ફાંફાં મારે છે. કોઈ મિત્રો, અભિનેતાઓ, રમતવીરો વગેરેના આશિક બને છે. છેવટે કોઈ મનુષ્ય પાસેથી પ્રેમ ન મળે તો વ્યક્તિ વસ્તુ કે વાતાવરણ પાછળ પાગલ બને છે - રમતો, વીડિયોગેમ્સ, ચલચિત્રો, પર્યટનો, પદાર્થો અને છેવટે પશુ-પંખી પાસેથી પ્રેમ શોધે છે.

ઘણીવાર સમાજમાં આશ્ચર્યજનક ઘટનાઓ બને છે. વર્ષ-૨૦૧૦માં સાઉથ કોરિયામાં Lee Jin-gyu લી જિન-ગ્યુ નામનો એક યુવાન કે જેને ઓશીકા સાથે એટલો બધો પ્રેમ થઈ ગયો કે તેણે ચર્ચમાં જઈને પાદરીને કહ્યું, 'મારે ઓશીકા

સાથે લગ્ન કરવાં છે.' ત્યારબાદ પાદરીએ તેમનાં વિધિવત્ લગ્ન કરાવ્યાં હતાં.

વર્ષ-૨૦૦૭માં અમેરિકાની એક મહિલા, Erika (એરિકા) કે જે અગાઉ સૈનિક હતી, તેને આઈફિલ ટાવર એટલો બધો ગમતો હતો કે એની સાથે લગ્ન કર્યાં અને તેણે પોતાનું નામ Mrs Eiffel-મિસીઝ આઈફિલ રાખ્યું!

આવો જ એક અન્ય પ્રસંગ છે કે વર્ષ-૧૯૬૧માં જર્મનીના બે વિભાગ થતાં Berlin Wall - બર્લિન વોલ બની હતી, ત્યારબાદ એક મહિલા Eija-Riitta Berliner-Mauer - આઈઝા-રિટા-બર્લિનર-મૂઅર નામની મહિલાને તે વોલ એટલી બધી ગમતી હતી કે તેણે વર્ષ-૧૯૭૯માં વોલ સાથે લગ્ન કર્યાં અને Mrs Berlin - મિસીઝ બર્લિન બની હતી અને જ્યારે વર્ષ-૧૯૯૦માં તે દીવાલ તૂટી ત્યારે આ મિસીઝ આઈઝા-બર્લિનર પોતે વિધવા થઈ ગઈ હોય તે રીતે પોતાની જીવનશૈલી બનાવી દીધી હતી!

ઉપરોક્ત પ્રસંગો એ સૂચવે છે કે માણસ પ્રેમ ઝંખે છે અને જેને પૂરતો પ્રેમ મળતો નથી, તેને કારણે જ આ સ્થિતિ સર્જાય છે.

સામાન્ય માણસ જ્યારે પ્રેમની વાત કરે ત્યારે તેમાં થોડો તો સ્વાર્થ આવી જ જાય છે. આજે બધા જુદા-જુદા ડે Yoga Day, Cancer Day, Wildlife Day, Sparrow Day, Water Day, Health Day, No Tobacco Day, Children's Day, Parents' Day, Widows Day, Friendship Day, Tiger Day, Charity Day, Heart Day, Vegetarian Day, Teachers' Day, Smile Day, Diabetes Day, Hello Day, Father's Day ... ઊજવે છે, એવી રીતે Mother's Day 'મધર્સ ડે' પણ ઊજવાય છે, જ્યાં શુદ્ધ પ્રેમની વાત થાય છે, પણ તમને તેના સ્થાપકની ખબર છે? ૧૯૦૫માં Anna Jarvis - 'એના જાર્વિસ' નામની એક મહિલાએ પોતાની માતાના મરણ પછી માતાની સ્મૃતિ માટે વિશ્વની સર્વે માતાને અંજલિ આપવા 'મધર્સ ડે' ઊજવવાનો વિચાર કર્યો. તેની માતાએ ઘણાને પ્રેરણા આપી હતી. તેને નવાજવા ચારેબાજુથી લાગણીસભર જે પત્રો આવ્યા, તેના આધારે તેણે એકલા હાથે ઝંડો ઉપાડ્યો - સર્વે માતાઓની સ્મૃતિ માટે. માતા નિ:સ્વાર્થપણે પોતાનાં સંતાનોને નવ મહિના સુધી પેટમાં સાચવે છે, જન્મ આપે છે અને જીવનભર પ્રેમ આપે છે. પાંચ વર્ષ સુધી આ 'મધર્સ ડે' સ્થપાય અને ઊજવાય તેની ભલામણો, રજૂઆતો, પત્રવ્યવહારો... અમેરિકામાં ઠેર ઠેર ફરી ખૂબ ઝઝૂમી. શરૂઆતમાં તેની રજૂઆત સહુએ હસી કાઢી પણ અંતે વર્ષ-1910માં તેને રાષ્ટ્રીય દિવસ બનાવવામાં આવ્યો. ટૂંક સમયમાં વિશ્વભરમાં 'મધર્સ ડે' ઊજવવાની શરૂઆત થઈ. પરંતુ ત્યારબાદ

મધર્સ ડે દુનિયાનો મોટો વેપાર બની ગયો છે. સ્થિતિ એવી થઈ કે મધર્સ ડે સ્વાર્થયુક્ત બની ગયો. મધર્સ ડે મોટી ઈન્ડસ્ટ્રી બની ગયો છે. અમેરિકાની જ વાત કરીએ તો આ દિવસે ૩ અબજ ડોલર્સનાં ફૂલ વેચાય છે. દોઢ અબજનાં ગ્રીટિંગ્સ કાર્ડ્ઝ વેચાય છે. વર્ષો પછી તેના સમયગાળામાં જ એના જાર્વિસને લાગ્યું કે માતાના શુદ્ધ પ્રેમને, જગતે સ્વાર્થથી ભરી દીધો છે. તેણે કબૂલ્યું, 'મને ધિક્કાર છે કે મેં 'મધર્સ ડે' શરૂ કરાવ્યો.' ખુદ મધર્સ ડેનાં સ્થાપક એવા એના જાર્વિસે માગણી કરી કે 'મધર્સ ડે'ની ઉજવણી બંધ કરો. તે નાબૂદ કરવા તેણે ફરી ઝુંબેશ ચલાવી, પણ હવે સાંભળે કોણ? અંતે તે પાગલ થઈ ગઈ અને તેને મેન્ટલ હૉસ્પિટલમાં રાખવા માટે ફૂલની ઈન્ડસ્ટ્રીઝવાળાએ પૈસા ભરી આભાર માન્યો - 'Thank you, Anna.' મનુષ્ય શુદ્ધ પ્રેમને પણ સ્વાર્થથી અશુદ્ધ બનાવી દે છે.

એ વાત સાચી છે કે સૌ શુદ્ધ પ્રેમ ઝંખે છે, પણ જ્યાં સ્વાર્થ ભળે ત્યાં સૌની મતિ ભ્રમિત થઈ જાય છે. કોઈ એક વ્યક્તિ તમારા માટે છપ્પન પ્રકારનાં ભોજન-ભોગ તૈયાર કરી તમને કહે, 'લે ખા! તારા માટે ખોટી રાહ જોઈ.' તો તમને ભોજન ભાવે? બીજી બાજુ માત્ર પાણી લઈને કોઈ વ્યક્તિ ઊભી હોય. તેની નજીક તમે જાવ ત્યારે તે તમને પ્રેમપૂર્વક કહે, 'હું તમારા માટે એક કલાકથી રાહ જોઉં છું.' તો પાણીનો એક ગ્લાસ કેવો મીઠો લાગે? તમને શું પસંદ પડશે? છપ્પન ભોગ ભરેલો થાળ કે એક પ્યાલો પાણીનો? પ્રેમવિહોણા થાળ કરતાં પ્રેમપૂર્ણ પાણી પસંદ કરીશું. તમને ભાવ વગરનું કલાકનું પ્રવચન ગમે કે પ્રેમથી કહેવાયેલો એક શબ્દ?

સૌ પ્રેમ પસંદ કરશે... પણ જ્યાં સ્વાર્થ ભળે છે ત્યાં આપણી દિશા અને દશા બદલાય છે. કોઈ તમને પ્રેમથી એક રૂપિયો આપે અને ગાળો બોલી એક કરોડ આપે તો શું કરશો? સૌ મૂંઝાશો... બહુધા કરોડ લેશે. કેમ? પૈસા આગળ પ્રેમ ભુલાઈ જાય છે. અંદર સ્વાર્થ પ્રગટે છે ત્યારે પ્રેમ બુઝાઈ જાય છે.

હકીકતમાં સાચા, અખૂટ અને અફર, નિઃસ્વાર્થ પ્રેમની વિશ્વમાં અછત છે. તેથી જ અબ્દુલ કલામના અંગત મિત્ર, મહાન લેખક અને વૈજ્ઞાનિક પ્રો. અરુણ તિવારીના શબ્દોમાં જોઈએ તો 'પ્રમુખસ્વામી મહારાજ પ્રેમના પારદર્શક મહાસાગર છે. જ્યાં મનુષ્યમાત્રની તરસ છિપાય છે. સ્વામીશ્રીનો પ્રેમ શુદ્ધ, નિઃસ્વાર્થ, અપેક્ષારહિત, બિનશરતી... સર્વે જીવ પ્રાણી માત્ર માટે એકસમાન વહે છે. તેમાં પરમેશ્વરની દિવ્યતા અનુભવાય છે. તેથી જ કદાચ અસંખ્ય હરિભક્તો પ્રમુખસ્વામી મહારાજને ચાહે છે, કારણ તેઓ સૌને નિઃસ્વાર્થપણે અવિરત ચાહે છે.'

કોઈ પોતાના જીવન કરતાં પણ વધુ તમને ચાહે, એ નિ:સ્વાર્થ પ્રેમ

જેમ જીવનમાં પ્રેમ ખૂબ જરૂરી છે તેમજ એકબીજાની લાગણી સાચવવી તે વધુ જરૂરી છે. કેમ ? કારણ, લાગણીઓ વિશ્વની સંસ્કૃતિ પ્રમાણે પરિવર્તિત થતી હોય છે.

આ વિશ્વ કેટલું વિશાળ છે! ચિત્ર-વિચિત્ર છે. એક સંસ્કૃતિમાં જેને સન્માન ગણે તે જ બીજી સંસ્કૃતિમાં અપમાનજનક કહેવાય છે. ઈસ્ટ આફ્રિકાના કેન્યા દેશની અંદર એક આદિવાસીની જાતિ છે - મસાઈ. તેમાં એક વિચિત્ર પ્રથા છે. ત્યાં કોઈ બાળક જન્મે ત્યારે તેના ઉપર સૌ થૂંકે છે! કોઈ વડીલ સાથે તમે હાથ મિલાવો ત્યારે સન્માનરૂપે હાથમાં થૂંકીને હાથ મિલાવવાનો હોય છે! મસાઈમાં થૂંક તે આશીર્વાદ ગણાય છે, જ્યારે આપણે ત્યાં તે અપમાન છે.

દુનિયામાં જેટલી સંસ્કૃતિ છે એટલાં વિધિ-વિધાન અને પ્રથાઓ છે. સાઉથ અમેરિકાની માયન સંસ્કૃતિમાં માનવ બલિનો રિવાજ હતો. એવું મનાતું કે રોજ સાંજે સૂર્યાસ્ત સમયે સૂર્ય લાલ હોય છે, કારણ તે યુદ્ધે ચડે છે. આખી રાત યુદ્ધ કરી, ઘાયલ બની સવારે લોહીથી લથબથ લાલઘૂમ ઉદય થાય છે. તેને લોહી પૂરું પાડવા નિત્ય સૂર્યોદય સમયે નરબલિનો રિવાજ હતો. પ્રજામાંથી એક સુંદર અને સ્વસ્થ નરને પસંદ કરી વાજતે-ગાજતે ઉત્સવ મનાવી, પિરામિડ ઉપર બલિ ચઢાવવામાં આવતો. બીજું માયન કેલેન્ડર પ્રમાણે 2012ની અંદર પૃથ્વીનો અંત આવી જવાનો હતો, કારણ કે કેલેન્ડર પૂરું થાય છે. સમયનો અંત હતો છતાં પણ આપણે બધા જીવીએ છીએ.

ઈજિપ્શિયન સંસ્કૃતિની અંદર કહે છે કે માણસ મરે અને ફરી જીવે છે, એટલે મમી કરવાની પ્રથા પ્રચલિત થઈ. કુદરતી વનસ્પતિ અને દવાઓ ચોપડી, કપડાથી વીંટી મૃતદેહને પધરાવવામાં આવતો. કાલ ઊઠીને સ્વર્ગમાં કે પછી પાછો પૃથ્વી

ઉપર જીવંત થઈ શકે છે!

કદાચ વધુ આશ્ચર્ય થશે - એસ્કિમોઝની પ્રથાથી. જે સર્વે ઉત્તર ધ્રુવના બર્ફીલા પ્રદેશમાં રહે છે. એ એસ્કિમોઝની પ્રથા બહુ ભયંકર છે. કોઈ માણસ વૃદ્ધ થાય અને ખૂબ બીમાર પડે અને એનો કોઈ ઇલાજ ન હોય તો બરફની એક શિલા ઉપર જીવતો એને મૂકી દે અને બરફને સમુદ્રમાં તરતો મૂકી દે. એને તેઓ ખાનદાન અને માનભેર મૃત્યુ ગણે છે.

એક સંસ્કૃતિમાં જે ધિક્કારાય છે, તે જ અન્ય સંસ્કૃતિમાં આવકારાય છે. વેનેઝ્યુએલા અને બ્રાઝિલના વિસ્તારમાં એક ટ્રાઈબ છે. એ ટ્રાઈબનું નામ છે યાનો મામી. તેમાં એક મહા, મહાવિચિત્ર પ્રથા પ્રચલિત છે. તમારા અતિ નજીકના સગાંવહાલાં હોય, જેને તમે ખૂબ ચાહતા હો, તે મૃત્યુ પામે તો તેને અગ્નિદાહ દઈ અને એની જે ભસ્મ વધે એ ભસ્મનો સૂપ બનાવી પીવો પડે. આમ સૂપ પીવાથી તમારા અતિ નજીકનાં સ્નેહીઓ ક્યારેય તમારાથી દૂર જતા નથી.

જેટલી સંસ્કૃતિ, જેટલા લોકો એટલા જ જીવનના ખ્યાલો અને હૃદયની લાગણીઓ બદલાતી રહે છે. પણ સર્વે વાતનો સાર એક જ છે - આપણી પરિવર્તિત પૃથ્વી ઉપર સતત સંઘર્ષમય સંસારમાં મનુષ્યમાત્ર સુખ, શાંતિ અને પ્રેમ શોધે છે.

પ્રેમ માટે સતત ભિખારી થઈને ફરે છે. વ્યક્તિ તણાવમાં આવી જાય ત્યારે હૂંફ માટે તે સાચા પ્રેમને શોધે છે, પણ માનવપ્રેમ એક કે બીજાના સ્વાર્થથી જોડાયેલો હોય છે. નિ:સ્વાર્થ પ્રેમ એટલે શું? ભગવાન અને સંતની પાસે કોઈ માણસ આવે ત્યારે પણ કોઈ ને કોઈ સ્વાર્થ હોય છે. આપણી લાગણી અને માંગણીમાં સ્વાર્થ છુપાયેલો રહે છે.

થોડા સમય પહેલાં એક હરિભક્ત સંતો પાસે દોડતાં-દોડતાં આવ્યા કે મારા પિતા મરણ પથારીએ છે, તમે પ્રાર્થના કરો કે તે બચી જાય. સંતોએ દિલથી પ્રાર્થના કરી અને ભગવાને પણ એવું કર્યું કે તે હરિભક્તના પિતા જીવી ગયા. અને તેમની સેવા કરવાનો વારો આવ્યો. ફરીથી એ હરિભક્ત પાછા આવ્યા અને સંતોને કહ્યું કે હવે તમે પ્રાર્થના કરો કે મારા પિતાને ભગવાન ધામમાં લઈ જાય. તેઓ ખૂબ પીડાય છે. પણ આ ઘટનામાં અમે ઊંડા ઊતર્યા અને તપાસ કરાવી તો જાણ થઈ કે પહેલાં પિતા બચી જાય એવી પ્રાર્થના કરાવી, કારણ વસિયતનામું કરવાનું બાકી હતું. અને પછી ઉપર પહોંચી જાય એવી પ્રાર્થના કરાવી, કારણ વસિયતનામું લખાવી લીધું હતું! પ્રાર્થનાના મૂળમાં શું હતું? પિતૃપ્રેમ નહીં, પુત્રનો સ્વાર્થ.

નિ:સ્વાર્થ પ્રેમ મળવો એ ઘણો અઘરો છે.

નિ:સ્વાર્થ પ્રેમની ઘણી બધી વ્યાખ્યા જગતમાં છે, પણ મારા અનુભવ પ્રમાણે

નિ:સ્વાર્થ પ્રેમની જો કોઈ સુંદરતમ્ વ્યાખ્યા કોઈએ કરી હોય તો આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે કરી છે. વચનામૃત ગઢડા પ્રથમ ૬૭માં તેઓ કહે છે, "કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિશે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિશે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે પણ દેહના સુખને અર્થએ તો કાંઈ ક્રિયા કરે જ નહીં."

સાચા સત્પુરુષને લૌકિક સુખ-સમૃદ્ધિ કે સિદ્ધિમાં પ્રીતિ જ નથી. તેઓ સંપૂર્ણ નિ:સ્વાર્થી અને નિસ્પૃહી હોય છે. તેઓ જગતથી પર જીવે છે. આપણને જે જોઈએ છે એ એમને જોઈતું નથી. આપણે જે માંગીએ છીએ, એ તેઓ માંગતા નથી. તમે એમને જે આપવા માંગો છે, એ તેમને ખપતું નથી. નિ:સ્વાર્થ એટલે આ લોકમાં સહેજ પણ સ્વાર્થ નથી અને એવા સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ છે, એવી વ્યાખ્યા ભગવાન સ્વામિનારાયણે કરી છે. નિ:સ્વાર્થ એટલે કોઈ સ્વાર્થ નહીં, કોઈ ઈચ્છા નહીં, કોઈ માંગણી નહીં, કોઈ અપેક્ષા નહીં... ફક્ત પ્રેમ, શુદ્ધ પ્રેમ 'When somebody loves you like his life and when somebody loves you more than his life.' એટલે કે કોઈ પોતાના જીવની જેમ આપણને ચાહે અને કોઈ પોતાના જીવ કરતાં પણ વધુ આપણને ચાહે એ નિ:સ્વાર્થ પ્રેમ.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આપણે સૌ સાક્ષી છીએ કે સમગ્ર જીવનમાં એકપણ દિવસ અથવા એકપણ ક્ષણ પોતા માટે ફાળવી નથી. સવારે જાગે ત્યારથી રાત્રે સૂએ ત્યાં સુધી ઠાકોરજી આગળ પૂજા કરતાં, ભજન-ભક્તિ કરતાં કે લોકોની સેવા કરતાં સતત પ્રાર્થના કરે છે - બીજા માટે. તેમણે ૯૫ વર્ષની અંદર એક પણ પ્રાર્થના પોતાના માટે કરી નથી, એવા છે પ્રમુખસ્વામી મહારાજ.

ભરૂચના હરિભક્ત લાલજીભાઈ, તેમને ત્યાં દીકરો નહોતો અને પ્રમુખસ્વામી મહારાજને પ્રાર્થના કરતા હતા અને તે એક દિવસ સમાચાર લઈને આવ્યા કે મારા ઘરે દીકરાનો જન્મ થયો છે ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તેને કહ્યું, 'લાલજી! છેલ્લા સાત વર્ષથી દરરોજ પૂજામાં એક માળા તારા માટે કરતો હતો ત્યારે આજે ભગવાને સંકલ્પ પૂરો કર્યો.'

નાનામાં નાનું કામ હોય અથવા મોટામાં મોટું કામ હોય તોપણ સત્પુરુષ પોતાના જીવનની ક્ષણે-ક્ષણ તમારા અને મારા માટે વાપરે છે - આ છે, નિ:સ્વાર્થ પ્રેમ.

‘આમારે તો શાંતિનો કાયમી પ્રોજેક્ટ છે, વચમાં આવાં અક્ષરધામ બની જાય છે’

કોઈ કહે છે કે પ્રમુખસ્વામી મહારાજે ગાંધીનગરમાં અક્ષરધામ બાંધી સાંસ્કૃતિક વિક્રમ સર્જ્યો છે, કોઈ કહે છે કે પ્રમુખસ્વામી મહારાજે દિલ્હીમાં અક્ષરધામ બાંધી વિશ્વવિક્રમ સર્જ્યો છે, અને હવે ટૂંક સમયમાં એવું પણ કહેશે કે અમેરિકામાં અક્ષરધામ બાંધી પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું ભાવિ ઉજ્જ્વળ બનાવી દીધું છે. આવા અનેક અહોભાવના ઉદ્ગારો સમાજમાં સંભળાય છે, પણ અક્ષરધામ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના હૃદય સામે દૃષ્ટિ કરીએ ત્યારે સમજાય છે કે ધર્મ અને સંસ્કૃતિનાં આવાં બેનમૂન ધામો એ સ્વામીશ્રીના માનવમાત્ર માટે નિઃસ્વાર્થ પ્રેમનાં પ્રતિબિંબો છે. જેમ પ્રેમ કુદરતી અને સાહજિક હોય છે તે રીતે પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યો સાહજિક અને કુદરતી છે.

એક પ્રસંગ છે, દિલ્હી અક્ષરધામનો. દિલ્હી અક્ષરધામ બનતું હતું ત્યારે ખ્યાતનામ આર્કિટેક્ટ પદ્મશ્રી બી. વી. દોશી સાહેબ પધાર્યા હતા. ડિઝાઈન ક્ષેત્રમાં ખૂબ વિદ્વાન અને વિશાળ અનુભવ ધરાવતા એવા શ્રી બી. વી. દોશી સાહેબ અંતરથી ખૂબ પવિત્ર, પ્રામાણિક અને સ્પષ્ટ વક્તા છે.

અમને આનંદ સાથે આશા પણ હતી કે બની રહેલા દિલ્હી અક્ષરધામને નિહાળી સાહેબ અગત્યનું માર્ગદર્શન પણ આપશે. બીજી બાજુ અવઢવ પણ હતું કે સાહેબને કેવું લાગશે? ગમશે કે નહીં? કારણ હકીકતમાં અક્ષરધામ કેવળ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી જ સાત સંતોએ ડિઝાઈન તૈયાર કરી હતી. તેમાં કોઈ આર્કિટેક્ટ, ડિઝાઈનર કે નિષ્ણાત નહોતા. કેવળ સ્વામીશ્રીના પ્રેમ, પુરુષાર્થ અને પ્રેરણાનું પરિણામ હતું.

પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીના માર્ગદર્શન નીચે પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામીએ પ્રથમવાર ડિઝાઇનનું કાર્ય કર્યું હતું. બીજી બાજુ શ્રી બી. વી. દોશી સાહેબ જેવા મહાન આર્કિટેક્ટ હોય, જેમણે ન કેવળ મકાનો ને સંકુલો પણ આંતરરાષ્ટ્રીય શહેરો ડિઝાઇન કર્યા છે, એવા આર્કિટેક્ટને તો અક્ષરધામની ડિઝાઇનમાં કાંઈક ખોટ કે ઊણપ દેખાશે જ.

બની રહેલા અક્ષરધામ સંકુલને શાંતિથી દેખાડીને મેં સાહેબને પૂછ્યું, કોઈ સૂચન કે માર્ગદર્શન? શ્રી બી. વી. દોશી સાહેબ મને એક છોડ પાસે લઈ ગયા અને સાહજિક કહ્યું, 'આ છોડ ઊગે છે, શાંતિથી ઊગે છે. કોઈક છોડનાં પાંદડાં નાનાં હોય, કોઈકની ડાળી ટૂંકી હોય, વળી ગઈ હોય. કોઈકની સુકાઈ ગઈ હોય. ગમે તેવો આકાર કે રંગ હોય તે કુદરતી છે. આ છોડ જે રીતે ઊગે છે, એ જ શ્રેષ્ઠ છે. તમે છોડને કહી ન શકો કે તું આમ ઊગ કે આમ ઊગ. એ જે રીતે ઊગે છે તે સાહજિક છે, કુદરતી છે અને જીવંત છે. તેમ આપનું દિલ્હીનું અક્ષરધામ એ ભગવાન અને સંતની કુદરતી ભેટ છે. એ જેમ આકાર લઈ રહ્યું છે તે એક દિવ્ય પ્રેરણાનો પ્રવાહ છે. એટલે મહેરબાની કરીને કોઈનુંય સૂચન લેતા નહીં કે સાંભળતા નહીં. તમે તમારું કામ કરતા જ જજો. ભગવાન અને સંતની દિવ્ય પ્રેરણા હોય ત્યાં જ આવું નિ:સ્વાર્થ અને સાહજિક સર્જન થઈ શકે.'

હકીકતમાં ભગવાન અને સંતનો પ્રેમ સાહજિક છે. તેમાં દંભ કે દેખાવ નથી અને સર્વે માટે સમાન હોય છે. સ્વામીશ્રીના સાહજિક અને સમાન પ્રેમનો એક પ્રસંગ આપણી સમજણમાં વધુ સ્પષ્ટતા લાવશે.

એક વાર અમે સંતો મુંબઈ હતા. રાત્રે ૧૧.૩૦ વાગે પ્રમુખસ્વામી મહારાજ આરામમાં જતા હતા ત્યારે ખાટલામાં બેઠાં-બેઠાં વિવેકસાગર સ્વામીને બોલાવીને કહ્યું, 'વિવેકસાગર સ્વામી! તમને આજે હું ખૂબ સારા સમાચાર આપું.'

સૌ આશ્ચર્યમાં ડૂબી ગયા. રોજ અમે સ્વામીશ્રીને સારા સમાચાર આપતા હોઈએ છીએ... જેમ કે, કોઈ મંદિરનું કામ થયું હોય, કોઈ હરિભક્તને શાંતિ થઈ હોય તેવા સમાચાર આપીએ અને આજે મારા જીવનમાં સૌપ્રથમવાર જોયું કે સ્વામીશ્રીએ પહેલીવાર કહ્યું કે હું તમને સારા સમાચાર આપું.

મારું મન તો વિવિધ દિશામાં દોડવા માંડ્યું કે પ્રમુખસ્વામી મહારાજ માટે ખૂબ સારા સમાચાર એટલે શું? શું અમેરિકામાં અક્ષરધામ માટેની જમીન મળી ગઈ? અટકેલાં કાર્યો હતાં તે થઈ ગયાં? સિડનીનું કાર્ય હતું, તે થઈ ગયું? આ બધું વિચારતો હતો, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે આજે એક મહિલા સત્સંગીનો પત્ર હતો.

પોતે ખૂબ ખાનદાન કુટુંબનાં, ખૂબ સંસ્કારવાન અને સહિષ્ણુ, ઉંમરલાયક

અને શ્રદ્ધાવાન. તેમણે સ્વામીશ્રીને પત્ર લખ્યો હતો, 'બાપા! આજે ૩૫ વર્ષ પછી મને મારા ધણીએ પાછા બોલાવ્યાં એ શુભ સમાચાર હું આપને આપું છું.'

આ સત્સંગી કુટુંબ માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ વર્ષોથી પ્રાર્થના કરતા હતા.

સ્વામીશ્રી માટે કોઈક બહેનનો સંસાર-વ્યવહાર શુદ્ધ થાય, શાંત થાય તથા તમારા અને મારા જીવનમાં સુખ આવે તેનાથી મોટા કોઈ શુભ સમાચાર નથી. આ તો મંદિરો થાય, કાર્યો થાય, વિશ્વમાં વાહ-વાહ થાય - એ સર્વે કરતાં, તમારા અને મારા અંતરમાં શાંતિ થાય એ પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય છે. તેમના નિ:સ્વાર્થ પ્રેમનું એ પ્રતિબિંબ છે.

જ્યારે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની બાયપાસ સર્જરી કરનાર અમેરિકાના નિષ્ણાત કાર્ડિયોથોરેસિક સર્જન ડૉ. વી. સુબ્રમણ્યન 2005ની સાલમાં દિલ્હી અક્ષરધામની મુલાકાતે આવ્યા ત્યારે સ્વામીશ્રીનું આવું અકલ્પ્ય કાર્ય જોઈ મંત્રમુગ્ધ બની ગયા. તેમણે સ્વામીશ્રી પાસે આવા કોઈપણ ઔપચારિક શિષ્ટાચાર કે સ્વાસ્થ્યના સમાચાર પૂછ્યા વગર સીધો પ્રશ્ન પૂછ્યો, "What is your next project?" આજુબાજુ બેઠેલા અમે સૌ સંતો સ્તબ્ધ બની ગયા.

સ્વામીશ્રી તેમના દર્દી હતા. સ્વામીશ્રીની ઉંમર ૮૬ વર્ષની હતી. છતાં ડૉ. સુબ્રમણ્યનના મુખારવિંદ ઉપર દયા કે હમદર્દી નહીં, પણ અહોભાવ અને આશ્ચર્ય ઊભરાતાં હતાં. કોઈ તરવરતા યુવાનને પૂછવા યોગ્ય પ્રશ્ન તેમણે ઉંમરવાન સ્વામીશ્રીને પૂછ્યો કે, 'સ્વામી! આપનો આગામી પ્રોજેક્ટ હવે શું છે?'

કોઈ વૃદ્ધ હોય તેને આગામી પ્રોજેક્ટ માટે પુછાય? ન પુછાય, કેમ કે ઘણા વૃદ્ધો માટે તો ખુરશીમાં બેઠા હોય ત્યારે ઊભા થવું એ પણ એક પ્રોજેક્ટ હોય છે! ઘરના લોકો બારી ખુલ્લી રાખીને કે લાઇટની સ્વિચ ચાલુ રાખીને ગયા હોય તે બંધ કરવાં એ પણ એક પ્રોજેક્ટ હોય છે. પણ ડૉ. સુબ્રમણ્યન અક્ષરધામની મુલાકાતથી એવા પ્રભાવિત થયા હતા કે તેમનું મન કલ્પી નહોતું શકતું કે આવા ભવ્ય પ્રોજેક્ટ પછી હવે પ્રમુખસ્વામી મહારાજનો બીજો નવો પ્રોજેક્ટ શું હશે?

પણ તેથી વધુ અકલ્પ્ય તો સ્વામીશ્રીએ ડૉ. સુબ્રમણ્યનને જે જવાબ આપ્યો તે ખૂબ જ આધ્યાત્મિક ઊંડાણમાંથી ઉદ્ભવેલો જવાબ હતો. ડૉ. સુબ્રમણ્યનને પ્રમુખસ્વામી મહારાજે સાહજિક શાંતિથી કહ્યું, 'સાહેબ! અમને તો ભગવાન સ્વામિનારાયણે કાયમી એક જ પ્રોજેક્ટ આપ્યો છે, શાંતિનો! વિશ્વમાં, સમાજમાં, કુટુંબમાં, અંતરમાં સૌને શાંતિ થાય એવો પ્રોજેક્ટ આપ્યો છે અને વચમાં આવાં અક્ષરધામ બની જાય છે.'

આપણને આશ્ચર્ય થાય કે 'અક્ષરધામ'ને સમગ્ર દુનિયા નવાજે છે, તે પ્રમુખસ્વામી મહારાજનું સાહજિક કાર્ય છે. એટલે કે Akshardham is a byproduct of Pramukh Swami's love for the world at large. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું અજોડ કાર્ય એ મંદિરો કે અક્ષરધામો નથી, પણ તેમનો નિ:સ્વાર્થ પ્રેમ, ભગવાનમાં શ્રદ્ધા અને જીવ-પ્રાણી માત્રને શાંતિ આપવી એ છે.

બીજાને ચાહો અને સમજો તો જ સૌ તમને સમજતા થશે

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણે નિ:સ્વાર્થ પ્રેમની વાત શીખી રહ્યા છીએ ત્યારે મધ્ય ગુજરાતના આદિવાસી વિસ્તાર - બોડેલી ગામનો આ પ્રસંગ છે.

આ ગામમાં પ્રમુખસ્વામી મહારાજ વિચરણ કરતા હતા. ત્યાં ૨૫-૩૦ હજાર આદિવાસીઓની સભા યોજાઈ હતી. એ સમયે પ્રમુખસ્વામી મહારાજને તાવ આવ્યો હતો. સવારે ઠાકોરજીનાં દર્શન માટે તો તેઓ આવ્યા, ત્યારબાદ સૂવા ગયા ત્યારે તાવ બમણો થઈ થયો અને સાંજે મંદિરના પોડિયમ ઉપર પ્રમુખસ્વામી આવવાના હતા ત્યારે તેમનું સ્વાસ્થ્ય વધુ કથળ્યું. આટલી વયમાં પ્રમુખસ્વામીજી મહારાજના શરીરે સતત ભીડો વેઠ્યો હતો. આ સ્થિતિમાં યોગીચરણ સ્વામીનો ફોન આવ્યો કે 'બાપાના હૃદયના ધબકારા પણ બદલાવા લાગ્યા છે અને તેઓ હૃદયરોગના પેશન્ટ છે.' તે વખતે સેવક સંતોએ, આયોજક સંતોને કહ્યું કે 'તમારામાંથી ચાર-પાંચ જણ આવો અને પ્રમુખસ્વામી મહારાજને વિનંતી કરો કે સભામાં ન આવે અને આરામ કરે.'

પ્રમુખસ્વામી મહારાજ ખાટલામાં સૂતા હતા, શરીરે ધ્રુજારી હતી, હાથ પણ ધ્રૂજે, ખૂબ જ જોરદાર તાવ હતો. અમે બધા ગયા અને કહેવાય છે કે સત્પુરુષ તો પળવારમાં જ બધી વાત સમજી જાય! અને થયું પણ એવું જ!

પ્રમુખસ્વામી મહારાજે અમને કહ્યું, 'મને ખબર છે કે તમે બધા કેમ ભેગા થયા છો? પણ મને સભામાં લઈ જાવ.' તે સમયે અમે બધાએ કોઈ ઉત્તર ન આપ્યો. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'મારે દર્શન કરવા જવું છે.'

ત્યારે નારાયણમુનિ સ્વામી કહે કે આ બધા હરિભક્તો સમજે છે કે આપ બીમાર છો.'

ત્યારે પ્રમુખસ્વામીએ તેમને શાંત કર્યા. પછી વિવેકસાગર સ્વામી સમજાવવા ગયા. ત્યારબાદ મેં સમજાવવાની શરૂઆત કરી કે 'બાપા! આપણે અત્યારે રહેવા દઈએ. મારે તમને એક જ પ્રશ્ન કરવો છે કે જો તમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ આ ઉંમરે ખાટલામાં તાવથી પીડાતા હોત, તો તમે સેવક તરીકે શાસ્ત્રીજી મહારાજને બહાર લઈ જાવ?'

તેમણે કહ્યું કે 'હા, હું લઈ જાઉં.' પછી તેમણે મને સામો પ્રશ્ન પૂછ્યો કે 'તેં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને જોયા છે?'

મેં કહ્યું કે 'ના.'

તેમણે કહ્યું કે 'મેં જોયા છે. શાસ્ત્રીજી મહારાજને ૮૦ વર્ષે પણ પગમાં વા હોવા છતાં તેમને ગાડામાં ગાદલાં નાખીને હરિભક્તોનાં ઘરે પધરામણી કરવા જતાં મેં જોયા છે. યોગીજી મહારાજને પણ હરિભક્તોને રાજી કરતાં મેં જોયા છે.'

ત્યારે અમે કહ્યું કે 'બાપા! આપના હૃદયના ધબકારા ખૂબ વધી ગયા છે.'

ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'તમારા બધાના મનમાં એ પ્રશ્ન છે કે આવી સ્થિતિમાં મને બહાર લઈ જાવ અને મને કંઈક થઈ જાય તો તેની જવાબદારી કોની? માટે લાવો કાગળ અને પેન, અને હું લખી આપું છું કે મને કંઈ થાય તેનો જવાબદાર હું છું, પણ મને બહાર લઈ જાવ.'

એટલે કે Pramukh Swami loves others more than his own life. (પ્રમુખસ્વામી મહારાજ પોતાના જીવન કરતાં પણ બીજાને વધુ ચાહે છે.)

એ આદિવાસી ભક્તો સ્વામીશ્રીને મળીને કોઈ મોટી વાત કે કોઈ મોટા પ્રોજેક્ટ અંગેની ગંભીર વાત પણ કરવાના નહોતા, છતાં પ્રમુખસ્વામીજી તો નિ:સ્વાર્થ ભાવે માત્ર તેમને મળવા માગતા હતા. એટલે કે આ દુનિયાનું જેને કંઈ જ ન જોઈતું હોય અને કેવળ ઈશ્વર પ્રત્યે જ અનુસંધાન હોય ત્યારે જ પ્રમુખસ્વામી મહારાજ જેવા નિ:સ્વાર્થ આપણે પણ બની શકીએ.

આજે દુનિયામાં સહુ કોઈને નિ:સ્વાર્થ પ્રેમ જોઈએ છે, કરવો છે અને આપણે પણ નિ:સ્વાર્થ પ્રેમ પામી શકીએ, બીજાને આપી શકીએ તે માટે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી તે શીખવાનું.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી જે નવ બોધપાઠ શીખવાના છે, તેમાં છે, Love Others - બીજાને ચાહો, જે અંતર્ગત - પ્રથમ આવે છે કે Understand Others - બીજાને સમજો.

આપણા મનમાં એવી ભાવના હોય છે કે સૌ આપણને સમજે પણ તમે બીજાને સમજશો તો સૌ તમને સમજતા થશે. ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી કે

'જેટલો બીજાને સમજાવવાનો આગ્રહ છે, તેટલો પોતાને સમજવાનો હોય અને એ જ રીતે બીજાના દોષ જોવાનો આગ્રહ છે તેટલો પોતાના દોષ ટાળવાનો હોય તો કંઈ કસર રહે જ નહીં.'

આપણે પ્રેમ કરવો છે પણ પ્રેમ કરવાની રીત ફાવતી નથી. મારે તમને એ જ કહેવું છે કે કોઈને પ્રેમ કરવો હોય તો તેને સમજતાં શીખજો.

તેનો એક પ્રસંગ એવો છે કે ફ્રાન્સમાં એક જાણીતાં મહિલા વેટરનરી ડૉક્ટર હતાં. એક પૈસાદાર માણસના કૂતરાને કોઈ દર્દ હતું અને તે કૂતરાને તે મહિલા ડૉક્ટર પાસે લાવ્યા. તે ડૉક્ટરે કૂતરાને તપાસતાં-તપાસતાં જોયું કે તેને દવા તો આપવી પડશે. ડૉક્ટરે એક બોટલમાંથી દીવેલ લઈને ચમચીમાં ભરી તે કૂતરાને આપવાનો પ્રયત્ન કર્યો, કેમ કે દર્દ થયું હતું તેને મટાડવા માટે આ કૂતરાને બળજબરીથી દવા આપવી પડે તેમ હતી. જો કે, કૂતરો તે દવા ચમચીથી પીવા તૈયાર નહોતો. આ સ્થિતિમાં ડૉક્ટરનાં હાથમાંથી ચમચી અને બોટલ બંને નીચે પડી અને બોટલ ફૂટી ગઈ અને ચારેબાજુ દીવેલ પ્રસરી ગયું.

ડૉક્ટર તે સાફ કરવા માટે પોતું લેવા ગયા. પાછા આવીને ડૉક્ટરે આશ્ચર્યજનક રીતે જોયું કે કૂતરો જમીન ઉપર પડેલું દીવેલ આનંદથી ચાટતો હતો! ત્યારે આ ડૉક્ટરે નોંધ્યું કે એવું નથી કે આ કૂતરાને દીવેલ ભાવતું નથી, પરંતુ તેને જે રીતે આપવામાં આવે છે, એ રીતે તેને ફાવતું નથી. તેને ચમચીમાં નહીં પણ જમીન ઉપર ચાટીને પીવાનું ફાવે છે.

બસ, આ જ રીતે તમારા ઘરમાં કુટુંબીજનો કે દીકરા-દીકરી સમજતાં નથી એવું નથી પણ તમે જે રીતે આગ્રહ રાખો છો એ રીતે સમજતાં નથી. તમે આગ્રહ, દુરાગ્રહ મૂકી દો. બીજાને સમજતાં પહેલાં તેને સાંભળતાં શીખો. બીજો કંઈ બોલે ત્યારે પહેલા તો તમે બોલવા લાગો છો. બીજા ચાર બોલતા હોય એ પહેલાં આપણે શું બોલવું તેનું રિહર્સલ કરીએ છીએ, પૂરેપૂરું બીજાનું સાંભળતા જ નથી તો બીજાને સમજવાનો વારો જ ક્યારે આવે ? માટે બીજાને સમજતાં શીખી જાવ.

આમ, આપણને જે રીતે નિ:સ્વાર્થ પ્રેમ પ્રમુખસ્વામી મહારાજે આપ્યો છે, એ જ રીતે બીજાને આપવો હોય તો તેમના જીવનમાંથી બોધપાઠ શીખીએ, તે મુજબ જીવન જીવવાનો પ્રયત્ન પણ કરવાનો છે.

એકબીજાને સમજતાં શીખીએ તો જ એકબીજાની વેદના સમજી શકીશું

બહુધા વ્યક્તિ શું કરે છે કે બીજાને સાંભળ્યા વગર જ પોતાની વાત રજૂ કરી દેતા હોય છે અને તેને કારણે ક્યારેક સ્થિતિ વણસી જાય છે. માટે પહેલાં પૂરેપૂરું સાંભળતાં શીખો. ક્યારેક આપણે સાંભળવાનું પણ ચૂકી જઈને, બેધ્યાન થઈ જઈએ છીએ ત્યારે તો જે સ્થિતિ હોય તેના કરતાં પણ બગડે છે.

એક માણસે બહુ મોટી પાર્ટી રાખી હતી. તેમાં મોટા માણસોને આમંત્રિત કર્યા હતા. તેઓ પાર્ટીમાં બધાને આવકાર આપતાં એકની એક જ વાત કરતા હતા કે - 'Thank you very much'. છેલ્લા એક કલાકથી આ જ રીતે બધાને આવકારવામાં તેમને આ વાક્ય જાણે મનમાં ગોખાઈ ગયું એટલે જે કોઈપણ આવે તેને કહે કે 'Thank you very much'.

એવામાં એક વ્યક્તિએ આ યજમાનની પરીક્ષા લેવા માટે તેમને કહ્યું કે - 'I have just murdered your mother-in-law.' (હું હમણાં જ તમારાં સાસુની હત્યા કરીને આવ્યો છું.) તોપણ પેલી વ્યક્તિએ તો બેધ્યાનપણે જ સ્ટિરિયોટાઈપ એક જ જવાબ આપ્યો કે 'Thank you very much'.

એટલે કે બેધ્યાનપણું હોય તોપણ બાજી બગડે અને કોઈને બરાબર ન સાંભળીને વચ્ચે બોલો ત્યારે પણ બાજી બગડે છે, માટે કોઈને ધ્યાનપૂર્વક સાંભળ્યા વગર તમે કોઈને સમજી શકશો નહીં.

હવે તમને અમદાવાદનો જ એક પ્રસંગ કહું છું. એક વાર એક ફોન આવ્યો, એક વૃદ્ધ ભાઈનો તે ફોન હતો. તેમણે કહ્યું કે મારો દીકરો છે, તે મારું કંઈ સાંભળતો જ નથી. તેને પાઠ ભણાવવા ગમે તે રીતે તેને જેલમાં મોકલી દો. મેં તે વડીલને કહ્યું કે તમે મને શાંતિથી એક વાર આવીને મળો અને પછી આપણે કંઈક

વિચારીએ. એટલે મેં તેમને રવિવારે બોલાવ્યા.

આ જ રીતે નાના-મોટા સંતોની પાસે પણ પ્રશ્નો આવતા હોય છે અને તેઓ મધ્યસ્થી બનીને માર્ગદર્શન આપે છે, જેથી હરિભક્તોનાં જીવનમાં શાંતિ સર્જાય અને તેઓ સુખી થાય.

આ જ અરસામાં એક યુવાનનો પણ મને ફોન આવ્યો કે સ્વામી! મારા પિતા કોઈ વાતમાં સમજતા જ નથી, માટે ગમે તે રીતે મારા પિતાને સમજાવો કે તે ઘરડાઘરમાં જાય.' મેં તે યુવાનને પણ રવિવારનો સમય આપ્યો.

રવિવારે સવારની આરતી પછી હું રાહ જોતો હતો કે એક વડીલ આવશે અને એક યુવાન આવશે. બે જુદા-જુદા લોકો હતા અને બે જુદા-જુદા પ્રશ્ન હતા. મારા આશ્ચર્યની વચ્ચે તે બંને પિતા-પુત્ર નીકળ્યા અને પિતા આગ્રહ રાખે કે મારો પુત્ર જેલમાં જાય અને પુત્ર આગ્રહ રાખે કે મારા પિતા ઘરડાઘરમાં જાય.

હું તો ચોંકી જ ગયો, પણ મેં કહ્યું કે 'ભાઈસાબ! તમે ધીરજ રાખો, આ સ્થિતિમાં હું આમાં કંઈ કરી શકું તેમ નથી, પણ હું પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને આ ઘટનાની જાણ કરીશ.'

હવે આટલું બોલ્યા પછી તે બંને એકબીજા સાથે ચર્ચા કરવા લાગ્યા અને નક્કી કર્યું કે હવે આપણે એક જ રિક્ષામાં ઘરે જઈએ. બોલો પાકા અમદાવાદી કહેવાય ને! આવ્યા હતા, અલગ-અલગ રિક્ષામાં! વેર-ઝેર છતાં પૈસા બચાવવા એક રિક્ષામાં ગયા!

પછી જ્યારે મેં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને આ વાત કરી ત્યારે તેમણે કહ્યું કે 'એક સાંભળતા નથી અને એક સમજતા નથી. તે બંનેને સમજાવો કે જ્યાં-જ્યાં એકબીજાને મોકલવા છે ત્યાં એક-એક મહિનો રહી આવો, પછી તેમને જ્યાં જવું છે ત્યાં મોકલીશું.' પછી તેમને આ વાત કરી તો તેમણે ઝઘડો મૂકી દીધો. એટલે કહેવાનું તાત્પર્ય એ છે એકબીજાને સાંભળતાં શીખીએ, એકબીજાને સમજતાં શીખીએ તો જ એકબીજાની વેદના સમજી શકીશું. માટે જ સંતના વચનથી અને સત્સંગથી આવાં વેર-ઝેર પણ શમે છે.

Understand each other. સમજી શકો એ પ્રેમની તાકાત છે. આપણે તો કોઈકનો અવાજ સમજી શકતા નથી. પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે 'Understand the silence of the soul.' (તમે આત્માનું મૌન સમજો)

વર્ષ-૧૯૮૮નો પ્રસંગ છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અમેરિકાના ન્યૂયોર્કમાં બિરાજમાન હતા. એક નાનો બાળક, યોગી ત્રિવેદી પાંચ વર્ષનો હતો. તે પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં એક પ્રસંગ કહેતો હતો ત્યારે અચાનક

પ્રમુખસ્વામી મહારાજને એક ફોન આવ્યો અને તેઓ ફોન ઉપર વાત કરવા લાગ્યા. ત્યારે તે બાળક પ્રસંગ કહેતાં-કહેતાં બંધ થઈ ગયો અને બીજા રૂમમાં ચાલ્યો ગયો. પછી પ્રમુખસ્વામી મહારાજ શોધવા લાગ્યા કે તે બાળક ક્યાં ગયો? સંતો તે બાળકને બોલાવીને આવ્યા અને સંતોએ કહ્યું કે કેમ તું પ્રસંગ નથી બોલતો? બાળક બાહોશ હતો. તેણે કહ્યું કે કોઈ મારું સાંભળતું નથી તો હું કેમ બોલું? હવે કોઈ કંઈ પૂછે તે પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે યોગી! સોરી, તું પ્રસંગ બોલ. બાળકના મૌનને પણ પ્રમુખસ્વામી મહારાજ સાંભળે છે, સમજે છે અને તેને પૂર્ણ પ્રતિસાદ આપે છે.

બીજો પ્રસંગ છે, સારંગપુર તીર્થનો. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મંદિરમાં પ્રદક્ષિણા કરતા હતા ત્યારે તેઓ રંગમંડપમાં હતા. ત્રણ વૃદ્ધો અંદરોઅંદર એક ખૂણામાં બેસીને વાત કરતા હતા. પ્રમુખસ્વામી મહારાજે મૂંઝાતા તે ત્રણ વૃદ્ધોને જોઈને કહ્યું કે તમે ચિંતા કરતા નહીં. મને પણ પચતું નથી. મને પણ શરીર દુ:ખે છે. ઘણીવાર મને પણ રાત્રિના ઊંઘ આવતી નથી. આ સર્વે વૃદ્ધાવસ્થાના ભાવ છે, માટે ભગવાન સારું કરશે. પેલા ત્રણેયના પ્રશ્નો શમી ગયા. તેઓ રાજી થઈ થયા. પ્રમુખસ્વામી મહારાજને પગે લાગીને નીકળી ગયા.

આ જ વિશેષતા છે કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ક્યારેય કોઈને ઉપદેશ આપતા નહોતા, પરંતુ તેઓ વ્યક્તિના અંતરને સમજતા હતા. આપણે આપણા કેફમાં સ્થિતિ, પરિસ્થિતિ ભૂલી જઈએ છીએ, પરંતુ તેઓ તો વ્યક્તિના અંતરાત્માને પણ સમજી શકતા હતા.

આમ, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે તમે બીજાને સાંભળતાં શીખો, બીજાને સમજતાં શીખો. ચાલો આપણે પણ બીજાને સમજતાં શીખીએ.

બીજાને ક્ષમા આપી શકતા નથી ત્યાં સુધી અંતરાત્મા શાંત થઈ શકતો નથી

વર્ષ-૨૦૦૨નો એક પ્રસંગ છે. જે અંતર્ગત પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીની હિંમતનગર ખાતે ઉજવણી થઈ રહી હતી, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મદિવસે જ પૂર્વ નાયબ વડાપ્રધાન એલ. કે. અડવાણી તેઓનાં દર્શન માટે આવ્યા હતા. ત્યારે અનેક મહાનુભાવો પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના રૂમમાં હતા. તે સમયે એક સંત પ્રસાદ માટે મૈસુબની થાળી લઈને આવ્યા. ત્યારે કોઈકે કહ્યું કે 'સ્વામી! તમે અડવાણીજીને મૈસુબ મુખમાં આપો ને! મેં એક મૈસુબનો ટુકડો અડવાણીજીને ખવડાવવા માટે બાપાના હાથમાં મૂક્યો. તરત જ પ્રમુખસ્વામી મહારાજે મને કહ્યું કે અડધો કર, હું મૂંઝાયો. મૈસુબ અડધો કરવા જઈએ તો ભાંગીને ભુક્કો થઈ જાય. મારો ખચકાટ જોઈ સ્વામીશ્રીએ ફરી વાર ધીમા અવાજે કહ્યું અડધો કર. મને આશ્ચર્ય થયું ત્યારે સ્વામીશ્રીએ ફોડ પાડ્યો. અડવાણીજીનું મુખ નાનું છે.'

સૌને સમજી, સૌના મુખ અનુસાર સૌને પ્રસાદ આપે તે, પ્રમુખસ્વામી મહારાજ. તેઓ નાનામાં નાની વાતનું ધ્યાન રાખતા. તેઓને કોઈ કહે નહીં તોપણ તેઓ બીજાની વાત સમજી જાય. સંજોગો સમજે, તેઓ બધાનું અંતર સમજે.

આવો જ બીજો પ્રસંગ છે, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને શ્રેષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. કલામ સાહેબનો. તેમના જન્મદિનનો જ પ્રસંગ, તા. ૧૫મી ઓક્ટોબરનો દિવસ હતો. હૈદરાબાદથી તેઓ વિમાનમાં બેસવાના હતા ત્યારે તેમનો ફોન આવ્યો અને તે સમયે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ગોંડલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે હતા. તેઓનો ફોન આવે ત્યારે ભાષાંતર કરવાનો પણ સમય મળે નહીં, કેમ કે ડૉ. કલામ નોન-સ્ટોપ બોલે અંગ્રેજીમાં અને પ્રમુખસ્વામી મહારાજ

પણ એકસામટા આશીર્વાદ આપે ગુજરાતીમાં. પ્રમુખસ્વામી મહારાજ પણ કહે કે સાહેબને કહો કે આશીર્વાદ છે, તેમની તબિયત સારી રહે, ખૂબ કામ કરો, દેશની સેવા કરો.

ડૉ. કલામે ફોનમાં કહ્યું કે 'Please tell Pramukh Swamiji that today is my birthday.' (પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કહો કે આજે મારો જન્મદિન છે) પછી અચાનક મને પૂછ્યું કે 'Where is Pramukh Swamiji? પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ક્યાં છે?) હવે મારે તેમને ગોંડલ અંગે કેવી રીતે સમજાવવું? પછી મેં તેમને કહ્યું કે 'It's a pious place, pilgrim place, like Dwarka, Kedar, Badrinath.' (આ ખૂબ જ પવિત્ર સ્થળ છે, ધાર્મિક સ્થળ છે, જે રીતે દ્વારકા, કેદારનાથ, બદરીનાથ છે, એ રીતે)

તે કહે કે 'Yes, I know, but where is it?' (હા તે તો હું સમજ્યો પરંતુ તે ક્યાં છે?)

હવે આ રીતે અમારો વાર્તાલાપ - સ્પીકર ફોન ઉપર ચાલી રહ્યો હતો. હું વારંવાર સમજાવવા પ્રયત્ન કરું છતાં ડૉ. કલામ સાહેબનો એક જ પ્રશ્ન રહે કે 'Where is Gondal?' (ગોંડલ ક્યાં છે?). તે વખતે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મારા હાથ ઉપર એક રુમાલ અડાડીને કહ્યું કે - 'Near Rajkot.' (રાજકોટ પાસે) મને હાશ થઈ અને કલામને ખુશી થઈ. ડૉ. કલામે મને કહ્યું કે 'We talked a lot but you don't know what I mean, Pramukh Swamiji doesn't say a word but he knows exactly what I mean.' (આપણે ખૂબ વાતો કરી, પરંતુ મેં જે કહ્યું તે તમે સમજતા નથી અને પ્રમુખસ્વામી મહારાજ એક શબ્દ પણ બોલતા નથી છતાં તેઓ મને પૂરેપૂરો સમજે છે.)

સાંભળવું એ એક વાત છે અને સમજવું એ વાત કંઈક જુદી છે. તેમાં ભાષા, સ્થળ, સ્થિતિ, પરિસ્થિતિની કોઈ મર્યાદા નથી. પ્રમુખસ્વામી મહારાજ તમને અને મને હૃદયથી, અંતરથી સમજે છે, એ રીતે તમને અને મને પ્રેમ પીરસે છે.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી પ્રથમ ગુણ જે અપનાવવાનો છે, તે છે, Understand others(બીજાને સમજો). બીજાને સમજવા ધીરજવાન થવું પડે તેમજ પ્રમુખસ્વામી મહારાજની જેમ ક્ષમાવાન થવું પડે.

બીજો ગુણ છે, બીજાને ક્ષમા આપો. એટલે કે Forgive others. જે વ્યક્તિ જેને સમજે, તેને ક્ષમા આપી શકે છે.

આપણે બીજાને જ્ઞાન આપીએ, સાધન-સામગ્રી આપીએ, સુખ-સુવિધા

આપીએ, પરંતુ તમારા ઘરનાની સાથે કોઈ પ્રશ્ન ઊભો થાય તો તેને ક્ષમા આપી શકતા નથી. બહારના લોકોને ક્ષમા તરત આપી શકો છો, પરંતુ ઘરનાને જલદી ક્ષમા આપી શકતા નથી.

બહુધા લોકો મને કહે કે 'સ્વામી! મારા ભાઈ સાથે જ મને પ્રશ્ન છે.'

હું તેને પૂછું કે 'શા માટે વાંધો છે?' તે મને કહે કે 'સ્વામી! આ મારો ભાઈ છે.' હું તેને કહું કે 'તો પછી પ્રશ્ન કેમ છે?' ત્યારે તે કહે કે 'બીજા કરે તો વાંધો નથી, પરંતુ તે મારો ભાઈ છે એટલે મારે પ્રશ્ન ઉપસ્થિત થયો છે.'

મારે એ જ કહેવું છે કે 'બહારના લોકોને તમે ક્ષમા કરી દો છો, જેને તમારી સાથે કંઈ લેવા-દેવા નથી, પરંતુ તમારો ભાઈ છે, નજીકના હોય, મિત્ર હોય કે જે તમારા માટે જીવનભર જીવ્યા હોય તેને ક્ષમા આપી શકતા નથી તે કેવું વિચિત્ર અણસમજણભર્યું કહેવાય?'

એક આધેડ વયની વ્યક્તિ મારી પાસે આવી. તેઓ કહે 'હું ખૂબ જ પીડાઉં છું. મારો પ્રશ્ન મારા પિતાજી સાથે છે. હું નાનો હતો ત્યારથી મારા પિતાએ મારી તરફ પૂર્વગ્રહ રાખ્યો હતો. મારા ભાઈને સારી સ્કૂલ, મને નબળી. તેને સારો ડ્રેસ, મને નબળો. તેને ડૉક્ટર બનાવ્યો અને હું બી.કોમ. બધી જ જગ્યાએ મારા પિતાએ મારા ભાઈનો પક્ષ રાખ્યો. સારા ઘરમાં તેનાં લગ્ન કરાવ્યાં અને મારા નબળાં ઘરમાં.

જો જો... વ્યક્તિ બ્લેમગેમ શરૂ કરે ત્યારે કશું જ બાકી રાખતી નથી. તેને મોટું ઘર આપ્યું, મને નાનું ઘર આપ્યું. વસિયતનામામાં પણ ભાઈને વધારે અને મને ઓછું. સતત બોલતાં જતા હતા.

પછી મેં કહ્યું કે 'ભાઈ! તમને જો તમારા પિતા સાથે આટલું બધું દુઃખ હોય તો એક કામ કરો. તમારા પિતાજીને લઈને તમે આવો. હું શાંતિથી સમજાવીશ.' ત્યારે તે ભાઈએ મને કહ્યું કે 'સ્વામી! આ અશક્ય વસ્તુ છે.' મેં કહ્યું કે 'કેમ, અશક્ય છે?' તે ભાઈએ મને કહ્યું કે 'એ તો ૨૦ વર્ષ પહેલાં મરી ગયા.'

અરે ભાઈ! પિતાને ગુજરી ગયા પછીનાં ૨૦ વર્ષ પછી પણ આ રીતે તમે વેર-ઝેર રાખો છો ત્યારે તમને દુઃખમાંથી કોણ ઉગારી શકે? જ્યાં સુધી તમે બીજાને ક્ષમા આપી શકતા નથી ત્યાં સુધી તમારો અંતરાત્મા શાંત થઈ શકતો નથી.

ક્ષમા આપવાની એક આગવી રીત હોય છે, જેનાથી જીવનમાં પરિવર્તન આવે છે

સંતો અને મહાપુરુષો માત્ર ઉપદેશ નથી આપતા. તેમના જીવન કાર્ય દ્વારા આપણને શીખવે છે કે સંસારમાં રહીને કેવી રીતે ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરી શકાય છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને યોગીજી મહારાજના જીવન તરફ નજર કરીએ તો સમજાય છે કે તેમના સમયમાં કેટલાય પડકાર વચ્ચે તેઓ સમતા રાખીને જીવન જીવ્યા હશે. તેમના જીવનના સંદેશા આપણને શીખવે છે કે જ્યાં સુધી તમે બીજાને ક્ષમા આપી શકતા નથી ત્યાં સુધી શાંતિ મળતી નથી, પણ સંતો વ્યક્તિના સ્તરને જોઈને, અંતરાત્માથી ક્ષમા આપી શકે છે.

એક વાર સ્વામીશ્રી લંડનમાં હતા. હરિભક્તો અને સંતોએ તેમને કહ્યું કે 'સ્વામી! એક મહાપ્રશ્ન થયો છે.' સ્વામીશ્રી કહે 'શું પ્રશ્ન છે?' સંતોએ કહ્યું 'લંડન આપણા મંદિરના પાર્કિંગમાં ગાડીઓ ઉપર કોઈ સ્કેચ પાડી જાય છે. આ કોણ છે તે પકડાતું નથી.' થોડા સમય પછી બરાબર ધ્યાન રાખવામાં આવ્યું ત્યારે એક નાનો બાળક પકડાયો. બધા લોકો આ બાળકને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ આવે છે.

આ સમયે બધા આશ્ચર્ય પામી ગયા કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સહજ ક્ષમા આપવાની રીત કંઈક અલગ છે. આ સ્થિતિમાં આપણી પાસે કોઈ આવા બાળકને લઈને આવે તો આપણે શું કરીએ? પહેલાં તો બાળકને ધમકાવવા લાગીએ અને પોતાની જ ગાડી ઉપર લીટા પાડ્યા હોય તો કદાચ એકાદ ધોલ પણ મારી દઈએ, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ એવું નથી કરતા. પૂજ્ય સ્વામીશ્રી બાળકને પૂછે છે 'તું શું કરે છે?' તે બાળક કહે કે 'હું કાર ઉપર લીટા પાડું છું અને માત્ર મર્સીડીઝ ગાડીઓ ઉપર.' સ્વામીશ્રી તેને પૂછે છે કે 'આ સારું કામ છે?' બાળક કહે, 'ખરાબ.' પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું કે 'તો તું આવું શા માટે કરે

છે?' તો તે બાળકે જવાબ આપ્યો કે 'મારા પપ્પાની કાર કરતાં આ બધી ગાડીઓ સારી છે એટલે મને ઈર્ષ્યા આવે છે.' પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહે, 'તારે આવી ગાડી જોઈએ છે?, તને આવી ગાડી મળે તો તું લીટા પાડીશ?' બાળક કહે, 'ના.' પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'જો તું ખૂબ ભણીશ તો આનાથી પણ સારી ગાડી તને મળશે.' બાળકે સ્વામીજીને પૂછ્યું, 'પ્રોમિસ?' તો પ્રમુખસ્વામી મહારાજ કહે, 'હા પ્રોમિસ.'

બાળક લીટા પાડતો બંધ થઈ ગયો. પ્રોબ્લેમનો અંત આવી ગયો અને તેને માફી પણ મળી ગઈ. તે શાંતિથી જીવતો પણ થઈ ગયો. એટલે કે આવા બાળકોને સમજાવવાના કાર્યને પણ પ્રમુખસ્વામી મહારાજ સહજ રીતે ઉકેલી નાખે છે.

'શું આપણે આપણા બાળકોને આ રીતે શાંતિથી શિખવાડી શકીએ છીએ? આપણે તો દીકરી કપ-રકાબી લઈને આવતી હોય અને તમે કહો, 'જોજે પાડતી નહીં.' પણ તમે ગુસ્સાથી કહો એટલે તેનાથી ના પડતી હોય તોપણ ક્યારેક પડી જાય! માટે જ 'Be gentle on the people who love you.' (તમને જે પ્રેમ કરતા હોય તેવા લોકો પ્રત્યે ઉદાર બનો). આખો દિવસ, વર્ષોથી જે કુટુંબીજનો તમારી સાથે હોય એને વધુ chance આપજો. ક્ષમા આપવાની પણ એક રીત હોય છે અને તેનાથી માણસ સુધરે છે, આ વાત આપણને પ્રમુખસ્વામી મહારાજ શીખવે છે.

અમદાવાદનો પ્રસંગ છે. ૧૯૮૫ની સાલમાં ગુણાતીતાનંદ સ્વામીનો દ્વિ-શતાબ્દી મહોત્સવ યુનિવર્સિટીના મેદાનમાં બે મહિના સુધી યોજાયો હતો. જેમાં પ્રદર્શનો-બાળનગરી-સભાગૃહ-સ્ટોલ પણ કરેલાં. બહારના માણસોએ પણ સ્ટોલ રાખેલા હતા.

ઉત્સવ બાદ ત્રણ ચાર વર્ષ પછીનો પ્રસંગ છે, એક યુવાન મને મળવા આવ્યો, તેનું નામ હતું હેમંત. તે સત્સંગી નહોતો. તેનો સ્વભાવ જરા વિચિત્ર હતો. એ યુવાન કહે, 'મારે તમને એક વાત કહેવી છે. મને ખૂબ બળતરા થાય છે. મને ગમે-તેમ કરીને પ્રમુખ સ્વામી પાસે લઈ જાઓ. મને ત્રણ ચાર વર્ષથી ખૂબ બળતરા થાય છે. એક વાર તો મને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ જાઓ. હું મારી જે પીડા છે, તે તમને નહીં કહી શકું.' તે સમયે સ્વામીશ્રી સારંગપુરમાં હતા.

જ્યારે તેને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ જવામાં આવ્યો ત્યારે તે યુવાન ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગ્યો. પ્રથમવાર તેણે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં અને કહ્યું, 'મેં આપનું બગાડવામાં કશું બાકી રાખ્યું નથી, મેં તમને ગાળો બોલી છે. મેં આપના ઉત્સવ વખતે સ્ટોલ રાખ્યો હતો અને મારી નબળાઈથી સ્ટોલ

ચાલ્યો નહીં. એટલે મેં તમારા ફોટા લઈ અને તેના ઉપર ધૂળ નાખી, પગથી કચડ્યો અને થૂંક્યો વગેરે ઘણું અપમાનજનક વર્તન કર્યું.' ...પણ આટલું સાંભળતાં જ પ્રમુખસ્વામી મહારાજ તે યુવાનના માથે પ્રેમથી હાથ ફેરવે છે. સ્વામીશ્રી કહે, 'તું શાંત થા. અમે આવું યાદ રાખતા જ નથી. તું પણ ભૂલી જા.' એ યુવાન રડતાં રડતાં કહે, 'તમારો મેં સતત દ્રોહ કર્યો છે.' સ્વામીશ્રી એના માથે હાથ મૂકી ક્ષમા આપતા જાય અને કહેતા જાય કે 'હવે તું એ વાત ભૂલી જા.'

પછી પ્રમુખસ્વામી મહારાજ મંદિરમાં દર્શન કરવા ગયા અને ત્યાં હજારો માણસો ભેગા થયા હતા, કેટલાય મહાનુભાવો હતા. ત્યાં ફરીથી આ યુવકને સ્વામીશ્રીએ જોયો એટલે ભીડની વચ્ચે જઈને સ્વામીશ્રીએ તેનો હાથ પકડ્યો અને કહ્યું કે 'ભગવાનના દરબારમાં ક્યારેય ઉધારના ચોપડા હોતા નથી, જમાના જ ચોપડા હોય છે.' ત્યારે તે યુવકની આંખો અશ્રુભીની થઈ ગઈ હતી.

વર્ષ-૧૯૮૯ના આ બનાવ પછી મેં પણ તે યુવાનને ઝાઝો જોયો નથી. પરંતુ, પ્રમુખસ્વામી મહારાજે તેને અપાર ક્ષમા આપ્યા પછી શું પરિવર્તન આવે છે, તે વાત હવે આવે છે. ઉપરોક્ત ઘટનાને દાયકાઓ વીતી ગયા પછી જ્યારે અમેરિકાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શિકાગોની પ્રતિષ્ઠા થઈ પછી અમારી પાસે તેના અદ્‌ભુત ફોટોગ્રાફ્સ આવ્યા. અમે પૂછ્યું કે 'આવા સુંદર ફોટા કોણે પાડ્યા ?' ત્યારે એક યુવાનનું નામ અમારી પાસે આવ્યું. તે યુવાન એટલે પેલો હેમંત. હેમંતે કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં તે દિવસથી મેં નક્કી કર્યું હતું કે મેં તેમના ફોટો સાથે અણછાજતું વર્તન કર્યું ત્યારે હવે હું સુંદર ફોટોગ્રાફ્સ પાડીશ. તે દિવસથી હું પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અને અન્ય ફોટોગ્રાફ્સ લઉં છું.' ચોક્કસ તમે તે ફોટોગ્રાફ્સ નિહાળો તો તમને લાગે કે આના જેવા અદ્‌ભુત ફોટોગ્રાફ્સ જવલ્લે જ જોવા મળે!

આમ, કોઈને ક્ષમા આપવાથી તેના જીવનમાં પરિવર્તન આવે છે અને આપણે જો ક્ષમા આપી શકતા નથી તો આપણે બરાબર આપણું જીવન પણ જીવી શકતા નથી. માટે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણે પણ બીજાને સાચા દિલથી ક્ષમા આપતાં શીખીએ. ખાસ કરીને દૂરના કરતાં, નજીકની વ્યક્તિને વધુ ક્ષમા આપતાં શીખીએ.

સેવા એ સાચા સત્સંગીનો SECOND NATURE બની જાય છે...

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામ સાહેબે પ્રમુખસ્વામી મહારાજ ઉપર પુસ્તક 'પરાત્પર' લખ્યું. તે સમયે ખૂબ ચર્ચા થઈ કે એવું પ્રથમવાર બન્યું છે કે કોઈ વિજ્ઞાની અને તે પણ કોઈ પૂર્વ રાષ્ટ્રપતિ હોય તેમણે કોઈ ધર્મગુરુ માટે પુસ્તક લખ્યું હોય. આ સ્થિતિમાં ડૉ. કલામ સાહેબને એક વાર એક મોટા હિંદુ પંડિત, એક મુસ્લિમ ધર્મના ઈમામ તથા એક ખ્રિસ્તી ધર્મના પાદરીએ પ્રશ્ન કર્યો કે સાહેબ! તમે પ્રમુખસ્વામી ઉપર પુસ્તક શા માટે લખ્યું? એ સમયે ડૉ. કલામ સાહેબે જવાબ આપ્યો હતો કે 'હું સાક્ષી છું કે ગાંધીનગરના અક્ષરધામ ઉપર જ્યારે આતંકવાદી હુમલો થયો ત્યારબાદ જો પ્રમુખસ્વામી મહારાજે ઉદાર દિલથી ક્ષમા ન આપી હોત તો ગુજરાતમાં મોટાં રમખાણો થયાં હોત. આ સ્થિતિમાં એક સંત તરીકે પ્રમુખસ્વામી મહારાજે મારા હૃદય ઉપર અમીટ છાપ પાડી કે 'પોતાને પીડા થાય છે છતાં ક્ષમા આપે એ જ સાચા સંત છે. દુઃખના પ્રસંગમાં ક્ષમા આપવી એક બાબત, પણ દુઃખનો પ્રસંગ જ વિસારી દેવો એ ખૂબ જ વિશાળ બાબત છે.'

આ ઘટના પછી સૌ મને પૂછતા કે "અક્ષરધામ હુમલાના એક વર્ષ પછી વાર્ષિક તિથિ(anniversary) છે તો તમે શું કરશો?' ત્યારે મેં પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે 'સૌ પૂછે છે કે અક્ષરધામ હુમલાને એક વર્ષ થયું ત્યારે તમે શું કરશો?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે તે સૌને સમજાવો કે "નરસા પ્રસંગની કોઈ ઉજવણી ન હોય, ઉજવણી તો સારા પ્રસંગની જ હોય છે. દુઃખની એક ક્ષણ પણ યાદ રાખવી ન જોઈએ અને સુખદ વાત હોય તો તેને જીવનભર ન ભૂલવી જોઈએ."

પ્રમુખસ્વામી મહારાજના આવા જવાબથી ડૉ. કલામ પ્રભાવિત થઈ ગયા

હતા. દુઃખના પ્રસંગમાં ક્ષમા આપવી એક બાબત, પણ દુઃખનો પ્રસંગ જ વિસારી દેવો એ બીજી બાબત છે. પ્રમુખસ્વામી મહારાજની આ ક્ષમાભાવના ડૉ. કલામને ખૂબ સ્પર્શી ગઈ હતી.

બીજો પ્રસંગ છે, નેલ્સન મંડેલાનો. ૨૭ વર્ષ જેલમાં રહ્યા પછી જ્યારે નેલ્સન મંડેલા બહાર આવે છે અને તે સમયે તેમને જેલમાં મોકલનારા જહોન ફોસ્ટર હોદ્દા પરથી ઊતરી ગયા હતા. નેલ્સન મંડેલાને મીડિયા જ્યારે જહોન ફોસ્ટર વિશે અભિપ્રાય પૂછે છે ત્યારે મંડેલાએ માત્ર એટલું જ કહ્યું કે He is a decent man. (તેઓ એક સારા માણસ છે.) આ ક્ષમા આપવાની તાકાત છે. તમે જો તમારા પૂર્વગ્રહને પકડી રાખો છો, તો એનો અર્થ એ થાય કે દુશ્મનને મારવા માટેનું ઝેર તમે જાતે જ લો છો અને દુશ્મનને કંઈ થતું નથી.

એકનો એક joke કોઈ બે-ત્રણ વાર સંભળાવે તો આપણે વારંવાર હસતા નથી, તો પછી એકનો એક દુઃખનો પ્રસંગ વારંવાર શા માટે સંભારવો અને દુઃખી થવું. માટે ક્ષમા આપતાં શીખો અને દુઃખ વિસારતાં શીખો. બીજાને ક્ષમા આપીને તેની સેવા કરવી એ એક પ્રેમ પ્રદર્શન કરવાની રીત છે. પ્રમુખસ્વામી મહારાજ કહે છે, ‘તમે જેને ચાહો છો, તેની તમે સેવા પણ કરો.’ આપણે તો ‘Thank You’ કહેવાની પણ તસ્દી લેતા નથી તો સેવા તો દૂરની વાત રહી.

વર્ષ-૨૦૦૧માં ભૂકંપ આવ્યો ત્યારે તે સમયના મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનો ફોન આવ્યો. સ્વામીશ્રીને ભૂકંપના સમાચાર આપતાં તેઓ સહકારની માગણી કરે તે પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે ‘સાહેબ! અમારાં રસોડાં ક્યારનાય શરૂ થઈ ગયાં છે.’ સ્વામીશ્રીની આજ્ઞાથી સંતો અને સ્વયંસેવકો ભુજ ઉપરાંત ગુજરાતના તમામ ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં પહોંચી ગયા અને ગરમ ભોજનનાં રસોડાં શરૂ કરી દીધાં છે.

આ જ ભૂકંપ સમયની વાત છે કે અમે બાપાને ફોન કરીએ કે ‘બાપા! ગરમ ભોજનના રસોડાને હવે પહોંચી નહીં શકાય. આંતરરાષ્ટ્રીય ઓર્ગેનાઈઝેશનો કહે છે કે ગરમ રસોડા કરીએ અને ક્યાંક ફૂડ પોઇઝનિંગ થઈ જાય તો?’

ત્યારે સ્વામીશ્રી કહે, ‘ગરમ રસોડાં એટલા માટે છે કે લોકોને એકલી ભૂખ નથી, પણ અંદર દુઃખ પણ છે.’ અને પછી સ્વામીશ્રીએ પ્રેમથી અમને સમજાવ્યું કે ‘જો સગી માતા હોય અને તમને ઠંડું દૂધ આપે, તેના કરતાં, ગરમ દૂધ આપે તો કેવું ગમે? કેમ કે તેમાં પ્રેમ રહેલો છે. એટલે ગરમ રસોડાં ચાલુ રાખો.’

સ્વામીશ્રી દિવસ-રાત અમદાવાદથી અમને ફોન કરે અને ભૂકંપપીડિતોનું ધ્યાન રાખતાં પૂછે કે ‘આજે શું menu છે?’ બોલો, ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં તો

કોઈ દિવસ menu પ્રમાણે રસોઈ બને ? તો સ્વામીશ્રી કહે કે 'ભૂકંપપીડિતોને એવું ન થવું જોઈએ હું અન્નક્ષેત્રનું ભોજન જમું છું. અમારા માટે રોજ સ્પેશિયલ રસોઈ બને છે એવું લાગવું જોઈએ. એમાં પ્રેમની લાગણી સમાયેલી છે.'

આ જ સ્થિતિમાં એક વાર સ્વામીશ્રીનો ફોન આવ્યો કે 'ભુજમાં એવા ઘણા સુખી-સંપન્ન લોકો છે, જેઓ આપણા રાહતકેમ્પની લાઇનમાં ઊભા રહેતાં શરમ અનુભવે છે.' તે સમયે ગરમ રસોડામાં રોજના ૪૫ હજાર માણસો લાઇનમાં ઊભા રહેતા હતા. એટલે સ્વામીશ્રી કહે, 'જે લાઇનમાં ઊભા નથી રહેતા તેમના માટે તમે ટિફિન ભરીને તેમના ટેન્ટમાં પહોંચાડો. તે સમયે ઘણા લોકો ટિફિન લેવાની પણ ના પાડશે, ત્યારે તમે કહેજો કે આ પ્રસાદ છે, ટિફિન નથી. તમે ગ્રહણ કરો.'

સેવા માટે આટલી બધી ચિંતા રાખી સૌનું માન-સન્માન સાચવે એવા પ્રમુખસ્વામી મહારાજ છે. બી.એ.પી.એસ.ની સેવામાં તેમણે નિ:સ્વાર્થ પ્રેમનો ભાવ ભર્યો છે. અહીં હરિભક્તો નાના-મોટા બધામાં સ્વામીશ્રીએ અનેરો ભાવ સ્થાપ્યો છે.

આવો જ સેવાનો પ્રસંગ છે કે અમદાવાદમાં અગાઉ ખારીકટ કેનાલ ઊભરાઈ હતી. ઓઢવ બાજુના વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં હતાં. અમે ટ્રેક્ટરમાં ફૂડપેકેટ લઈને જતા હતા. રસ્તામાં બધાં ફૂડપેકેટ મેળવવા બૂમાબૂમ-પડાપડી કરે. એક સોસાયટીમાં કોઈ બૂમાબૂમ કે પડાપડીની હલચલ જોવા મળી નહીં. અમે સોસાયટીની નજીક તપાસ કરવા ગયા. અમને આશ્ચર્ય થયું. જોયું તો અગાસીમાં રસોડું શરૂ થઈ ગયું હતું. અમે તેમનો આભાર માનવા ગયા ત્યાં એક સત્સંગીએ આવીને કહ્યું કે 'બ્રહ્મવિહારી સ્વામી! જય સ્વામિનારાયણ. અમે અહીં રાહત કામ માટે રસોડું શરૂ કરી દીધું છે.' બસ, સેવા કરવા માટે કોઈની રાહ જોવાની હોય નહીં. પ્રમુખસ્વામી મહારાજના જીવનને જોતાં આવું શિક્ષણ બી.એ.પી.એસ.ના સત્સંગીને સ્વયં પ્રાપ્ત થાય છે.

આમ, પ્રમુખસ્વામી મહારાજનો શિષ્ય સેવા કરવા માટે approval(સંમતિ)ની રાહ જુએ નહીં, સ્વયંભૂ સેવા કરવા લાગે. આ સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગની નિશાની છે. પ્રમુખસ્વામી મહારાજે ગળથૂથીમાં સેવાના સંસ્કાર આપ્યા છે અને સેવા કરવી એ સાચા સત્સંગીઓનો second nature બની ગયો છે.

પ્રમુખસ્વામી મહારાજે શબ્દોથી નહીં, આચરણથી ઉપદેશ આપ્યો છે

પ્રમુખસ્વામી મહારાજે શબ્દોથી નહીં, પરંતુ આચરણથી ઉપદેશ આપ્યો છે. તેમના જીવનમાં સરળતાનો જે ગુણ હતો, સાથે જ નિર્માનીપણું હતું કે જે માત્ર શબ્દોથી કહેવાતું નથી, તેને પ્રમુખસ્વામી મહારાજના જીવનની પ્રત્યેક પળે આપણે અનુભવીએ છીએ.

હું વાત કરી રહ્યો છું પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની. તેમને જ્યારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા, તે સમયની. માત્ર ૨૮ વર્ષની નાની વયે તેઓ સંસ્થાના 'પ્રમુખ' બન્યા હતા. તેમને વિધિવત્ ચાદર ઓઢાડવાનો પ્રસંગ પૂર્ણ થયો, ભોજન સમારંભ થયો અને સૌ છૂટા પડી રહ્યા હતા અને તે સમયે બધા હરિભક્તોનાં એઠાં વાસણ પ્રમુખસ્વામી મહારાજ સ્વયં એકલા હાથે ઊટકતા હતા.

સંસ્થાના 'પ્રમુખ' બનાવાયા તેના ગણતરીના સમયમાં પણ તેમની વિનમ્રતા અને સેવાભાવનાનાં દર્શન થતાં હતાં. આ જ તેઓનું નિર્માનીપણું દર્શાવે છે.

બી.એ.પી.એસ.ની ગળથૂથીમાં જે સેવાભાવના જોવા મળે છે, તેમાં સંસ્થાના 'પ્રમુખ'નું આચરણ જ ઉપદેશ બની જાય છે.

વર્ષો પછી સંતોએ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે તમે પ્રમુખ બન્યા અને તરત જ વાસણ ઊટક્યાં? સ્વામીશ્રી કહે, 'પ્રમુખ બન્યા એટલે સેવક થોડા મટી ગયા.'

પ્રમુખસ્વામી મહારાજને જ્યારે પૂછવામાં આવ્યું કે તમને શું થવું ગમે? ત્યારે તેમણે કહ્યું કે 'મને તો સેવક બનવું જ ગમે.' માટે પ્રમુખસ્વામી મહારાજ આપણા જ નહીં, વિશ્વભરના સેંકડો, હજારો લોકોના ગુરુ હોવા છતાં, સતત સેવક જ રહ્યા છે.

ઉપરોક્ત પ્રસંગમાં બીજા કોઈ પ્રમુખ હોય અને તેને આ પ્રકારની સ્થિતિનો સામનો કરવાનો આવે તો લિસ્ટ બનાવે કે બે જણ વાસણ ઊટકશે, બે જણ વાસણને લૂછશે, બે જણ વાસણ ગોઠવશે, બે જણ વાસણ ગણશે અને પ્રમુખના હાથમાં તો માત્ર સેવા સોંપણીનું લિસ્ટ જ રહે.

હવે સેવક એટલે શું? દુનિયામાં અનેક ગુરુ છે, પરંતુ સ્વામીશ્રીને મેં નજીકથી જોયા છે એટલે તેમને માટે કહું છું. બીજા ગુરુજનોનો મને અનુભવ નથી, સ્વામીશ્રીનો છે, તેથી સ્વામીશ્રીની વાત કરીએ. જો તમે હિમાલય ચઢીને આવ્યા હો તો તમે હિમાલયની જ વાત કરો, પરંતુ એનો અર્થ એવો નથી થતો કે તમને આલ્પ્સ નથી ગમતા. એન્ડીઝ નથી ગમતા, પણ જે ચઢીને આવ્યા હોય એની વાત કરો એ વાજબી કહેવાય.

દુનિયામાં અનેક ગુરુજનો આ રીતે સેવાભાવના રાખતા હશે, પરંતુ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રીત કંઈક જુદી હતી. આવો જ એક પ્રસંગ એક સમયના ગુજરાતના ચીફ જસ્ટિસ બી. જે. દીવાન વર્ણવે છે. ખૂબ જ લબ્ધપ્રતિષ્ઠિત વ્યક્તિ, તેઓ પ્રમુખસ્વામી મહારાજ માટે જાહેરમાં એવું કહેતા હતા કે 'બી.એ.પી.એસ. સંસ્થાના 'પ્રમુખ' બન્યા પછી નાનકડા પ્રમુખસ્વામી મહારાજને મેં સારંગપુરમાં ગારો લીપતાં અને છાણાં થાપતાં જોયા છે.' આ ઉપરાંત પણ કેટલાય મહાનુભાવો કહે કે અટલાદરામાં પ્રમુખસ્વામી મહારાજને ચૂનો ગાળતાં, મજૂરની જેમ કામ કરતાં અમે જોયા છે.

મહેસાણાની અંદર પણ મજૂરોની સાથે મજૂરી કરતાં, માથે તબડકાં ઊંચકીને ખાડા પૂરતા પ્રમુખસ્વામી મહારાજને જોયા છે. ભાદરણમાં જ્યારે પાઇપ-લાઇન નાખવાની હતી ત્યારે અઠવાડિયા સુધી રાત-દિવસ જોયા વગર, ખાધા-પીધા વગર, કાળ-ઝાળ ગરમીમાં પ્રમુખસ્વામી મહારાજે પાણીની પાઈપો નાખી છે.

અરે! સારંગપુર મંદિરમાં પણ તેમને પથ્થર ઊંચકતાં પણ અનેકે જોયા છે. એ જ રીતે બોટાદમાં ટ્રેન આવી હોય અને તેમાંથી પથ્થર ઉતારવાના હોય અને તે પથ્થર ઉતારતી વખતે આંગળીમાં ઈજા થવાથી પ્રમુખસ્વામી મહારાજને બેભાન થતાં પણ લોકોએ જોયા છે.

સંસ્થાના વડા પ્રમુખસ્વામી મહારાજ જ્યારે ગોંડલ મંદિરમાં જાય અને રસોડામાં જ્યારે રસોઇયા હાજર ન હોય ત્યારે પ્રમુખસ્વામી મહારાજને સ્વયં રોટલી કરતાં કે પૂરી તળતાં પણ અનેક લોકોએ જોયા છે. ક્યારેક સારંગપુરથી નીકળ્યા હોય અને ધંધૂકા પહોંચ્યા હોય ત્યારે રસ્તામાં હરિભક્તોની ગાડીમાં પેટ્રોલ ખૂટી ગયું હોય અને રસ્તામાં અટવાઈ ગયા હોય ત્યારે આપણા સૌના સન્માનનીય

ગુરુ, પ્રમુખસ્વામી મહારાજ ગાડીમાંથી નીચે ઊતરીને પેટ્રોલ પંપની નોઝલ પકડીને હરિભક્તોની ગાડીમાં પેટ્રોલ પૂરતા પણ જોયા છે.

કેટલીય વાર એવું પણ બન્યું છે કે કારમાં જતા હોય અને પંચર પડે અને અંધારું હોય અને કોઈ વ્હીલ બદલતો હોય ત્યારે કેટલીયવાર પ્રમુખસ્વામી મહારાજ તેની મદદે આવે અને ઘૂંટણીએ બેસીને હરિભક્તોને સહાય કરતા હોય તેવાં પ્રસંગો પણ બન્યા છે.

અરે! એટલું પૂરતું નથી. સંતોનો કોઈ સંઘ જતો હોય અને કોઈ નાના સંત હોય તેમની સાથે જોડમાં પણ જતા જોયા છે. આવા જ એક સંઘમાં હરિદ્વાર ખાતે જ્યારે પરમેશ્વર સ્વામીને ઈજા થઈ હતી અને બધાને હરિદ્વારથી અન્ય સ્થળે જવાનું થયું. તે સમયે અમે ૪૦૦ જેટલા સંતો હતા. તેમાંથી પરમેશ્વર સ્વામીને ઈજાને કારણે રોકાઈ જવાનું થયું અને આ જ ગુરુ, પ્રમુખસ્વામી મહારાજે સૌને કહ્યું કે 'આ સંતની સાથે હું રોકાઈ જઈશ, તમે બધા સુખેથી આગળ યાત્રાએ જાઓ.' આમ, જોડ બનીને, આધાર બનીને સાથે રહેતા પણ પ્રમુખસ્વામી મહારાજને સૌએ જોયા છે.

ધર્મજમાં તેમની જન્મ જયંતી ઊજવાઈ રહી હતી. સવારના સમયે ભક્તો દાતણ કરીને આમ-તેમ ફેંકી દેતા હતા અને તે દાતણો ભેગા કરીને સ્વચ્છતા કરતાં પણ પ્રમુખસ્વામી મહારાજને હરિભક્તોએ જોયા છે.

સારંગપુર જેવા નાના ગામડામાં સંડાસ-બાથરૂમને સાફ કરતા પણ પ્રમુખસ્વામી મહારાજને લોકોએ જોયા છે. આ સમયે તેમને કોઈ કહે કે 'બાપા! તમે આ કામ ન કરો.' એ સમયે પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે 'કોઈ કામ નાનું નથી, હવે તું આવ્યો જ છે તો જા અને જઈને એક ડોલ પાણી લઈને આવ, જેથી હું બરાબર સફાઈ કરું.' આવા સેવાનિષ્ઠ પ્રમુખસ્વામી મહારાજે જિંદગીમાં તમામ પ્રકારની સેવા કરી છે.

પ્રમુખસ્વામી મહારાજને જ્યારે હૃદયરોગનો હુમલો થયો હતો ત્યારે બધા જ તેમની ખબર-અંતર પૂછવા આવતા હતા. એવામાં પૂજ્ય મહંત સ્વામી પણ તેમની ખબર પૂછવા અવ્યા. તેઓ જ્યારે પ્રમુખસ્વામી મહારાજની ખબર-અંતર પૂછવા માટે ઊભા હતા ત્યારે પ્રમુખસ્વામી મહારાજ અન્ય સંતોને કહે છે કે 'મહંત સ્વામી મગ સિવાય કંઈ ખાતા નથી માટે તમે મહંત સ્વામી માટે મગ તો બનાવ્યા છે ને?' આ રીતે સ્વયં બીમાર હોવા છતાં પોતાની ખબર કાઢવા આવનારાની પણ તેઓ કાળજી રાખતા કે કોઈને સહેજ પણ તકલીફ ન પડે.

બીજી તરફ આપણે બીમાર પડીએ અને કોઈ આપણી ખબર પૂછવા આવે

તો કહીએ મારા માટે શું લાવ્યા છો? ન ખાતા હોય તોય ઇચ્છા થાય કે કંઈક લાવે તો સારું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ હમેશાં બીજાના સુખ માટે વિચાર કરે.

આમ, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ હમેશાં કહેતા હતા કે આપણે તો દાસના પણ દાસ બનીને રહેવાનું છે, સેવક બનીને રહેવાનું છે અને ખૂબ જ મહત્ત્વની વાત કહેતા કે જીવનમાં બે જ કાર્યો કરવાનાં છે, સેવા કરવી અને સહન કરવું. સાચો સેવક કોણ? જે સેવા કરતાં સતત સહન કરે તે.

જીવનમાં 'સ્વાર્થી' પ્રેમ નહીં, 'સ્વસ્થ સ્વપ્રેમ'ની જરૂર છે

પ્રમુખસ્વામી મહારાજે અનેકની સેવા કરી છે અને તેમના આચરણને જોઈને, સત્સંગમાં 'Serve Others' એ બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોનો સહજ સ્વભાવ બની ગયો છે. જો તમે તમારી સ્વયંની સેવા કરતા થઈ જશો તો તમારા ઘરના પચાસ ટકા પ્રશ્નોનો ઉકેલ આવી જશે. ક્યારેક તો ઘરમાં બૂટ બરાબર મૂક્યા ન હોય કે સ્નાન કરીને ઘરમાં ટુવાલ ગમે ત્યાં ઉડાડી દીધો હોય તોપણ ઝઘડા થાય. અરે! તમે પ્રમુખસ્વામી મહારાજની જેમ વાસણ ન ઊટકો તો કંઈ નહીં, પણ એક ચમચી તો ઊટકી જુઓ.

બોચાસણનો એક પ્રસંગ છે. તે સમયે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વય ૯૦ વર્ષની હતી. પ્રમુખસ્વામી મહારાજ બેસીને પત્ર વાંચતા હતા. એક પત્ર પૂરો થયો અને તરત ટેબલ લેમ્પ બંધ કરી દીધો. એ પછી ધર્મચરણ સ્વામીએ બીજો પત્ર પ્રમુખસ્વામી મહારાજને આપ્યો. સ્વામીશ્રીએ પાછો ટેબલ લેમ્પ ચાલુ કર્યો. સ્વામીશ્રી એક ક્ષણ પણ લાઈટ ચાલુ રાખવા દેતા નહીં. વીજળી બચાવવી એ તો સ્વામીશ્રીની ગળથૂથીમાં છે. જેવું પત્ર વાંચવાનું પૂર્ણ થાય એટલે તરત જ સ્વામીશ્રી લેમ્પ બંધ કરી દે.

હું પણ ત્યાં ઊભો હતો અને હું પણ પત્ર લઈને જ ગયો હતો. મેં તેમને પત્ર વાંચવા આપ્યો એટલે પ્રમુખસ્વામી મહારાજે પુનઃ લેમ્પ ચાલુ કર્યો અને પત્ર વાંચવાનો પૂર્ણ થયો એટલે લેમ્પ બંધ કરવા ગયા, ત્યારે મેં તેમનો હાથ પકડીને કહ્યું, 'સ્વામીશ્રી! હવે તો ખમૈયા કરો. અમને તો સેવા કરવાની તક આપો. તમે સ્વયંસેવક છો - એવા તમારા આવી સેવા કરવાના અસંખ્ય પ્રસંગો કહી-કહીને અમે થાકી ગયા છીએ.'

સ્વામીશ્રી મારી સામે નિર્દોષ ભાવે જોવા લાગ્યા અને જે રીતે તેઓ જોતા હતા, એ જોઈને મેં મારા હાથની પકડ ઢીલી કરી દીધી. એટલે પ્રમુખસ્વામી મહારાજ કહે, 'પણ હું થાક્યો નથી.' સ્વામીશ્રીએ જાતે જ ટેબલ લેમ્પ બંધ કરી દીધો અને માર્મિક બોલ્યા, 'શું થાય, અમને સેવા કરવાની આદત પડી ગઈ છે.'

જો પ્રમુખસ્વામી મહારાજના તમે સાચા શિષ્ય હો અને ગુણાનુરાગી હો, તો સેવા કરવાની તમને આદત પડવી જોઈએ અને એ તમારો સ્વભાવ બની જવો જોઈએ; અને તો જ પ્રમુખસ્વામી મહારાજને તમે ગુરુ કર્યા કહેવાય.

આપણને કોઈ કહે અને સેવા કરીએ તે બરાબર નથી. સેવા કરવાનું કોઈએ આપણને કહેવું પડે તે બરાબર ન ગણાય. એટલે કે સેવા કહેવી ન પડે, સહજ થાય.

તેમજ If you love someone, understand them. If you love someone, forgive them. If you love someone, serve them. (જો તમે કોઈને ચાહો તો તેમને સમજો, જો તમે કોઈને ચાહો તો તેમને માફ કરો, જો તમે કોઈને ચાહો તો તેમની સેવા કરો.) જો આપણે બીજાને સમજતાં, માફ કરતાં અને સેવા કરતાં શીખીશું તો આપણું જીવન ધન્ય થઈ ગયું સમજો. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી જે બીજાને પ્રેમ કરતાં શીખવાનું સૂત્ર હતું, તેનાં જ આ ત્રણ પેટા બોધ-સૂત્ર છે.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી શીખવાનું બીજું મુખ્ય સૂત્ર છે : Love yourself - સ્વયંને ચાહો. 'Before you love others, love yourself.' (તમે બીજાને પ્રેમ કરો તે પહેલાં સ્વયંને ચાહો)

તમને લાગે કે 'સ્વપ્રેમ', પોતાને ચાહો, તો તમે કહેશો કે 'સ્વામી! હું સ્વયંને તો ચાહું જ છું. રોજ અરીસા સામે પંદર મિનિટ ઊભો રહું છું. સારાં સારાં કપડાં પહેરીએ, સારું સારું ભોજન જમીએ' - આ સ્વપ્રેમ નથી, એ તો ભોગવાદ છે. Love yourselfનો અર્થ કરવાનો છે - સ્વસ્થ સ્વપ્રેમ, સ્વાર્થી પ્રેમ નહીં. મોટાભાગે તમને લોકો કહેશે કે તમે તમારી જાતને ચાહો. એનો અર્થ સ્વાર્થ કરીએ તો એ ભોગવાદ છે. તમે તમારી જાતમાંથી બહાર આવતા નથી.

ગ્રીક પૌરાણિક કથામાં એક પ્રસંગ આવે છે. એક સ્વરૂપવાન યુવાન નાર્સિસસને પોતાના રૂપનું એટલું અભિમાન હતું કે કોઈ બીજો એને ચાહે તોપણ એને ધુત્કારે. કોઈ એને મળવા આવે તોપણ એનાથી દૂર ભાગે. કેટલાયને એણે દુઃખી કર્યા, લોકો એને ચાહી ન શકે, કોઈ તેની નજીક ના જઈ શકે. નેમેસિસ નામની એક વ્યક્તિએ નક્કી કર્યું કે ગમે તેમ કરીને આને પાઠ ભણાવવો પડે. રૂપવાન પોતાના રૂપમાંથી બહાર ન આવે. એટલે નક્કી કર્યું તે મુજબ નજીકના

એક નાનકડા તળાવ પાસે નાર્સિસસને લઈ ગયા. તળાવમાં એણે પોતાનું પ્રતિબિંબ જોયું. પોતાના જ પ્રતિબિંબમાં તે એટલો મોહ પામ્યો અને એવું લખેલું છે કે તે જમવાનું ભૂલી ગયો, બોલવાનું ભૂલી ગયો, ત્યાંથી ખસવાનું ભૂલી ગયો અને તેને એટલો બધો મોહ થયો કે તે બીજું વિચારવાનું જ ભૂલી ગયો અને પોતાનું પ્રતિબિંબ જોતાં જોતાં જ નાર્સિસસ મરી ગયો.

હું આવા પ્રેમની વાત નથી કરતો. આ તો અસ્વસ્થ પ્રેમ છે. હકીકતમાં સ્વસ્થ પ્રેમ એટલે શું? તમને તમારું સ્વાભિમાન હોય, અભિમાન નહીં. ભગવાને તમને જે જિંદગી આપી છે એની ગરિમાથી તમે જીવી શકો. સ્વયંને નીચા પાડી, દિલગીરીથી જીવવાનું નથી, પણ તમને તમારું આત્મગૌરવ હોવું જોઈએ. સામાન્ય રીતે એવું થતું હોય છે કે કાં લોકો અભિમાની થઈ જાય છે અથવા તો તેઓ લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે. મધ્યમ માર્ગ કોઈને ખબર નથી. પણ મધ્યમ માર્ગ છે, સ્વસ્થ સ્વપ્રેમ. As long as you cannot love yourself in the real way, you will never be able to love others. (જ્યાં સુધી તમે સ્વયંને સાચો પ્રેમ નહીં કરી શકો ત્યાં સુધી સાચા અર્થમાં તમે બીજાને પ્રેમ કરતાં નહીં શીખી શકો.)

વિશ્વના મોટા મોટા મનોચિકિત્સકો કે માનસશાસ્ત્રીઓ એવું કહે છે કે 'આ દુનિયાના મોટા ભાગના ક્રિમિનલ્સ, સિરિયલ કિલર્સ, જે બોંબ બનાવતા હોય અને ફોડતા હોય અને ભયંકર ગુનેગારો - એ બધાના મૂળમાં શું છે ખબર છે? એ બધા મોટા ભાગે એવું કહેતા હોય છે કે, 'I hate my self; that is why I hate the world.' (હું સ્વયંને ધિક્કારું છું, માટે જ હું વિશ્વને ધિક્કારું છું.)'

જો તમારો પ્રેમ સ્વસ્થ નહીં હોય, તમારા જીવનમાં સાચો સંતોષ અને આનંદ નહીં હોય તો તમે સાચો પ્રેમ, બીજાને આપી શકતા નથી. Love Others - બીજાને ચાહો. એ માટે પણ તમારી પાસે 'સ્વસ્થ સ્વપ્રેમ' હોવો જરૂરી છે. બીજી રીતે કહીએ તો પ્રમુખસ્વામી મહારાજની જેમ નિ:સ્વાર્થ પ્રેમ આપવો હોય તોપણ તેમના આ બોધપાઠને જીવનમાં ચરિતાર્થ કરવો કે આચરણમાં ઉતારવો જરૂરી છે.

જો તમે જીવનને પરિપૂર્ણ પ્રેમ કરો તો પ્રેમપૂર્ણ જીવી શકશો

ભારતનો મોટો પ્રશ્ન કયો છે એ તમને ખબર છે? ૧ અબજ ૩૦ કરોડની જનસંખ્યા? ના, તે મોટો પ્રશ્ન નથી. પરંતુ આ ૧ અબજ, ૩૦ કરોડની જન-સંખ્યામાં 'હું ભારતીય છું' એવું ગૌરવ ધરાવનારા કેટલા? બોલનારા તો ઘણા હોય, પરંતુ Who really is proud to be an Indian? (ભારતીય હોવાનું ખરેખર ગૌરવ કોને છે?) - એ સૌથી મોટો પ્રશ્ન છે.

અવાર-નવાર વ્યાખ્યાનો અને લેખોમાં કહેવામાં આવે છે કે 'ભારતીય પ્રજા એટલે દુનિયાનો સૌથી યુવાન દેશ. જ્યાં ૫૦ ટકા વસતી ૨૫ વર્ષથી ઓછી વયની છે. ૬૫ ટકા ભારતની પ્રજા ૩૫ વર્ષથી ઓછી વયની છે એટલે કે ૮૫ કરોડ લોકો. એક સમય એવો આવશે કે આપણી પાસે દુનિયાની સર્વશ્રેષ્ઠ યુવાશક્તિ, સર્વથી મહેનતુમાં મહેનતુ પ્રજા, આપણી પાસે હશે જે 'યુવા ભારત' બનશે.

પણ તેથી શું?

એ વાત સાચી કે આપણી પાસે સૌથી વધુ યુવાધન છે, પણ સૌને મારો પ્રશ્ન છે કે 'જો કોઈ યુવાનને કોઈપણ મુશ્કેલી વગર પરદેશમાં ભણવાની તક મળે તો તે ભારતમાં ભણશે કે પરદેશમાં?' એ જ રીતે કોઈ એક યુવાનને પૂછવામાં આવે કે 'કોઈપણ વિઘ્ન વગર જો તને પરદેશમાં સ્થાયી થવાની તક મળે તો તમે પરદેશમાં સ્થાયી થશો કે ભારતમાં?' આ સમયે ભલે કોઈ બોલે છે કે 'હું ભારતીય છું', પરંતુ અંતરમાં ઈચ્છા તો રહે કે પરદેશમાં ભણીએ અને પરદેશમાં રહીએ.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે આપણે પોતાની પીઠ થાબડીને કહીએ છીએ કે સૌથી વધુ યુવાવર્ગ ધરાવતો આ દેશ છે, પરંતુ આ એવા યુવાનો છે, જેમને ભારતમાં ભણવું કે ભારતમાં રહેવું નથી. તો પછી આવા યુવાનોનું શું કામ? First

you should be proud to be an Indian and then you will build the nation. (સૌપ્રથમ તમે ભારતીય હોવાનું આત્મગૌરવ ધરાવો તો જ તમે રાષ્ટ્રનું નિર્માણ કરી શકશો)

આવા જ રાષ્ટ્રના સ્વાભિમાનનો પ્રસંગ સ્વામી વિવેકાનંદજીના જીવનનો પણ છે. સ્વામી વિવેકાનંદને એક વિદેશી મહિલાએ ખૂબ જ પત્રો લખ્યા કે 'હું તમને ચાહું છું.' તે સમયે સ્વામી વિવેકાનંદે તે મહિલાને કહ્યું કે 'First love India, then you will be able to love me. Without loving India, it is meaningless to love me' (પ્રથમ ભારતને પ્રેમ કરો અને પછી મને પ્રેમ કરવા તું સક્ષમ બનીશ. ભારત વગરનો તમારો પ્રેમ, અર્થ વગરનો છે.)

તમે વિશ્વને ચાહો, સાથે રાષ્ટ્રને પણ ચાહો. રાષ્ટ્રને પણ ચાહો, સાથે પ્રજાને પણ ચાહો, તેમજ સર્વેને ચાહો તેમ સ્વયંને પણ ચાહો. તેમાં આત્મગૌરવ સમાયેલું છે. જેઓ આ આત્મગૌરવનો માર્ગ ભૂલ્યા છે કે માર્ગથી ફંટાયા છે, તે અન્યને ગૌરવ કે આદર આપી શકતા જ નથી. આવા લોકો પોતાની જાતને ધિક્કારતા હોય છે. અને જે સાચી રીતે ખુદને ચાહી શકતા નથી, તે બીજાને પ્રેમ આપી શકતા જ નથી.

આવી જ એક માર્ગ ભૂલેલી, જાતને ધિક્કારતી વ્યક્તિની વાત કરવી છે, એક સિરિયલ કિલરની. એક વ્યક્તિ જેનું નામ હતું, કાર્લ પેન્ઝરમ (Carl Panzram). આ વ્યક્તિ વિશે એવું કહેવાય છે કે અત્યાર સુધી દુનિયામાં જેટલા ગુનેગારો ખૂનીઓ થઈ ગયા, તેમાં 'The most distorted serial killer in human history.' (માનવ ઇતિહાસમાં સૌથી ભયંકર વિકૃત સિરિયલ કિલર) તરીકે તેની ગણના થાય છે. જે આઠ વર્ષની વયે ગુના કરતો થઈ ગયો હતો અને ૧૪ વર્ષની વયે ઘર છોડીને નાસી ગયો હતો. ૨૦ વર્ષની વયે તેણે ખૂનામરકી શરૂ કરી દીધી હતી. તેની વિકૃતિ તો એવી હતી કે ૨૯ વર્ષની વયે અમેરિકાથી દક્ષિણ આફ્રિકાના અંગોલામાં પહોંચી ગયો અને ત્યાં તેણે પાંચ-છ વ્યક્તિઓને ભેગી કરીને કહ્યું કે 'ચાલો, આપણે crocodile hunting કરવા જઈએ. નદીમાં જઈએ અને મગરનો શિકાર કરીએ.' તેણે કેવી રીતે crocodile hunting કર્યું તે તમને ખબર છે? તેની સાથે જે છ હલેસાં બાજ જોડાયા હતા, તેમાંથી વારાફરતી એક-એકને માર મારીને અધમૂઆ કરીને નદીમાં ફેંકી દેતો અને આ જીવતી વ્યક્તિને મગર ખાવા આવે ત્યારે તે આનંદથી જોતો. આ રીતે છએ છ જણને તેણે મોતને ઘાટ ઉતાર્યા. બાળકોનું ખૂન, બહેનોનું ખૂન કરે અને વળી એવી ક્રૂરતાથી ખૂન કરે કે કોઈની આંખમાંથી મગજ બહાર આવી જાય તો કોઈના કાનમાંથી મગજ બહાર નીકળે. વિકૃતિની પણ કોઈ ચરમ સીમા નહીં. પોલીસના હાથે તે આઠ વખત પકડાયો અને

આઠેય વખત ભાગી છૂટ્યો. તમને એવું લાગે કે આ માણસ ગાંડો હશે માટે આવું કરતો હશે, પણ એવું નહોતું. તેણે જેલમાં રહીને પણ આત્મકથા લખી એટલો બુદ્ધિશાળી હતો. જોકે, દુનિયા પણ કેટલી વિચિત્ર છે કે એ સિરિયલ કિલરની આત્મકથા છપાઈ પણ ખરી અને તેમાંથી પાછું મૂવી પણ ઊતર્યું.

આ સિરિયલ કિલર કાર્લ માટે એવું પણ કહેવાય છે કે તેણે એવું જાહેર કર્યું હતું કે મારી મોટામાં મોટી ભૂલ એ છે કે મારો જન્મ થયો. હું મારી જાતને ધિક્કારું છું (I hate myself). જ્યારે તેને ફાંસી આપવાની થઈ ત્યારનો પ્રસંગ છે. જે માણસે ૨૨થી વધુ ખૂન કર્યાં હોય અને ૧,૦૦૦થી વધુ બળાત્કાર કર્યા હોય અને સેંકડોથી વધુ લોકોને દુ:ખી કર્યા હોય એ વ્યક્તિ જલ્લાદ(ફાંસી આપનાર)ને એમ કહે કે મને ફાંસી આપવામાં તું ઢીલ કરીશ નહીં. જલદી કર. Hurry Up, If you do not kill me now, I will kill 10 guys like you. (જલદી કર, અત્યારે જો તું ઉતાવળ નહીં કરે તો તારા જેવા દસ લોકોનું હું ખૂન કરી નાખીશ.) મને અત્યારે એવો આભાસ થાય છે કે the whole human race has one neck and my hands are around it.... (સમગ્ર માનવજાતની ગરદન એક છે અને હું એ ગરદન મારે હાથે ભીંસી રહ્યો છું, તેનાથી મને સુખનો અનુભવ થઈ રહ્યો છે એટલે તું જલદી કર. ચાલ તારું કામ પતાવ.)

પોતાની જાતને ધિક્કાર કરતી વ્યક્તિ, ક્યારેય બીજાને ચાહી શકે નહીં. માટે જે જીવન ભગવાને તમને આપ્યું હોય, તેને ચાહો. 'Love the life you live, then you will live lovingly.' (તમારા જીવનને પરિપૂર્ણ પ્રેમ કરો તો તમે પ્રેમપૂર્ણ જીવી શકશો.)

આત્મગૌરવ હશે તો તમે પવિત્ર અને મૂલ્યવાન રહી શકશો

પ્રમુખસ્વામી મહારાજ સંત છે. ભલે ગમે તેટલા મોટા-મોટા મહાનુભાવોને મળે અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તેમને મળવા આવતા હોય, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ પોતે સાધુ છે, તે વાત તેમણે ગૌણ થવા દીધી નથી - સાધુતાનું ગૌરવ લેશમાત્ર નીચું પડવા દીધું નથી. 'Be proud to be what you are.' આત્મગૌરવ હશે તો તમે પવિત્ર અને મૂલ્યવાન રહી શકશો.

નડિયાદનો એક પ્રસંગ છે. યુવાનો ભેગા મળીને એક કવ્વાલી ગાઈ રહ્યા હતા કે 'આ સૂરજ કહે છે, આ ચાંદો કહે છે, આ ઝરણું કહે છે, આ પહાડ કહે છે, આ વન કહે છે, આ પર્વત કહે છે: પ્રમુખસ્વામી કોણ? પ્રમુખસ્વામી કોણ?' – તમને ખબર છે ને - કવ્વાલીમાં એકનો એક પ્રશ્ન પાંચ-છ વખત પુછાતો હોય છે. આ કવ્વાલી ચાલી રહી હતી ત્યારે પ્રમુખસ્વામી મહારાજ ત્યાં જ બેઠા હતા.

જ્યારે આ કવ્વાલી પૂરી થઈ અને યુવાનોને જાહેરસભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે કે 'આ બધા ક્યારનાય પૂછ્યા કરે છે કે પ્રમુખસ્વામી કોણ? – તો લાવો હું જ કહી દઉં કે પ્રમુખસ્વામી કોણ છે? પ્રમુખસ્વામી ભગવાનના ભક્ત છે, યોગીબાપાના શિષ્ય છે અને સ્વામિનારાયણના સાધુ છે.' સ્વામીશ્રીએ આનાથી વિશેષ કંઈ જ ન કહ્યું.

પ્રમુખસ્વામી મહારાજે એવું ન કહ્યું કે પ્રમુખસ્વામીએ ૧,૧૦૦ મંદિરોનું નિર્માણ કર્યું, ગાંધીનગરનું અક્ષરધામ, દિલ્હીનું અક્ષરધામ, જુદી-જુદી ૧૬૦ જેટલી માનવસેવાની પ્રવૃત્તિ કરે છે, લાખો શિષ્યો છે, એવું કંઈ જ નહીં. પ્રમુખસ્વામી મહારાજના કહેવાનો હાર્દ માત્ર એટલો જ હતો કે 'સાધુ હોવાનું ગૌરવ છે.'

મારે સૌને એ જ કહેવું છે કે તમે સૌ સત્સંગી હોવાનું ગૌરવ રાખજો.

જો તમને તમારા મૂલ્યનું ગૌરવ હશે તો તમે તમારા જીવનમાં કંઈક કરી શકશો. કોઈ ડૉક્ટર બન્યા હોય અને જિંદગીમાં એમ થાય કે હું કંઈક બીજું બન્યો હોત તો સારું થાત - તો એ પરફેક્ટ ડૉક્ટર થઈ શકે નહીં. 'An architect should be proud to be an architect.' (એક ઈજનેરને, સ્વયં ઈજનેર હોવાનું ગૌરવ હોવું જોઈએ.) તમે દુકાન ચલાવતા હો તોપણ આત્મગૌરવથી ચલાવજો.

માર્ટિન લ્યુથર કિંગ એવું કહેતા હતા કે 'જો તમારી પાસે બીજી કોઈ શક્તિ ન હોય અને તમને કચરો વાળવાનું જ કાર્ય પ્રાપ્ત થયું હોય તો તમે એવી રીતે કચરો વાળજો કે જેવી રીતે બિથોવન મ્યુઝિક સિમ્ફની રચતા હોય કે લિયાનાર્દો-દ-વિન્ચિ પેઈન્ટિંગ કરતા હોય કે માઇકલ એન્જલો જેમ શિલ્પ ઘડતા હોય, એવી ખુમારીથી તમે ઝાડુ વાળશો તો દુનિયાના બધા દેવતા ઊભા થઈને આકાશમાંથી કહેશે કે અહીં દુનિયાનો શ્રેષ્ઠ ઝાડુ વાળનારો થઈ ગયો છે.'

તમે કયું કાર્ય કરો છો તેની નહીં, પરંતુ તે કાર્ય કેવી નિષ્ઠાથી કરો છો, તેનું મહત્ત્વ છે. કાર્ય-શ્રેષ્ઠતાની કદર થાય છે. 'Be the best'(શ્રેષ્ઠ બનો). જો સાધુ બનો તો શ્રેષ્ઠ સાધુ બનો, હરિભક્ત હો તો શ્રેષ્ઠ હરિભક્ત બનો. તમે જે કંઈપણ કાર્ય કરો તે શ્રેષ્ઠ બને એવું કાર્ય કરો. તમે જે કામ કરો, તેનું તમને ખુદને જ આત્મગૌરવ નહીં હોય તો તમારા કાર્યની કદર કરવા દુનિયાની બીજી કોઈ વ્યક્તિ નવરી નથી.

ઘણા હરિભક્તો અમારી પાસે આવીને કહે છે કે 'સ્વામી! અમારે અમુક નિયમ છે.' જેમ અમારા સંતોને નિષ્કામ, નિર્લોભ, નિ:સ્નેહ, નિસ્વાદ અને નિર્માન - આ પંચ વર્તમાન ભગવાન સ્વામિનારાયણે આપ્યા છે. પ્રમુખસ્વામી મહારાજે એક ક્ષણ પણ એ નિયમ-ધર્મ તૂટવા દીધા નથી. એવી જ રીતે હરિભક્તોને પણ પંચવર્તમાન છે. દારૂ ન પીવો, માંસાહાર ન કરવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને ખાણીપીણીમાં શુદ્ધિ - આ જે પંચવર્તમાન છે, એમાં હરિભક્તોની ક્યારેય ત્રુટિ થવી ન જોઈએ. આ કોઈ આગ્રહ નથી, પણ આત્મગૌરવનો વિષય છે. હ્દયપૂર્વક તેનું પાલન થવું જોઈએ. ઘણા ભક્તો એવું કહેતા હોય - 'હું ડુંગળી-લસણ ખાતો નથી, પરંતુ ક્યારેક ભેળમાં ડુંગળી આવે તો વીણી-વીણીને કાઢી નાખીને જ ભેળ જમું છું.' આવો સગવડિયો ધર્મ ન ચાલે. તો કેટલાક એવું પણ કહે કે 'સ્વામી! નજીકના સગાને ત્યાં લગ્ન-પ્રસંગ હોવાથી ત્યાં ખૂબ જ આગ્રહપૂર્વક જમવું જ પડે એમ હતું અને ત્યાં લસણવાળી કઢી પી લીધી.' આ બધું યોગ્ય નથી. તમારામાં આત્મગૌરવ હોવું જોઈએ.

આવા આત્મગૌરવનું દૃષ્ટાંત છે, આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી. તેઓ

નવરાત્રિના ઉપવાસ કરે છે. એક વાર એમને ઉપવાસ હતા એ અરસામાં જ અમેરિકાના વ્હાઈટ હાઉસથી પ્રેસિડેન્ટ ઓબામાનું આમંત્રણ આવ્યું. જમણવાર તેમના માનમાં જ રાખવામાં આવ્યો હતો. એ વખતે પણ તેમણે પોતાના મૂલ્યનું આત્મગૌરવ સાચવીને સવિનય જમવાની ના પાડી દીધી તો અમેરિકાના પ્રેસિડેન્ટને પણ ખોટું લાગ્યું નહોતું. એમ તમે તમારાં સગાં-વહાલાંને સવિનય ના પાડી દેશો તો તેમને ખોટું લાગશે નહીં.

આ દૃષ્ટાંત બાદ કોઈ હરિભક્ત એવું ન કહેતા કે 'અમારે આગ્રહવશ થઈને જમવું પડ્યું અને નિયમ તોડવો પડ્યો,' પણ અમેરિકાના પ્રેસિડેન્ટથી વધારે આગ્રહ કોનો હોય? તેમને પણ સવિનય ના પાડી શકાતી હોય તો બધાએ આવા આત્મ-ગૌરવયુક્ત હરિભક્ત બનવાનું છે.

આપણે નબળા હોઈએ અને મૂલ્યનું ગૌરવ ન કરીએ તો આપણે પોતે જ, સામેથી નિયમ તોડીએ છીએ. હકીકતમાં આપણને હરિભક્ત હોવાનું કે સાધુપણાનું આત્મગૌરવ હોવું જોઈએ.

તમને ખબર છે કે પ્રમુખસ્વામી મહારાજને પોતાની પવિત્રતા, સત્સંગી હોવાપણાનું, સાધુ હોવાપણાનું, કેટલું ગૌરવ છે? જ્યારે કેટલાય મોટા-મોટા નેતાઓ, સમાજના અગ્રણીઓ પ્રમુખસ્વામી મહારાજને કહે કે 'સ્વામીશ્રી! તમે જે કાર્ય કરો છો એ બેનમૂન છે. તમારા સ્વયંસેવકો, તમારું આયોજન અદ્‌ભુત છે.' ઘણા એવા કેફમાં આવીને સારી ભાવનાથી પણ કહે કે 'સ્વામીશ્રી! તમને આખા દેશનું સુકાન સોંપી દીધું હોય તો રાષ્ટ્રનો સારી રીતે વિકાસ થાય.' આ વાતચીત દરમિયાન એક સંતે મજાકમાં કહ્યું કે 'બાપા! જો તમે વડા પ્રધાન થાવ તો હું નાણાપ્રધાન બનીશ.' સ્વામીશ્રી કહે કે 'માળાપ્રધાન થાવ એમાં બધું આવી ગયું.' પ્રમુખસ્વામી મહારાજ સાધુપણાનું ગૌરવ મજાકમાં પણ ક્યારેય ગૌણ થવા દેતા નથી. સત્સંગી હોવાનું, સત્સંગી રહેવાનું, સત્સંગ કરવાનું ગૌરવ સતત સ્મરણમાં રાખવાનું છે.

પ્રમુખસ્વામી મહારાજ પણ આવું જ આત્મગૌરવ નિર્માનીપણા સાથે રાખે છે, ત્યારે આપણે પણ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી, આચરણમાંથી આ જ પ્રેરણા લેવાની છે કે એક સાચા હરિભક્ત બનીએ, નિયમ-ધર્મ-પંચવર્તમાનનું સતત પાલન કરીએ.

શુભ ભાવનાથી, સવળું વિચારો તો મુશ્કેલીમાંથી પણ માર્ગ મળશે

પોતાની જાતને ચાહવા માટે આત્મગૌરવ જરૂરી છે, તે માટે Be Pure (પવિત્ર બનો). એ જ રીતે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી પાંચમો બોધપાઠ જે શીખવાનો છે, તે છે, Be Positive.(હકારાત્મક બનો). પોતાની જાતને ચાહવા માટે સવળું વિચારો. ક્યારેય અવળું વિચારો જ નહીં. નકારાત્મકતાનો નાશ કરો.

અમદાવાદનો જ એક પ્રસંગ છે. ૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ હતો. સંતોએ સ્વામિનારાયણ નગરનું આયોજન કર્યું. ભક્તોને આવકારવા નગરની શરૂઆતમાં એક ભવ્ય અને વિશાળ પ્રવેશદ્વાર રચવામાં આવ્યું. વાંસ, કંતાન અને માટીના માધ્યમથી અકલ્પ્ય કલા અને આકર્ષણનું કેન્દ્ર, આ પ્રવેશદ્વાર નગરજનો માટે આકર્ષણ બની ગયો હતો. અચાનક ઉત્સવ દરમિયાન અકસ્માત સર્જાયો. એક દિવસ બપોરના સમયે પ્રવેશદ્વારને આગ લાગી. સૌની નજર સમક્ષ દ્વાર ભડકે બળવા લાગ્યું. સમયસૂચકતા વાપરી સ્વયંસેવકોએ પ્રવેશદ્વાર અડધેથી તોડી નાખ્યું, જેથી આગ આગળ પ્રસરતી અટકી જાય, પરંતુ ત્યાં સુધીમાં જમણી બાજુનું અડધું દ્વાર બળી ગયું હતું.

આ કલાત્મક પ્રવેશદ્વારનું નિર્માણ કરવામાં બંગાળી કારીગરોને લગભગ બે મહિનાનો સમય લાગ્યો હતો. હવે, ચાલુ ઉત્સવમાં નવું પ્રવેશદ્વાર કઈ રીતે ઊભું કરવું? સૌ ચિંતામાં ડૂબી ગયા. ફરીથી પ્રવેશદ્વાર બનાવવા બંગાળી કારીગરો લાવવા ક્યાંથી? અને આટલા ઓછા સમયમાં બને કે કેમ? - આવા જુદા-જુદા વિચારો સંતોને આવી રહ્યા હતા. એ સમયે બધાને એક વિચાર એવો પણ આવ્યો કે આ સ્વાગત દ્વાર છે, અડધું બળી ગયું છે અને બાકી બચેલું અડધું દ્વાર કાઢી નાખીએ. તેને બદલે બે કમાન ઊભી કરીને ગાર્ડન જેવું બનાવી દઈએ તો જે

મુલાકાતીઓ આવશે, તેમને ખબર પણ નહીં પડે કે અહીં અગાઉ વિશિષ્ટ સ્વાગત-દ્વારનું નિર્માણ થયું હતું. આમ, બધા પોત-પોતાના અભિપ્રાય આપી રહ્યા હતા.

એ જ વખતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા ગાડીમાં પધાર્યા. તે સમયે સ્વામીશ્રીએ પૂછ્યું નહીં કે આ દ્વાર કઈ રીતે અને કોનાથી બળ્યું? No blame game. (કોઈનેય દોષારોપણ નહીં) સ્વામીશ્રીએ શાંતિ અને સહજતાથી સમગ્ર ઘટનાનું નિરીક્ષણ કર્યું.

બધા સંતો તથા સ્વયંસેવકો ચિંતાતુર થઈ કહેવા લાગ્યા કે 'બાપા! મહામહેનતે તૈયાર થયેલો દરવાજો અડધો જ બચ્યો છે. બીજો અડધો પુનઃ બનાવવો કઈ રીતે? તો હવે અડધો જે બચ્યો છે તેને પણ દૂર કરીએ તો કોઈને ખબર જ નહીં પડે કે નગરમાં પ્રવેશદ્વાર હતું.'

પ્રમુખસ્વામી મહારાજનો પ્રતિસાદ સાંભળવા જેવો છે. સ્વામીશ્રી કહે 'અડધો તો છે ને!? તેને જોઈ-જોઈને બાકીનો બીજો અડધો દરવાજો બનાવી દો.'

કેટલાકે કહ્યું કે 'સ્વામીબાપા, બંગાળી કારીગરો ક્યાંથી લાવવા?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'આપણા સંતો, પાર્ષદો અને સ્વયંસેવકો તો છે ને!, તેઓ બનાવી દેશે.'

સ્વામીશ્રીના આ હકારાત્મક વલણના કારણે જે બંગાળી કારીગરોને આવું વિશાળ પ્રવેશદ્વાર બનાવતાં બે મહિના લાગ્યા હતા તે સંતો, પાર્ષદોએ મળીને અઠવાડિયામાં ઊભું કરી દીધું!

આ પ્રસંગ પછી બહુધા બધા જ ઉત્સવ-સમૈયામાં બધું જ ડેકોરેશનનું કાર્ય સંતો-પાર્ષદો કરતાં શીખી ગયા. આમ, એક હકારાત્મક વલણ સંસ્થાની દિશા અને ક્ષમતા બદલી શકે છે. પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય નકારાત્મક વિચારો કર્યા નથી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય શરૂ કર્યો હતો, તે સમયે પણ કેટલાય વિરોધ કરનારા હતા, વિઘ્ન નાખનારા હતા, તે વખતે પણ શાસ્ત્રીજી મહારાજે ક્યારેય કોઈને અપયશ આપ્યો નથી. કોઈના ઉપર દોષારોપણ કર્યું નથી. Blame game (દોષારોપણની રમત) રમ્યા નથી.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે 'અમને ક્યારેય કોઈનુંય અહિત કરવાનો વિચાર આવ્યો નથી.' સ્વામીશ્રીએ આવી શુભ ભાવનાથી, હકારાત્મકતાથી કાર્ય કર્યું છે, માટે જ આખી સ્થિતિ બદલાઈ જાય છે. સંકટો-વિઘ્નો-મુશ્કેલીઓમાં પણ માર્ગ મળી જાય છે.

વર્ષ-૨૦૦૪નો પ્રસંગ છે. વાત છે, અમેરિકાના Los Angeles લોસ એન્જેલસ નજીક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની. ચિનો હિલ્સ શહેર કે જે ભૂકંપનું કેન્દ્રબિંદુ છે ત્યાં આપણને મંદિરનિર્માણ માટેની જમીન મળી હતી. એ સમયે આખા શહેરની અંદર માત્ર ૪૦ હિંદુ પરિવારો રહેતા હતા. ત્યાંના સ્થાનિકો ખૂબ જ રૂઢિચુસ્ત હતા, કેટલાયના મનમાં રંગભેદ અને પૂર્વગ્રહ હતા.

જ્યારે આપણે આ જમીન ઉપર મંદિરનિર્માણ માટે પરવાનગી લેવા ગયા ત્યારે ત્યાંની લોકલ કાઉન્સિલે મંદિર નિર્માણના વિરુદ્ધમાં મતદાન કર્યું અને યુક્તિ કરીને મંદિરનું નિર્માણ ન થવા દીધું. ત્યાં મંદિરનિર્માણ માટે ૮૨ ફૂટ ઊંચાઈની પરવાનગીની આવશ્યકતા હતી અને જો કાઉન્સિલ મંદિરનિર્માણની ના પાડે તો ધાર્મિક પૂર્વગ્રહ ગણાય એટલે યુક્તિપૂર્વક નિર્ણય આપ્યો કે 'તમને માત્ર ૪૦ ફૂટ ઊંચાઈની જ પરવાનગી મળશે.' હવે આ સ્થિતિમાં મંદિર બને તો માત્ર પ્રદક્ષિણા અને ગર્ભગૃહ થાય પણ શિખર તો થાય જ નહીં.

મંદિર માટે આવો નિર્ણય આવ્યો ત્યારે બધા ઉદાસ થઈ ગયા, આવી હારેલી સ્થિતિમાં પણ પ્રમુખસ્વામી મહારાજનું હકારાત્મક વલણ જુઓ.

એક તરફ કાઉન્સિલના આવા અન્યાયિક નિર્ણય સામે જ્યારે શ્રેષ્ઠ વકીલોએ પોતાનો મત વ્યક્ત કરતાં કહ્યું કે 'આ નિર્ણય સામે 'legal battle' (ન્યાયિક લડત) શરૂ કરીએ. જો ધાર્મિક પૂર્વગ્રહ સાથે કેસ દાખલ થશે તો પળવારમાં મંદિર બનાવવાની પરવાનગી મળી જશે.'

આ સમયે પ્રમુખસ્વામી મહારાજનો જવાબ હતો કે 'પડોશીઓ સાથે લડત કરી, તેના માથા ઉપર પગ મૂકીને મંદિરનિર્માણ કરવું એ યોગ્ય નથી.'

તો કેટલાક સ્થાનિક ભક્તો પ્રમુખસ્વામી મહારાજ પાસે આવીને કહેવા લાગ્યા કે 'આ લોકો આવું બોલે છે, આપણા લોકો માટે ગમે તેમ વિરોધ કરે છે' પ્રમુખસ્વામી મહારાજે તરત જ તેઓને અટકાવીને કહ્યું કે 'સૌ પ્રથમ તમારી ભાષા સુધારો. 'એ લોકો' અને 'આપણા લોકો' આવું બોલવાનું જ બંધ કરી દો.'

પ્રમુખસ્વામી મહારાજે સૌની ભાષામાંથી 'વિરોધ' શબ્દ જ કઢાવી નાખ્યો. આ જ કારણ છે કે બી.એ.પી.એસ.ને વિશ્વમાં લોકો બિરદાવે છે.

પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'આપણે કોર્ટ-કચેરીએ જવું નથી, કોઈની નિંદા કરવી નથી, ભાગલા પાડવા નથી.' અને તેથી પણ આગળ કે જે લોકો પ્રમુખસ્વામી પાસે ગયા હતા, તેમને જ પ્રશ્ન કર્યો કે 'હકીકતમાં આપણે મંદિર બનાવીને શું કરવાનું છે?'

સૌએ કહ્યું કે 'સ્વામી! આપણે મંદિરનું નિર્માણ કરીને સમાજની સેવા

કરવાની છે. જેથી આજુબાજુ સદ્ભાવના થાય.'

પ્રમુખસ્વામી મહારાજ કહે કે 'મંદિરનિર્માણ કરીને જે કરવાનું છે, તે સેવા-સદ્ભાવના મંદિર વગર જ શરૂ કરી દો. મંદિરની રાહ પણ જોતા નહીં'

'Stop complaining. The moment you complain, you become a victim.' (ફરિયાદ કરવાનું છોડી દો. જેવા તમે ફરિયાદ કરવાનું શરૂ કરો છો, તમે સ્વયંપીડિત (વિપત્તિગ્રસ્ત) બની જશો.'

મંદિરનિર્માણ માટે યોગ્ય નિર્ણય ન મળવા છતાં પણ પ્રમુખસ્વામી મહારાજના એક વચનને શિરોમાન્ય રાખીને બધા જ સંતો-હરિભક્તોએ સેવા-સદ્ભાવના શરૂ કરી દીધી. પછી તે સ્થાનિકોમાં ઇટાલિયન હોય, ચાઈનીઝ હોય, મેક્સિકન હોય, ખ્રિસ્તી હોય, બૌદ્ધ હોય, નાસ્તિક હોય, તે બધાને બોલાવી સત્કાર કર્યો અને સમજૂતી આપી. સતત સાત વર્ષ સુધી સંપર્ક કરી, સૌની સેવા કરી, નિ:સ્વાર્થ પ્રેમ આપ્યો. પછી વર્ષ-૨૦૧૧માં ફરી વાર મંદિરનિર્માણ માટે કાઉન્સિલમાં મતદાન આપવાનું થયું ત્યારે ૫૦૦ માણસની વચ્ચે એક માણસ પણ વિરોધ કરનાર નહોતો. સમગ્ર શહેરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણને આવકાર્યું, સમર્થન આપ્યું અને સહકાર આપ્યો.

એ સમયે ત્યાંના Mayor Ed Graham એ જાહેરમાં કહ્યું હતું કે 'હું આજે નક્કી કરીને આવ્યો હતો કે મારે મંદિર નિર્માણ વિરુદ્ધ જ મતદાન કરવું છે, પરંતુ ૫૦૦ માણસની વચ્ચે એકપણ વ્યક્તિ વિરોધ કરનારો નથી તો હું એક કેમ વિરોધ કરું? માટે મંદિર નિર્માણ થાય અને આ વિસ્તારમાં સૌંદર્ય અને શાંતિ પ્રસરે તેથી પરવાનગી આપું છું.' સર્વાનુમતે પરવાનગી મળી.

આ છે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની હકારાત્મકતા. એક જ વાક્યે લોકોના વિચાર, વાણી, વર્તન બદલાવી નાખ્યા. ક્યાંય કોઈ વિરોધ નહીં, બસ નિ:સ્વાર્થ પ્રેમ. આ રીતે આપણે પણ આપણા કાર્યમાં શુભ ભાવના, હકારાત્મકતા લાવીશું તો મુશ્કેલીઓમાંથી પણ માર્ગ મળશે.

દિવાળીના દિવસોમાં દિશા બદલીએ, હકારાત્મકતાનાં અજવાળાં પાથરીએ

વિશ્વવંદનીય સંત, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી નિઃસ્વાર્થ પ્રેમ આપવાના નવ બોધપાઠમાંથી જે ચાર આપણે શીખ્યા, તે છે : Love Others - બીજાને ચાહો જે અંતર્ગત: ૧. Understand others - બીજાને સમજો, ૨. Forgive others - બીજાને ક્ષમા આપો, ૩. Serve others - બીજાની સેવા કરો, Love Self - સ્વયંને ચાહો જે અંતર્ગત : ૪. Be Pure - પવિત્ર બનો અને પાંચમો બોધપાઠ છે, Be Positive - હકારાત્મક બનો.

આ દુનિયામાં કોઈ તમારું કાંઈ બગાડી શકે એમ નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયના પાંચમા શ્લોકમાં કહેવાયું છે કે **आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः।** જેનો ભાવાર્થ થાય છે કે તમે જ તમારા મિત્ર છો અને તમે જ તમારા શત્રુ છો.

જો તમારું મન હકારાત્મક હશે તો તમારું મન ક્યારેય પાછું પડશે નહીં. એક વાત તમે ખાસ યાદ રાખજો કે પ્રશંસા અથવા ગુણગાનમાં પણ તમે નકારાત્મકતા લાવશો નહીં.

આવો જ એક પ્રસંગ વર્ષ-૨૦૦૫નો દિલ્હી-અક્ષરધામના ઉદ્ઘાટનના સમયનો છે. તે સમયે ગુજરાતના જાણીતા પત્રકાર-તંત્રી, અજય ઉમટે એવી હેડલાઇન આપી હતી કે 'તાજને ટક્કર મારે એવું અક્ષરધામ'. આવી હેડલાઇન વાંચીને સામાન્ય લોકો તો રાજી થઈ જાય, પરંતુ બીજા દિવસે પ્રમુખસ્વામી મહારાજે તેમને કહ્યું કે, 'અજયભાઈ! આ તમારી હેડલાઇન જેવી અમારી સહેજ પણ ભાવના નથી. અમે કોઈપણ કામ, ક્યારેય કોઈને ટક્કર મારવાની ભાવનાથી કરતા જ નથી. સારું કામ કરવું એ જ અમારી ભાવના છે.'

એ જ રીતે બીજો પ્રસંગ અક્ષરધામ-દિલ્હીના ઉદ્‌ઘાટન પછીનો છે. જ્યારે વિશિષ્ટ મહાનુભાવો પણ આ અક્ષરધામની મુલાકાતે આવતા હતા. એ સમયે આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા, શ્રી શ્રી રવિશંકરજી પણ દિલ્હીનું અક્ષરધામ જોવા આવ્યા હતા. તેઓ આ અક્ષરધામને જોયા બાદ, પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં નમીને બોલ્યા કે, 'સ્વામીજી! અત્યાર સુધીમાં ભારતનાં જેટલાં મંદિરો નષ્ટ થયાં છે, તે સર્વેનો જવાબ આપે આ એક જ મંદિરનું નિર્માણ કરીને આપી દીધો છે.'

આ સાંભળીને પ્રમુખસ્વામી મહારાજ બમણા નમીને કહે છે 'યોગીજી મહારાજના સંકલ્પે આ અક્ષરધામનું નિર્માણ થયું છે. કોઈને જવાબ આપવા કંઈ કરતા જ નથી.'

આ બંને પ્રસંગો સૂચવે છે કે ગુણગાનમાં પણ નકારાત્મકતા પ્રમુખસ્વામી મહારાજને પોસાતી નથી.

જો તમારે જીવનને ઉન્નત બનાવવું હોય તો - 'Be Positive' (હકારાત્મક બનો). ઘરમાં પણ હકારાત્મક વલણ અપનાવો. શા માટે કોઈની નિંદા કરવી?

ઘણા એવું બોલતા હોય છે કે મારો દીકરો ડફોળ છે. હવે આમાં તો મેન્યુફેક્ચરિંગ ફોલ્ટ છે. તમે પરિવાર માટે ક્યારેય સમય ફાળવ્યો છે? ઘણા તો દીકરા-દીકરીના ઉછેર માટે પણ આઉટસોર્સિંગ અપનાવે છે. ભણાવે બીજા, જમાડે બીજા, રમાડે બીજા, સાચવે બીજા... complete babysitting!

અમે બધા સંતો એક વાર હિમાલયની યાત્રા કરીને પરત આવી રહ્યા હતા, માર્ગમાં જંગલ આવ્યું. તે સમયે કાર ઊભી રાખી ત્યારે ત્યાં વાંદરાઓનું ટોળું હતું. મેં કારની બારી થોડી ખોલી. એક વાંદરું આવ્યું તેણે એક હાથે, ધીરેથી મારો હાથ પકડ્યો અને બીજા હાથે મેં જે સિંગ રાખી હતી તે ખાધી અને પછી ચિચિયારી કરી. એટલે નાનાં બચ્ચાંઓ પણ આવ્યાં. એક બચ્ચું આવ્યું, તેણે મારો હાથ હળવેથી પકડી એક સિંગ ખાધી, બીજું બચ્ચું આવ્યું, તે પણ સિંગ લઈને ગયું, ત્રીજું પણ ગયું. ચોથું બચ્ચું આવ્યું તેણે એક વાર સિંગ લીધી અને પછી બીજીવાર સિંગ લેવા ગયું ત્યારે તે જે મોટો વાંદરો હતો તેણે તે બચ્ચાને થપાટ મારી. વાંદરા પણ પોતાના બચ્ચાને સંસ્કાર પોતે જાતે આપે છે. Outsourcing કરતા નથી.

આ ઘટના સ્પષ્ટ સૂચવે છે કે સંતાનના વ્યક્તિત્વનિર્માણની જવાબદારી મા-બાપની છે. આ દુનિયામાં નકારાત્મકતાથી કોઈ સુધરતું નથી. આપણને એમ હોય કે અમે હોશિયાર છીએ, urbanized છીએ, civilized છીએ, ભણેલા છીએ, ધનવાન છીએ, છતાં ક્યારેક કોઈ આદિવાસી પ્રજા આપણને જીવનના પાઠ શીખવી જાય છે.

હું આપને વાત કરી રહ્યો છું, સાઉથ આફ્રિકામાં નાના ગામડામાં રહેતી એક આદિવાસી પ્રજાની. તેમના ગામમાં એક પ્રથા છે. કોઈ ભૂલ કરે તેની સજા અનોખી છે. પછી તે કોઈ યુવાન હોય અને તેણે ચોરી કરી હોય અથવા માતા-પિતાની સામે થયો હોય. તેની સજા શું છે? ભૂલ કરનાર વ્યક્તિને એક થાંભલાની મધ્યે બાંધી દે. બે દિવસ અને બે રાત તેણે જમવાનું નહીં અને સૂવાનું નહીં. ગામના દરેક જણ વારા રાખે. એ યુવાનને થાંભલે બાંધ્યો હોય ત્યારે બધા તેને વારાફરતી કહે કે 'અરે! તું કેટલો ડાહ્યો છે. એકલા હાથે તે સિંહને માર્યો હતો. તેં એકલા હાથે તારા પિતાની સેવા કરી છે. આખા ગામમાં તારા જેવો કોઈ સંસ્કારી અને ડાહ્યો નથી. તું ધારે તો આપણા ગામનો નેતા બની શકે છે.' - એમ બે દિવસ અને બે રાત સતત તેનાં ગુણગાન ગાવા એ તેની સજા છે.

હકારાત્મક વલણથી માણસ સુધરે છે. આ પ્રથા છે, ઉબુન્ટુ - Ubuntu– જેનો અર્થ થાય human kindness - માનવકરુણા. જેના ઉપરથી ૨૦૦૪માં કમ્પ્યૂટરની નવી ઓપરેટિંગ સિસ્ટમ નીકળી છે - ઉબુન્ટુ; જે દરેક પ્લેટફોર્મમાં ચાલે - ફોન, સ્માર્ટફોન, ટેબ્લેટ, ફેબ્લેટ, કમ્પ્યૂટર અને ક્લાઉડ.

દુનિયામાં આપણે - દરેક સાથે હળીમળીને આ રીતે સર્વે સાથે કરુણાનું વર્તન કરીશું અને સ્વજન કે પરિવારજનની કોઈ ભૂલ થઈ હોય તો તેના ગુના માફ કરી ગુણો જ ગ્રહણ કરીશું તો સમાજ એક દિવસ સુધરશે.

કોઈ સંત કે હરિભક્તને પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય એવું નથી કહ્યું કે 'તું ભૂલભરેલો છે.' એક પ્રસંગ છે જ્યારે એક વ્યક્તિની ફરિયાદ લઈને હું પ્રમુખસ્વામી મહારાજ પાસે પહોંચ્યો હતો. જેમાં, પ્રમુખસ્વામી મહારાજની ભલામણથી તે વ્યક્તિ પરદેશ ફરવા ગઈ હતી અને હરિભક્તના ઘરમાં રોકાઈ હતી. જે ઘરમાં તેઓ રોકાયા હતા ત્યાં તેનું વર્તન ઠીક નહોતું. તે ઘરના લોકોએ પણ મને કહ્યું. આ વ્યક્તિ જ્યાં નોકરી કરતી હતી ત્યાં પણ તપાસ કરી તો ખબર પડી કે તેનું જીવન અને વર્તન ઠીક નથી.

મેં પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે 'સ્વામીશ્રી! જે ભાઈની આપે ભલામણ કરી છે, તેનું વર્તન ઠીક નથી. માટે તેનું શું કરીશું?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તરત જ કહ્યું કે, 'બ્રહ્મવિહારી! આખું બ્રહ્માંડ ભૂલથી ભરેલું છે, છતાંય આપણે એમ માનવું કે બધાય સારા છે, એમ સમજીને સેવા કરવી.' આ પ્રમુખસ્વામી મહારાજનો સિદ્ધાંત છે અને આ સિદ્ધાંત આપણે દિવાળીના નવા વર્ષે પણ આપણા જીવનમાં ઉતારીએ તો હકારાત્મકતાનાં અજવાળાં પથરાશે.

સકારાત્મક વ્યક્તિને મુશ્કેલીનો મહાસાગર પણ ભીંજવી શકતો નથી

When you have a question, first ask yourself. (જ્યારે તમને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે સૌપ્રથમ સ્વયંને જ પૂછો.) કેટલાક અમને કહે છે કે 'સ્વામી! પ્રશ્ન અમારો હોય તો અમને જવાબ કેવી રીતે મળે? અમારા જ પ્રશ્નના જવાબ અમને કંઈ મળતા હોય!?' આ સ્થિતિમાં એક વાત ચોક્કસ યાદ રાખજો કે 'ભગવાન અને સંતમાં વિશ્વાસ રાખજો. જો તમારો પ્રશ્ન પ્રામાણિક હશે, તમે બહુ પ્રેમ અને સત્યતાથી પ્રશ્ન પૂછતા હશો તો ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજ તમારા અંતરાત્મામાં બિરાજમાન થઈ તમને મુશ્કેલીમાંથી બહાર નીકળવાની કોઈ નવી દિશા સુઝાડશે.'

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણે એ જ શીખવાનું છે કે 'બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના સુખમાં આપણું સુખ છે અને બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે.'

આપણે કહીએ છીએ કે બીજાને પ્રેમ કરો, પરંતુ સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ પ્રેમ આપવા માટે ટેવાયેલી નથી. પ્રેમ કરવો એટલે શું? કોઈને પત્ર લખવા, ભેટવું, જ્યાં જાય ત્યાં ફરવું - આ તો બધી physical રીત છે. ઉદાહરણ તરીકે એક બહેન મોટી ઉંમરે માતા બન્યા અને સંતાનમાં પુત્ર થયો. એ મોટી વયે માતા બનેલાં બહેન પોતાના એકના એક દીકરાને વહાલ દ્વારા એટલાં બધાં ચુંબન કરતાં કે તેના પુત્રને ગૂંગળામણ અનુભવાય. અંગ્રેજીમાં એવું કહેવાય છે કે She suffocated him by kisses. આ પ્રેમનો અતિરેક છે. જ્યાં સુધી તમે સ્વયંને સાચો અને સ્પષ્ટ પ્રેમ આપી શકતા નથી ત્યાં સુધી તમે બીજાને સાચો પ્રેમ આપી શકતા નથી.

એક વાર એક વ્યક્તિ ડૉક્ટર પાસે જાય છે. તે ફરિયાદ કરે છે કે મારું આખું શરીર દુઃખે છે. શરીરમાં જ્યાં અડું ત્યાં દુઃખે છે. ડૉક્ટર કહે કે આવો રોગ તો મેં ક્યારેય સાંભળ્યો નથી. તે દર્દી પોતાના શરીરનાં હાથ, નાક, કાન, છાતી, ઘૂંટણ, એડી બધે આંગળી મૂકે ત્યાં તે દુઃખની બૂમાબૂમ કરે. તેનું આખું શરીર નખ-શિખ દુઃખે. ડૉક્ટરે બધું કર્યું, દવા આપી. પછી તેનું 'body scan' પણ કર્યું. પછી તેમને ખબર પડી કે આ દર્દીના આખા દેહમાં કોઈ જ પ્રશ્ન નહોતો, ફક્ત આંગળીમાં જ ફ્રેક્ચર હતું. માટે આ વ્યક્તિ શરીરમાં જ્યાં પણ અડે ત્યાં તેને દુઃખે. ઘણા માણસો પણ આવા હોય છે એટલે કે ઘણાની આંગળી જ ફ્રેક્ચરવાળી હોય તો તેને લાગે કે બધે જ દુઃખ છે.

આ સ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજ આપણને શીખવે છે કે 'પહેલા કહેતા કે પોતાના આત્માને સ્વસ્થ કરો. પછી જ સ્વસ્થતાનો અનુભવ થશે. આત્મગૌરવ રાખો પણ અભિમાન નહીં.' એટલે કે સત્સંગી હોવાનું સ્વાભિમાન, સાધુ હોવાનું સ્વાભિમાન. માતા હોવાનું સ્વાભિમાન, પિતા હોવાનું સ્વાભિમાન, ભારતીય હોવાનું સ્વાભિમાન, અભિમાન ક્યારેય નહીં. આ સ્વાભિમાનથી બીજાને બળતરા ન થાય, ટાઢક થાય એવું સ્વાભિમાન. તેમાં ફરજની ફોરમ હોય છે, મોટાપણાનો અહંકાર નહીં.

જીવનમાં આપણે જ્યારે mirror - અરીસામાં જોઈએ ત્યારે ચહેરા ઉપર એક ડાઘ પડે કે મુખમાંથી એક દાંત પડે તોપણ આપણે તેને સુધારવામાં અને સારવારમાં પડી જઈએ છીએ. એ જ રીતે ચારિત્ર ઉપર ડાઘ પડે તો તરત તેને સાફ કરી નાખજો. જીવનમાં ક્યારેય મનની અંદર એક નકારાત્મક વિચાર પણ ન આવે તે રીતે જીવન જીવવાનું છે.

જો એક નકારાત્મક વિચાર આવે તો તે પણ તમારું સમગ્ર જીવન છિન્ન-ભિન્ન કરી નાખે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે એક વાર જેને આપઘાતનો વિચાર આવે તેને સમયાંતરે આપઘાતના વિચારો આવ્યા જ કરતા હોય છે. માટે પહેલા વિચારથી જ આપણે પોઝિટિવ પગલાં લઈ નકારાત્મકતાનો નાશ કરવો જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજ જેવી વિશ્વવંદ્ય વિભૂતિઓએ દુનિયાનું હમેશાં સકારાત્મક ચિત્ર રજૂ કર્યું છે. ગમે તેટલાં દુઃખો વચ્ચે પણ હસતા રહી સમાજને સુખી કર્યો છે. જ્યારે કોઈપણ હરિભક્તને વાદળ જેટલાં દુઃખ આવ્યાં હોય ત્યારેય પ્રમુખસ્વામીએ મોળી વાત નથી કરી. તેઓ તો જીવનમાં હકારાત્મક રહેવાનું જ આપણને શીખવે છે.

કોઈ પૂછે કે ચારેબાજુથી મોંઘવારી ઘેરી વળે તો કઈ રીતે સકારાત્મક રહેવું?

જેમ ચારેબાજુથી વરસાદ ત્રાટકે ત્યારે તેનાથી બચવાનો ઉપાય શું છે ? હકારાત્મકતા. વરસાદ પડે ત્યારે તેનાથી બચવાનો ઉપાય છે છત્રી. તમે છત્રી રાખો તો વરસાદનું એક ટીપું પણ તમને સ્પર્શ કરી શકશે નહીં. તે રીતે દુનિયામાં મોંઘવારી સર્જાય ત્યારે જીવનની રહેણી-કરણી બદલવી પડે. તમારું જીવન બદલો છો એટલે મોંઘવારી નડતી નથી. Change your life. (તમારું જીવન બદલો). ભગવાન અને સંતના આશીર્વાદથી મુશ્કેલીનો મહાસાગર પણ આપણને ભીંજવી શકશે નહીં.

આવી જ હકારાત્મકતાનો એક પ્રસંગ છે. એક નાનો બાળક હતો. તે દરિયાકિનારે ઊભો રહીને દરરોજ પોતાના વડીલોને સમુદ્રમાં જતાં જોતો. તેઓ એક જહાજમાં બેસીને મધદરિયે જતા. તે બાળક પણ હકારાત્મકતાના જોરે કહેતો કે 'હું પણ એક દિવસ જહાજમાં જઈશ, દરિયાની વચ્ચે જઈશ. પછી દુનિયાને પોકારી-પોકારીને કહીશ કે 'I have conquered the ocean.' (મેં દરિયા ઉપર જીત મેળવી લીધી છે.)' કેટલી સકારાત્મકતા હતી. એ બાળક હતો છતાં વડીલોની સમકક્ષ ઊભા રહેવાની પણ હિંમત હતી.

એક દિવસ તે દરિયાકિનારે રહેલા નાના જહાજમાં એકલો બેઠો. દરિયાકિનારે તો મોજાં નાનાં હોય, માછલી પણ નાની હોય. પવન પણ મંદ-મંદ હોય પણ જેમ-જેમ તે દરિયાની અંદર જતો ગયો તેમ-તેમ મોટાં-મોટાં મોજાં પણ ઊછળવાં લાગ્યાં, માછલીઓ પણ મોટી થતી ગઈ અને જ્યારે દરિયાની મધ્યે પહોંચ્યો ત્યારે પવનના સુસવાટા પણ વધી ગયા. છતાં તે બાળક પોતાનો સંકલ્પ ભૂલ્યો નહોતો કે 'હું દરિયાની મધ્યે પહોંચીશ ત્યારે દુનિયાને પોકારી-પોકારીને કહીશ કે મેં આખા દરિયા ઉપર જીત મેળવી' હવે ભગવાનનું કરવું એવું કે તે સમયે તેનું જહાજ ડૂબ્યું. જહાજ દરિયાની તળેટીએ પહોંચ્યું. એ સમયે મરતાં-મરતાં પણ બાળક કહેતો હતો કે 'મેં દરિયા ઉપર જીત મેળવી છે કેમ કે આટલો મોટો દરિયો એક નાના બાળકને છાતી ઉપર રાખી શક્યો નહીં અને હું નાનો બાળક મારી છાતી ઉપર આખો દરિયો રાખી શકું છું.' આ છે, સકારાત્મકતા.

જો તમને ક્યારેક શૂળી ઉપર ચડાવવામાં આવતા હોય અને ત્યારે ખુદ ભગવાન સામે ઊભાં ઊભાં જોતા હોય. આ સ્થિતિમાં તમને ખબર પડે કે ભગવાન પણ ઊભા છે છતાં મને કેમ બચાવતા નથી ? પરંતુ ત્યારે તમને વિશ્વાસ હોવો જોઈએ કે ભગવાન જે કરે છે, તે સાચું છે.

ભગવાન તમને કંઈક દુઃખ મોકલે છે તેમાં પણ કંઈક હિત સમાયેલું છે. ભગવાન દુશ્મનને પણ નફરત નથી કરતા તો પછી તેના ભક્તને તો કેવી રીતે ધિક્કારે ? ભગવાનનું મન ઉદાર છે એટલે તો તેઓ ભગવાન છે. આવી

સકારાત્મકતા તમારી અંદર હોવી જોઈએ.

આપણે પણ પ્રમુખસ્વામી મહારાજ જેવી દુનિયાને હકારાત્મકતા સાથે જોવાની સ્થિતિ અપનાવવાની છે. જીવનમાં કોઈપણ પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે તમે વિશ્વાસ રાખી, શુદ્ધભાવથી ભગવાનને અથવા પ્રમુખસ્વામી મહારાજને યાદ કરશો તો તેઓ પણ તમારા અંતરાત્મામાં બિરાજમાન થઈને તમને ચોક્કસ નવી દિશા ચીંધશે.

સ્વયંને જોવા આંખો ખોલવાની નહીં, આંખો બંધ કરી અંતર્દૃષ્ટિ કરવાની જરૂર છે...

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી એ જ બોધપાઠ શીખવાનો છે કે - 'If you love yourself, then know yourself.'(જો તમે સ્વયંને ચાહતા હો, તો સ્વયંને જાણો.) જેને જે વ્યક્તિ ગમે, તે વ્યક્તિ વિશે તે કંઈક જાણવાનો પ્રયત્ન કરે છે, એ જ રીતે જેને જે વિષય ગમે, તે વિષયમાં તે રસ દાખવી, ઊંડો ઊતરી કંઈક જાણવાનો પ્રયત્ન કરે છે. એવી જ રીતે જો તમે તમારી જાતને ચાહતા હો તો જાતને જાણવા માટે થોડા ઊંડા ઊતરો.

લોકો કહેતા હોય છે કે 'We love ourselves.'(અમે સ્વયંને ચાહીએ છીએ) પણ વાસ્તવમાં કોઈને પોતાના માટે સમય હોતો નથી. આ દુનિયાની અંદર નાના-મોટા એવા અસંખ્ય માણસો છે કે જેમાં તેમને રસ હોય છે, તેની અંદર ઊંડા ઊતરી જાય છે. મેં એક સંશોધન અંગે વાચ્યું હતું. એક સંશોધક ૩૦ વર્ષથી કીડીનો અભ્યાસ કરતા હતા. કીડીઓ જોયા જ કરે, કીડીઓ જ્યાં ફરે ત્યાં ફર્યા કરે. ૩૦ વર્ષ સુધી કીડીનો અભ્યાસ કર્યો. આ સંશોધનકારે ૨,૦૦૦ પ્રકારની કીડીઓ પોતાની નજર સમક્ષ જોઈ અને તેનું વિગતવાર વિશ્લેષણ કર્યું.

બ્રિટનની એક વ્યક્તિ જેનું નામ છે, ટોમ ગલિક. નેવલ ઑફિસર તરીકે નિવૃત્ત થયા બાદ ૪૧ વર્ષની વયે તેમને પક્ષીઓના સંશોધનમાં રસ પડ્યો. પછીનાં ૪૦ વર્ષમાં તો તેઓ દુનિયાના શ્રેષ્ઠ Birdwatcher બની ગયા અને દુનિયાની એકમાત્ર એવી વ્યક્તિ બન્યા કે જેમણે ૯,૦૦૦ પક્ષીઓ પોતાની નજરે નિહાળ્યા હોય. જેને જેના પ્રત્યે પ્રેમ જાગે, તેને તે જાણવા પ્રયત્ન કરે છે.

તેથી જ સ્વપ્રેમ એટલે સ્વને જાણવું. જો તમે તમારી જાતને જાણશો તો તમને ખ્યાલ આવશે કે 'તમે જે ધારો છો એ તમે નથી તથા બીજા તમારા વિશે જે

અનુમાન કરે છે, તેવા પણ તમે નથી.' જેમ જેમ આપણી દુનિયા સભ્યતાપૂર્ણ થતી ગઈ, તેમ તેમ વ્યક્તિ છુપાવતાં વધુ શીખ્યો છે. જેમ કે તમને દિવસમાં જેટલા વિચાર આવે છે, તે તમે બીજા સમક્ષ રજૂ કરી દો છો? ના. ઉદાહરણ તરીકે તમે કોઈને ઘરે જમવા ગયા હો ત્યારે તમને લાગે કે ભોજન સારું બન્યું નથી તો તમે બોલો છો કે આ ખરાબ છે? ન બોલાય. ભૂખ્યા રહેવાનો વારો આવે. ભલે વિવેક રાખી આપણે બીજાની આગળ ઉઘાડા પડતા નથી, પણ હકીકતમાં આપણે સ્વયં કેવા છીએ તે અંદર ખાને આપણે જાણીએ છીએ. છતાં સ્વયંને સંપૂર્ણ જાણવા માટે શિસ્ત, સંયમ, સમર્પણ અને સત્પુરુષની કૃપાની જરૂર પડે છે.

ગઢડા પ્રકરણના ૨૦મા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સ્પષ્ટ કહ્યું છે કે 'જે રૂપને જુએ છે, કુરૂપને જુએ છે, સારું જુએ છે, નરસું જુએ છે. આ દુનિયાની અંદર યુવાની, વૃદ્ધાવસ્થા અને બાળપણ જુએ છે. આ સંસારની અંદર એ તમામ વસ્તુઓ જુએ છે, જે બીજાનું જુએ છે, પણ જે પોતે-પોતાને જોતો નથી એ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, નીચમાં અતિશય નીચ, ઘેલામાં અતિશય ઘેલો અને મૂર્ખમાં અતિશય મૂર્ખ છે.'

આપણને વિચાર આવશે કે આટલી બધી ઉપમા ભગવાને આપી દીધી?, ત્યારે એ જ કહેવાનું કે 'Ask yourself.' (સ્વયંને પૂછો). જે માનવ એમ માની બેઠા હોય કે 'હું દેહ છું અને હું આત્મા નથી અને મારે આત્માની સાથે કોઈ લેવાદેવા નથી' - તેને આધ્યાત્મિક દૃષ્ટિએ મૂર્ખ કહેવામાં આવ્યા છે.

ક્યારેક કોઈ વ્યક્તિને એવો પ્રશ્ન કરવામાં આવે કે 'તમે કોણ છો?' તો તે કહેશે કે 'ડૉક્ટર છું.' પછી પૂછવામાં આવે કે 'તમે ક્યાં કામ કરો છો?', તે કહેશે કે 'સિવિલ હૉસ્પિટલમાં કામ કરું છું.' પછી નવો પ્રશ્ન કરવામાં આવે કે 'તમારી ઉંમર કેટલી થઈ?' તો તે કહેશે કે 'બાવન વર્ષ થયાં.' પછી તેને પૂછવામાં આવે કે 'તમે ક્યાં રહો છો?' તો તે કહેશે કે 'નવરંગપુરામાં રહું છું.' અંતે તે જ વ્યક્તિને પૂછવામાં આવે કે 'તમારું નામ શું છે?' ત્યારે તે વ્યક્તિ માથું ખંજવાળી, અવઢવમાં પડી એવું કહે કે 'એ તો મને ખબર જ નથી.' તો સ્થિતિ શું સર્જાય? પૂછનાર વ્યક્તિને લાગે કે આ પોતાના વિશે આટલું બધું જાણે છે છતાં તેને તેનું નામ જ ખબર નથી તો એ મહામૂર્ખ લાગે છે. એમ આપણે આપણા ભૌતિક સ્વરૂપ અને શરીરના જાણકાર છીએ, પણ અસલી આધ્યાત્મિક સ્વરૂપ - આત્મા વિશે કશું જ જાણતા નથી તે મૂર્ખામી છે.

એક વાર સોક્રેટિસ ભરબપોરે ફાનસ લઈને નીકળ્યા. સૌને આશ્ચર્ય થયું કે આટલા મોટા તત્ત્વચિંતક, વિદ્વાન અને વિચારવાન પુરુષ દિવસે ફાનસ લઈને કેમ

નીકળ્યા ? લોકોએ સોક્રેટિસને પૂછ્યું કે 'તમે બપોરના સમયે ફાનસ લઈને શા માટે નીકળ્યા ?' ત્યારે સોક્રેટિસે જવાબ આપ્યો કે 'હું માનવ શોધવા ફરી રહ્યો છું. દરેકને પૂછું છું કે તમે કોણ છો ? ત્યારે મને ઘણા ડૉક્ટર મળ્યા, એન્જિનિયર મળ્યા, ચિત્રકાર મળ્યા, ચિંતક મળ્યા, પરંતુ અત્યાર સુધી 'હું માનવ છું' એવું કહેનાર એકપણ વ્યક્તિ મળી નથી.' શાસ્ત્રો કહે છે કે 'આપણે મૂળભૂત આત્મા છીએ.' તો 'આત્મા એટલે શું ?' આત્મા એટલે પરમાત્માના દાસ. એક વાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જ્યારે પોતાની ઓળખ સાહજિક રીતે આપી અને કહ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજ એટલે ભગવાનના ભક્ત, યોગીજી મહારાજના શિષ્ય અને ભગવાન સ્વામિનારાયણના સાધુ.' સ્વયં આત્મારૂપ થઈ, પરમાત્માની ભક્તિ કરવી એ પ્રમુખસ્વામી મહારાજનો સિદ્ધાંત છે. પોતે સાક્ષાત્ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ હતા, માટે તેમને સતત ત્રણેય અવસ્થામાં અનુસંધાન હતું કે અક્ષરબ્રહ્મ એટલે ભગવાન સ્વામિનારાયણના દાસ, ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે જ્યારે આપણને આત્મભાવ અને ભગવાન સાથે એકાત્મભાવ પમાય છે ત્યારે કામ-ક્રોધ-લોભ સાહજિક રીતે ટળી જાય છે.

આત્મા કહેતાં સ્વયંને જાણવા માટે સ્વયંને ચાહવું પડે - તે માટે ત્રણ ગુણ જરૂરી છે. જે છે; Be Pure - પવિત્ર બનો, Be Positive - હકારાત્મક બનો. Be Humble - નમ્ર બનો. જો આ ત્રણ ગુણ આપણા જીવનમાં હશે તો આપણે આપણી જાતને સાચી રીતે ચાહી શકીશું, જાણી શકીશું. સ્વયંને જાણવા ફાનસ લઈ જગતમાં ફરવાની જરૂર નથી, આંખો બંધ કરી અંતર્દૃષ્ટિ કરવાની જરૂર છે.

દેખાવ અને દંભથી આપણે મોટા નહીં, પણ નાના બની જતા હોઈએ છીએ

જ્યાં સુધી આપણે નમ્ર નથી બની શકતા ત્યાં સુધી આપણે આપણી જાતને સાચી રીતે ચાહી શકતા નથી. ક્યારેક માનવ પોતાના કેફમાં પોતાની જાતને શું નો શું માની બેસે છે. ક્યારેક આ સ્થિતિ ઉપહાસયુક્ત પણ બને છે.

પ્રમુખસ્વામી મહારાજની પવિત્રતા અને નમ્રતા આગળ તો આપણે વામણા લાગીએ. છતાં ક્યારેક કોઈ અહમ્‌થી વાત કરે તોપણ તે ચલાવી લે છે, એ જ તેમની મહાનતા છે. ભૂલ આપણી હોય તોપણ આપણે સત્પુરુષને જઈને શું કહીએ કે સ્વામી! પેલાએ કીધું એટલે આમ કર્યું. એવી પણ ઘટના બની છે કે સંતો પાસે દારૂ પીધેલી હાલતમાં લોકો આવે અને કહે કે ‘સ્વામી! લોકો અમને પિવડાવે છે.’ આવા લોકોને કહેવાનું કે ‘અરે તમને ક્યાં કોઈ બળજબરી કરે છે?’ તેમજ અહંકાર પણ એક નશો છે. અહંકારમાં તરબતર થઈ વ્યક્તિ ભાન ભૂલી ભ્રમિત થઈ જાય છે.

ક્યારેક અહંકાર, દંભ-બનાવટમાં માણસ કેવી મૂર્ખામી કરે છે અને તે સમયે આપણા સદ્‌ગુરુ સંતો કેટલા પવિત્ર, હકારાત્મક, વિનમ્ર અને ઉદાર બની રહે છે, તેની એક સત્ય ઘટના છે, વર્ષ-૧૯૮૬ની. ગાંધીનગર-અક્ષરધામ માટે વિશ્વના દેશોમાં સારા-સારા પ્રદર્શન-આર્કિટેક્ચર, વિવિધ સંસ્કૃતિનો અભ્યાસ કરવાનો હતો. અમેરિકાથી અમારે મેક્સિકો જવાનું હતું, તે સમયે સદ્‌ગુરુ સંતોની સાથે અમે છ સંતો અને મદદનીશ સ્વયંસેવકો પણ હતા.

તે સમયે મેક્સિકોમાં આપણા કોઈ હરિભક્ત નહોતા. ત્યારે અમને કહેવામાં આવ્યું કે ટેક્સાસના એક ભારતીય ભાઈ એવા છે, જેઓ મેક્સિકોની સ્પેનિશ ભાષા જાણે છે, તે તમને યાત્રામાં મદદ કરશે.

અમે ટેક્સાસ પહોંચ્યા ત્યારે એ મેક્સિકોની સ્થાનિક ભાષા જાણતા ભાઈ

સૂટ-બૂટમાં સજ્જ થઈને અમને રિસીવ કરવા આવ્યા. આવીને તરત જ કહે કે 'તમે બધા ભારતથી આવો છો, પણ ભારતની રીત અહીં નહીં ચાલે એટલે હું કહું તે જ તમારે કરવાનું અને હું બોલતો હોઉં ત્યારે તમારે વચ્ચે બોલવાનું પણ નહીં.'

પછી 'તે ભાઈ' સાથે અમારો જે પ્રસંગ બન્યો તે આ મુજબ છે : તે ભાઈએ પૂછ્યું કે 'તમારે કયા દેશમાં જવું છે?' અમે કહ્યું કે 'મેક્સિકો.' પછી તરત જ તેમણે અમને કહ્યું કે 'તમારે જે દેશમાં જવું હોય ત્યાં મારી ઓળખાણ છે.' હવે અમે આવો જવાબ સાંભળીને કહ્યું કે 'અમારે બ્રાઝિલ પણ જવું છે.' તરત જ તેમણે કહ્યું કે 'હું ત્યાંના પ્રેસિડેન્ટને પણ ઓળખું છું.' હજુ તો તે વ્યક્તિમાં વિશ્વાસ રાખવાનો પ્રયત્ન કરીએ ત્યાં શંકા શરૂ થાય. તે ભાઈ અમને કહે કે 'મેક્સિકો જઈને તમારે ત્યાંના પ્રેસિડેન્ટને મળવું છે?' અમે કહ્યું કે 'અમારે તો ત્યાં જઈને પ્રદર્શન જોવાં છે.' તે ભાઈ કહે કે 'હું તો ત્યાંના પ્રેસિડેન્ટને પણ ઓળખું છું. તમારે કેટલા પ્રદર્શનવાળાને મળવું છે?' પછી અમે કહ્યું કે 'અમારે તો એક-બે જ પ્રદર્શન જોવા છે અને તેના જે ડાઈરેક્ટર હોય, આર્કિટેક્ટ હોય તે બધાને મળવું છે.' તે ભાઈ કહે કે 'એ લોકો તો મને જોતાં જ ઊભા થઈ જશે.' હવે આ ભાઈનું આવું વચન સાંભળીને તરત જ અમે સદ્ગુરુ સંતોની પાસે જઈને કહ્યું કે 'આ માણસ શંકાસ્પદ લાગે છે.' સદ્ગુરુ સંતો કહે કે 'આવા સુશિક્ષિત ભાઈ શંકાસ્પદ કેવી રીતે હોય?' અમે કહ્યું કે 'સ્વામી! સંપૂર્ણ હોય.'

સદ્ગુરુ સંતોએ કહ્યું કે 'તમે બધા જુવાનિયા છો, તમે બધા શાંતિ રાખો. આ બિચારા કેટલા પદ્ધતિસર છે, તેમનાં કપડાં જુઓ, તેમની વાણી સાંભળો.' મેં કહ્યું કે 'સ્વામી! વાણી તો બરાબર છે, પણ વર્તણૂક-વ્યક્તિત્વનું શું?' આપણા સદ્ગુરુ સંતો પણ ઉદાર. તેઓ કહે કે, આપણી જોડે જે આવે છે, તેને બરાબર સાચવી લેજો. તેને ટાણે-ટાણે જમાડી લેજો. હવે તેને સાચવવાનો વારો અમારે શિરે જ આવ્યો.

હવે સંયોગ પણ એવો થયો કે પ્લેનમાં પણ તે ભાઈની બાજુમાં બેસવાનો વારો આવ્યો. બાજુમાં બેસીને અમને કહે કે 'હું જ્યારે કોઈની સાથે વાત કરું ત્યારે તમે વચ્ચે બોલતા નહીં. તમારા ઇંગ્લિશનું ઠેકાણું પણ ન હોય. અમે કહ્યું કે 'ઓકે.' તે ભાઈએ અમારી ઠેકડી ઉડાડી અને કહ્યું, તમારે અંગ્રેજીમાં બોલવું નહીં, ફક્ત ગુજરાતીમાં જ બોલજો.

પછી પ્લેન જ્યારે ટેક ઓફ થયું ત્યારે વાતચીત શરૂ થઈ. તે ભાઈ કહે કે 'સ્વામી! હું જિંદગીમાં પહેલીવાર પેસેન્જર પ્લેનમાં બેઠો. હું તો પ્રાઈવેટ પ્લેનમાં જ ફરું છું.' આટલું બોલ્યા પછી તે ભાઈ ઊભા થઈને જોવા લાગ્યા અને કહે કે 'સ્વામી! તમે બધા છો એટલે ઈકોનોમીમાં બેઠો છું. આજે જ ઈકોનોમી ક્લાસનાં

દર્શન કરું છું.' પ્લેનમાં તે ભાઈની આવી વાતો સાંભળીને અમને ઊભરા આવવા લાગ્યા, પણ પ્રેમના નહીં! ભગવાનનું કરવું તે થયું પણ એવું કે મેક્સિકોની સ્થાનિક ભાષા તે ભાઈને જ આવડતી હતી. એટલે અમે કંઈ બોલ્યા નહીં અને સંયમ જાળવી રાખ્યો.

પછી તે ભાઈને પ્રશ્ન પૂછવાનો વારો અમારો હતો. અમે પૂછ્યું કે 'તમે આમ ચાર્ટર પ્લેનમાં જ ફરો?' તે ભાઈ કહે કે 'આપણી ઓળખાણ છે એટલે તેમાં જ ફરીએ છીએ.' પછી તે ભાઈ જે બોલ્યા તે સાંભળીને તમને વધુ હસવું આવે તેવું હતું. તે કહે કે 'હમણાં ઈન્દિરા ગાંધી જ્યારે ૧૯૮૩માં (વાસ્તવિક વર્ષ છે, ૧૯૮૪) ગુજરી ગયાં ત્યારે અમેરિકાના પ્રેસિડેન્ટના પ્લેનમાં જ આવ્યો હતો.' અમે કહ્યું કે 'અમેરિકાના પ્રેસિડેન્ટ રેગન?' એટલે તેમણે 'હા' પાડી. પછી અમે કહ્યું કે 'ના, તે વખતે તો પ્રેસિડેન્ટ રેગને વાઈસ પ્રેસિડેન્ટ જ્યોર્જ બુશને મોકલ્યા હતા.' તો તે ભાઈ કહે કે 'હા, હું બુશની સાથે જ આવ્યો હતો.' અમે કહ્યું કે એ તમને કેવી રીતે ઓળખે?' એટલે કહે કે 'ધ ઈન્ડિયન તરીકે!' પછી અમે કહ્યું કે 'બુશ તો આર્મી પ્લેનમાં આવ્યા હતા. અને આર્મી પ્લેનમાં સિવિલિયનને બેસવા દે નહીં.' તો તે ભાઈ કોઈ વાતે પાછા પડે એમ હતા નહીં. તે કહે કે 'હું પાછળનાં પ્લેનમાં આવ્યો હતો, જે આર્મી પ્લેનની પાછળ હોય છે, તે જ પ્લેનમાં.' આગળ ઉપર તેઓ યુગાન્ડાના સરમુખત્યાર ઈદી અમીનના અંગત મિત્ર હતા અને છે તેવી વાતો ચલાવી અને દુનિયા માત્ર તેને ઓળખે છે તેવા બણગાં ફૂંક્યાં. આટલેથી અમારી શ્રદ્ધાની, ધીરજની કસોટી પૂરી નહોતી થઈ, એરપોર્ટ ઉપર ઊતર્યા ત્યારે પોતાની બેગો પણ અમારી પાસે ઉપડાવી. પોતે ખાલી હાથે ચાલ્યા. એરપોર્ટથી લઈને જે સ્થળે રોકાવાનું હતું ત્યાં સુધી જે મળે તેને તે ભાઈ 'ટીપ' આપ્યા કરે. અમને થાય કે 'મંદિરના પૈસાને એલફેલ વેડફી નાખે છે.' અમે તેને કંઈ પૂછવા જઈએ તો અમને કહે કે 'તમે ગામડાના છો, ધીરજ રાખો.'

હવે અમારાથી રહેવાયું નહીં એટલે અમે ફરી વાર સદ્‌ગુરુ સંતોને મળવા ગયા. સદ્‌ગુરુ સંતો કહે કે 'તે ભાઈ ખાનદાન લાગે છે. આજે સવારે જ તે ભાઈ અમારી પૂજામાં આવ્યા અને કહે કે 'સ્વામી! આજે મારી ટાઇ ખોવાઇ છે, એટલે મેં આખો સૂટ કચરાપેટીમાં જવા દીધો. મોજા ખોવાય તો બૂટ નાંખી દે અને બંડી ખોવાય તો શર્ટ નાંખી દે.'

હવે અમારી ધીરજ ખૂટી રહી હતી. એટલામાં તો એક સ્વયંસેવકે પેલા ભાઈને પારો ચડાવ્યો કે અમારા સંતોમાં એક સ્વામી ગામડાના છે. તેમને પરદેશની રીતભાતમાં કાંઈ જ ખબર નથી. તરત જ તે ભાઈએ અહીં ભોજન કેવી રીતે લેવું,

ટોઈલેટનો ઉપયોગ કેવી રીતે કરવો - તેનું પણ નિદર્શન કર્યું.

આ સ્થિતિમાં અમારે ખૂબ ધીરજ રાખવી પડી અને આવા સમયે લાગે કે આપણા સદ્ગુરુ સંતો કેટલા ઉદાર છે અને બધાને કેટલો ચાન્સ આપે છે? કોઈ આપણને કહે કે વાણીથી સંયમ રાખો, કોઈને કંઈ કહેવાનું નહીં, પરંતુ હવે તો માત્ર વાણી જ નહીં, બુદ્ધિ પણ બંધ કરવાનો વારો આવ્યો હતો.

પાછા અમે સદ્ગુરુ સંતો પાસે પહોંચ્યા ત્યારે તેઓએ કહ્યું કે 'એ ભાઈ ૨૨ ભાષા જાણે છે. આજે જ તેઓ અમને કહી ગયા કે તેઓ સ્પેનિશ, ફ્રેન્ચ, ચાઈનીઝ, વિયેતનામીઝ, રશિયન, પોર્ટુગીઝ, જર્મન, ઈટાલિયન વગેરેમાં નિષ્ણાત છે.' આ સાંભળીને અમે તો આશ્ચર્યમાં પડી ગયા. જેનું ઈંગ્લિશ પણ બરાબર નહોતું તો અનેક ભાષાનો પ્રશ્ન જ ક્યાં હતો? હવે તે સમયે એ ભાઈને અમે પૂછ્યું કે 'તમે ફ્રેન્ચ ભાષામાં આપનું નામ બોલોને?' તે ભાઈએ ગરબડગોટા વાળ્યા. અગડમ-બગડમ ભાષામાં તેમનું નામ બોલ્યા. અમારી સાથે એક સંતને ફ્રેન્ચ ભાષા આવડતી હતી. તેથી તેઓ સાચી ભાષામાં બોલ્યા કે 'ફ્રેન્ચમાં તો આવી રીતે બોલાય છે.' પછી ફ્રેન્ચ ભાષા જાણનાર સંતે નામ બોલીને બતાવ્યું.

એટલે એ ભાઈએ ક્ષણમાત્રનો વિચાર કે વિલંબ કર્યા વગર તરત જ પ્રત્યુત્તર આપ્યો કે 'તમે જે બોલ્યા એ ગામઠી ફ્રેન્ચ અને હું બોલ્યો એ ડિપ્લોમેટિક ફ્રેન્ચ.' આ ભાઈ કોઈ દલીલમાં પકડાય એવા માણસ જ નહોતા. ખરી ઘટના હવે બને છે. તે ભાઈએ પૂછ્યું કે 'તમે ફ્રેન્ચ ક્યાં શીખ્યા?' એક સ્વયંસેવકે કહ્યું કે 'લીંબડીમાં.' તો એ ભાઈએ પૂછ્યું કે 'લીંબડીમાં ક્યાં?' હવે તો વાતાવરણ એવું સર્જાયું કે સ્વયંસેવકે કહ્યું કે 'લીંબડીમાં પેલો મુખ્ય ચોરો નથી?' તો એ ભાઈ તરત જ કહે કે 'પેલું બદામનું ઝાડ છે એ જ જગ્યાએ ને?' પછી કહ્યું કે 'ત્યાં સાઈકલવાળાની દુકાનની પાછળ શિક્ષક રહે છે. તેમની પાસેથી શીખ્યા.'

હવે તમે જ વિચાર કરો કે સદ્ગુરુ સંતોએ તે ભાઈને ઉદારતાથી સાચું બોલવાનો ચાન્સ આપ્યો કે કોઈ વ્યક્તિની ઈજ્જત ન જાય. તોપણ તે તેમના કેફમાં અને કલ્પિત દુનિયામાં ભમતા રહ્યા. ખરેખરી બાબત તો એ જાણવા મળી કે તેઓ પોતે એક નિષ્ણાત અને નામાંકિત ડૉક્ટર છે તેવું કહી સદ્ગુરુ સંતોને ક્લિનિકમાં પધરામણી કરવા પણ લઈ ગયા હતા. અમેરિકા પરત ફરતાં તપાસ કરી તો ખબર પડી કે તેઓએ અન્ય કોઈના ક્લિનિકમાં પધરામણી કરાવી હતી. પોતે ડૉક્ટર પણ નથી અને પ્રખ્યાત પણ નથી.

આ પ્રસંગનું તાત્પર્ય એ જ છે કે જે તમે નથી, તે તમે દુનિયામાં કહેતા ફરો કે 'હું આ છું, આ છું.' આનાથી મોટી મૂર્ખામી બીજી કોઈ નથી. આપણી પણ

સ્થિતિ અમુક અંશે આ ભાઈ જેવી જ છે. કદાચ તેમના જેવાં મોટાં જુઠાણાં ન બોલીએ પણ માન અને મોભા માટે ઘણી વાર નાનાં જુઠાણાં બોલતા હોઈએ છીએ. માણસ સતત માનની ભૂખ ભાંગવા ભિખારીની જેમ ફરે છે. આપણે જ્યારે દંભ-દેખાવ કરીએ ત્યારે ક્યારેક બીજાની આંખોમાં આ ભાઈની જેમ હાસ્યાસ્પદ પણ બની જઈએ છીએ. દેખાવ અને દંભથી આપણે મોટા નહીં, પણ નાના બની જતા હોઈએ છીએ. આપણે બનાવટ, દંભની દુનિયાથી બહાર આવવા માટે સ્વયંને સાચી રીતે ઓળખવા, ચાહવાની જરૂર છે. સરળતા મનુષ્યને મહાન બનાવે છે, અહમ્ તો મનુષ્યને દેખીતો મહાન બનાવે, પણ વાસ્તવિકતામાં તે વામણો પુરવાર થાય છે. તે માટે તો પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા પરમ પવિત્ર, પારદર્શક અને પરમાર્થી સંતનું સ્મરણ કરીને, અહમ્શૂન્ય બનવું પડે.

જીવનમાં હમેશાં નમ્ર બનશો, તો આકાશની ઊંચાઈ પામી શકશો

ઘણી વાર માનવી પોતાના અહમ્ અને અભિમાનમાં જ રાચતો જોવા મળતો હોય છે. તેને કોઈ સાચો જ્ઞાની મળી જાય અને કહે કે ભાઈ! તું દેહ નથી પણ આત્મા છે, એ સ્થિતિમાં પણ જો તેનામાંથી અહમ્ અને મમત્વ ગયું નહી હોય તો તે અભિમાની વ્યક્તિ આખી દુનિયાને કહેતો ફરશે કે 'હું જ છું'. હવે આનાથી મોટું કોઈ અસત્ય નથી. તમે જે ધારો છો, તમે જે કહો છો, તમે જે બોલો છો એ તમે નથી જ. તમે દેહ નહીં પણ આત્મા છો અને જો એ વાત જીવનમાં ઉતારી લેશો કે તમે આત્મા છો તો તરત જ તમારામાં એક ગુણ આવી જશે અને તે છે, નમ્રતા.

ભગવાન બુદ્ધના જીવનનો પ્રસંગ છે. ગૌતમ જ્યારે ધ્યાનસ્થ અવસ્થામાં હતા અને તે દરમિયાન એક ક્ષણ, એક ઘડી એવી આવી ગઈ કે તેમને નિર્વાણ સ્થિતિ પ્રાપ્ત થવાની હતી ત્યારે આખી સૃષ્ટિ સમગ્ર કુતૂહલતાથી સજાગ બની ગઈ. પશુ-પંખી, કીડી-મંકોડા, દેવી-દેવતાઓ બધાને એ જાણવાની ઇંતેજારી હતી કે ગૌતમ, બુદ્ધ બન્યા પછી, જ્ઞાની બન્યા પછી સૌપ્રથમ કઈ ક્રિયા કરશે?

જ્યારે બુદ્ધ જ્ઞાન-અવસ્થા પ્રાપ્ત કર્યા પછી આંખ ખોલે છે ત્યારે આખી સૃષ્ટિ સમક્ષ જોઈને સૌપ્રથમ દંડવત કરે છે. પછી તેઓ કહે છે કે 'તમારા સૌનો આભાર, તમારા લીધે હું છું. મારા લીધે તમે નહીં.' ખરેખરું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી આભારવૃત્તિ પ્રગટે છે, અહંકારવૃત્તિ નહીં. જ્ઞાન એટલે શું? આ સૃષ્ટિ, આ ભગવાન, આ સંત અને તમારી આજુબાજુ જે છે, તેને લીધે તમે છો. વિચાર કરજો કે તમે જ્યારે બાળક હતા ત્યારે તમને વિચારવાની, સમજવાની, બોલવાની કોઈ ક્ષમતા નહોતી ત્યારે તમે કેવી રીતે જીવ્યા? બીજાને આધારે. કોઈકે જમાડ્યું ત્યારે જમ્યા, કોઈકે શીખવ્યું ત્યારે ચાલ્યા, તમને ઠંડી લાગે ત્યારે ઓઢવાની પણ તાકાત

હતી ? કોઈ જ તાકાત નહોતી.

When we were born, we survived because of others and when we will become old, we will survive because of others. (આપણે જ્યારે જન્મ્યા ત્યારે બીજાને આધારે જીવ્યા છીએ અને આપણે જ્યારે વૃદ્ધ બનીશું ત્યારે આપણું જીવન બીજાને આધારે જિવાશે), પણ વચમાં આપણને ભ્રમણા થઈ ગઈ છે કે... Somehow in the middle we mistakenly think that others survive because of us; but in reality we always survive because of others... વચમાં આપણને ગેરસમજ થઈ જાય છે કે મારા લીધે બીજા જીવે છે, પરંતુ હકીકત તો એ છે કે જન્મથી લઈને વૃદ્ધાવસ્થાના મધ્યગાળામાં પણ તમે બીજાના આધારે જ જીવો છો.

જીવનમાં જ્ઞાન પ્રાપ્ત થઈ જાય પછી નમ્રતાની જરૂર હોય છે. જીવનમાં તમે નમ્ર બનીને રહો. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પાસેથી 'નમ્રતા'નો ગુણ આત્મસાત્ કરવાનો છે. ઘણા ઉત્સવ, સમૈયા થાય, મોટાં-મોટાં મંદિરો થાય ત્યારે પ્રમુખસ્વામી મહારાજ એક જ વાત કહે છે કે 'આ તો મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની કૃપા અને સંતો-હરિભક્તોની મહેનતથી થયું છે.'

પ્રમુખસ્વામી મહારાજ પાસેથી આપણે ક્યારેય સ્વપ્નમાં પણ 'હું' શબ્દ સાંભળ્યો નથી. બીજી તરફ આપણે 'હું' શબ્દ ભૂલી શકતા નથી. પ્રમુખસ્વામી મહારાજ આપણને સમજાવે છે કે 'જીવનમાં નમ્ર બની રહેવું.' નમ્રતા રાખવી એ જ સત્પુરુષ આપણને શીખવે છે.

એક વાર મહુધાની અંદર પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા તે સમયનો પ્રસંગ છે. પ્રમુખસ્વામી મહારાજની બાજુમાં ધર્મચરણ સ્વામી, ભગવદ્ચરણ સ્વામી વગેરે સંતો બેઠા હતા. તે સમયે પ્રમુખસ્વામી મહારાજે કેવી વિરાટ સંસ્થાનું નિર્માણ કર્યું છે, ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું, અનેક માનવઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરવી, હોસ્ટેલ, હૉસ્પિટલ, સ્કૂલોનું નિર્માણ કરવું, લાખો લોકોને અંતરમાં શાંતિ આપવી - આ બધી વાત થઈ રહી હતી ત્યારે મારાથી કહેવાઈ ગયું કે 'સ્વામીશ્રી! આપની મોજડીમાં કોઈના પગ પ્રવેશ કરી શકે એમ છે જ નહીં, આપની દયાથી સંસ્થા એવી પુરપાટ ગતિએ ચાલે છે કે કોઈ દોડીને પણ પહોંચી શકે એમ છે જ નહીં. સ્વામીશ્રી! આપ સ્વયં આપના કાર્યનું લિસ્ટ બનાવો તો તમને જ આશ્ચર્ય થશે કે કોઈનાથી આવું વિરાટ કાર્ય થાય? આપને જ આપના માટે અહોભાવ થશે કે આ કોણ છે કે આટલું કાર્ય કરે છે? આપ આપના કાર્યનું લિસ્ટ તો બનાવો.' તે સમયે પ્રમુખસ્વામી મહારાજે જવાબ આપ્યો કે 'તમે બધા મને કહો છો કે લિસ્ટ

બનાવો, લિસ્ટ બનાવો... પણ ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજમાંથી કોઈએ લિસ્ટ બનાવ્યું હતું? જો એવું માનીએ કે 'હું કરું છું' તો લિસ્ટ બનાવીએને? આપણે ક્યાં કશુંય કરીએ છીએ? ભગવાન અને ગુરુની દયાથી બધું થાય છે.'

બીજી તરફ સામાન્ય લોકો તો જૂનાં લિસ્ટ લઈને ફરે અને ભલે કાર્ય કોઈ બીજાએ કર્યું હોય, પરંતુ તેની ક્રેડિટ કે તેનું શ્રેય સ્વયં લેતા હોય છે. એક વાર એક હાથી અને કીડી પુલ ઉપર થઈને પસાર થતાં હતાં. પુલ ઉપર ચાલતા હતા ત્યારે પુલ હલવા લાગ્યો અને પુલ પસાર કરી લીધા પછી બીજી તરફ પહોંચ્યા પછી કીડીએ હાથીના ઉપર હાથ રાખીને કહ્યું કે 'જોયું! આપણે બંનેએ ભેગા થઈને આખેઆખો પુલ હલાવી નાખ્યો ને!' એવું પણ બનતું હોય છે કે કામ કરે સ્વામીશ્રી અને મૂછો મરડીએ આપણે. ઘણા હરિભક્તો લોકોને કહેતા હોય છે કે લંડન જાવ તો અમને કહેજો, ત્યાં આપણું મંદિર છે. અરે ભાઈ! પણ આપે તે મંદિર માટે શું યોગદાન કર્યું? કઈ સેવા કરી? પથ્થર ઉપાડ્યા? અરે! લંડન જોયું પણ ના હોય તોપણ યશ લઈ લઈએ. આ તો સ્વામીશ્રી દયા કરે છે, મફતમાં આપણને યશ અને શ્રેય આપે છે.

ઘણી વાર માનવ આખી જિંદગી પોતાના અભિમાનમાં જ રાચે છે. આનું એક ખૂબ જ સીધું અને સચોટ દૃષ્ટાંત છે. એક વાર એક વ્યક્તિ દરિયાકિનારે ગઈ ત્યારે તેણે દરિયામાં લઘુશંકા કરી. પછી આખી જિંદગી એ વ્યક્તિ દરિયાકિનારે જ ફરવા લાગી એ જોવા માટે કે દરિયાની સપાટી કેટલી ઊંચી આવી? ક્યારેક માનવ સાવ ક્ષુલ્લક કાર્ય માટે ખોટા મદમાં અને દંભમાં રાચતો હોય છે કે 'આ કાર્ય મારા થકી થયું' અથવા 'હું કરું છું' એવું અભિમાન પણ આવી જાય છે, પરંતુ આવાં કાર્યો તો નગણ્ય હોય છે. કહેવાનું તાત્પર્ય એ જ છે કે આ દુનિયામાં ગમે તેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, પરંતુ જો તમે અહંથી ભરેલા હો તો એ સિદ્ધિ તમને શોભતી નથી. જો આપણે હૃદયપૂર્વક નમ્ર બનીશું અને આ નમ્રતાને પ્રેમપૂર્વક સાચવી શકીશું તો આપણી જાતને આપણે ખીલવી શકીશું.

અભિમાનનો ત્યાગ કરીને નમ્રતા આત્મસાત્ કરો, તો સિદ્ધિ દીપી ઊઠશે

આ દુનિયામાં ગમે તેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, પરંતુ જો તમે અભિમાની હો તો તમને એ સિદ્ધિ શોભતી નથી અને સદતી નથી. જાણીતા મિસાઇલ મેન, પૂર્વરાષ્ટ્રપતિ અને ઘણીબધી સિદ્ધિઓ હાંસલ કરનારા, ડૉ. અબ્દુલ કલામ સાહેબે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કહ્યું હતું કે "You are a great teacher, my ultimate teacher because you have taught me how to remove 'I' and 'Me'." (તમે એક મહાન ગુરુ છો, મારા સર્વશ્રેષ્ઠ ગુરુ છો, કેમ કે આપે મને 'અહમ્' અને 'મમત્વ'નો ત્યાગ કેવી રીતે કરી શકાય તે શીખવ્યું છે.)

ડૉ. કલામ સાહેબ કે જેમણે ભારતને સમગ્ર દુનિયામાં નામના અપાવી તેઓ કહે છે કે 'આ દુનિયામાં અત્યાર સુધીમાં મને 'અહમ્' અને 'મમત્વ'થી પર કોઈ લઈ જઈ શક્યું નથી અને જો 'અહમ્' અને 'મમત્વ'ને દૂર કરવામાં સક્ષમ કોઈ હોય તો તે પ્રમુખસ્વામી મહારાજ છે, જેમણે મને અહમ્‌રહિત બનાવ્યો.'

ડૉ. કલામ એથી પણ આગળ કહે છે કે "જ્યારે પ્રમુખસ્વામી મહારાજ સામે જોઉં છું ત્યારે મને તેમનું નિર્માનીપણું સ્પર્શી જાય છે અને દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટનનો પ્રસંગ તાદૃશ્ય થઈ જાય છે કે તે સમયે નામાંકિત લોકોએ પાંચ મિનિટ, ૧૦ મિનિટ, ૧૫ મિનિટ પ્રવચન આપ્યું હતું અને આખી દુનિયાના લોકોએ અક્ષરધામની વાહ-વાહ કરી હતી ત્યારે એકમાત્ર આપ જ કશું નથી બોલ્યા. આપને મેં જ્યારે કહ્યું કે 'આપનું આ કાર્ય અદ્‌ભુત છે' ત્યારે આપે મને જવાબ આપ્યો હતો કે 'આ કાર્ય મારું નથી, આ તો ભગવાનનું કાર્ય છે.' એટલે કે પ્રમુખસ્વામી મહારાજની અહમ્‌શૂન્ય નમ્રતાને કારણે જ હું તેમને નમું છું અને તેઓ મારા સર્વશ્રેષ્ઠ ગુરુ છે."

પ્રમુખસ્વામી મહારાજ મહાન અને પૂજનીય છે તેનું કારણ છે તેમની નમ્રતા. નમ્ર બનો! આપણે બુદ્ધિશાળી હોઈએ, દુનિયા બદલી નાખતા હોઈએ, આપણી નીચે ૧૦૦૦-૧૫૦૦ માણસો કામ કરતા હોય, છાપામાં આપણું નામ સતત છપાતું હોય, લોકો આપણને નેતા કહીને બોલાવતા હોય ત્યારે આપણે અહમ્‌શૂન્ય રહી શકીએ? દરેકે પોતપોતાના જીવનમાં એક ડોકિયું કરીને આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે.

Appleના કો-ફાઉન્ડર એવા સ્ટીવ જોબ્સનું નામ કોણે નથી સાંભળ્યું? સ્ટીવ નવા-નવા વિચાર કરીને આગળ વધતો હતો. તે સર્જનાત્મકતા; પૂર્ણતાનો આગ્રહી હતો. વર્ષ-૨૦૦૭માં જ્યારે તેણે પ્રથમ iPhone લોન્ચ કરવાનો હતો, તે સમયનો પ્રસંગ છે. સ્ટીવે જે ટચસ્ક્રીન ફોન બનાવ્યો હતો તેને લોન્ચ કરતાં પહેલા iPhoneને એક મહિનો પોતાના ખિસ્સામાં રાખીને ચકાસ્યો. તે સમયે પ્રથમ iPhoneનો સ્ક્રીન પ્લાસ્ટિકનો હતો. પોતાના ખિસ્સામાં ચાવી, પૈસા, પેન હોવાને કારણે એક વાર પ્લાસ્ટિકના સ્ક્રીન ઉપર સ્ક્રેચ પડ્યો એટલે તેણે નક્કી કર્યું કે મારે પ્લાસ્ટિકને બદલે કાચનો ટચસ્ક્રીન બનાવવો છે.

આ નિર્ણય ફેરવ્યો ત્યારે ફોન લોન્ચિંગ કરવાને માત્ર એક જ મહિનાની વાર હતી. દુનિયામાં ફોન લોન્ચ કરવા તાત્કાલિક કામ કરવાનું સખત પ્રેશર હતું. માત્ર એક જ મહિનાનો ઓછો સમયગાળો, પરંતુ આ હતો સ્ટીવ જોબ્સ. તે સામા વેણે તરવામાં માહેર હતો.

તે તાત્કાલિક કાચનો સ્ક્રીન બનાવવા માટે ચીન પહોંચ્યો. ત્યાં શેનઝેનમાં એક જ અઠવાડિયામાં ૧ મિલિયન ડોલરના ખર્ચે ચીનના વેપારીઓએ આખી ફેક્ટરી ઊભી કરી દીધી અને બે અઠવાડિયાંમાં તો ૮,૭૦૦ એન્જિનિયરોને કામે રાખી કાચના સ્ક્રીન બનાવીને ફોનમાં સેટ કરવાનો આરંભ કરી દીધો.

સ્ટીવ જોબ્સ કહે છે કે 'અમેરિકામાં ૮,૭૦૦ એન્જિનિયરને કામે રાખવા હોય તો તેમની નિમણૂક કરવાની પ્રક્રિયા જ નવ મહિના ચાલે.' પણ સ્ટીવે તે કાર્ય પૂર્ણ કર્યું અને કાચના સ્ક્રીન સાથેનો પ્રથમ iPhone બહાર પડ્યો. એટલું જ નહીં સ્ટીવની આ મહેનતને પરિણામે ૧ મિલિયનને બદલે ૨૦૦ મિલિયન iPhone વેચાયા હતા.

આ હતી, સ્ટીવ જોબ્સની કાર્ય પ્રત્યેની નિષ્ઠા. તમને એ પણ ખબર હશે કે પ્રથમ iPhone કાળા રંગનો આવ્યો હતો, કેમ? સ્ટીવ જોબ્સને કારણે? તેણે એપલ iPhoneનો સફેદ રંગ પસંદ કરવા માટે એક વર્ષ પસાર કર્યું. માત્ર વ્હાઈટ નહીં, ચોકવ્હાઈટ, મૂનવ્હાઈટ, ઓફવ્હાઈટ, સ્નોવ્હાઈટ... આવા ૧૦૦ જેટલા

સફેદ રંગના શેડ્સના ફોન બનાવે અને પસંદ ન પડે તો રિજેક્ટ કરે. એક વર્ષની મથામણના અંતે વ્હાઇટ iPhone લોન્ચ થયો. તે કયો વ્હાઇટ હતો, તો એપલ વ્હાઇટ. આવી વિશિષ્ટ પ્રતિભા ધરાવનારા સ્ટીવ માટે કહેવાય છે કે સ્ટીવ હોશિયાર, તીક્ષ્ણ બુદ્ધિશાળી, આવડતવાળો હતો પણ તે નમ્ર નહોતો, અભિમાની હતો. એટલે એની જોડે કામ કરનાર તેને માટે સારું ન બોલે. તેના અંગત મિત્રે મને રૂબરૂ કહ્યું હતું કે 'મેં સ્ટીવ જોબ્સનું અંગત જીવન નજીકથી જોયું હતું. તે અતિ બેચેન, અતિ દુ:ખી હતો.' એટલું જ કહેવાનું કે તમે દુનિયાને સારી કરી શકશો, પણ પોતાના અહમ્‌ને સર નહીં કરો - જો તમે નમ્ર નહીં બનો ત્યાં સુધી તમે દુ:ખમાં જ ડૂબેલા રહેશો. પછી ભલે તમે રાજા હો કે રંક.

પ્રમુખસ્વામી મહારાજ શીખવે છે કે Be Humble-નમ્ર બનો. જો તમે પ્રમુખસ્વામી મહારાજના જીવનને જુઓ તો વિશ્વભરમાં આટલાં મંદિરોથી માંડીને, ૧૬૦થી વધુ માનવઉત્કર્ષની પ્રવૃત્તિઓ ચલાવવી, ઉપરાંત અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરવા છતાં તેઓને લેશમાત્ર અભિમાન નથી.

એક વાર કોઈએ પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન કર્યો હતો કે 'As the Guru of millions what is your role in the world?'(કરોડો લોકોના ગુરુ તરીકે આ દુનિયામાં આપની ભૂમિકા શું છે?)

ત્યારે પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું હતું કે 'કરોડોના ગુરુ તો એકમાત્ર ભગવાન છે, અમારી ભૂમિકા તો એક સેવક તરીકેની છે અને ભગવાનના કહેવા મુજબ અમે સેવા કરીએ છીએ.'

જે કોઈ પ્રમુખસ્વામી મહારાજને મળે છે, તેમને પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતાનાં દર્શન થાય છે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સાથે નાની વયના પ્રમુખસ્વામી મહારાજ હાથ જોડીને બેઠા છે, એવો ફોટો પણ સૌએ અનેક વાર જોયો છે. એ ફોટો પાડવાના સમયનો પ્રસંગ પણ પ્રમુખસ્વામી મહારાજ સ્વયં અનેક વાર કહેતા કે,

''એક વાર જ્યારે શાસ્ત્રીજી મહારાજ બેઠા હતા અને તે સમયે ફોટોગ્રાફર આવ્યો હતો. ફોટોગ્રાફરની ઇચ્છા શાસ્ત્રીજી મહારાજનો ફોટો પાડવાની હતી. શાસ્ત્રીજી મહારાજ પલાંઠી વાળીને બેઠા અને યાદ કરતાં કહે કે, 'ક્યાં ગયા નાનકડા નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)?' ત્યારે હું તો ફોટા માટે શાસ્ત્રીજી મહારાજની બાજુમાં બરાબર ગોઠવાઈ ગયો. તરત જ શાસ્ત્રીજી મહારાજે મને કહ્યું કે, 'હાથ જોડીને બેસવું.' અને હું તરત જ હાથ જોડીને બેસી ગયો! એ ઘડી અને દિવસથી, આજદિન સુધી મેં હાથ જોડીને જ રાખ્યા છે, ક્યારેય હાથ

ઊંચા કર્યા નથી.''

કેવી નમ્રતા! આપણને તો કોઈ નાનકડી સિદ્ધિ મળી જાય તોપણ ફુલાઈ જઈએ છીએ અને ફોટામાં પણ રુઆબ, ભપકો ચોક્કસ જોવા મળે. ત્યારે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી જે રીતે વિશ્વવિખ્યાત વિજ્ઞાની અને ભારતના રાષ્ટ્રપતિ ડૉ. કલામ અને અન્ય મહાનુભાવોએ - 'અહમ્' અને 'મમત્વ'નો ત્યાગ કરવાની પ્રેરણા લીધી છે, તે મુજબ આપણે પણ અભિમાનનો ત્યાગ કરીને નમ્રતા અને અહમ્શૂન્યતાને આચરણમાં ઉતારીશું તો તે સિદ્ધિ દીપી ઊઠશે.

ભગવાનને ચાહવા માટે આપણે પ્રથમ માનવું જ રહ્યું કે 'ભગવાન છે'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી નિ:સ્વાર્થ પ્રેમના જે સિદ્ધાંતોની ચર્ચા કરી રહ્યા છીએ તે અંતર્ગત પ્રથમ મધ્યવર્તી વિચાર જાણ્યો કે Love Others - બીજાને ચાહો. બીજો મધ્યવર્તી વિચાર સમજ્યા કે Love Yourself - સ્વયંને ચાહો અને ત્રીજો મધ્યવર્તી વિચાર છે, Love God - ભગવાનને ચાહો.

જો તમને ભગવાન માટે પ્રેમ નહીં હોય તો તમે તમારી જાતને યથાર્થ પ્રેમ નહીં કરી શકો, જાત માટે સાચો પ્રેમ નહીં હોય તો તમે બીજાને પૂરતો પ્રેમ આપી શકશો નહીં. પ્રમુખસ્વામી મહારાજને ભગવાન માટે કેવો પ્રેમ છે? તેઓ સાધુ બન્યા ત્યારથી ૯૫ વર્ષની વય સુધી પાણીનું એક ટીપું પણ ભગવાનને ધરાવ્યા વિના લીધું નથી. કોઈ વજનિયું લાવે તો પહેલાં ઠાકોરજીનું વજન કરાવે, કોઈ દવા આપે તો દવા પણ પહેલાં ભગવાનને ધરાવીને લે. પ્રમુખસ્વામી મહારાજની એકેએક નાનામાં નાની ક્રિયામાં ભગવાન અને પોતાના ઈષ્ટદેવ પ્રધાન છે.

વર્ષો પહેલાં ગોંડલમાં જ્યારે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા, તે સમયનો એક પ્રસંગ છે. ૧૭-૧૮ વર્ષના એક અમેરિકન તરુણે પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખ્યો હતો. તે સત્સંગી પણ નહોતો, એક સામાન્ય તરુણ હતો. તે પત્ર ખૂબ જ દુ:ખ અને ભગવાન પ્રત્યે ઘૃણા સાથે લખાયેલો હતો અને તેમાં અપશબ્દોની ભરમાર હતી. પત્ર અંગ્રેજીમાં હતો એટલે ધર્મચરણ સ્વામીએ પત્ર મને આપ્યો. તે પત્ર વાંચી હું હેબતાઈ ગયો, કેમ કે સમગ્ર પત્રમાં દર બીજા વાક્યમાં અપશબ્દ. હવે આવો પત્ર પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ વાંચવો કેવી રીતે? જો કે, તે પત્ર પ્રમુખસ્વામી મહારાજને ઉદ્દેશીને લખાયેલો નહોતો, પરંતુ પત્ર વાંચીને જણાયું કે તે તરુણ ભગવાનથી દુ:ખી હતો અને ભગવાનથી દુ:ખી હતો એટલે

સાહજિક છે કે તેને ભગવાનના પરમ ઉપાસક એવા સંત ઉપર પણ ક્રોધ આવ્યો હશે. આ સ્થિતિમાં તેણે પત્ર લખ્યો હતો.

આવો પત્ર પ્રમુખસ્વામી સમક્ષ ન વંચાય તો સારું - એવું વિચારીને તે પત્ર પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ લઈ જવાનું ટાળ્યું અને સાંજ પડી ગઈ. સાંજે પ્રમુખસ્વામી મહારાજે સામેથી યાદ કર્યું કે એક પત્ર આવ્યો હતો તે ક્યાં ગયો? આવનાર લાખો પત્રમાંથી પ્રમુખસ્વામી મહારાજ એક પત્ર કે એક ચિઠ્ઠીની પણ અવગણના કરતા નથી. મારી દ્વિધા એ હતી કે આવો પત્ર ગુરુ પાસે કેવી રીતે લઈ જાઉં? પરંતુ સ્વામીશ્રીનો આગ્રહ હતો એટલે પત્ર લઈને ગયો. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું કે 'આ પત્ર કોનો છે? અને તેમાં શું છે?' એટલે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે 'બાપા! આ તો સાવ સામાન્ય પત્ર છે, જે સત્સંગી પણ નહીં એવા અમેરિકાના એક તરુણ દ્વારા લખાયેલો પત્ર છે. જેમાં તેણે પોતાના શોખ અંગે લખ્યું છે, કે પોતે સંપૂર્ણ સ્વચ્છંદી જીવન જીવે છે એવું બધું લખ્યું છે... બીજું કંઈ ઝાંઝુ નથી.'

પણ પ્રમુખસ્વામી મહારાજ કહે કે 'તેણે ત્રણ પાનાં ભરીને પત્ર લખ્યો છે ને?!' પ્રમુખસ્વામી મહારાજને જણાવ્યું કે 'સ્વામીશ્રી! તેમાં અપશબ્દો લખ્યા છે.' એટલે સ્વામીશ્રી કહે કે 'અપશબ્દો એટલે શું?' પછી મેં જણાવ્યું કે 'તેમાં સાધુ માત્રને ગાળો લખી છે.' તરત જ પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું કે 'તે દુ:ખી છે?' એટલે જવાબ આપ્યો કે 'હા, તે ખૂબ જ દુ:ખી છે પણ જો આપની આજ્ઞા હોય તો આપણા બે-ત્રણ સંતોનું વિચરણ અત્યારે અમેરિકામાં જ છે તો તે તરુણને બોલાવીને તેઓ તેને સમજાવે.'

એટલે પળનોય વિલંબ કર્યા વગર પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'ના, એવું ન કરશો, કેમ કે તે તરુણને આ પત્રને કારણે કોઈ વઢે તો? તે વધુ દુ:ખી થશે.'

આવી સ્થિતિમાં કોઈએ અપશબ્દો લખ્યા હોવા છતાં તેને કોઈ વઢે નહીં કે બોલે નહીં તેનું ધ્યાન પ્રમુખસ્વામી મહારાજ રાખતા હોય છે!

આ સમયે પ્રમુખસ્વામી મહારાજને જ પૂછ્યું કે 'તો પછી શું કરવું?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'ભગવાને આપણને માળા આપી છે. હું માળા ફેરવું અને તુંય માળા ફેરવ. આપણે બંને તેના માટે માળા કરીએ કે તેને ભલે આપણી સાથે હેત ન થાય, પરંતુ ભગવાન માટે હેત થાય તો તે સુખી થશે.'

આમ, પ્રમુખસ્વામી મહારાજ માટે ભગવાન પ્રધાન હતા, મુખ્ય હતા, સર્વોચ્ચ હતા. તેઓની ભગવાન ઉપરની શ્રદ્ધા અપાર, અખંડ, અખૂટ અને અમાપ હતી.

આપણે પણ આપણી સ્વ-તપાસ કરવી પડે કે ભગવાનમાં આપણને શ્રદ્ધા

અને નિષ્ઠા કેવી છે ? ભગવાન છે તેવું બોલવું અને ભગવાન છે તેવું સ્વીકારવું અને ભગવાન છે તેવું અનુભવવું - એમાં આસમાન-જમીનનો ફેર છે. પ્રામાણિકપણે અંતર્દૃષ્ટિ કરવી પડે. આપણે સવારે ભગવાનની પૂજામાં બેસીએ પણ, મન ક્યાં ફરે છે? ધ્યાન રહે છે? Ask yourself, ભગવાનમાં દૃઢતા એટલે શું? દિવસ દરમિયાન કેટલી વાર શ્રદ્ધા ડગી જાય છે? આપણું ધાર્યું ન થાય તો ભગવાનને વગોવીએ છીએ. જાહેરમાં નહીં પણ મનમાં ભગવાન સાથે મીઠાં યુદ્ધો ચાલે છે. નાસ્તિક તો ભગવાનમાં માનતા જ નથી, પણ આસ્તિક છૂપા નાસ્તિક હોય તે પ્રશ્ન વિકટ છે. કેવળ દેખાવ કરવાથી ભગવાનમાં શ્રદ્ધા વધતી નથી, પણ પ્રથમ 'ભગવાન છે' એવી દૃઢતા કરવાથી ભગવત્પરાયણ જીવન જીવાય છે.

ઘણી વાર doctors have to be treated (ડૉક્ટરોએ પોતે સારવાર લેવી પડે છે); lawyers have to be defended (વકીલોને બચાવવા પડે છે); judges needed to be judged. (જજને પણ જજમેન્ટ લેવું પડે); leaders need to be lead. (નેતાઓને પણ નેતૃત્વની જરૂર પડે છે); એમ ભક્તોને પણ ભગવાનની ભક્તિની સાચી રીત શીખવાની જરૂર પડે છે. ભક્તિની શરૂઆત ભગવાનનું અસ્તિત્વ સ્વીકારવાથી થાય છે. ભગવાન છે, સર્વત્ર છે, સંપૂર્ણ છે, તેનું અખંડ અનુસંધાન એ સાચી ભક્તિનો પાયો છે.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે 'એક ક્ષણ માત્ર માટે પણ જો ભગવાનની વિસ્મૃતિ થાય તો અમારું તાળવું ફાટી જાય.' પ્રમુખસ્વામી મહારાજને આવું અખંડ અનુસંધાન હતું તેથી જ તેમના જીવનમાંથી ભક્તિની લહેરો લહેરાતી.

એક સામાન્ય તરુણની ગાળો આવકારી તેને ભગવાનમાં જોડવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજ કરી શકતા હોય તો આવી સાચી ભક્તિથી દરેક સંજોગમાં, દરેક પ્રત્યે સાચો અને નિઃસ્વાર્થ પ્રેમ પ્રગટ થશે. If you love God then you will love everyone – જો તમે ભગવાનને સાચો પ્રેમ કરતાં શીખશો તો તમે સૌને પ્રેમ કરી શકશો.

અખંડ શ્રદ્ધા રાખશો તો કોઈપણ મુશ્કેલીમાં મન પાછું નહીં પડે

ભક્તિની શરૂઆત ભગવાનનું અસ્તિત્વ સ્વીકારવાથી થાય છે. ભગવાન છે, સર્વત્ર છે, સંપૂર્ણ છે તેનું અખંડ અનુસંધાન એ સાચી ભક્તિનો પાયો છે. જેવી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ભગવાનમાં અખંડ, અપાર, અખૂટ શ્રદ્ધા અને નિષ્ઠા હતી, તેવી આપણી સ્થિતિ છે ખરી?

ઘણા ભક્તો કહેશે કે 'સ્વામી! અમે પણ માનીએ છીએ કે ભગવાન છે.' એમ માનવું કે ભગવાન છે અને દૃઢપણે વિશ્વાસ રાખવો કે ભગવાન છે - એમાં એક પાતળી ભેદરેખા છે. આપ ખિસ્સામાં ભગવાનની મૂર્તિ રાખો, ગળામાં કંઠી પહેરો, નિયમિત મંદિર જતા હો, શાસ્ત્રોનો અભ્યાસ કરતા હો, નિયમ-ધર્મનું પાલન કરતા હો - એ ખોટું નથી, સાચું જ છે અને સારું જ છે, પરંતુ એ પૂરતું નથી. માત્ર ભગવાનને પૂજવા તથા ભગવાનના મહિમા સહિત તે જે કરે તેમાં અખંડ શ્રદ્ધા રાખવી - આ બંને વચ્ચે તફાવત છે.

આપણે કોઈનો ફોટો લઈને ફરીએ અને કહીએ કે હું આ વ્યકિતને ચાહું છું. તે સમયે કોઈ પૂછે કે તેનું નામ અને સરનામું શું છે? એ કોણ છે? તો તમે અવાક બની જવાબ આપો કે 'એ તો મને ખબર જ નથી.' તો પૂછનારને પ્રશ્ન થાય કે આને પ્રેમ છે પણ પ્રતીતિ નથી. પ્રતીતિ વગરનો પ્રેમ અસ્થિર હોય છે અને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સહિતનો પ્રેમ અફર અને કાયમી રહે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ભગવાનને ચાહતા હતા અને આપણે પણ ભગવાનને ચાહીએ છીએ, પણ આપણે આસ્તિક હોવા છતાં ઘણી વાર છૂપા નાસ્તિક બની જઈએ છીએ. છૂપા નાસ્તિક એટલે? દિવસમાં દસ વાર આસ્તિક બનીએ અને દસ વાર નાસ્તિક. પૂજા દરમિયાન મન દઈને ધ્યાન કરીએ એટલે

આસ્તિક અને પૂજા કરતાં-કરતાં મન ભટકે તો તો નાસ્તિક. ભગવાન આપણા સંકલ્પો પૂરા કરે તો આસ્તિક, પણ પ્રાર્થના ફળે નહીં તો ભગવાનની અવગણના થાય તે નાસ્તિક. જેટલા ભગવાનના આપેલા નિયમો પાળીએ એ આસ્તિકપણું અને જેટલા નિયમો તોડીએ તે નાસ્તિકપણું. બહુધા આપણે આવા સગવડિયા ભક્ત હોઈએ છીએ. આપણાં કામ થાય તો ભગવાન બહુ સારા અને ન થાય તો ભગવાને નખ્ખોદ વાળ્યું. આપણે સ્વયં જ તપાસ કરીશું તો અંતર્દષ્ટિ થશે કે દિવસ દરમિયાન ઘણી વાર આપણે આવી રીતે આસ્તિકતા અને નાસ્તિકતા વચ્ચે ઝોલાં ખાતા હોઈએ છીએ. વર્ષો પહેલાંનો એક પ્રસંગ છે. એક મંદિરના મહંત પર એક ધંધાકીય ગ્રૂપનો પત્ર આવ્યો કે 'અમે ૧૦ પાર્ટનર છીએ અને અમે ૧૦ પાર્ટનર્સે નક્કી કર્યું હતું કે અમારા ૧૧મા પાર્ટનર ભગવાન રહેશે. ત્યારબાદ અમે ધંધો શરૂ કર્યો, પરંતુ ધંધામાં રૂ. ૧૩ કરોડની ખોટ આવી છે. એટલે અમે બધા પાર્ટનર્સે સરખે ભાગે ખોટ પૂરી કરવા પોતાનો હિસ્સો આપવાના છીએ. પરંતુ ભગવાનનો અગિયારમો હિસ્સો તમે મોકલો.' ભગવાન સાથે સોદાબાજી કરવી અને ભગવાનના માથે ખોટ ચડાવવી એ મનુષ્યની અવળચંડાઈ છે. આ કેવી ભક્તિ ?

કેવળ બુદ્ધિના બળે બધું શક્ય નથી, પણ જીવ સવળું વિચારે અને સવળી ક્રિયા કરે તો જ આસ્તિકપણું વધે. શિવલિંગ ઉપર પુષ્પ અર્પણ કરવા જતાં શિવલિંગ ઉપર ઉંદર રમતા જોઈ કોઈક બૌદ્ધિક વિચાર કરે કે - 'જે શિવલિંગની અંદર ઉંદર દૂર રાખવાની તાકાત નથી તો એવા ભગવાન મારું શું કરશે ?' આ સ્થિતિમાં આવો નકારાત્મક વિચાર કરવાને બદલે એવું સવળું વિચારો કે પુષ્પ અને ઉંદર બંને ભગવાનની જ રચના છે, જે સ્વયં પોતાની રચના હોય તે ભગવાન માટે ઉંદર અને પુષ્પ બેઉ સમાન છે, તેથી જ ભગવાન આવકારે છે. એ ભગવાન કેવા મોટા અને ઉદાર હશે ?

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે 'ચાહે અમારા ઉપર ધૂળ નાખો કે ચંદનની વર્ષા કરો અમારા માટે તે સમ(સમાન) છે.' ભગવાન સદાય સ્થિર અને સમદ્રષ્ટા છે અને તે ભગવાનને ધારનાર સંત પણ સદાય સ્થિર અને સમદ્રષ્ટા હોય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભગવાનની ભક્તિ અખંડ અનુસંધાન સાથે કરી છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ હોય તો લંડનનું નિઝડન-બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર કે જે સમગ્ર વિશ્વમાં સુવિખ્યાત છે. ગિનીઝ બુકનો રેકોર્ડ, રીડર્સ ડાયજસ્ટનો રેકોર્ડ, દુનિયાના શ્રેષ્ઠ બિલ્ડિંગમાં આ મંદિરની ગણતરી થાય છે, ઇંગ્લેન્ડમાં 'બેસ્ટ એન્વાયર્નમેન્ટલ બિલ્ડિંગ'નો એવોર્ડ, મોસ્ટ એન્ટરપ્રાઇઝિંગ બિલ્ડિંગ તરીકેનો એવોર્ડ. ઇંગ્લેન્ડના લોકોએ ઇન્ટરનેટ ઉપર વોટિંગ કરીને જાહેર

કર્યું કે આ વિસ્તારમાં અમારું મનપસંદ બિલ્ડિંગ હોય તો તે છે 'નિઝડન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર'. એથી પણ વિશેષ કે લંડનમાં જ્યારે વર્ષ-૨૦૧૨માં ઓલિમ્પિક્સનું આયોજન થયું હતું તે સમયે 'ઓલિમ્પિક સોવેનિયર મેડલ' બનાવવા માટે ઓલિમ્પિક કમિટીએ ઇંગ્લેન્ડની છબી માટે ઇંગ્લેન્ડનાં ૧૦ નામાંકિત બિલ્ડિંગને સિલેક્ટ કર્યા, તેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની પણ પસંદગી થઈ હતી. લંડનના વર્તમાન મેયર સાદિક ખાને મેયરપદ સંભાળ્યું તે પૂર્વે મંદિરમાં અભિષેક કરવા આવ્યા હતા. પછી તેમણે પોતાનો પ્રતિભાવ આપતાં ઇન્ટરનેટના માધ્યમથી જણાવ્યું હતું કે 'લંડન તેના સુંદરતમ બિલ્ડિંગો-સ્થાપત્યને કારણે પ્રખ્યાત છે, પણ મારું જો મનપસંદ સ્થાપત્ય કોઈ હોય તે એ લંડનનું સ્વામિનારાયણ મંદિર છે.'

આ મંદિરનું મહત્ત્વ કંઈ રાતોરાત વધી નથી ગયું, પરંતુ આ મંદિર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અખૂટ, અખંડ શ્રદ્ધાનું પ્રતીક છે. કેમ? કોઈ નિઝડન જેવા નિર્જન વિસ્તારમાં મંદિર બનાવવાનું વિચારે પણ નહીં. તે સમયે એવું કહેવાતું હતું કે લંડનનો ખાડે ગયેલો વિસ્તાર હોય તો તે નિઝડન છે. લંડનના ઇતિહાસમાં એક જ વાર 'નિઝડન'નો ઉલ્લેખ થયો હતો અને તે એ રીતે કે વિનસ્ટન ચર્ચિલ જ્યારે કારમાં જતા હતા ત્યારે તેમણે પોતાની સિગારેટની રાખ અહીં નાખી હતી. વિશેષ, કોઈ ભક્તને એવું લાગતું હોય કે અમે વારંવાર પ્રયત્ન કરવા છતાંય નિષ્ફળ જઈએ છીએ, અમારી પ્રાર્થના કોઈ સાંભળતું નથી, દ્વિધા રહે, ધીરજ ખૂટે ત્યારે આ લંડનના નિઝડન મંદિરની વાત સંભારવી. આ મંદિરનિર્માણની સત્યકથામાં સફળતા કરતાં નિષ્ફળતા વધુ દેખાય છે.

લંડનના હરિભક્તોએ વિનંતી કરતાં પ્રમુખસ્વામી મહારાજે ત્યાં મંદિર બનાવવાની હા પાડતાં જમીન શોધવાનું કામ શરૂ થયું. નિઝડનમાં આપણી જમીન હતી પણ સૌની ઇચ્છા મંદિર નિઝડનમાં નહીં, પણ બીજે કરવાની હતી. નવી જમીન જોવાનું શરૂ કર્યું. પહેલી જમીન મળી નહી, બીજી જમીન જોઈ, તે પણ જતી રહી, ત્રીજી જમીન જોઈ તો મોંઘી પડી, ચોથી જમીનનાં કાગળિયાં ન થયાં, પાંચમી જમીન માટે બધા ભેગા થયા, પણ મનમેળ ન થયો, છઠ્ઠી જમીન લેવા ગયા તો બીજે વેચાઈ ગઈ. આમ, આવી ૨૮ જમીન ન મળી તે ન જ મળી અને છેલ્લે, એક જમીન મળી તો આપણે જમીનના નકશા બનાવી કાગળ મૂક્યા, પણ પરમિશન ન મળી. બધાને હતું કે આપણે કેસ જીતી જઈશું. મંદિરનિર્માણ માટે નિયમિત કલાકો સુધી ધૂન કરતાં સૌને જોયા છે. પરવાનગી માટે તરફેણમાં સ્થાનિકોની ૮૦,૦૦૦ સહીઓ લેવામાં આવી હતી, લગભગ એક વર્ષ જેટલો

પ્રયત્નો ચાલ્યા અને થયું એવું કે અંતમાં ચુકાદો આપણી વિરુદ્ધમાં આવ્યો. સૌની ઊંઘ હરામ થઈ ગઈ. પણ સ્વામીશ્રી ભગવાન ઉપર બધું છોડી, ભગવાનનો આભાર માની સદાય સ્થિર અને શાંત રહ્યા. સૌને નવાઈ લાગી. આપણે આપણી નિષ્ફળતા સ્વીકારી શકતા નથી અને ભગવાન ઉપર છોડી શકતા નથી, આપણું કોઈપણ દુ:ખ, આપત્તિ, વિઘ્ન આપણા પોતાના માથે ઓઢીને આપણે બેબાકળા બની જઈએ છીએ.

આપણે કદાચ એક-બે વાર નિષ્ફળ ગયા હઈશું, પણ ૨૮ વખત નિષ્ફળ ગયા છીએ ? તો પછી શાંતિ રાખીએ અને ભગવાનમાં દઢ વિશ્વાસ રાખીએ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે નિષ્ફળતા ઉપર નિષ્ફળતા પાર કરી ભગવાન પર અખંડ શ્રદ્ધા ટકાવી રાખી. અને એવું બોલ્યા 'આપણે જ્યાં મંદિર નથી કરવું, ત્યાં જ ભગવાનને કરવું છે. ભગવાનની નિઝડનમાં બેસવાની ઇચ્છા લાગે છે માટે ચાલો આપણે આ મંદિર નિઝડનમાં બનાવીએ.' આ છે હકારાત્મકતા, આ છે અખંડ શ્રદ્ધા અને ભગવાન પ્રત્યેની દઢતા.

નિઝડન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર બન્યું વર્ષ-૧૯૯૫માં, પરંતુ વર્ષ-૧૯૭૦માં પૂજ્ય યોગીજી મહારાજે પોતાના લંડનના પ્રવાસ દરમિયાન એક રવિવારે ધૂન સમયે એવું કહ્યું હતું કે 'આપણે અહીં આરસનું મંદિર બનાવવું છે અને તે યુરોપનું મથક બને.' એ સમયે ન તો હરિભક્તો કે સંતો માટે કોઈ રહેવાના ઉતારા. છતાં શ્રદ્ધાથી સ્વીકારવું પડે કે યોગીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ થયો. એ ધૂન અને પ્રાર્થનાની તાકાત છે. યોગીજી મહારાજના સંકલ્પનાં બે જ વર્ષ બાદ એટલે કે વર્ષ-૧૯૭૨માં પીપલાણામાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પણ સંકલ્પ કર્યો હતો કે 'લંડનમાં આરસનું મંદિર બને અને ૧૦૦ સંતો પ્રતિષ્ઠામાં ઉપસ્થિત રહે.' હવે તે સમયે આપણા સંપ્રદાયના ૧૦૦ સંતો પણ નહોતા અને લંડનમાં જે હરિભક્તો હતા, તેઓ સ્વયં નિરાશ્રિત તરીકે રહેતા હતા. આ સમયે પણ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય પ્રાર્થના છોડી નથી, સતત ધૂન કરતા હતા. જ્યારે આ અદ્‌ભુત મંદિર બન્યું ત્યારે સૌ કોઈ કહેવા લાગ્યા 'એક સમયે કહેવાતું કે નિઝડનમાં મંદિર ન બનાવવું જોઈએ અને આજે આ મંદિર કેવળ નિઝડનનું નહીં, પણ સમગ્ર ઇંગ્લેન્ડના મુગટ સમાન બની ગયું છે.'

આમ, 'ભગવાનમાં સાચી શ્રદ્ધા હશે અને ભગવાન છે એવી સબળ દઢતા હશે' તો કોઈ દિવસ આપણું મન કોઈપણ કાર્યમાં પાછું નહીં પડે અને સફળતાનાં શિખરો સર કરી શકીશું.

ભગવાન બ્રહ્માંડની જેમ આપણા જીવનનું પણ સંચાલન કરે છે

જો ભગવાનમાં સાચી શ્રદ્ધા હશે અને ભગવાન છે એવી દઢતા હશે તો કોઈ દિવસ મન પાછું નહીં પડે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અખૂટ, અખંડ શ્રદ્ધા છે. અમદાવાદનો એક પ્રસંગ છે. અમદાવાદમાં એક સમયે સામાજિક અશાંતિનું વાતાવરણ સર્જાયું હતું ત્યારે અમુક પત્રકારો મંદિરમાં આવ્યા હતા અને તેમણે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે 'આ વાતાવરણમાં આપ શું કરો છો?' પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'અમે પ્રાર્થના કરીએ છીએ કે સમાજમાં શાંતિ પ્રસરે.' તેઓએ તરત જ કટાક્ષથી પ્રતિપ્રશ્ન કર્યો કે 'પ્રાર્થનાથી શું થશે?' ત્યારે સ્વામીશ્રીએ દઢતાથી, શાંતિથી જવાબ આપ્યો કે 'અમને શ્રદ્ધા છે કે ભગવાન અમારી પ્રાર્થના સાંભળે છે અને જરૂર શાંતિનું વાતાવરણ સર્જાશે.' સામાન્ય લોકો તો પ્રશ્નથી ડગી જાય, પણ જો ભગવાનમાં અખૂટ શ્રદ્ધા હોય અને વિશ્વાસ હોય તો પ્રાર્થનામાં હિંમત અને બળ વધશે, ઘટશે નહીં.

ભગવાનનો ભક્ત જ શંકા કરે કે ભગવાન પ્રાર્થના સાંભળશે તો ખરાને? હવે આવી કાચી-પોચી શ્રદ્ધા ન ચાલે, અતૂટ-અખંડ-અપાર શ્રદ્ધાની જરૂર છે. ઘણી વાર એવું જોવા મળતું હોય છે કે ભક્તો મંદિરમાં આવે અને ભગવાન જોડે વાર્તાલાપની શરૂઆત કરે ત્યારે પોતાની જ વાત કરીને જતા રહે અને હજુ ભગવાન કંઈક કહેવા જાય ત્યાં તો એ મંદિરમાંથી બહાર જતા રહે.

આવી ઘટના બને ત્યારે લાગે કે આપણામાં હજુ પૂર્ણ શ્રદ્ધા અને ધીરજનો અભાવ છે. જ્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને તો ભગવાનમાં અખૂટ શ્રદ્ધા અને અપાર ધીરજ હતી.

વર્ષ-૧૯૮૫નો પ્રસંગ છે. સ્વામીશ્રીને ભારતથી લંડન કલ્ચરલ ફેસ્ટિવલ

ઓફ ઇન્ડિયા માટે આવવાનું હતું. એ અરસામાં તા. ૨૩ જૂન, ૧૯૮૫ની સવારે એરઇન્ડિયાનું વિમાન '182 Emperor Kanishka'ને આતંકવાદીઓએ બોમ્બ દ્વારા ૩૧,૦૦૦ ફૂટ ઊંચે એટલાન્ટિક ઓશન મધ્યે ઉડાવી દીધું હતું. આ કરુણ ઘટનામાં પ્લેનના તમામ ૩૨૯ મુસાફરો મૃત્યુ પામ્યા. આ પ્લેનની ઘટના બાદ આતંકવાદીઓએ ધમકી આપી હતી કે એરઇન્ડિયાની તમામ ફ્લાઇટ ઉપર જોખમ રહેશે. હકીકતમાં ત્યારપછી મહિનાઓ સુધી એરઇન્ડિયામાં મુસાફરી કરવાનું લોકોએ ટાળ્યું.

ઘટના અને સમાચારથી ગભરાઈ લંડનના હરિભક્તોએ વિચાર્યું કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એરઇન્ડિયાના પ્લેનમાં લંડન ન આવે તો સારું. કેમ કે આતંકવાદીઓએ એવી ધમકી આપી છે કે અમે એરઇન્ડિયાનાં તમામ પ્લેનમાં બોમ્બ મૂકીશું. આ વાત નાછૂટકે લંડન સત્સંગમંડળના ચેરમેન સી.એમ. પટેલ અને ભક્તોએ સ્વામીશ્રીને કરી. 'સ્વામીશ્રી! આપ એરઇન્ડિયાના પ્લેનમાં ન આવો તો સારું, કેમ કે આતંકવાદીઓએ ધમકી આપી છે કે અમે દરેક એરઇન્ડિયાના પ્લેનમાં બોમ્બ મૂકીશું અને એરઇન્ડિયાનાં પ્લેનમાં આતંકવાદીઓ બોમ્બ મૂકે એવો ભય છે.'

ત્યારે કોઈપણ પ્રશ્ન કર્યા વગર સ્વામીશ્રીએ સ્વસ્થચિત્તે કહ્યું કે 'અમે તો એરઇન્ડિયાનાં પ્લેનમાં જ લંડન આવીશું. તમને આતંકવાદીના વચનમાં વિશ્વાસ છે પણ ભગવાનના વચનમાં વિશ્વાસ નથી? રક્ષા કરનાર ભગવાન છે અને સમગ્ર બ્રહ્માંડમાં એનું ધાર્યું જ થાય છે!'

સ્વામીશ્રી જુલાઈના પહેલા અઠવાડિયામાં એરઇન્ડિયાના પ્લેન દ્વારા જ લંડન પધાર્યા.

કોણ બોમ્બની ધમકીવાળા વાતાવરણમાં પ્લેનમાં બેસવા તૈયાર થાય? સામાન્ય વ્યક્તિ તો હલી જાય અને કદાચ યાત્રા કેન્સલ પણ કરી દે. આપણી દૃઢતા ભગવાનમાં અફર રહેતી નથી, પણ સ્વામીશ્રીની દૃઢતા ભગવાનમાં અફર હતી.

સ્વામીશ્રી કહેતા કે 'ભગવાનમાં શ્રદ્ધા રાખો, સંતના વચનમાં વિશ્વાસ રાખો. ભગવાનનું કામ તમે કરશો એટલે શ્રદ્ધા વધશે, નિયમ-ધર્મનું પાલન કરશો એટલે શ્રદ્ધા વધશે, સત્સંગ કરશો એટલે શ્રદ્ધા વધશે, શાસ્ત્રોનો અભ્યાસ કરશો એટલે શ્રદ્ધા વધશે.'

પણ શ્રદ્ધા ઉપરાંત બુદ્ધિથી મનુષ્ય વિચારે તોય ભગવાનમાં દૃઢતા થાય.

'જેણે રચ્યું આ જગત જોને જુજવી જાતનું રે,
જોતાં મૂંઝાઈ જાય મન એવું કર્યું ભાતભાતનું રે...'

જગત સામે દૃષ્ટિ કરીએ તો આકાશમાં વરસાદ-પાણી અધ્ધર રહે છે. ટેકા વગર તારામંડળ આકાશમાં ટકે છે અને ચમકે છે, સૂર્યની-ચંદ્રની ગતિ અસ્ત-ઉદય થાય છે, પાર વગરનો સમુદ્ર તેની મર્યાદા ઓળંગતો નથી, એવાં અનેક આશ્ચર્ય, પંખીમાંથી પંખી, પશુમાંથી પશુ, મનુષ્યમાંથી મનુષ્ય, એક જળના બિંદુમાંથી એક સમગ્ર માનવ ઉત્પન્ન થાય છે. સમગ્ર સૃષ્ટિ સામે જો દૃષ્ટિ કરશો તો આપોઆપ સમજાશે કે તેના રચયિતા કોઈક હશે જ.''

કેનોપનિષદમાં પણ આ જ વાત કરી છે કે -

केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः प्रैति युक्तः।

केनेषितां वाचमिमां वदन्ति चक्षुःश्रोत्रं क उ देव युनक्ति।।

કોઈ પ્રશ્ન કરે કે સૃષ્ટિની શરૂઆત કેવી રીતે થઈ? વિશ્વ શેનાથી ચાલે છે? તો આપોઆપ ભગવાનની શક્તિનો ખ્યાલ આવશે. પણ આપણે તો પ્રશ્ન જ પૂછતા નથી. અને જો પ્રામાણિકતાથી પૂછીશું તો સાચી વાત સમજાશે કે આ બ્રહ્માંડની અંદર સૂર્યનું સ્થાન, ચંદ્રનું સ્થાન, ગ્રહોનું સ્થાન, બ્રહ્માંડોનું સ્થાન કોઈ ટેકા વગર ટકી રહ્યું છે અને એટલું સુસજ્જ રીતે ગોઠવાયું છે કે મોટા વૈજ્ઞાનિકો પણ આશ્ચર્ય પામી ગયા છે.

એક વાર અમદાવાદની અંદર ગરમીનું ટેમ્પરેચર વધ્યું હતું ત્યારે એવું કહેવાતું હતું કે જો ૫૦ ડિગ્રીમાંથી ૫૫ ડિગ્રી થઈ જાય તો? આપણા શરીરમાં બળતરા થવા લાગે અને મગજ કામ કરતું બંધ થઈ જાય. વૈજ્ઞાનિકો સમજાવે છે કે પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર ૯૩ મિલિયન માઈલ્સ છે. આ અંતર જરાક નજીક હોત તો પૃથ્વી સંપૂર્ણ બળીને ભસ્મ થઈ જાત અને જરાક દૂર હોત તો થીજીને બરફ થઈ જાત. ક્યારેક આપણે તાપણું કરવા બેઠા હોઈએ અને ઝાળ લાગી જાય તો તે સામાન્ય ઝાળ પણ દઝાડી દે છે. ત્યારે આ સૂર્ય જેનું આંતરિક ટેમ્પરેચર ૨૭ મિલિયન ડિગ્રી ફેરનહાઈટ છે અને જેનું બાહ્ય ટેમ્પરેચર ૧૦,૦૦૦ ડિગ્રી ફેરનહાઈટ છે, તેની એક લહેર આવી જાય તો પૃથ્વીનું શું થાય? પણ ભગવાન આવું થવા દેતા નથી. ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું અંતર ૩,૮૪,૪૦૦ કિલોમીટર છે. આ અંગે વૈજ્ઞાનિકો કહે છે કે આ આદર્શ અંતર છે. જો ચંદ્ર થોડો પણ નજીક હોત તો સમુદ્રમાં એટલી ભરતી આવે કે પૃથ્વી પાણીમાં ડૂબેલી હોત!

એટલે ભાઈસાબ! તમે રમતમાં પણ નાનાં બાળકોને કહેતા નહીં કે ચાંદામામા અહીં આવો કે નજીક આવો. આ અંતરમાં મીનમેખ ફેર થાય તો ગરબડ સર્જાય. આ અંતર કોણે નક્કી કર્યું બુદ્ધિશાળી વૈજ્ઞાનિકોએ? આપણે? ના, એ ભગવાનની રચના છે. બ્રહ્માંડના આવા તો અનેક કાયદા-કાનૂન છે, જે વૈજ્ઞાનિકો

સમજાવી શકતા નથી અને સહજ સ્વીકારે છે. આમ, સર્વ કર્તા-હર્તા, સર્વ શક્તિમાન એવા ભગવાન જે બ્રહ્માંડનું સંચાલન કરે છે તો તે આપણા જીવનનું પણ સંચાલન કરશે, માટે શંકા, અવિશ્વાસ કે ભયનો આશરો લીધા વગર કેવળ ભગવાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખીશું તો ગમે તેવાં સંકટો કે સમસ્યામાંથી ભગવાન આપણી રક્ષા કરશે અને માર્ગ સુઝાડશે.

❧

ભગવાને આ સૃષ્ટિ પરફેક્ટ બનાવી છે, તેમ આપણું જીવન પણ પરફેક્ટ બનાવશે

રોમન કેલેન્ડર પ્રમાણે આજે નવા વર્ષનો પહેલો દિવસ; તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૭. એક દિવસ એટલે પૃથ્વીનું પોતાની ધરી ઉપર એક પરિભ્રમણ. અને એક વર્ષ એટલે પોતાની ધરી પર પૃથ્વીની એક પરિક્રમા. અમાપ્ય સમયથી આ પરિભ્રમણ કે પરિક્રમામાં નજીવો પણ ફેરફાર થતો નથી. આવાં અનેક આશ્ચર્યોથી એક નહીં અનંત ગ્રહો, સૂર્યમંડળો, નિહારિકાઓ અને બ્રહ્માંડો આકાશમાં અધ્ધર રહે છે અને સતત ફરે છે. કેમ ફરે છે? કોણ ફેરવે છે? કેવી રીતે અધ્ધર રહે છે? વૈજ્ઞાનિકો કુદરતના, ભૂગોળ, ખગોળના કાયદાઓ બતાવે છે. તે કાયદાઓ કોણે રચ્યા? બુદ્ધિ વિચાર્યા કરે છે ત્યારે શ્રદ્ધા ભગવાનને બતાવ્યા કરે છે.

ચાલો, આ નવું વર્ષ આપણા અસ્તિત્વનું પાયાનું પરમતત્ત્વ - ભગવાન છે, સર્વત્ર છે અને સર્વકર્તા છે તેનાથી શરૂ કરીએ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ વારંવાર એક મંત્ર ઘૂંટાવતા કે ભગવાન સર્વકર્તા છે. તે સમગ્ર સૃષ્ટિ તથા આપણા સમગ્ર જીવનના નિયમનકર્તા છે.

આ લેખમાળાનો ત્રીજો મધ્યવર્તી વિચાર કે 'ભગવાનને ચાહો', તેના માટે 'ભગવાન છે' તેવું દૃઢપણે માનવું પડે. વિશ્વના મોટા-મોટા વૈજ્ઞાનિકો પણ આ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા હતા. જેમણે ગુરુત્વાકર્ષણનો નિયમ દુનિયાને દર્શાવ્યો એવા સર આઈઝેક ન્યૂટન કહે છે કે..."Atheism is so senseless. When I look at the solar system, I see the earth at the right distance from the sun to receive the proper amounts of heat and light. This did not happen by chance. ...It is the perfection of God's works that they are all done with the greatest simplicity. He is

the God of order and not of confusion."

'અનિશ્વરવાદ (નાસ્તિકવાદ) એ અતિમૂર્ખામી છે. જ્યારે હું સૂર્યમાળા તરફ નજર કરું છું ત્યારે હું જોઉં છું કે સૂર્યથી પૃથ્વીનું અંતર એટલું ચોક્કસ છે કે સૂર્યની ગરમી અને પ્રકાશ યોગ્ય માત્રામાં મળતાં રહે. આ કંઈ આકસ્મિક, અચાનક બન્યું નથી. ભગવાનના કાર્યની એ પૂર્ણતા છે. જેથી આ બધું અતિ સહજતાથી સર્જાયું છે, આ ભગવાન નિયમનકર્તા છે, ભ્રાંતિના ભગવાન નથી.'ન્યૂટન આગ્રહપૂર્વક સૌનું ધ્યાન દોરે છે કે સૂર્ય અને ચંદ્ર સહિતના તમામ ગ્રહો યોગ્ય અંતરમાં ગોઠવાયેલા છે, તેમાં મીનમેખ ફેરફાર થતો નથી. આ બધું તુક્કાબાજી નથી, આડેધડ બની ગયું નથી. આ સૃષ્ટિનો સર્જનાર ભગવાન ખૂબ વ્યવસ્થિત છે, પણ જે નાસ્તિક છે અને ભગવાનને નથી માનતા એ બધા ન્યૂટનના મતે અવ્યવસ્થિત અને તુક્કાબાજ છે.

આવા જ બીજા એક મોટા વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહે છે કે આ જે પૃથ્વી અને બ્રહ્માંડની રચના છે એ યોગ્ય છે. જેમ ઘડિયાળના કાંટા કટોકટ ચાલે છે તેમ બ્રહ્માંડ પણ પળોપળ ચાલે છે.

"I see a clock, but I cannot envision the clockmaker. The human mind is unable to conceive four dimensions, so how can it conceive of a God before whom a thousand years and a thousand dimensions are as one?"

'હું ઘડિયાળ જોઈ શકું છું, પરંતુ ઘડિયાળના રચયિતાને જોઈ શકતો નથી. માનવ મન ચાર ડાઇમેન્શન પણ ગ્રહી શકતું નથી તો ભગવાન જેની સમક્ષ હજાર વર્ષ અને હજાર ડાઇમેન્શન એક બની જાય એવા વિશાળ પરમતત્ત્વને હું કેવી રીતે જોઈ શકું?'

જે રીતે આપણે આ દુનિયાને જોઈ શકીએ છીએ, પરંતુ તેના રચયિતા ભગવાનને જોઈ શકતા નથી. ભગવાન જે અનંત પરિમાણવાળા છે, તેમને તો ક્યાંથી સમજી શકાય? વિજ્ઞાનીઓની આ ગહન વાતને હજુ સરળતાથી એક વાર ન્યૂટને પોતાના શિષ્યોને સમજાવી હતી. સૂર્યમંડળની આબેહૂબ નાની પ્રતિકૃતિ બનાવી. તેમાં દરેક ગ્રહ સૂર્યની સમયસર પરિક્રમા કરે, પોતાની ધરી ઉપર ફરે. આ મોડલ જોઈને ન્યૂટનના વિદ્યાર્થીઓ દંગ થઈ ગયા. પૃથ્વી, ચંદ્ર, ગુરુ વગેરેનું કદ અને અંતર એકદમ પ્રમાણસર હતું. આ પ્રતિકૃતિ જોઈને શિષ્યોએ પૂછ્યું કે 'આ સૂર્યમંડળની અદ્‌ભુત પ્રતિકૃતિ કોણે બનાવી?' ત્યારે ન્યૂટને કહ્યું કે 'આ કોઈએ નથી બનાવ્યું' ત્યારે શિષ્યોએ કહ્યું કે 'ના, એવું શક્ય નથી. આ પ્રતિકૃતિ બની છે, તેથી તેનો બનાવનાર પણ હોય જ.' એટલે ન્યૂટને સાહજિક કહ્યું કે જો આ

બ્રહ્માંડના મોડેલ (પ્રતિકૃતિ)ને જોઈને તમે પૂછો છો કે આનો રચનાકાર-રચયિતા કોણ છે? તો જે વાસ્તવિક બ્રહ્માંડ છે, સૂર્યમંડળ છે તેના માટે કોઈ એવું કેવી રીતે કહી શકે તેનો કોઈ રચનાકાર નથી. હવે તમે જ કહો કે આ પ્રતિકૃતિનો રચનાકાર હોય તો સાચા બ્રહ્માંડનો પણ રચનાકાર હોવો જોઈએ ને!?' આ સાંભળી શિષ્યો પણ અવાક્ બની ગયા અને ઈશ્વરના અસ્તિત્વને મનોમન સ્વીકારવા લાગ્યા.

આ જે બ્રહ્માંડ છે, તેમાં બધા ગ્રહો પોત-પોતાની ધરી ઉપર ફરે છે, તેની પણ ગતિ નિશ્ચિત છે. આપણી પૃથ્વી જે ગતિથી ધરી ઉપર ફરે છે, તેની ગતિ જો ૧૦૦ માઈલ પણ ઓછી થાય તો ૧૦ દિવસનો એક દિવસ અને ૧૦ રાત લાંબી એક રાત્રિ થઈ જાય. આવા ૧૦ દિવસ કાઢવા છે? જો ૧૦ દિવસ લાંબો એક દિવસ થાય તો બધું બળીને ભસ્મ થઈ જાય. અને ૧૦ રાત્રિની એક રાત્રિ થાય તો આ બધું ઠંડીથી થીજી જાય. પણ આ ભગવાને બધું માપસરનું જ રાખ્યું છે. આ પૃથ્વીનું જે પડ (crust) છે તેની જાડાઈ પણ માપસરની છે. જો તેનું પડ ૧૦ ફૂટ પણ વધુ જાડું હોત તો પૃથ્વી ઉપર ઓક્સિજન જ ન હોત અને આપણે બધા જ ન હોત. સમુદ્રનું જે ઊંડાણ છે, તેમાં પણ જો થોડો ફેરફાર હોત તો આ પૃથ્વી ઉપર જે વાતાવરણ છે, તેમાંથી પ્રાણવાયુ જ લુપ્ત થઈ જાત, પણ ભગવાને બધી જ રચના યોગ્ય રીતે કરી છે.

કોઈ કદાચ કહે કે બધી જ રચના જો ભગવાને કરી હોય તો પાણીનું મુખ્ય કાર્ય શું છે? પીવાનું કે નહાવાનું? આપને આશ્ચર્ય થશે કે આ બેઉ પ્રક્રિયા ઉપરાંત એક તદન જુદું જ પાણીનું કાર્ય છે. આ દુનિયામાં ૯૭.૫ ટકા પાણી ખારું સમુદ્રનું છે. પીવાલાયક પાણી માત્ર ૨.૫ ટકા છે. જે પીવાલાયક પાણી છે, તેમાંથી ૧.૫ ટકા તો ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની હિમશિલાઓમાં બંધાયેલું છે અને આપણા માટે તો માત્ર એક ટકો પાણી જે નદીઓમાં વહે છે, તેના દ્વારા જ ઉપલબ્ધ છે. તો પછી નહાવા-ધોવા-પીવા ઉપરાંત પાણીનો ઉપયોગ હોવો જોઈએ. વિજ્ઞાનીઓ કહે છે કે જો પાણીનો આ વિશાળ સમુદ્ર ન હોત તો આ પૃથ્વીનું તાપમાન પ્રમાણસર ન રહેત અને ભયંકર તાપમાનથી પૃથ્વી ગરમીની ભઠ્ઠી બની જાત. માટે પૃથ્વી પરનું પાણી એક વિશાળ એર-કન્ડિશનરનું કામ કરી રહ્યું છે.

આમ, નવા વર્ષના પ્રારંભે એક પ્રાર્થના ચોક્કસ કરીએ કે જે ભગવાને આ સૃષ્ટિની તમામ રચના એકદમ પરફેક્ટ બનાવી છે, તે પરબ્રહ્મ પરમાત્મા આપણું જીવન પણ પરફેક્ટ બનાવે. હા, તેમાં એક શરત છે કે આપણે પણ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જેમ જીવનમાં શ્રદ્ધા અને ભક્તિ દૃઢ કરીએ. આ કોઈ તુક્કો કે તર્ક નથી, સત્ય અને તથ્ય છે.

ભગવાન કર્તા છે, એમ માનવાથી ભક્તિની શક્તિ પ્રગટ થાય છે

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી જે બોધપાઠ શીખી રહ્યા છીએ તેમાં અગાઉ જાણ્યું કે God is - ભગવાન છે અને હવે જાણીએ કે God is everywhere - ભગવાન સર્વ કર્તા છે.

જેમણે અત્યાધુનિક રોકેટનું નિર્માણ કર્યું, જેમણે બનાવેલા રોકેટને કારણે માણસ ચંદ્ર ઉપર પહોંચી શક્યો અને સ્પેસ મિશનની કામગીરીમાં જેમના હાથ નીચે પાંચ હજાર જેટલા વિજ્ઞાનીઓ કાર્યરત હતા એવા વિશ્વ વિખ્યાત એરોસ્પેસ એન્જિનિયર અને રોકેટ આર્કિટેક્ટ Wernher von Braun - વર્નર ફૉન બ્રાઉન એમ માનવા તૈયાર નહોતા કે આ બ્રહ્માંડ આકસ્મિક રીતે બન્યું હોય કે આ મનુષ્ય પણ આકસ્મિક રીતે બન્યો હોય. તેઓ કહેતા "What random process could produce the brain of a man or the human eye? My experiences with science led me to God... It is best not to think, but just to believe." 'કઈ આકસ્મિક પ્રક્રિયાથી મનુષ્યનું મગજ બની શકે અથવા એક આંખ બની શકે? મારા વૈજ્ઞાનિક અનુભવો મને ભગવાન પાસે દોરી ગયા છે. માટે કંઈ વિચારવાની જરૂર નથી, ફક્ત ભગવાનમાં માનવાની જ જરૂર છે.'

આધુનિક વૈજ્ઞાનિકો human brainનું રહસ્ય સમજાવતાં કહે છે કે માણસનું મગજ એટલું અદ્ભુત છે કે તે એકસાથે કેટલાં બધાં કામ કરી શકે છે. જેમકે, તમે વર્તમાનમાં બેસીને વાત સાંભળતા હો, ભૂતકાળની વાત પણ વિચારતા હો અને ભવિષ્યની ચિંતા પણ કરતા હો છો. પછી એ જ સમયે તમે આંખ વડે આસપાસ જે બની રહ્યું છે એ જોઈ શકો છો, નાક વડે શ્વાસ લઈ રહ્યા હો છો,

હૃદયના ધબકારા ચાલતા હોય છે, શરીરની અંદર લોહીનું ભ્રમણ, અન્નનું પાચન... માનવ મગજ આવી અનંત ક્રિયાઓ એકસાથે કરે છે એવું શ્રેષ્ઠ ક્ષમતાયુક્ત છે.

તમને કોઈ ફોન આવે અને સામેવાળી વ્યક્તિ માત્ર 'હેલ્લો' એમ બોલે ત્યારે તમે અવાજ ઉપરથી પણ ઓળખી જાવ છો કે આ તો ચોક્કસ વ્યક્તિ છે અને તમે વ્યક્તિને પૂછો પણ છો કે આજે તમને શરદી થઈ છે? તમે તે વ્યક્તિનો શરદીવાળો અવાજ પણ ઓળખી જાવ છો. આંખ બંધ કરીને પણ તમે સ્વાદ પારખીને કહી શકો છો કે તમે જે જીભ ઉપર મૂક્યું તે દૂધપાક છે કે કઢી છે? ઘણી વાર લોકો વાતો કરતાં કહેતા હોય છે કે આજે દાળ પીધી, પરંતુ ચાર વર્ષ પૂર્વે એક મોટા પ્રસંગ દરમિયાન દાળ પીધી હતી તેના જેવો સ્વાદ નથી. તમને રસોડામાં ચમચી પડી કે વાટકી પડી તેની ખબર તેના અવાજ-રણકારથી ખબર પડી જાય છે. થાળી પડે અને તે પાણીમાં પડે તોપણ તેનો અવાજ જુદો હોય છે. આવા જુદા-જુદા અવાજ, સ્વાદ, દૃશ્યો, વિચારો, અનુભવો મગજ એક સાથે યાદ રાખે છે અને ઓળખી શકે છે. Your brain remembers and processes millions and trillions of processes. (તમારું મગજ લાખો-કરોડો વસ્તુઓ યાદ રાખી શકે છે અને તે માટેની પ્રક્રિયા કરે છે)

વૈજ્ઞાનિકો કહે છે કે 'તમે ક્યારેય એવું માનતા નહીં કે તમે ડફોળ (અણસમજુ-મૂર્ખ) છો.' આ દુનિયાએ આપણને ડફોળ ઠરાવી દીધા છે. કોઈ એક ચોક્કસ વિષયની પરીક્ષામાં કોઈ પરીક્ષાર્થી ઓછા માર્ક્સ લાવે તો તે ડફોળ છે કે તેની આવડત ઓછી છે એવું ક્યારેય વિચારતા નહીં, પરંતુ એવું વિચારવું કે તે બીજી રીતે આગળ વધશે. પ્રખ્યાત વૈજ્ઞાનિક એડિસન ક્યારેય સ્કૂલ-કોલેજમાં ગયા નહોતા, છતાં તેણે બનાવેલા બલ્બના અજવાળે આપણે ભણીએ છીએ.

ભગવાનમાં શ્રદ્ધા રાખીને તમે કાર્ય કરશો તો તમારા લલાટમાં જે લખ્યું છે, તે તમારા હકનું તમને મળશે જ. તમે સ્વયં તમારી શક્તિ જાણો.

તમારા મગજની ક્ષમતા દસ લાખ કમ્પ્યૂટર ભેગા કરો એટલી છે. વિજ્ઞાનીઓ કહે છે કે આ બ્રહ્માંડમાં જેટલા અણુ છે એટલે કે ૧ની પાછળ ૮૦ મીંડાં લગાડો એટલાં કમ્પ્યૂટરની પ્રક્રિયા કરતાં પણ વધુ પ્રક્રિયા એક સેકન્ડમાં એક માનવ મગજ કરી શકે છે.' હવે આવી ક્ષમતા તમારા મગજ પાસે છે છતાં પણ એવું કહેતા હો કે આપણે તો કંઈ ન કરી શકીએ? એવું નથી. તમે તમારા મગજની આ બધી ક્ષમતા સામે દૃષ્ટિ કરશો તો તમને લાગશે તમે વિશાળ ક્ષમતાના આસામી છો.

Be Positive (હકારાત્મક બનો). જો તમે આ બધી બાબતો પર દૃષ્ટિ કરશો તો તમને સાહજિક રીતે મનાવા લાગશે કે ભગવાન છે. પરમ પૂજ્ય

પ્રમુખસ્વામી મહારાજ આપણને સમજાવે છે કે ભગવાન છે અને તે ભગવાન બધે જ છે. ભગવાન જ કર્તા છે. ભગવાન જ સત્તા છે. મન-શરીર, વિજ્ઞાન બધાથી ઉપર ભગવાન બેઠા છે, પરંતુ તફાવત ક્યાં છે? ખબર છે? આપણે તો માત્ર વાણીથી બોલીએ છીએ કે 'ભગવાન કર્તા છે' અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અંતરથી માને છે કે 'ભગવાન કર્તા છે'. આ બે વચ્ચે બહુ મોટો તફાવત છે.

એક પ્રયોગ કરીએ - તમે જમણો હાથ ઊંચો કરો અને નીચો કરો. હવે તમે જ જવાબ આપો કે આ હાથ ભગવાને ઊંચો કર્યો કે તમે ઊંચો કર્યો? આપણને માનવામાં આવતું જ નથી કે આ હાથ ભગવાને ઊંચો કર્યો. તમે એવું સમજો છો કે 'મારા હાથમાં સ્નાયુઓ છે અને મગજે તેને સિગ્નલ આપ્યું અને મગજમાં મેં વિચાર કર્યો એટલે હાથ ઊંચો-નીચો થયો, આમાં ભગવાન વચ્ચે ક્યાં આવ્યા?' આ બધામાં ભગવાનને માનવા-સ્વીકારવા અઘરા છે. આ સ્થિતિમાં તમે એ સ્વીકારી લો છો કે તમારા વિચારથી જ બધું કાર્ય થાય, પરંતુ એક જ પ્રશ્ન કરું કે કોઈકને હાથમાં લકવો થઈ ગયો હોય ત્યારે તે વિચારે કે મારો હાથ ઊંચો-નીચો થાય, પણ ગમે તેટલો વિચાર કરે તોય હાથ હલે નહીં.

માત્ર વિચારવાથી કંઈ થતું નથી. કેટલાક લોકો એમ વિચારે છે કે આજથી હું વોકિંગ કરીશ, આજથી હું ડાયેટિંગ કરીશ પણ કરી શકે છે? દરેક બાળક જે બેટ ખરીદે છે, તે એવું વિચારે કે હું સચીન તેંડુલકર બની જઉં. કેવળ વિચારથી બનાતું નથી આપણે આપણા જ વિચાર અનુસાર ચાલી શકતા નથી તો આ દેહ અને બ્રહ્માંડ કઈ રીતે ચાલે?

બીજું આપણને ક્યારેય નકારાત્મક વિચારો આવી જાય તો તેને અટકાવી શકીએ છીએ? ઘણો પ્રયત્ન કરીએ તોપણ ખોટા વિચારો નાબૂદ થતા નથી. વિચારો જો આપણા જ હોય તો અટકાવી દો ને! તેમજ શુભ વિચાર આવે અને ભૂલી જવાય તો ઘણી મહેનત કરીએ પણ પાછો આવતો નથી. આપણા જ વિચારો હોય તો ખોટા વિચારો ટાળો અને શુભ વિચારો લાવો. તે પણ શક્ય બનતું નથી. આપણા વિચાર ઉપર આપણો કાબૂ નથી. તો આપણા શરીર ઉપર કેટલો કાબૂ રહે? તેમજ કુદરત ઉપર, આ પૃથ્વી ઉપર કે બ્રહ્માંડ ઉપર માનવનો કેટલો કાબૂ? જો મનુષ્ય બ્રહ્માંડ, પૃથ્વી, શરીર કે વિચારનો કર્તા નથી તો તેના કર્તા તો કોઈક હોય ને! શાસ્ત્રો અને સંતો ભગવાનને કર્તા માને છે. તેમાં જ શાંતિ અને શક્તિ રહેલી છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આપણને શીખવે છે કે ભગવાન જ કર્તા છે. જ્યારે ગાંધીનગર અક્ષરધામ ખાતે 'સત્-ચિત્-આનંદ' વોટર શૉનું ઉદ્ઘાટન

થયું ત્યારે ઉપસ્થિત સૌ મહાનુભાવોએ ખૂબ ગુણગાન ગાયા ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'આ બધું યોગીજી મહારાજના સંકલ્પને કારણે જ થાય છે.' આવું સાંભળીને તરત જ અમારા બધાનાં મનમાં તર્ક આવ્યો કે યોગીજી મહારાજ અક્ષરધામ ગયા વર્ષ-૧૯૭૧માં અને આ વોટરસ્ક્રીન પ્રોજેક્શન ટેકનોલોજી તો વર્ષો પછી શોધાઈ તો આ 'વોટર શૉ' યોગીજી મહારાજનો સંકલ્પ કેવી રીતે હોઈ શકે? કેમ કે તે સમયે 'વોટર શૉ' શબ્દ તો યોગીજી મહારાજની ડિક્શનરીમાં પણ નહોતો.

આવું વિચારીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને પૂછવાનો પ્રયત્ન કર્યો એ સમયે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સ્મિત કરતાં કરતાં કહે કે 'આપણાથી તો શેક્યો પાપડ પણ ભંગાતો નથી, આ બધું જ યોગીજી મહારાજ કરે છે.'

આ વાક્ય સાંભળીને પુનઃ તરત જ બીજો તર્ક ઊઠ્યો અને તરત જ અમે સ્વામીશ્રીને હાથ ઊંચો કરી બે આંગળી અને અંગૂઠો દેખાડી કહ્યું કે 'સ્વામીશ્રી! હું શેકેલો પાપડ આમ કરીને આમ ભાંગી શકું છું!'

ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મારો હાથ પકડ્યો અને કહ્યું કે 'યોગીજી મહારાજનો સંકલ્પ ન હોય તો હાથ પણ ઊંચો થતો નથી. હું તારી સાથે વાત કરું છું એ પણ યોગીજી મહારાજનો સંકલ્પ છે અને તું સાંભળી શકે છે એ પણ યોગીજી મહારાજની દયા છે. આ શ્વાસોચ્છ્વાસ ચાલે છે અને નસેનસમાં લોહી વહે છે તે પણ યોગીજી મહારાજની દયા. આ બ્રહ્માંડમાં બધું જ યોગીજી મહારાજ અને ભગવાન કરે છે.'

અગાઉ જે તફાવતની વાત કરી હતી તે આ જ હતી કે આપણે માત્ર બોલીએ છીએ કે 'ભગવાન કર્તા છે' અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માને છે કે 'ભગવાન જ કર્તા છે.'

આમ, આપણે પણ વિનમ્રતાથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જેમ જીવનમાં આત્મસાત્ કરીએ કે 'ભગવાન છે અને ભગવાન જ કર્તા છે' તો પછી આપણે ક્યારેય નિષ્ફળતાથી નાસીપાસ નહીં થઈએ અને સફળતાથી અભિમાની નહીં બનીએ અને ભગવાનની સાચી ભક્તિથી એવી શક્તિ ઉત્પન્ન થશે કે આપણા જીવનમાં અશક્ય શક્ય બનશે.

સાચી ગુરુભક્તિ દ્વારા આપણામાં સત્પુરુષના દિવ્ય સદ્‌ગુણો પ્રગટ થશે

'ભગવાન છે' અને 'ભગવાન જ કર્તા છે' એવું દૃઢપણે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન આપણને શીખવે છે. સ્વામીશ્રીના જીવનમાંથી જે નવમો અને સૌથી અગત્યનો બોધપાઠ શીખવાનો છે, તે એ છે કે –

'God is here and now' - ભગવાન અહીં અને અત્યારે છે - ભગવાન પ્રગટ અને પ્રત્યક્ષ છે.

કોઈ એવું પૂછે કે ભગવાન છે? ક્યાં છે? આકાશમાં છે? તો દૃઢતાથી કહેવું કે ક્યાં નથી? ભગવાન બધે જ છે. પૃથ્વીમાં છે, આકાશમાં છે, મનુષ્યમાં છે, પશુ-પંખીમાં પણ છે, પૃથ્વીના કણેકણમાં છે, દરેક જીવાત્મામાં છે અને સમગ્ર સૃષ્ટિમાં છે. એ જ સમજણે ભગવાન મંદિરમાં પણ છે અને મૂર્તિમાં પણ છે, છતાં સંપૂર્ણ, સમ્યક્ રીતે જો ક્યાંય પ્રગટરૂપે બિરાજમાન હોય તો પ્રગટ ગુરુહરિ રૂપમાં છે. ભગવાન બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા પૃથ્વી ઉપર સદાય પ્રગટ છે. આ વેદ-ઉપનિષદની સમજણ આપણા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં જીવંત છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ડગલે ને પગલે આપણે ગુરુ મહિમા જોઈ શકીએ છીએ.

શાસ્ત્રો પણ લખે છે કે 'ગુરુ ગોવિંદ દોનો ખડે કિસ કો લાગું પાય, બલિહારી ગુરુ આપને ગોવિંદ દિયો બતાય.' એટલે કે ગુરુ અને ગોવિંદ બંને હોય તો ગુરુને નમસ્કાર કરું, જેમણે ગોવિંદનાં દર્શન કરાવી દીધાં, જેમણે ભગવાનની ઓળખાણ આપી. વેદ-ઉપનિષદથી લઈ રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્‌ગીતા એવાં તમામ સદ્‌શાસ્ત્રોમાં આદર્શ ગુરુ ભગવાનનું સ્વરૂપ છે તેવો નિર્દેશ કરેલો છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં ગઢડા પ્રથમ ૨૭માં દીવા જેવું સ્પષ્ટ કહ્યું છે કે, “જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે... જે એમ સમજતો હોય જે, ‘આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધ્ધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે... તથા આકાશને વિશે અધ્ધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે,’ એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહીં. પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ જે થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે’... એના નેત્રમાં ભગવાન જોનારા છે... અને એના પગમાં ચાલનારા ભગવાન છે... એમ એ સંતની સર્વ ઇંદ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોની ઇંદ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.”

ભગવાન સ્વામિનારાયણ ગુણાતીત સંતનો વિશેષ મહિમા કહેતાં વચનામૃતમાં ગઢડા પ્રથમ ૩૭માં કહે છે, “એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ, અને તેનાં દર્શનને પણ ઇચ્છીએ છીએ... તેનું દર્શન તો ભગવાનના દર્શનતુલ્ય છે, અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.”

એવા પવિત્ર સંતની ચરણરજ જો ભગવાન સ્વામિનારાયણ પોતે માથે ચડાવતા હોય તો મારે અને તમારે પણ ચડાવવવી જોઈએ. આવા સંતનાં દર્શન ભગવાન પોતે ઇચ્છતા હોય તો આપણે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતનાં દર્શન કરવા તે મોટાં ભાગ્ય છે. પોતાના ગુરુનો આવો મહિમા સમજીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને સેવ્યા છે. કેવી અદ્‌ભુત ગુરુભક્તિ? પોતાનું સર્વસ્વ, પોતાનું સમગ્ર અસ્તિત્વ ગુરુને સમર્પિત કરી દીધેલું.

આવી એક સત્ય ઘટનાનું સ્મરણ કરીએ. અમદાવાદમાં એક હૉસ્પિટલ બનાવવાનું નક્કી થયું. વડીલ સંતો, હરિભક્તોની ઉપસ્થિતિમાં તે બી.એ.પી.એસ. હૉસ્પિટલનું નામ સર્વાનુમતે ‘બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી મહારાજ હૉસ્પિટલ’ રાખવાનું નક્કી થઈ ગયું. સંતો અને કાર્યકરોએ ખૂબ મહેનત કરીને ઘણીબધી

જુદી-જુદી પરવાનગી લઈને વહીવટી કામગીરી પૂર્ણ કરી. નિષ્ણાત ડૉક્ટરો અને અદ્યતન સાધનોથી સજ્જ એવી 100 બેડની હૉસ્પિટલ તૈયાર થઈ. એલોપથી ઉપરાંત આયુર્વેદ, પંચકર્મ અને ઓલ્ટરનેટિવ મેડિસિનની ટ્રીટમેન્ટ પૂરી પાડે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી. સરકારી ચોપડે પણ હૉસ્પિટલનું નામકરણ 'બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી મહારાજ હૉસ્પિટલ' થઈ ગયું. હૉસ્પિટલનું સોફ્ટ ઓપનિંગ પણ થયું. દર્દીઓ પણ આવવા લાગ્યા. એ અરસામાં અમારે મુંબઈ જવાનું થયું.

તે સમયે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ બીમાર હતા અને પલંગમાં સૂતા હતા. તેમની સાથેની વાતચીતમાં સ્વામીશ્રીએ એકદમ મને પૂછ્યું કે, અમદાવાદમાં જે હૉસ્પિટલ શરૂ કરી તેનું નામ શું રાખ્યું ?

મેં કહ્યું, ''સ્વામીશ્રી! 'બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી મહારાજ હૉસ્પિટલ' એવું નામ રાખ્યું છે.''

આ સાંભળીને સ્વામીશ્રીને તે ગમ્યું નહીં. તેમની મુખમુદ્રા ઉપર અણગમો પ્રસરી ગયો. તરત જ સ્વામીશ્રી કહે, 'આવું કેમ કર્યું ?'

અમે કહ્યું, 'સ્વામી! બધાની ઇચ્છા હતી. આથી આ નામ નક્કી કર્યું!'

સ્વામીશ્રીએ કહ્યું કે 'બધાની સહમતી હોવી એ એક વાત છે, પણ યોગી-બાપાનું નામ ન રખાય ? આપણા ગુરુનું નામ ન રખાય ?'

અમે કહ્યું, 'સ્વામીશ્રી! બધાએ સામૂહિક રીતે નક્કી કર્યું છે.'

તરત જ સ્વામીશ્રી કહે, 'ભલે સામૂહિક રીતે નક્કી કર્યું હોય, પણ તમે એ હૉસ્પિટલનું નામ યોગીબાપાને નામે રાખો, ત્યાંથી મારું નામ કાઢી નાખો.'

આ સમયે વાતવાતમાં મારાથી એવું કહેવાઈ ગયું કે 'સ્વામીશ્રી! એક જ વ્યક્તિએ આખી હૉસ્પિટલનું દાન આપ્યું છે અને એ વ્યક્તિનો આગ્રહ હતો કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું નામ રાખવામાં આવે.'

આ સાંભળીને મક્કમતાથી સ્વામીશ્રીએ કહ્યું, 'એ ભાઈનું દાન પાછું આપી દો, પરંતુ મારું નામ રાખશો નહીં.'

હું તો અવાક બની ગયો. આગળ સ્વામીશ્રીએ સ્પષ્ટ કહ્યું, 'આજે ને આજે તું મુંબઈથી પાછો અમદાવાદ જા. તાત્કાલિક પહોંચ.' એ વખતે હું સવારે જ કામ અંગે મુંબઈ આવ્યો હતો અને પાછા અમદાવાદ જવાનું નહોતું. છતાં સ્વામીશ્રી કહે, 'તું અત્યારે જ ગુજરાત મેલમાં બેસી જા અને અમદાવાદ જઈ પૂજ્ય ઈશ્વર સ્વામીને કહેજે કે સવારે બધાને ભેગા કરે અને હૉસ્પિટલનું નામ બદલી નાખો.'

એટલે મેં કહ્યું, 'સ્વામીશ્રી! નામ બદલવાનું સહેલું નથી, તેમાં ખૂબ કાર્યવાહી

કરવી પડે.'

તો સ્વામીશ્રી આંગળીનું લટકું કરીને કહે, 'એ તો સાવ સહેલું છે. ખાલી દીવાલ ઉપરથી અક્ષરો ઉખેડી નાંખવાના છે.' આપણે જેમ શરીર પરથી વસ્ત્ર ઉતારીએ, હાથનાં મોજાં ઉતારીએ એટલી સાહજિકતાથી પ્રમુખસ્વામીએ પોતાનું નામ કાઢી નાખવાનો આદેશ આપ્યો. વિચાર કરો ગુરુભક્તિની વિનમ્ર પરાકાષ્ટા!

ત્યારબાદ તા. ૧૭ મે, ૨૦૧૨ના રોજ નવા નામકરણ સાથે બી.એ.પી.એસ. યોગીજી મહારાજ હૉસ્પિટલનું વિધિવત્ ઉદ્‌ઘાટન તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું. પછી તા. ૨૨ મે, ૨૦૧૨ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સંસ્થાએ જ બનાવેલી હૉસ્પિટલમાં પધરામણી કરી.

જ્યારે આપણે આવી સહજતાથી આપણા વડીલો, ગુરુજનો કે ભગવાનને આપણું સર્વસ્વ અને સંપૂર્ણ અસ્તિત્વ અર્પણ કરી શકીશું ત્યારે જ સાચી ગુરુભક્તિ દ્વારા આપણામાં સત્પુરુષના દિવ્ય ગુણ પ્રગટ થશે અને જીવન અખંડ સુખમય અને શાંતિમય બનશે.

પવિત્રતમ સંતોના જીવનને જોઈએ ત્યારે લાગે કે ભગવાન અહીં જ છે

આધ્યાત્મિક માર્ગમાં સામાન્ય રીતે સૌ કોઈ શ્રદ્ધાળુ એક વાત વારંવાર કહે છે કે, ગુરુજનોમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખો, પરંતુ ભારતના રાષ્ટ્રપતિ ડૉ. કલામ જેવા મહાન વૈજ્ઞાનિક પોતે કહે ત્યારે આ વિધાનનું વજન વધી જાય છે. આવા વિચારવાન, ગુણવાન અને સત્યવાન મહાપુરુષો પોતાના સ્વયંના સંશય દૂર થાય અને અંતરમાં શાંતિ થાય ત્યારે જ તર્કની ઉપરવટ જઈ શ્રદ્ધાનો સ્વીકાર કરે છે. આવું જ કાંઈક ડૉ. કલામ સહિત અનેક વ્યક્તિઓને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પવિત્ર જીવનમાં ભગવાનની શક્તિ અને ભગવાનના સાતત્યનો અનુભવ થયો. તેથી જ ગુરુજનોમાં ભગવાનની અનુભૂતિ થાય છે તે વાત ચોક્કસપણે સ્વીકારવી પડે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં નાનપણથી જ પોતાના ગુરુમાં વિશ્વાસ, શ્રદ્ધા અને અહોભાવ જોવા મળે છે. પ્રસંગ છે, તા. ૨૧ મે ૧૯૫૦નો. અમદાવાદની આંબલીવાળી પોળ કે જે અત્યારે યજ્ઞપુરુષ પોળ તરીકે ઓળખાય છે. આ પોળમાં ગણ્યાં-ગાંઠ્યા હરિભક્તો અને થોડા સંતો હાજર હતા. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને નાનકડા શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ (પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ) માટે એટલો બધો પ્રેમ હતો કે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પત્ર લખીને કહ્યું હતું કે, 'અમારી ઈચ્છા છે કે તમે સંસ્થાના પ્રમુખ થાવ.' બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વિનંતી કરી એટલે ગુરુનું વચન સ્વીકારી, માત્ર ૨૮ વર્ષની વયે, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસે પ્રમુખ થવાની હા પાડી દીધી અને આંબલીવાળી પોળમાં પાંચ હરિભક્તોની હાજરીમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાની ઓઢેલી ચાદર શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને ઓઢાડી અને આખી સંસ્થાના

પ્રમુખ બનાવ્યા. આ સમયે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે હરિભક્તોનાં એઠાં વાસણ ઊટક્યાં એ પ્રસંગ પણ બધાને ખબર છે. એ સમયે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પ્રતિજ્ઞા લીધી હતી કે, 'દેહના અંત સુધી હું વફાદારી અને અંતઃકરણપૂર્વક સંતો અને હરિભક્તોની સેવા કરીશ.' એ વચનના વેણે તેમણે અત્યાર સુધી બધાની સેવા કરી છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સ્વયં કહેતા કે તે સમયે તેમની એવી આવડત પણ નહીં અને તેમની વય નાની એટલે કેટલાક હરિભક્તો ને પણ મનમાં પ્રશ્ન થયો કે આટલી નાની વયના સંતને સંસ્થાના પ્રમુખ બનાવ્યા?

૬૦ દાયકા પછીનો બીજો પ્રસંગ જોઈએ. એક વાર અમે સંતો સુરતમાં હતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે મીટિંગ ચાલતી હતી અને સ્વામીશ્રીને ઊભા થવાનો સમય થયો એટલે સેવક સંત રૂમમાં આવ્યા અને મને પૂછ્યું કે 'કામ પતી ગયું?' મેં કહ્યું, 'હા.' એટલે સ્વામીશ્રી ખડખડાટ હસવા લાગ્યા અને બોલ્યા કે, 'આજનું પૂરું, કાલનું નવું! પૃથ્વીનું તળ રહેશે ત્યાં સુધી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં કામ પૂરા થશે નહીં.'

તે સમયે અમે પૂછ્યું કે, 'સ્વામીશ્રી તમે થાકતા જ નથી. મને આશ્ચર્ય થાય છે કે આ ઉંમરે તમને સંસ્થાનાં કામ, સેવા કરવામાં જરાય કંટાળો આવતો જ નથી. જરા પણ થાક વગર આપ આ બધું કેવી રીતે કરી શકો છો?'

તે સમયે સેવક સંત બોલ્યા કે, 'સ્વામીશ્રી ખરું આશ્ચર્ય તો એ થાય છે કે અર્જુને જેમ ત્રાજવામાં પગ મૂક્યા હતા, એમ તમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું સંતુલન રાખીને સંચાલન કરો છો, એ વાતનું આશ્ચર્ય છે.

ત્યારે મેં ઉપરનો પ્રસંગ ટાંકીને કહ્યું કે 'સ્વામીશ્રી! ૧૯૫૦ની સાલમાં જ્યારે આપને યુવાનવયે પ્રમુખ બનાવ્યા ત્યારે હરિભક્તો પૂછતા હતા કે આ નાનકડા સ્વામી સંસ્થાનું સંચાલન કઈ રીતે કરી શકશે? તે સમયે શંકા હતી. અને આજે એ જ હરિભક્તો પૂછે છે કે ૯૦ વર્ષની વયે પણ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સંસ્થાનું સંચાલન કઈ રીતે કરે છે?' પ્રશ્ન તો એનો એ જ છે, માત્ર શંકામાંથી આશ્ચર્યમાં પરિવર્તિત થઈ ગયો છે.'

ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'આપણે ક્યાં કંઈ કરીએ છીએ કે કંઈ ચલાવીએ છીએ? આ તો શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ચલાવે છે. આપણે તો શું છીએ? ગુરુ પ્રગટ છે, ગુરુમાં ભગવાન સાક્ષાત્ બિરાજમાન છે.'

હકીકતમાં, આ ભગવાન અને ગુરુમાં અફર શ્રદ્ધાના કારણે પરમ પૂજ્ય

પ્રમુખસ્વામી મહારાજની નજીક જે કોઈપણ વ્યક્તિઓ આવી તેમને પણ એ જ ભગવાનપણાનો સદ્‌પુરુષની પવિત્રતામાંથી અનુભવ થાય છે.

જાણીતા મિસાઈલમેન અને વિશ્વ વિખ્યાત વિજ્ઞાની, ડૉ. અબ્દુલ કલામ સાહેબે 'Trancendence' (પરાત્પર) પુસ્તક કેમ લખ્યું? વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામ જોયું એટલે? સ્વામીશ્રીની સેવા પ્રવૃત્તિઓ નિહાળી એટલે? સ્વામીશ્રી સાથે વાર્તાલાપ કર્યો એટલે? તો જવાબ છે, 'ના.' પરંતુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ડૉ. કલામના બધા પ્રશ્ન-સંશય દૂર કર્યા અને અહમ્-મમત્વ દૂર કર્યા એટલે આ પુસ્તક લખ્યું છે.

ડૉ. કલામ સાહેબ વારંવાર જે વાત કહેતા તે વાત આપની સમક્ષ દોહરાવું છું કે 'હું મારા જીવનમાં અનેક મહાપુરુષો પાસેથી અનેક ગુણો શીખ્યો છું. સોક્રેટિસ પાસેથી હું તર્કશક્તિ (reasoning) શીખ્યો છું, ગેલેલિયો પાસેથી હું સત્ય (truth) શીખ્યો, લિંકન પાસેથી હું સમાનતા (Equality) શીખ્યો. ગાંધીજી પાસેથી હું અહિંસા (Non-violence) શીખ્યો છું. બુદ્ધ પાસેથી હું કરુણા (Compassion) શીખ્યો. કોઈ મહાત્મા પાસેથી કૌટુંબિક મૂલ્યો શીખ્યો, સહન કરતાં શીખ્યો, સમર્પણ કરતાં શીખ્યો, પરંતુ જો કોઈની પાસેથી ભગવાનમાં શ્રદ્ધા (Faith in God) રાખવાનું શીખ્યો હોઉં તો તે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પાસેથી, કારણ કે તેમનામાં ભગવાન સ્વયં બિરાજમાન છે.'

એક વાર ૧૫ ઑક્ટોબરે પોતાના જન્મદિવસે ગોંડલમાં ડૉ. કલામ સાહેબે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને આશીર્વાદ માટે ફોન કર્યો. ત્યારે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ ડૉ. કલામને કહ્યું કે, 'યોગીજી મહારાજનો સંકલ્પ હતો અને ગોંડલમાં ૭૦૦ સાધુ થવાનો સંકલ્પ પૂરો થયો.' ત્યારે ડૉ. કલામે અચાનક કહ્યું, "Will he make me a sadhu?" (પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મને સાધુ બનાવશે?) વિચાર કરો, જ્યારે આપણા દેશમાં મંદિર-નિર્માણમાં પણ પ્રશ્નો ઊભા થતા હોય ત્યારે રાષ્ટ્રપતિને કોઈ સાધુ બનાવી દે તો શું થાય? હજી તો હું અનુવાદ કરીને સ્વામીશ્રીને કહું એ પહેલાં તો ડૉ. કલામે આગ્રહ કર્યો, Ask him. Ask him. એટલે હું મૂંઝાતો હતો. ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું કે, 'સાહેબ શું કહે છે?' મેં કહ્યું, 'સ્વામીશ્રી! ડૉ. કલામ સાહેબ તો સાધુ બનવાનો વિચાર કરે છે.'

આ સાંભળીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તરત જ કહ્યું કે 'ડૉ. કલામ સાહેબને કહો કે તમે સાધુ જ છો. વેદકાળના ઋષિઓ લાંબા વાળ રાખતા હતા, વેદકાળના ઋષિઓ વૈજ્ઞાનિક હતા અને વેદકાળના ઋષિઓ બ્રહ્મચર્ય પાળતા

હતા. તમે આ ત્રણ ગુણોને અનુસરો છો અને દેશની સેવા કરો છો એટલે તમે સાધુ જ છો.'

તરત જ તર્કબદ્ધ રીતે ડૉ. કલામ સાહેબે કહ્યું, "Will Maha Pramukh Swamiji certify that I am a sadhu?" મેં કહ્યું, 'બાપા! આ તો સર્ટિફિકેટ માંગે છે.' સ્વામીશ્રી કહે, 'લાવો આપણે લખી આપીએ કે તેઓ સાધુ છે.' ત્યારે કલામ સાહેબ અતિ સંતોષપૂર્વક બોલ્યા કે "A certificate from Maha Pramukh Swamiji is a certificate from God." (પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા અપાતું સર્ટિફિકેટ એ સ્વયં ભગવાન દ્વારા મળેલું સર્ટિફિકેટ છે.)

આ વાક્ય કોઈ ધાર્મિક પુરુષ નથી કહેતા, પરંતુ વિશ્વના એક મહાન વૈજ્ઞાનિકને જ્યારે અનુભૂતિ થઈ ત્યારે જ કહે છે. કલામ સાહેબ ૧૦૦ ટકા નહીં, ૨૫૦ ટકા પ્રમાણિક હતા. તેમણે ગણિત, વિજ્ઞાનના નિયમો અનુસાર જે જે શોધખોળ કરી - મિસાઈલથી અણુબોમ્બ - તેમાં આખા દેશે વિશ્વાસ રાખ્યો તો વિકાસ થયો. તેમ આધ્યાત્મિક અનુભૂતિના આધારે તેમને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સ્વરૂપમાં ભગવાનની અનુભૂતિ થઈ તેમાં વિશ્વાસ રાખીએ તો આધ્યાત્મિક વિકાસ થશે. તેથી જ આપણાં શાસ્ત્રોમાં સાચા સત્પુરુષ, પવિત્ર ગુરુજનમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાથી જ પરિપૂર્ણ વિકાસ થશે.

પ્રાર્થના કરવી એ આપણી ભક્તિ છે, પ્રાર્થના પૂર્ણ કરવી એ સંતની શક્તિ છે

જો કોઈને એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે ભગવાન મારી પ્રાર્થના સાંભળે છે ખરા? તો તેનો જવાબ છે, 'હા'. ભગવાન પ્રાર્થના સાંભળે છે. નાના-મોટા દરેકની પ્રાર્થના સાંભળે છે. ખરેખર હૃદયથી, અંતર્મનથી કરવામાં આવેલી સાચી પ્રાર્થના ભગવાન જરૂરથી સાંભળે છે. એટલું જ નહીં, તેનો સ્વીકાર પણ થાય છે. ક્યારેક એવું પણ સંભવી શકે કે કોઈ પ્રાર્થના કરીને તમે ભૂલી ગયા હોવ, પરંતુ તે પ્રાર્થના ભગવાન જરૂરથી સાંભળે છે; એ પણ એટલી જ હકીકત છે. પ્રાર્થના માટે તર્ક કે વિર્તક, દાવા કે દલીલો કર્યા કરતાં સત્ય ઘટનાઓ અને સ્વયંના અનુભવો નિહાળવાની જરૂર છે.

આવી એક સત્યઘટનાના સાક્ષી બનવાનો અવસર મને પ્રાપ્ત થયો છે. વર્ષ-૨૦૧૦નો પ્રસંગ છે. એ સમયે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અટલાદરા બિરાજમાન હતા. અમે પૂજ્ય ધર્મચરણ સ્વામીજી, જેઓ સ્વામીશ્રીનો પત્રવ્યવહાર સંભાળતા, તેમની સાથે બેઠા હતા. તેમના રૂમમાં સાફસૂફી કરતાં ઉપરનું કબાટ ખોલ્યું તો ખૂણામાં રહી ગયેલું એક જૂનું એન્વેલપ(પરબીડિયું) મારા ખોળામાં પડ્યું. મને આશ્ચર્ય થયું. કારણ કે સામાન્ય રીતે સ્વામીશ્રી પાસે જે પત્રો આવે તે તમામ પત્રો સ્વામીશ્રી વાંચી લે ત્યારબાદ તેનો યોગ્ય નિકાલ કરી દેવામાં આવે છે. આ એન્વેલપ મારા જ ખોળામાં પડ્યું. એટલે તેને હાથમાં લઈને જોયું. વર્ષોના કારણે તે પીળું પડી ગયેલું અને તેના ઉપર સ્વામીશ્રીનું નામ અને એડ્રેસ હતાં. અંદર હસ્તલિખિત એક પાનાનો પત્ર હતો. જે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને ઉદ્દેશીને લખાયો હતો. એન્વેલપની ઉપર પૂજ્ય ધર્મચરણ સ્વામીએ પોતાના અક્ષરમાં નોંધ કરી હતી - 'પૂજ્ય નારાયણમુનિ સ્વામીને પૂછવું.'

પત્ર વર્ષ-૧૯૯૨નો હતો. અમને મળ્યો, તે સમયે વર્ષ-૨૦૧૦ ચાલી રહ્યું

હતું. એટલે ૧૮ વર્ષ જૂનો આ પત્ર હતો. આ પત્ર વાંચીને કોઈપણ વ્યક્તિ ભાવવિભોર થઈ જાય તેવા ભક્તિભાવથી ભરપૂર હતો. તા. ૧૧ નવેમ્બર, ૧૯૯૨ના દિવસે એક બિનસત્સંગી, મુસ્લિમ યુવાન, મોદન મોહંમદે પત્ર લખ્યો હતો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ યોગી શતાબ્દી મહોત્સવ માટે ગાંધીનગર અક્ષરધામ ખાતે રોકાયા હતા. સ્વામીશ્રીની તબિયત નાદુરસ્ત થઈ તેવા સમાચાર આ યુવાને અખબારમાં વાંચ્યા હતા અને આ સમાચાર વાંચીને લખાયેલો આ પત્ર હતો. આ મુસ્લિમ યુવાન કે જેની વય તે સમયે ૨૫ વર્ષ હશે, તેણે જે પત્ર લખ્યો હતો, તેના કેટલાક અંશ અહીં પ્રસ્તુત છે:

"પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ,

ગઈકાલે બપોરે મને જાણ થઈ કે આપની તબિયત સારી નથી. ડૉક્ટરોએ આપને આરામ કરવાનું કહ્યું છે. મને સખત ફડકો પડ્યો. આ સમાચાર સાચા હોય તોપણ મને જાણ કરજો અને અફવા હોય તોપણ મને જાણ કરશો. મારું હૃદય આ સમાચારથી ધ્રૂજી ગયું છે.

તમે યુવાનો માટે ખૂબ જ સારું કાર્ય કર્યું છે. તમે યુવાનોને વ્યસનમુક્ત કરવાનું કામ કરો છો. સમાજનો ઉદ્ધાર કરો છો, તેનાથી હું રાજી છું. એક ગરીબ મુસ્લિમ યુવાન આપને તો શું આપી શકે? હું કંઈ જ આપી શકું એમ નથી. બે હાથ ઊંચા કરીને ખુદા પાસે એવી માગણી કરું છું કે 'મારી બાકીની ઉંમર આપને ખુદા આપે.' તમે સમાજને સાચો રસ્તો દેખાડો છો અને પ્રેરણા આપો છો. આપની તબિયતના સમાચાર જાણીને મારી માનસિક સ્થિતિને ઘણી અસર થઈ છે. આ સમાચાર સાચા હોય તો જણાવશો. મારી એક ઇચ્છા છે કે જિંદગીમાં એક વાર મારે આપનાં રૂબરૂ દર્શન કરવાં છે. તેને માટે હું બે-પાંચ કે વીસ વર્ષ પણ રાહ જોવા તૈયાર છું.

– મોદન મોહંમદ"

આ પત્ર ઉપર ધર્મચરણ સ્વામીના અક્ષર હતા એટલે અમે ધર્મચરણ સ્વામીને પૂછ્યું કે આવો કોઈ મુસ્લિમ યુવાન સ્વામીશ્રીનાં દર્શને આવ્યો હતો? તેમણે જણાવ્યું કે 'ના, મને ખ્યાલ નથી, તમે નારાયણમુનિને પૂછો.' પછી અમે નારાયણમુનિ સ્વામીને પૂછ્યું કે આવો કોઈ પત્ર મુસ્લિમ યુવાને લખ્યો હતો? તેમણે કહ્યું કે 'ના, મને તો કંઈ ખબર જ નથી કે આવો કોઈ પત્ર આવ્યો હતો.'

પછી આ પત્ર લઈને હું સ્વામીશ્રી પાસે ગયો અને એ સમયે સ્વામીશ્રી ભોજન લઈ રહ્યા હતા. અમે પૂછ્યું કે, 'સ્વામીશ્રી! એક મુસ્લિમ યુવાનનો ૧૮ વર્ષ પછી પત્ર મળ્યો છે. તેની ઇચ્છા આપને મળવાની હતી. તો આવો કોઈ યુવાન આપને મળવા આવ્યો હતો?' ત્યારે સ્વામીશ્રીએ એ જ પળે, તત્ક્ષણ, કોઈ

શંકાવગર, સહજતાપૂર્વક કહ્યું કે, 'ના આવો કોઈ યુવાન મળવા આવ્યો નથી.' હવે વિચાર કરો કે ૧૮ વર્ષ જૂની ઘટના માટે પણ કોઈપણ દ્વિધા નહીં. સ્વામીશ્રીનો જવાબ સ્પષ્ટ હતો. સામેથી સ્વામીશ્રીએ અમને પ્રશ્ન કર્યો કે, 'તમે તપાસ કરો કે આ યુવાન દર્શન કરવા કેમ આવ્યો નથી? કોઈ આપણને પત્ર લખે એ એની ભક્તિ છે અને આપણે તે વાંચી એને જવાબ લખવો એ આપણી ભક્તિ અને જવાબદારી છે.' આને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સેવા કહો, ભક્તિ કહો કે કાર્યનિષ્ઠા કહો - કોઈપણ કાર્ય ઉપરછલ્લું નહીં, ઊંડાણમાં ઊતરીને પાર પાડે તેવી સ્વામીશ્રીની ખાસિયત હતી. ત્યારબાદ આ મુસ્લિમ યુવાનની શોધખોળ શરૂ થઈ.

તરત જ મોદન મોહંમદ નામના યુવાનને શોધવાનું કાર્ય, ગાંધીનગરના અક્ષરધામમાં સેવા આપનાર બે સત્સંગી યુવાન જાગ્રત પટેલ અને નીતિન છનિયારાને સોંપવામાં આવ્યું. આ બે યુવાનો તપાસ કરતાં-કરતાં એ પત્ર જ્યાંથી આવ્યો હતો ત્યાં પહોંચ્યા અને ખબર પડી કે આ યુવાન સચિવાલયમાં કામ કરતા એક પટાવાળાનો પુત્ર હતો, પરંતુ વર્ષો પહેલાં તેઓ ઘર બદલીને બીજે રહેવા ચાલ્યા ગયા હતા. પછી તે યુવાનના પિતા જ્યાં કામ કરતા હતા, ત્યાં તપાસ શરૂ કરી. જૂના રેકર્ડમાંથી તેઓના ઘરનું સરનામું મળી આવ્યું. ત્યાંથી નવા ઘર સુધી પહોંચ્યા.

આ બંને સત્સંગી યુવાનોએ તે ઘરના દરવાજે પ્રવેશ કર્યો ત્યારે એક ૪૩ વર્ષના પીઢ યુવાને તેમના તિલક-ચાંદલા સામે જોઈને કહ્યું, 'તમને પ્રમુખસ્વામીએ મોકલ્યા છે?' યુવાનોએ કહ્યું કે 'અમે અક્ષરધામ - ગાંધીનગરથી આવીએ છીએ.' એટલે મોદન મોહંમદે જણાવ્યું કે 'આજથી ૧૮ વર્ષ પહેલાં મેં એક પત્ર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને લખ્યો હતો અને ત્યારથી દરરોજ હું ખુદાને પ્રાર્થના કરતો હતો કે જો પ્રમુખસ્વામી મહારાજમાં ખુદા હોય તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મને એક વાર મળવા બોલાવે.' એટલે સત્સંગી યુવાનોએ કહ્યું કે 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જ તમને દર્શન કરવા બોલાવ્યા છે.'

અને પછી બીજે દિવસે મોદન મોહંમદ પરિવાર સહિત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા પધાર્યા. તેઓ ખૂબ ગદ્‌ગદિત અને ભાવવિભોર બની ગયા, કારણ કે ખુદાએ તેની સાચા દિલથી કરેલી પ્રાર્થના પૂર્ણ કરી. તે દિવસ હતો - તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૦.

વ્યક્તિગત રીતે આ સત્ય ઘટના નિહાળી પછી પ્રાર્થના માટે કોઈ પુરાવાની મારે જરૂર નથી. જ્યારે વિચાર કરીએ કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સાડા સાત લાખ પત્રો વાંચ્યા અને ઉત્તર આપ્યા હોય ત્યારે એક પત્ર અનુઉત્તર રહી જાય તેની સંભાવના કેટલી? અને એ પત્ર બચે અને ૧૮ વર્ષ પછી તે પરત મળી જાય.

એવી સંભાવના કેટલી? વળી, તે પત્ર લખનાર વ્યક્તિ પણ મળે એવી સંભાવના કેટલી? વળી, એ પત્ર લખનાર વ્યક્તિ મળ્યા પછી સામેથી યાદ રાખી કહે કે, 'હું સતત ૧૮ વર્ષથી દરરોજ પ્રાર્થના કરું છું કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મને એક વાર મળવા બોલાવે એવી સંભાવના કેટલી? અને એ પત્ર લખનાર વ્યક્તિના ૧૮ વર્ષ પૂર્વેના પત્રમાં એવું લખ્યું હોય કે 'હું મળવા માટે બે-પાંચ કે વીસ વર્ષ રાહ જોવા હું તૈયાર છું.' એવી સંભાવના કેટલી? જ્યારે અસંભવ, સંભવ બને એ જ પ્રાર્થનાની તાકાત છે.

જો આપણી પ્રાર્થના સાચી હોય અને સતત હોય તો ભગવાન અને સંત અચૂક સાંભળે જ છે. તેઓ સત્યવાન અને ઐશ્વર્યવાન છે. આપણે જેટલા પ્રામાણિક છીએ એનાથી વધારે પ્રામાણિક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા સંત છે. પ્રાર્થના કરવી એ આપણી ભક્તિ છે અને પ્રાર્થના પૂરી કરવી એ સાચા સંતની શક્તિ છે.

જીવન માટેનું એક રહસ્યમય સૂત્ર, ‘WHAT CAN I GIVE’

લેખમાળાનો આ અંતિમ લેખ છે. તેમાં અપ્રતિમ સંદેશ છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનનો સાર સમાયેલો છે. સ્વામીશ્રીના 9 Lessons of Lifeમાંથી એક જીવનસૂત્ર ઊપસી આવતું હોય તો તે છે ‘બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના સુખમાં આપણું સુખ છે.’ - “In the good of others lies our own; In the joy of others lies our own.” સારા અને સુખી બનવા, જીવનમાં સ્વાર્થી નહીં, પરમાર્થી બનો.

આ રહસ્ય પૃથ્વીના શ્રેષ્ઠ માનવો અને મહામાનવોએ સમજાવ્યું છે. જ્યારે ડૉ. એ.પી.જે અબ્દુલ કલામ પોતાના જીવનની સફળતાના સર્વશ્રેષ્ઠ શિખર ઉપર બિરાજમાન હતા ત્યારે તેમણે એક ગૂઢ, માર્મિક અને સમયાતીત સિદ્ધાંત જણાવ્યો હતો. જીવનના નાનાં-મોટાં તમામ સ્વપ્નો સિદ્ધ કર્યા પછી આ વાત કરેલી. ડૉ. કલામ બાળપણમાં પોતે કલ્પનાવાન હતા, યુવાનીમાં આદર્શ વિદ્યાર્થી, મહેનતુ એન્જિનિયર, વિચારવાન વૈજ્ઞાનિક, ઉત્તમ સંશોધક, ભારતના મિસાઈલમેન અને અણુબોમ્બના પિતામહ, વડા પ્રધાનના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર અને અંતે સૌથી લોકપ્રિય પ્રેસિડેન્ટ બન્યા હતા. તે સમયે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા અમદાવાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પધાર્યા. સ્વામીશ્રીનાં દર્શન કર્યાં પછી લિફ્ટમાં નીચે ઊતરતાં સંતોએ પ્રશ્ન પૂછ્યો, ‘આપ આટલી ઉંમરે પણ આટલો બધો ઉત્સાહ, ઊર્જા અને ઉમંગ કઈ રીતે ધરાવી શકો છો?’

ક્ષણના વિલંબ વગર સાહેબ બોલ્યા, “It is a secret I have learnt from the life of Maha Pramukh Swamiji.” (આ રહસ્ય હું મહાપ્રમુખસ્વામીજી પાસેથી શીખ્યો છું.) સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે કહ્યું, “All his

life Swamiji has continued to give, give and give. He has given his all to everyone he meets. So I have decided to ask only one question in life. What can I give? To others, to everyone I meet. This is the secret." (સ્વામીશ્રીએ પોતાના સંપૂર્ણ જીવન દરમિયાન સૌને આપ્યું જ છે, આપ્યું જ છે, આપ્યું જ છે. ક્યારેય કાંઈ લીધું નથી. એટલે મેં પણ એક જ વાત નક્કી કરી છે કે જ્યાં ત્યાં, જેને મળું તેને એક જ પ્રશ્ન પૂછવાનો હું તમને શું આપી શકું.? આ જીવનનું રહસ્ય છે.)

બીજા પાસેથી લેવાની ભાવના નહીં, પણ બીજાને આપવાની ભાવના હશે તો જીવનમાં ક્યારેય ઉદાસીનતા કે મોળપ આવશે નહીં. નિરુત્સાહ થવાશે નહીં. નાના બાળકોને મળો કે મોટા વડીલોને, ઘણીવાર એક વિચાર કે એક સ્મિત પણ વાતાવરણને ઊર્જાવાન બનાવે છે. જીવનમાં માત્ર પૈસા, પદાર્થ, પદવી કે પ્રશંસા આપવી એ જરૂરી નથી. નિ:સ્વાર્થ ભાવનાથી એક સામાન્ય ક્રિયા પણ પોતાનું અને બીજાનું જીવન ચમત્કારિક બનાવી દેતું હોય છે.

નિ:સ્વાર્થ સેવાનો એક પ્રસંગ દંતકથા સમો બની ગયો છે. વર્ષ-૧૮૭૦ની આસપાસનો સમય હતો. એક ગરીબ યુવાન ભણવા માટે મથતો હતો. મહેનત કરીને પૈસા કમાઈ પોતાની ફી ભરતો હતો. એક વાર સતત દસ દિવસ સુધી યુવાનને કંઈ કામ ન મળ્યું. ખાવાના પૈસા પણ ન રહ્યા. કામ માટે એક પછી એક ઘરના દરવાજા ખખડાવ્યા પણ ક્યાંયથી કોઈ કામ મળ્યું નહીં. પછી તેણે મનોમન નક્કી કર્યું કે 'હવે જે ઘરે જઈશ, ત્યાં કામની માગણી નથી કરવી, પરંતુ ભોજનની માગણી કરવી છે.' કેમ કે તેને કકડીને ભૂખ લાગી હતી.

આ યુવાન તે ઘરનું બારણું ખખડાવે છે. એક સ્વરૂપવાન યુવતી તે બારણું ખોલે છે. યુવાન હેબતાઈ જાય છે અને તે યુવતીના રૂપથી અંજાઈ જાય છે. તેણે વિચાર્યું કે, 'આવી યુવતી પાસે તો કંઈ ભોજનની માગણી કરાય?' પેલી યુવતીએ પૂછ્યું કે, 'તમારે કંઈ કામ છે?' તે યુવાને કહ્યું કે, 'મારે કંઈ જ કામ નથી.' ત્યારે પેલી યુવતીએ કહ્યું કે, 'તમે ભૂખ્યા લાગો છો તો તમારા માટે કંઈક લાવું?' ત્યારે પેલા યુવાને કહ્યું કે, 'મને માત્ર પાણી આપો.' ઈચ્છા ભોજનની હતી, પણ માંગણી પાણીની કરી. પેલી યુવતી ઘરમાંથી દૂધ ભરેલો ગ્લાસ લાવી યુવાનને આપે છે. ભૂખ્યો થયેલો આ યુવાન તે દૂધ એક શ્વાસે ગટગટાવી જાય છે. તેના જીવમાં જીવ આવે છે. પોતાનું સ્વમાન સાચવવા યુવાને પૂછ્યું, દૂધના કેટલા પૈસા આપું? યુવતી કેવળ રૂપવાન નહીં, પણ ગુણવાન પણ હતી. તેણે કહ્યું, મારી માતાએ મને શીખવ્યું છે, "Never get paid for kindness." 'સેવા અને દયાનું ક્યારેય વળતર ન

લેવું.' આ યુવાન એવું વિચારે છે કે પાણી માગ્યું અને દૂધ આપનાર પણ આ દુનિયામાં કોઈક છે. દુનિયા ખરાબ નથી, ઘણી સારી છે. યુવાનના હૃદયમાં હિંમત આવી અને ફરી મહેનત કરીને, મન દઈને તે ખૂબ ભણ્યો.

આ ઘટનાને ૨૦-૨૫ વર્ષ વીતી જાય છે. આ યુવતીનાં લગ્ન પણ એક સારા કુટુંબમાં થઈ ગયાં. કાળક્રમે તે યુવતીને કોઈ રોગ થાય છે અને તે જ્યાં રહેતી હોય છે ત્યાંના ડૉક્ટરોએ કહ્યું કે આ ગામમાં તેનો ઇલાજ શક્ય નથી. તે બાઈને બોસ્ટન ખાતે લઈ જવામાં આવે છે. તેનો રોગ એટલો ગંભીર હોય છે કે બોસ્ટનના નિષ્ણાત ડૉક્ટરોને બોલાવવામાં આવે છે. એ ડૉક્ટરોમાં શ્રેષ્ઠતમ ડૉક્ટર હાર્વર્ડ કેલી હતા. ડૉ. કેલી જ્યારે દર્દીના મુખારવિંદ તરફ જુએ છે ત્યારે તેને યાદ આવી જાય છે કે આ બાઈ બીજી કોઈ નહીં, પણ અગાઉ જેણે મને દૂધનો ગ્લાસ આપ્યો હતો તે જ છે. એટલે ડૉ. કેલી દિલ દઈને તે બાઈની સારવાર કરે છે. બે મહિના સુધી તેને હૉસ્પિટલમાં રાખીને સારવાર કરે છે.

હવે જ્યારે તે બાઈ સ્વસ્થ બની જાય છે ત્યારે તેને ગભરાટ ઊભો થાય છે કે હું ગામડાની બાઈ, આ શહેરની મોટી હૉસ્પિટલ અને મોટા ડૉક્ટરનું બિલ કેવી રીતે ચૂકવી શકીશ? તે પોતાની સારવાર કરનાર ડૉક્ટર કેલીને પુછાવે છે કે મારી સારવારનું બિલ શું થશે? ત્યારે ડૉ. હાર્વર્ડ કેલી તેના બિલમાં લખે છે કે "Paid in full with a glass of milk." (એક દૂધથી ભરેલા ગ્લાસમાં આખું બિલ આવી ગયું!) ડૉ. હાર્વર્ડ કેલી, જ્હોન હોપકિન્સ રિસર્ચ હૉસ્પિટલના ફાઉન્ડિંગ ફાધર પણ હતા.

નિ:સ્વાર્થપણે, સાચા દિલથી, ભક્તિથી તમે કોઈને પણ મદદ કરશો તો એ મદદથી ચમત્કાર સર્જાશે. તે ચમત્કાર સેવાનો, સફળતાનો, સાત્ત્વિકતાનો કે શાંતિનો હશે. બસ, ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક અને પાંચમા અનુગામી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનનું આ રહસ્ય છે. તેમના દિવ્ય જીવનના કારણે અનેકના જીવનમાં સદ્‌ગુણોના ચમત્કારો સર્જાયા છે.

સ્વામીશ્રીના શુદ્ધ અને પવિત્ર જીવનમાંથી નવ બોધપાઠ મળે છે, જેમ કે,

૧. Understand Others - બીજાને સમજો.

૨. Forgive Others - બીજાને ક્ષમા આપો.

૩. Serve Others - બીજાની સેવા કરો.

૪. Be Pure - પવિત્ર બનો.

૫. Be Positive - હકારાત્મક બનો.

૬. Be Humble - નમ્ર બનો.

૭. God is - ભગવાન છે - શ્રદ્ધા.

૮. God is Everywhere ભગવાન કર્તા છે - બધે જ છે.

૯. God is Here and Now - ભગવાન અહીં અને અત્યારે છે - ભગવાન પ્રગટ છે.

વાચકોને પ્રશ્ન થાય કે સ્વામીશ્રીના જીવનમાંથી નવ બોધપાઠ કેમ? કેમ સાત નહીં કે દસ નહીં?

ભારતીય સંસ્કૃતિમાં નવ ગ્રહો છે, નવ નિધિ છે, નવ રત્નો છે, નવ દ્વીપ છે... નવને પૂર્ણાંક કહ્યો છે. ચાઈનીઝ સંસ્કૃતિમાં તેને પવિત્ર કહે છે, હિબ્રુ ભાષામાં તેને સત્ય માન્યો છે, કોઈ સ્વામિનારાયણના સત્સંગી હશે તો કહેશે કે ભગવાન સ્વામિનારાયણ નોમને દિવસે પ્રગટ્યા એટલે નવ બોધપાઠ પસંદ કર્યા હશે!

હકીકતમાં, સંતના જીવનમાં નવ આંકનો કોઈ વિશિષ્ટ અર્થ નથી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં નવ ગુણ તપાસો કે આઠ, પાંચ કે પચાસ, અનેક કે અનંત, પરંતુ માત્ર ને માત્ર એક ગુણ પણ આપણા જીવનમાં ચરિતાર્થ થશે તો આખેઆખું જીવન પરિવર્તન થઈ જશે. સાચા સત્પુરુષના સહવાસથી એક ગુણ પણ ચમત્કાર સર્જી શકે છે, કારણ તેઓ આ સ્વાર્થભર્યા સંસારમાં કાંઈ લેવા માટે નહીં, કેવળ આપવા માટે અવતર્યા હોય છે.

ચાલો, આપણે પણ જીવનમાં લેતાં નહીં, આપતાં શીખીએ. What can I give?

જીવનમાં વધુ જાણવા કરતાં, થોડું પામવામાં પણ વધુ પ્રગતિ છે

સાચા સંત સદ્‌ગુણોનો મહાસાગર છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પોતાના આદર્શ શિષ્ય માટે કહેતા કે, યોગીજી મહારાજમાં કેટલા સદ્‌ગુણો છે? તો વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતમાં સંતના તમામ સદ્‌ગુણો કહ્યા છે. તેમાં કદાચ કોઈ સદ્‌ગુણ રહી ગયો હોય તો તે પણ યોગીજી મહારાજમાં જોવા મળશે.

એ જ રીતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન પણ અનંત કલ્યાણકારી ગુણોથી છલકાતું રહ્યું. તેમાંથી આગળના લેખમાં આપણે આપણી શ્રદ્ધા અને સમજ પ્રમાણે ફક્ત નવ બોધપાઠનું વર્ણન કર્યું, પરંતુ વર્ણન એક બાબત છે અને વર્તન બીજી બાબત છે. વર્ણનથી જાણકારી બદલાય, વર્તનથી જીવન બદલાય. નવમાંથી એકાદ ગુણ પણ જો આપણા જીવનમાં ઉતારીશું તો જ જીવનમાં કંઈક પામીશું. વધુ જાણવા કરતાં થોડું પણ પામવામાં પ્રગતિ વધુ છે. તેમાં પ્રયત્ન, પુરુષાર્થ અને પરસેવો પાડવો પડે. પ્રાર્થના પણ સતત કરવી પડે. તે બધું ક્યારે શક્ય બને? પ્રામાણિકતા હોય તો. પુરુષાર્થ અને પ્રાર્થના બંને પ્રામાણિક હોવાં જરૂરી છે.

કોઈપણ પ્રગતિ કે પ્રાપ્તિ માટે પ્રામાણિકતા એ પાયાની બાબત છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનની માનવતા, ભવ્યતા અને દિવ્યતામાં રહેલી દરેક ક્રિયા, કાર્ય, મૂલ્ય, ભાવના અને પ્રાર્થનામાં પારદર્શક પ્રામાણિકતાનાં દર્શન થતાં હતાં. આજે સ્વામીશ્રીએ સિંચેલી પ્રામાણિકતાના આધારે સંતો અને સત્સંગીઓ સમાજમાં સેવા કરી રહ્યા છે. કેવળ ધાર્મિક અને આધ્યાત્મિક જગતમાં નહીં, પણ જીવનના દરેક ક્ષેત્રમાં પ્રામાણિકતાની અનિવાર્યતા છે. યાદ રહે, વ્યક્તિ

ગુણવાન બને, સમાજ ઐશ્વર્યવાન બને, દેશ મહાન બને - તે સર્વે પ્રામાણિકતાથી જ બની શકે અને ટકી શકે છે.

એક સચોટ અને સ્પષ્ટ દૃષ્ટાંતથી સરળતાથી સમજાઈ જશે...

એક અતિ સફળ અને સમૃદ્ધ આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનના CEO હતા. તેનો ધંધો વિશ્વના ખૂણેખૂણે પથરાયેલો હતો. કમનસીબી એ કે તેને કોઈ સંતાન નહોતું. તે CEOએ વિચાર કર્યો કે હવે મારી મિલકત કોને આપવી? કે કોને નવો CEO બનાવવો?

પોતાના વિશાળ તંત્રની અંદર એવી ઘણી વિદ્વાન, કુશળ, અનુભવી અને સક્ષમ વ્યક્તિઓ હતી. તેમાંથી તેણે પસંદગીની દસ વ્યક્તિને બોલાવી અને તેઓને ઉદ્દેશીને કહ્યું કે 'તમે બધા જ વફાદાર છો, આપણી કંપનીના CEO બનવા માટે લાયક છો, અને મારા માટે સમાન છો. એટલે મારી મૂંઝવણ એ છે કે હું નક્કી નથી કરી શકતો કે, તમારા દસમાંથી કઈ એક વ્યક્તિને મારા વારસદાર તરીકે પસંદ કરું? ભવિષ્યમાં કોણ કંપનીનું સાચી રીતે પાલન અને પોષણ કરશે તેને માટે આજે તમને બધાને એક બીજ આપું છું. છ મહિના પછી હું પાછો આવીશ. તમે બધા તે બીજને વાવજો અને એ બીજનું પાલન, પોષણ અને જતન કરજો - તેના આધારે હું નક્કી કરીશ કે કોને મારી આ મિલકત આપવી?'

આ દસે-દસ બુદ્ધિશાળી, હોશિયાર, ચાલાક, પ્રભાવશાળી હતા. દરેકે પોતપોતાની રીતે અભ્યાસ કરી પાણી, ખાતર, સૂર્યપ્રકાશાદિ અનેક સંશોધનોથી પોતપોતાના બીજને વિકસાવવાનો તનતોડ પ્રયત્ન કર્યો. કોઈને ખબર નહોતી કે કોને કયા છોડનું બીજ આપ્યું હતું.

છ મહિના પછી જ્યારે આ CEO પાછા આવ્યા ત્યારે નવ જણા તો તરત જ કૂંડા લઈને પહોંચી ગયા હતા. જાણે CEO બનવાની સ્પર્ધામાં આવ્યા હોય તેમ ક્રમાનુસાર ગોઠવાઈ ગયા! કોઈના કૂંડામાં બીજ ઊગ્યું હતું, તો કોઈકના છોડમાં કૂંપળ ફૂટી હતી, કોઈને ફૂલ આવ્યાં હતાં, કોઈકને સફેદ, કોઈકને લાલ, કોઈકને પીળા - એમ રંગબેરંગી છોડ હતા. કોઈકનો છોડ સુગંધીદાર, કોઈકનો સીધો, કોઈકનો કાંટાળો હતો. હરખભેર સૌ ઊભા હતા.

તેમાં જે બાકી રહેલો ૧૦મો વ્યક્તિ-સ્પર્ધક હતો તે મૂંઝાતો હતો, કેમ કે તેના કૂંડામાં કંઈ જ ઊગ્યું નહોતું! શરમથી તે આ સ્પર્ધામાં આવવા પણ ઇચ્છતો નહોતો, પરંતુ આ વ્યક્તિને તો તેની ધર્મપત્નીએ પરાણે મોકલ્યો હતો કે 'તમે જાવ.' તેણે કહ્યું 'પણ મારા કૂંડામાં કંઈ ઊગ્યું જ નથી તો હું કેવી રીતે સ્પર્ધામાં જાઉં?' પત્ની કહે 'તમે જાવ તો ખરા! ભલે જેવું છે તેવું ખાલી કૂંડું લઈને જાવ!'

જ્યારે બધા છોડ લઈને CEO પાસે ઊભા રહ્યા ત્યારે જેના કૂંડામાં કંઈ ઊગ્યું નહોતું તેની પાસે જઈને CEOએ જરાપણ ખચકાટ વગર, એકપણ શબ્દ બોલ્યા વગર, શાંતિથી તેને ચાવી આપી દીધી. પછી પોતાના મુખ ઉપર સ્મિત રેલાવતાં બધાને કહ્યું, 'મેં બધાને જે બીજ આપેલું, તે બાફેલું હતું. જે ઊગી જ ન શકે. પણ તમે બધાએ યુક્તિ કરી, બનાવટ કરી છે. કોઈએ કૂંડું બદલ્યું, કોઈએ બીજ બદલ્યું - કપટ કરીને, તમારી બુદ્ધિ વાપરીને કેવળ દેખાવ કર્યો છે. જેના કૂંડામાં કાંઈક ઊગ્યું છે, તેના જીવનમાં કાંઈ ઊગશે નહીં. પણ જેના કૂંડામાં કાંઈ ઊગ્યું નથી, તે જ આપણા ધંધાનો ઉદ્ધાર કરશે. તે એક જ પ્રામાણિક છે, જે મારી મિલકતનો વારસ બનશે.'

આપણે દરેકે આપણને પ્રાપ્ત થયેલાં સમૃદ્ધિ, શક્તિ, શિક્ષણ ને સંસ્કારનું જતન કે પોષણ કરવું હોય તો પ્રામાણિક બનવું જ પડશે. કેવળ વાતો કે વર્ણનથી આધ્યાત્મિક પ્રગતિ થતી નથી. પ્રામાણિકપણે સદ્‌ગુણોને આત્મસાત્ કરવા પડે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સમાજમાં પોતાના વિચારો, વર્તન અને વિચરણથી આપણા જીવનમાં અનેક બીજ વાવ્યાં છે. પેઢીઓ સુધી ચાલે તેવા સંસ્કાર આપેલા છે. કાળ, કર્મ, માયા આપણું કંઈ જ બગાડી શકે એમ નથી. સ્વામીશ્રીનું જીવન સ્વયં માટે નહીં, પણ પ્રભુને સમર્પિત બની, નિઃસ્વાર્થ સેવા માટે હતું. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો જીવનમંત્ર હતો કે 'બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના સુખમા આપણું સુખ છે, બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે.'

આપણે જે બોધપાઠની વાત કરી રહ્યા છીએ, તેમાં પ્રથમ મધ્યવર્તી વિચાર છે: Love Others - બીજાને ચાહો, આખી જિંદગી બીજાની સેવા કરો.

બીજો મધ્યવર્તી વિચાર છે, Love Yourself - સ્વયંને સાચી રીતે ચાહો. પ્રામાણિક બનો.

ત્રીજો મધ્યવર્તી વિચાર છે - Love God - ભગવાનને ચાહો. પોતાના પ્રાણ કરતાં પણ ભગવાનને વધારે ચાહો.

પ્રામાણિકપણે ભગવાનની ભક્તિની સાથે, બીજાની નિઃસ્વાર્થપણે જીવન પર્યંત સેવા કરીશું તો જ જીવન બદલાશે, સમાજ બદલાશે અને સમાજનું ભાવિ બદલાશે.

કળિયુગમાં ભગવાન અને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સંત થકી જ મોક્ષ છે

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન ગણાતા ડૉ. કલામ તો મળ્યા ત્યારથી સ્વામીબાપાના મિત્ર બની ગયા, તેવી જ રીતે અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટન પણ પ્રમુખસ્વામી મહારાજને મળીને અભિભૂત થઈ ગયા હતા.

સ્વામીશ્રી સાથે કોલકાતાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણ અંગેની એક મીટિંગ ચાલી રહી હતી. તે દરમ્યાન સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે આપણા મંદિરની આગળથી જે નાનો રોડ જાય છે એ મોટો થવાનો?

મેં કહ્યું કે રસ્તો મોટો થવાનું નક્કી થઈ ગયું હતું, પણ આજુબાજુના લોકો એકમત થતા નથી અને વાત નક્કી થતી નથી.

એ વાત પરથી વિવેકસાગર સ્વામીએ આધુનિક સમાજનું ચિત્રાત્મક વર્ણન કર્યું. અંધાધૂંધી, અરાજકતા, ખૂન-ખરાબી, અવિશ્વાસ, છૂટાછેડા, વ્યસનો, ઝઘડા, કંકાસ... વગેરેનું એવું વર્ણન કર્યું કે વાતાવરણ ગમગીન થઈ ગયું. પછી તેમણે જ જાતે સમાધાન કરી કહ્યું કે, 'શું થાય? આ તો હળાહળ કળિયુગ છે. તે આવું જ રહેવાનું.'

એ દરમ્યાન દુઃખી સ્વરે મેં અચાનક સ્વામીશ્રીને કહ્યું કે, 'બાપા! મને એમ લાગે છે કે હું કળિયુગમાં ખોટો જન્મ્યો... હું સતયુગમાં જન્મ્યો હોત તો સારું...'

પળનાય વિલંબ વગર સ્વામીશ્રી બોલ્યા, 'તો મોક્ષ થાત નહીં.'

એકદમ હું સ્તબ્ધ બની ગયો. વાતને વળી આગળ લઈ જતાં સ્વામીશ્રી કહે, 'તો ક્યારેય મોક્ષ થાત નહીં.' અને પછી હસતાં હસતાં કહે, 'કળિયુગમાં આ પરિસ્થિતિમાં વારંવાર ભગવાન યાદ આવે અને સત્પુરુષ કહે એમ કરીએ તો મોક્ષ

થાય. નહીં તો મોક્ષ ન થાય.'

ઘણીવાર આપણા મનમાં ભ્રમણા હોય છે કે યુગ, વાતાવરણ અને પરિસ્થિતિના આધારે ભજન, ભક્તિ અને કલ્યાણ થતાં હોય છે, પણ હકીકતમાં ભગવાન અને સંતથી જ મોક્ષ છે, તેથી ગમે તેવો કળિયુગ પણ આપણા માટે સતયુગથીય અધિક જ છે.

તા. ૩૧-૮-૨૦૧૧ના દિવસે અમેરિકામાં નિર્માણ પામનારા અક્ષરધામનો શિલાપૂજનવિધિ સ્વામીશ્રીના હસ્તે સંપન્ન થયો હતો. એના બીજે દિવસે સવારે ૧૦-૩૦ વાગે એક કાર્ય માટે સ્વામીશ્રી ઈશ્વરચરણ સ્વામી અને હું ત્રણ જણા બેઠા હતા.

મેં કહ્યું, 'બાપા! બે દિવસથી મને ખૂબ આનંદ છે.'

સ્વામીશ્રીએ પૂછ્યું, 'કેમ ?'

'કારણ કે, વર્ષોથી જે અમે આપને એક પ્રશ્ન પૂછીએ છીએ તેનો જવાબ મળી ગયો!' મેં કહ્યું.

'કયો ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'આપનો આગવો સંકલ્પ! આપને જ્યારે પૂછીએ ત્યારે આપ આપનું દરેક કાર્ય યોગીબાપાના સંકલ્પ તરીકે ગણાવી દો છો. એ આપની ગુરુભક્તિ છે! લંડનના મંદિર અંગે આપ તેમ કહો તે સમજાય! ગાંધીનગરનું અક્ષરધામ કહો તે સમજાય, દિલ્હીનું અક્ષરધામ યમુનાના કિનારે હોવાના કારણે યોગીબાપાનો સંકલ્પ ગણાવી શકાય... પણ... અમેરિકાનું અક્ષરધામ એ તો આપનો સ્વતંત્ર સંકલ્પ કહેવાય! એમાં યોગીબાપાનો સંકલ્પ ન કહેવાય!'

એકદમ ઠાવકાઈથી... અદબ વાળી આછું આછું સ્મિત રેલાવતાં સ્વામીશ્રી કહે, 'કેમ ન કહેવાય? તેં યોગીબાપાને સંકલ્પ કરતાં જોયા છે? ઈશ્વરચરણ સ્વામીએ જોયા છે! કેમ ઈશ્વર સ્વામી ?'

ઈશ્વરચરણ સ્વામી કહે, 'હા બાપા!'

સ્વામીશ્રી કહે, 'યોગીબાપા રોજ સંકલ્પ કરતા, ધૂન કરતા... સાધુ વધો... સત્સંગ વધો... મંદિરો વધો... સાધુ વધો... મંદિરો વધો...' એટલું કહીને મારી સામે ઝીણી આંખો કરી પૂછ્યુ: 'એનો અર્થ શું થયો? મંદિરો વધો એટલે બધાં મંદિરો આવી ગયાં... દેશનાં... પરદેશનાં... તમામ મંદિરો બધાં જ આ સંકલ્પના પેટા સંકલ્પ કહેવાય! તો દેશમાં જે નવાં મંદિરો થાય, વિલાયતમાં જે નવાં મંદિરો થાય... અને છેક ચંદ્ર પર થાય, તે બધાં જ યોગીબાપાના જ સંકલ્પ કહેવાય! મંદિરો વધો... તેમાં આજના અને ભવિષ્યનાં બધાં જ મંદિરો આવી ગયાં!'

ઈશ્વરચરણ સ્વામી મને સંબોધીને કહે, 'પણ ત્રણે સ્વરૂપ એક જ છે ને! શાસ્ત્રીજી મહારાજ સંકલ્પ કરે, યોગીબાપા સંકલ્પ કરે કે સ્વામીબાપા સંકલ્પ કરે એ બધા એક જ છે!'

સ્વામીશ્રી કહે, 'એ તો બરાબર છે, ઈશ્વર સ્વામી...! પણ હું જે રીતે કહું છું તે પણ બરાબર છે...'

હું એકદમ અવાક થઈ ગયો. સ્વામીશ્રીની જે ગુરુભક્તિ છે તે ઉપરછલ્લી નથી. તેમાં ઊંડો વિચાર છે.

ઘણીવાર તેઓ અમને કહે છે અથવા લખે છે કે 'તમે યોગીબાપાના સંકલ્પે સાધુ થયા છો...' ભલે અમે યોગીજી મહારાજને મળ્યા પણ ન હોઈએ, પણ સ્વામીશ્રીના મતે 'સાધુ વધો'માં અમે યોગીજી મહારાજના સંકલ્પમાં આવી ગયા! સ્પષ્ટ શ્રદ્ધા, ભક્તિ અને તર્ક આધારિત આ સમજણ છે.

સ્વામીશ્રીએ પોતાનાં ભવિષ્યનાં તમામ કાર્યો યોગીબાપાને અર્પણ કરી દીધાં અને પરમેનન્ટ પેટન્ટ્સ રાઈટ્સ આપી દીધા.

આમ, આજે એક વિશ્વના અગ્રણી વિજ્ઞાની જ્યારે એક ધર્મગુરુ ઉપર પુસ્તક લખે છે ત્યારે પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અહંકારશૂન્યતાનાં દર્શન થાય છે. વિશ્વભરમાં સૌથી વધુ મંદિરો બાંધવાથી માંડીને માનવ કલ્યાણનાં 100થી વધુ કાર્યો હોય, છતાં પણ ક્યાંય લેશમાત્ર પણ મારા થકી થાય છે તેવો અહોભાવ પણ મુખમુદ્રા પર જોવા મળતો નથી. બધું જ ગુરુકૃપાથી થાય છે - આવી ભક્તિ આપણે પણ પામીએ એ જ આજનો મોટો સંકલ્પ કહેવાશે અને ત્યારે જ આપણે પણ 'પરાત્પર'ની સ્થિતિના માર્ગે જવા માટે લાયક બની શકીશું.

'ત્રીસ લક્ષણો સાધુતાનાં તો ખરાં જ, પણ એ ઉપરાંત રાજાધિરાજની જેમ વર્તશે'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દેહવિલયને બે વર્ષ જેટલો સમય થઈ ચૂક્યો છે. પરંતુ હજુયે મન એ સ્વીકારવા તૈયાર થતું નથી કે, લાખોના પ્રાણપ્યારા પ્રમુખસ્વામી મહારાજનું પ્રેમમય નખશિખ દિવ્ય અસ્તિત્વ હવે આ વસુંધરા પર નજરથી ઓઝલ થયું છે. કોઈ એકલદોકલ નહીં, પરંતુ લાખો હૈયાંની આ સ્થિતિ રહી છે. અને વાત સાચી છે, દાયકાઓ સુધી તેમણે અનરાધાર વરસાવેલી અમૃતવર્ષા કેમેય હૈયેથી વીસરાય ?! જન્મોજન્મ સુધી કાળજે કોતરાયેલી એમની અમર છબિ કેવી રીતે નજરને છેતરી જઈ શકે ?! એટલે, હજુય બુદ્ધિ પર સવાર થઈને હૈયું સવાલ કરે છે : શું સ્વામીશ્રી ખરેખર જતા રહ્યા ? શું એ સ્વપ્ન છે ?

આપણા સામાન્ય ભૌતિક જીવનના પણ કેટલાક કોયડાઓ એવા હોય છે, જે આસાનીથી ઉકેલી શકાતા નથી. જ્યારે આ તો એક લોકોત્તર દિવ્ય ગુણાતીત મહાપુરુષની લીલાનો કોયડો છે. એ સામાન્ય બુદ્ધિથી તો કેવી રીતે ઉકેલી શકાય ?!

પરંતુ એમાં તો એમણે જ અનેક વખત ઉચ્ચારેલો એમનો પ્રિય ઉત્તર જ ખપમાં લાગી શકે તેમ છે. સ્વામીશ્રીએ જુદા જુદા પ્રસંગોએ કેટલું સહજતાથી ઉચ્ચાર્યું હતું : 'અમારે તો આવવા-જવાનું છે જ નહીં. આ તો વચ્ચેની રમત છે. બાકી અમે તો અહીં પણ છીએ ને ત્યાં પણ છીએ...!'

તા. ૧૪-૧૨-૧૯૮૮ના રોજ તેમણે ઉચ્ચારેલા આધ્યાત્મિક રહસ્યમય આ શબ્દો આજેય કાનમાં ગુંજે છે. અને તેનું સ્મરણ થતાં જ હૈયું, એ પારલૌકિક પ્રેમપુરુષના સ્નેહબુંદ પીવા અધીરું બની જાય છે. એમની અનંત દિવ્ય સ્મૃતિઓ સાથે એમની અલૌકિક ઓળખનું પાનું ખોલવા હૈયું ધડકવા માંડે છે.

કોણ હતા પ્રમુખસ્વામી મહારાજ ?

શી રીતે આપવી એમની ઓળખ?

એ કરોડો લોકો માટે ખૂબ જાણીતા જ નહીં, પરંતુ પરમ આત્મીય સ્નેહી સ્વજન હતા, પરંતુ છતાંય એમની ઓળખ આપવી એ સૌ કોઈ માટે કસોટી બની જાય છે.

પ્રમુખસ્વામી મહારાજના ધામગમન પછી વિશ્વના કરોડો લોકોને પણ એ જ સવાલ હતોઃ કોણ હતા પ્રમુખસ્વામી મહારાજ?

દાયકાઓ સાથે રહેનારા વિચક્ષણ બુદ્ધિમંતોને પણ તેનો ઉત્તર આપતાં હોઠ ટૂંકા પડે છે. મધ્ય ગુજરાતના કાનમ પ્રાંતના ચાણસદ ગામે એક નાનકડા ખોરડે સામાન્ય પાટીદાર પરિવારમાં તેમનો જન્મ થયો ત્યારે, એક અસામાન્ય દિવ્ય વિભૂતિનું અવતરણ થયું છે, એવો અંદાજ સુધ્ધાં કોઈને આવ્યો નહોતો. પરંતુ જીવનભર સાદગી સાથે પોતાની મહત્તાનો ઢાંકપીછોડો કરનારા એ મહાન હીરને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના મહાન સંસ્થાપક સંત બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પારખી લીધું હતું. ચાણસદના પાટીદાર મોતીભાઈ પ્રભુદાસના એ નાના પુત્રને પહેલી જ નજરે જોતાં શાસ્ત્રીજી મહારાજ પામી ગયા હતા કે આ એક દુર્લભ આધ્યાત્મિક રત્ન છે. ત્યારપછીનો ઇતિહાસ તો પ્રસિદ્ધ છે. કેવળ અઢારેક વર્ષની ઉંમરના એ તરુણનું ગુરુ શાસ્ત્રીજી મહારાજની બે-ત્રણ લીટીની ચિઠ્ઠી પર જીવતરને યાહોમ કરી દેવું, એ એમની મહાનતાનો કેટલો મોટો પરિચય આપે છે! વય કાચી હતી, પરંતુ હૈયું તો કેવું પરિપક્વ હતું! એટલે જ ન કોઈ શરત, ન કોઈ અપેક્ષા કે ઇચ્છા, માત્ર ગુરુની જ ઇચ્છાએ જીવનને સતત ઊલટપૂલટ કરતા રહ્યા. ગુરુ-ઇચ્છાથી જ ૧૮ વર્ષની વયે શાંતિલાલમાંથી સ્વામી નારાયણસ્વરૂપદાસજી બની ગયા, શાસ્ત્રીજી મહારાજના ચીંધેલા રાહે જોતરાઈ ગયા - એક જ ધ્યેય સાથે કે ગુરુને રાજી જ કરવા છે. નક્કી કરેલા ધ્યેય માટે જાતને જીવનભર જોતરનારા કોઈક વિરલા જ હોય છે. નાની ઉંમરના નારાયણસ્વરૂપદાસજી એવી વિરલ વિભૂતિ હતા.

પરંતુ ગુરુની ઇચ્છા શી હતી? માત્ર સાધુ બનાવવાની?

ના, તેમાં તો એક વિરાટ લક્ષ્યની વાત હતી. તેનાં મૂળ બસ્સો વર્ષ પહેલાંના ઇતિહાસ સુધી લંબાયેલાં છે. બસ્સો વર્ષ પૂર્વે, સન ૧૭૮૧માં આ વસુંધરા પર અવતરીને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે શુદ્ધ વેદોક્ત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કર્યું હતું. તેમના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે એ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ઉદ્‌ઘોષ કર્યો હતો. ભારતીય સંસ્કૃતિના શુદ્ધ ઉપાસનાના એ વૈદિક નાદને સવિશેષ પ્રચંડ બનાવવા શાસ્ત્રીજી મહારાજે જાણે એક મહાયજ્ઞ આદર્યો હતો. એ માટે જ તેમણે

બોચાસણ જેવા નાના ગામમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના કરીને તેના પાયા પાતાળે રોપી દીધા હતા. પરંતુ એક પ્રખર પ્રતાપી ઓજસ્વી વ્યક્તિત્વ ધરાવતા શાસ્ત્રીજી મહારાજના, આ બી.એ.પી.એસ. સંસ્થાના ભાવિ સૂત્રધાર તરીકે કોણ આવશે? એવી અનેક અટકળો સૌ કરી રહ્યા હતા. પરંતુ શાસ્ત્રીજી મહારાજ નિશ્ચિંત હતા. કારણ કે તેમણે સુવર્ણપાત્ર ઘડીને તૈયાર રાખ્યું હતું - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી!

દીક્ષા લીધાને માત્ર દસ જ વર્ષમાં નારાયણસ્વરૂપદાસજીએ શાસ્ત્રીજી મહારાજની કૃપા પૂર્ણપણે ઝીલી લીધી હતી. એટલે જ, સન 1950માં 28 વર્ષની ઉંમરના એ ગુણિયલ સાધુને શાસ્ત્રીજી મહારાજે પોતાના અનુગામી પ્રમુખ તરીકે સ્થાપી દીધા. નારાયણસ્વરૂપદાસજીને બદલે હવે સૌની જીભે ચઢી ગયું - 'પ્રમુખસ્વામી' નામ. જેમની પાસે દૂરંદેશી દૃષ્ટિ ન હોય એવા લોકોને 28 વર્ષના નવયુવાન સાધુ પાસે શી અપેક્ષા હોય! પરંતુ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ તો સીમાતીત અને સમયાતીત હતી. સમયની પેલે પાર જઈને તેઓ નીરખતા હતા કે, આ સામાન્ય સુકલકડી જેવું લાગતું શાંત અને નિર્બળ વ્યક્તિત્વ આગળ જતાં તેની વિરાટ શક્તિઓનું દર્શન કરાવશે ત્યારે જગત તેમનાં ચરણે લળી પડશે. સાચા હીરાને ઓળખવા-મૂલવવામાં થાપ ખાય એનું નામ શાસ્ત્રીજી મહારાજ નહીં.

અમદાવાદના પ્રભાશંકર પંડ્યાને એ દિવસોની સ્મૃતિ જીવનભર યાદ રહી ગઈ હતી. એક દિવસ શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીજીના પૂર્વાશ્રમના પિતાશ્રી મોતીભાઈ તરફ નિર્દેશ કરીને કહ્યું હતું : 'એમણે તો અમને છત્રીસ લક્ષણો દીકરો આપ્યો છે.' પ્રભાશંકરને મનમાં થયું કે છત્રીસ લક્ષણો એટલે શું? તેમણે પૂછ્યું : 'સ્વામી! આ છત્રીસ લક્ષણો એટલે શું?' શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : ''ત્રીસ લક્ષણો સાધુનાં હોય એ તો તને ખબર છે ને!' 'હા, સ્વામી!' 'તો આ નારાયણદાસ'માં (પ્રમુખસ્વામીજીને શાસ્ત્રીજી મહારાજ આ લાડકવાયા નામથી પુકારતા) એ ત્રીસ લક્ષણો સાધુતાનાં તો ખરાં જ, પણ એ ઉપરાંત રાજાધિરાજની જેમ વર્તશે.' ત્યારે શાસ્ત્રીજી મહારાજનાં એ વચનોથી પ્રભાવિત થતાં પ્રભાશંકરે કહ્યું હતું : 'એ મને બતાવજો!' શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપીને કહ્યું હતું : 'તને એ જોવા મળશે.''

સન ૧૯૪૯-૫૦ના વર્ષનો એ પ્રસંગ.

૫૪ વર્ષ પછી, સન ૨૦૦૪માં પ્રભાશંકર પંડ્યાએ ગદ્‌ગદ થઈને આ પ્રસંગની સ્મૃતિ કરતાં કહ્યું હતું : 'અને અત્યારે હું મારી આંખે એ સત્ય થયેલું જોઈ રહ્યો છું...'

ભગવદ્ગુણોના વિરલ ધારક
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને મેનેજમેન્ટ ક્ષેત્રના ખેરખાંઓ નોંધે છે કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું દરેક કાર્ય એક 'ટ્રેન્ડ' અને 'સ્ટાન્ડર્ડ' બની જાય છે. તેઓના પ્રત્યેક કાર્યમાં મૌલિક વિચારો, આગવી પ્રસ્તુતિ અને ઉત્તમ ગુણવત્તા સૌને પ્રભાવિત કરે છે. તેઓ કઈ રીતે જાળવી શકે છે, એક ઉત્તમ ગુણવત્તાનું ધોરણ. આવા અનેક સવાલોની વણઝાર ચાલે છે, મન તેનાથી ઊભરાય છે! અને પ્રત્યુત્તરમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની શાંત મનોહર છબી માત્ર એક સ્મિત આપે છે અને સહજતાથી બોલી ઊઠે છે : 'આપણે ક્યાં કશું કરીએ છીએ? બધું ભગવાન કરે છે, ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કરે છે. એમની શક્તિથી થાય છે. આપણાથી તો શેકેલો પાપડ પણ ભંગાય તેમ નથી.'

આ જ સંદર્ભમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો પ્રસંગ જાણીતો છે. ડૉ. કલામ સાહેબે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે 'પાંચ જ વર્ષમાં આવું ભવ્ય સ્થાપત્ય આપના સિવાય કોઈ કરી જ ન શકે. રાષ્ટ્રને આ સૌથી મહાન ભેટ આપે આપી છે. એટલું જ નહીં, આ કાર્ય સમગ્ર રાષ્ટ્રને આત્મવિશ્વાસ પ્રેરશે અને પ્રેરણા આપશે કે કોઈ પણ મહાન કાર્ય જો ધારીએ તો થઈ શકે છે. અક્ષરધામ અને આપનું કાર્ય જોઉં છું ત્યારે મને થાય છે કે આપ આધ્યાત્મિકતાનો સંપૂર્ણ પુંજ છો. તમારામાં આધ્યાત્મિકતા અવતરેલી છે. તમારી પાસે એટલી દિવ્ય શક્તિ છે કે આ કામ જોઈને મને લાગે છે કે આ દુનિયામાં બધું જ શક્ય છે, પરંતુ આપે આપણી સંસ્કૃતિના વારસાનું સર્જન કર્યું છે, એ હજુ સુધી કોઈ કરી શક્યું નથી. માત્ર આપ જ કરી શક્યા છો. આપણા રાષ્ટ્રનું સૌથી મહાન ભલું આપે કર્યું છે. આપે જે કર્યું છે

તે કરવા માટે કોઈ શક્તિમાન નથી. હું જાણું છું તે મુજબ, કોઈ વ્યક્તિએ આપણા દેશ માટે કર્યું નથી. કોઈ એક વ્યક્તિ આટલા બધા લોકોનાં મનને અને આટલી ઊર્જાને એકત્રિત કરીને સ્વામિનારાયણ અક્ષરધામ જેવું સર્જન કરી શકે નહીં. સ્વામીજી, આ અક્ષરધામ આપણા દેશને અને માનવસભ્યતાને આપનું સૌથી મોટું પ્રદાન છે.'

આ સાંભળીને પ્રમુખસ્વામી મહારાજે સ્ટાન્ડર્ડ પ્રત્યુત્તર પાઠવ્યો કે 'આપણે કાંઈ જ નથી કર્યું'


તા. ૧૬ મે, ૨૦૧૧નો સુરતનો પ્રસંગ છે. સંતોએ ભગવદ્ગુણોના વિરલ ધારક એવા બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને વિનમ્રતાપૂર્વક પ્રશ્ન કર્યો કે ૨૮ વર્ષની વયે શાસ્ત્રીજી મહારાજે આપને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ બનાવ્યા ત્યારે હરિભક્તો પૂછતા કે 'આ યુવાન ૨૮ વર્ષની ઉંમરે સંસ્થા કેવી રીતે ચલાવશે? અને અત્યારે સૌ પૂછે છે કે ૯૦ વર્ષે આટલી મોટી સંસ્થા કેવી રીતે ચલાવે છે?'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પળવારનો પણ વિલંબ કર્યા વગર પ્રત્યુત્તર આપ્યો કે 'પણ આપણે ક્યાં ચલાવીએ છીએ? શ્રીજી મહારાજ ચલાવે છે, શાસ્ત્રીજી મહારાજ, યોગી મહારાજ ચલાવે છે!' ત્યારપછી તો સતત દલીલોનું જાણે આક્રમણ ચાલ્યું. સૌ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને સમજાવવા માટે દલીલો કરી રહ્યા હતા કે આપે કેટલું બધું કાર્ય કર્યું છે. સૌ દલીલો કરીને થાક્યા, પરંતુ ૯૦ વર્ષીય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ થાક્યા નહીં. છેલ્લે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'ભગવાન કર્તા છે, એમ જાણે એમાં જ બધું જ્ઞાન આવી ગયું. જ્ઞાન-વિજ્ઞાન માત્ર આવી ગયું. ભગવાનને કર્તા જાણે તો જ સરવાળો બેસે એમ છે.'

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સૌથી લાંબા સમય સુધી સતત ૬૭ વર્ષ સુધી 'પ્રમુખ' તરીકે કાર્ય કર્યુ છતાં અહંશૂન્ય, નિર્માનીપણાને આત્મસાત્ કરીને સરળતા, નિર્મળતા, સાદગી અને દાસત્વભાવ સાથે એક પ્રેરણાદાયી જીવન જીવીને વિશ્વવંદનીય વિભૂતિ બની રહ્યા.

આવા ભગવદ્ગુણોના વિરલ ધારક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માટે હૃદયપૂર્વક કહી શકાય કે -

'એવા સંતની બલિહારી, જેના ગુણે રીઝ્યા ગિરધારી રે.'




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છ




પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવા આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.



યુગોથી માનવી પોતાની આસપાસના
વિશ્વને નીરખતો રહ્યો છે.
પરંતુ માનવીય મર્યાદાથી ઉપર જવું હોય તેણે પોતાની
જાતની અંદર નીરખવાની કળા હાંસલ કરવી પડે છે.
બહાર નીરખવું તે સામાન્ય છે, અંદર નીરખવું તે અસામાન્ય છે.
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જાતને નીરખવાની
વ્યવહારુ પ્રેરણા આપતાં કહે છેઃ 'નિરંતર પાછું વળીને જોવું
કે હું શું કરવા આવ્યો છું ને શું કરી રહ્યો છું.'
મહાપુરુષો પોતાની જાતની અંદર નીરખવાની એ વિદ્યાને
અંતર્દૃષ્ટિ કહે છે. અંતર્દૃષ્ટિ માટે સંતનો આયનો જરૂરી છે.
સંતનું જીવન દર્પણ સમાન છે. એ દર્પણમાં આપણે આપણું
પ્રતિબિંબ નીરખીને જાતને વધુ ઉન્નત બનાવી શકીએ છીએ.
સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એવા નિર્મળ
દર્પણ સમાન મહાપુરુષ હતા, જેમને નીરખતાં સ્વયંને
અંતરથી નીરખવાની આપણને સહજ પ્રેરણા મળે.
પ્રસ્તુત પુસ્તક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી
આપણને પોતાની જાતને ભીતરથી નીરખવાની
ખૂબ સહજ પ્રેરણા આપે છે.

Swayam ne Nirakhiye USD 1.50
1 5 9 1 9
B G 6 5 9
ISBN 978-81-7526-947-